SHIKSHANMANGAL (Gujarati Edition)

Valles, Father



shikshanmangal
A collection of essays in Gujarati by Father Valles
Published by Gurjar Granthratna Karyalay,



Gandhi Road, Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

સમગ્ર લેખન

મારું પહેલું પુસ્તક 'સદાચાર'. એ મેં કેવી રીતે લખ્યું એ હું અહીંયાં કહું. મારે એક ભારે પરીક્ષા આપવાની હતી એ માટે વર્ગો પૂરા થયા પછી બે પૂરા મહિના એ પરીક્ષાની તૈયારી કરવા માટે ફાળવવામાં આવતા. હવે મને આખો વિષય બરાબર આવડતો હતો, અને પરીક્ષા માટે વિદ્યાર્થી તરીકે તેમ જ શિક્ષક તરીકે મને હંમેશાં તિરસ્કાર જ રહ્યો છે. એટલે એ બે મહિનાનો ઉપયોગ એક સારા કામ માટે કરવાનું મેં નક્કી કર્યું.

હજી મારી તાલીમ ચાલતી હતી, અને હું સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણાવવા આવ્યો નહોતો. આણંદ અને વલ્લભવિદ્યાનગર ખાતે થોડું ગુજરાતી શીખીને હું પૂણે ગયો હતો અને ચાર વર્ષ સુધી ધર્મતત્ત્વનો અભ્યાસ મેં ત્યાં કર્યો હતો. એ લાંબા કોર્સની હવે એક સામટી પરીક્ષા હતી. એની વધારે તૈયારીમાં મારે સમય બગાડવો નહોતો, એટલે પાઠ્યપુસ્તકો અને મારી પાસે ભેગી થયેલી મારી વિપુલ અંગત નોટો બાજુ પર મૂકીને હું જિંદગીનું મારું સૌથી પહેલું પુસ્તક લખવા લાગ્યો – અને એ પણ ગુજરાતીમાં.

એ પુસ્તક લખવાની પાછળ મારો વિચાર કંઈક આવો હતો કે કૉલેજના મારા વર્ગમાં મારે તો ગણિત ભણાવવાનું આવશે, અને એ માટે મારી પૂરી તૈયારી અને દિલની હોંશ છે; પરંતુ વર્ગ સિવાય સાચો શિક્ષક વિદ્યાર્થીઓની સાથે સંપર્ક રાખે અને અભ્યાસની વાતો સાથે જીવનની વાતો પણ કરે ને એમાં મદદરૂપ થવા પ્રયત્ન કરે. તો એ ભાવિ અને અત્યારથી વહાલા વિદ્યાર્થીઓને ખબર પડે કે આ ગણિતના શિક્ષકને એમના પરીક્ષાના પરિણામ સિવાય એમના જીવનમાં પણ રસ છે એ માટે હું એક નાનકડું પુસ્તક લખું, એમના હાથમાં મૂકું, ને એમાં એમના પ્રશ્નો, એટલે કે કુટુંબના પ્રશ્નો, સમાજના પ્રશ્નો, દેશના અને જીવનના પ્રશ્નો, કોઈ જાગ્રત યુવાનને વિચાર કરતો કરી મૂકે એવા પ્રશ્નો લઈને હું એમની ચર્ચા કરું અને મારી ઓરડીનાં – અને મારા દિલનાં – દ્વાર એવા અંગત વ્યવહાર માટે ખુલ્લાં છે એ જણાવું. એવો વિચાર હતો. અને એનો અમલ, પેલી મોટી પરીક્ષાની તૈયારીના સમયમાં, કરવાનું મેં નક્કી કર્યું હતું.

હવે મારે એટલું જ જોવાનું હતું કે મારા આ કામની કોઈને પણ ખબર ન પડે. અમે વિદ્યાર્થીઓ અને અમારા શિક્ષકો એક જ આશ્રમમાં સાથે રહેતા હતા. પ્રાધ્યાપકો એ પરીક્ષાને ખૂબ મહત્ત્વ આપતા, અને ચાર વર્ષના અભ્યાસ ઉપરાંત એ છેલ્લા બે મહિના પૂરેપૂરા એની તૈયારીમાં વપરાય તો જ એમાં પાસ થવાનો સંભવ રહે – એમ તેઓ માનતા અને એ પ્રમાણે વર્તતા. એમને જો ભૂલેચૂકે ખબર પડે કે આ અગત્યનો તૈયારીનો સમય હું બહારનું કોઈ કામ કરવામાં વાપરું છું, તો પરીક્ષામાં મને નાપાસ કર્યા વગર તો રહે જ નહિ. પરીક્ષા લેખિત પણ હતી અને મૌખિક પણ હતી, ને મૌખિક પરીક્ષામાં પરીક્ષાર્થીને સામે જ રાખીને ગુણ અપાય, એટલે જેણે એવો કોઈ ગુનો કર્યો હોય એની શિક્ષા ત્યાં ને ત્યાં થાય. માટે મેં કોઈને કશું કહ્યું નહિ, અને મારી ઓરડીનું બારણું બંધ કરીને જીવના જોખમે મારું પહેલું પુસ્તક લખવામાં હું લાગી ગયો. બે મહિનામાં મેં એ પૂરું કર્યું. પછી ગુપ્ત ગુનાના સંતોષ સાથે હું પરીક્ષામાં બેઠો. ફર્સ્ટ ક્લાસ આવ્યો.

બીજે વર્ષે અમદાવાદ આવીને મેં કૉલેજમાં ભણાવવાનું શરૂ કર્યું. મારા પુસ્તકના પ્રકાશનની વાત આવી. મારું નામ સાવ અજાણ્યું હતું, પણ પુસ્તકમાં કંઈક માલ છે જ એમ હું માનતો હતો એટલે વાંધો નહિ આવે એમ મને લાગતું હતું. એક પ્રકાશક ભાઈની પાસે જઈને મેં વાત કરી, અને જેનું નામ મેં 'સદાચાર' રાખ્યું હતું એવા પુસ્તકની હસ્તપ્રત મેં એમના હાથમાં મૂકી. એમણે શીર્ષક વાંચ્યું : "સદાચાર" શબ્દનો કટાક્ષથી ઉચ્ચાર કર્યો અને કહ્યું : "સદાચાર ? આ વાંચે કોણ?" અને પુસ્તક ટેબલ પર પછાડ્યું. પુસ્તકના પ્રકાશન માટેના મારા બધા

પ્રયાસો નિષ્ફળ ગયા. એટલે છેવટે મેં સ્પેન દેશમાં રહેતાં મારાં પૂ.બાને પત્ર લખીને એમની મદદ માગી. એમણે તરત જરૂરી પૈસા મોકલ્યા અને પુસ્તક છપાયું. મારા હાથમાં મારું પહેલું પુસ્તક આવ્યું ત્યારે મને ઘણો આનંદ થયો. એની કિંમત રાખી હતી – 75 પૈસા!

પુસ્તક મને વિદ્યાર્થીઓની વધુ ને વધુ નજીક લાવવાનું પોતાનું કાર્ય કરી રહ્યું હતું. એ રીતે મને ટૂંકા સમયમાં બહુ ઉપયોગી બની ગયું. પણ બીજું પુસ્તક લખવાનું ત્યારે મારા મનમાં હતું જ નહિ. એક દિવસ કોઈ સામાજિક પ્રસંગમાં જુદી જુદી વ્યક્તિઓ હતી એમાં કોઈએ મને શ્રી બચુભાઈ રાવતની ઓળખાણ કરાવી. તેઓ પ્રતિષ્ઠિત માસિક 'કુમાર'ના પ્રતિષ્ઠિત તંત્રી હતા. વાતો કરતાં કરતાં એમણે મને 'કુમાર' માટે કોઈ લેખ લખી આપવાનું કહ્યું. મેં આભાર માન્યો, પણ મને મનમાં થયું કે ક્યાં 'કુમાર' અને ક્યાં હું; શ્રી બચુભાઈએ ફક્ત શિષ્ટાચાર ખાતર એવું કહ્યું હશે એમ મને લાગ્યું, એટલે મેં કંઈ કર્યું પણ નહિ. કૉલેજમાં અને યુનિવર્સિટીમાં મારા ગણિતના વર્ગો તો પૂરજોશમાં ચાલતા હતા.

પાંચ વર્ષ પછી બીજા કોઈ એક પ્રસંગે શ્રી બચુભાઈ રાવતનો મેળાપ ફરીથી થયો. સહેજ વાતો થતાં તેઓ બોલ્યા : "પેલું આમંત્રણ યાદ છે? હજી ઊભું છે." એ વખતે આગળની વાત સાચી હતી એમ મેં જોયું. થોડા દિવસ પછી મેં એક લેખ પણ મોકલ્યો. તે 'કુમાર'ના અંકમાં કવિતા પછી પહેલે પાને છપાયો. (આગળ જતાં કાવ્યોને સ્થાને પહેલે પાને જ છપાવાનું માન પણ મળ્યું.) મારા ઉપર વાચકોના પત્રો આવવા લાગ્યા. એક દિવસ ભાવનગરના 'લોકમિલાપ' પુસ્તક-પ્રકાશનની સંસ્થાના સંચાલક શ્રી મહેદ્ર મેઘાણીનો પત્ર હતો. તેઓ 'લોકમિલાપ' નામના માસિકના તંત્રી પણ હતા. એમાં મહિને મહિને અન્ય માસિકોમાં આવેલા ચુનંદા લેખો પ્રસિદ્ધ કરવામાં આવતા. એ પત્રમાં એમણે બીજે મહિને પોતાના માસિકમાં મારો 'કુમાર'વાળો લેખ છપાવવા મારી પરવાનગી માગી હતી, અને પત્રને અંતે ઉમેર્યું હતઃ "સામાન્ય રીતે હું મારા માસિકમાં લેખો લઉં છું એ ટૂંકાવીને લઉં છું, પરંતુ આપનો લેખ તો એક પણ શબ્દ કાઢ્યા વગર જ હું છાપવાનો છું." મેં ખુશીથી પરવાનગી આપી. મારી લેખમાળા 'કુમાર'માં પણ ચાલી અને 'લોકમિલાપ'માં પણ ચાલી.

હજી મારા લેખનકાર્યમાં બીજી એક અગત્યની મજલ આવી. એક દિવસ 'ગુજરાત સમાચાર' દૈનિકના તંત્રી શ્રી શાંતિલાલ શાહનો ફોન આવ્યો. મને મળવાની ઇચ્છા દર્શાવી. હું એમના કાર્યાલયમાં ગયો. એમણે મને સીધું કહ્યુંઃ " 'ગુજરાત સમાચાર'ની રવિવારની પૂર્તિ છે એમાં તમે દર અઠવાડિયે એક લેખ લખો એવી મારી વિનંતી છે." મેં પૂછ્યુંઃ "શું લખું?" એમણે લાક્ષણિક સ્પષ્ટતાથી તરત જવાબ આપ્યોઃ " 'કુમાર'માં લખો છો એવું." વાત મને ગમી. મનમાં શંકા એક જ હતી કે 'કુમાર'માં હું મહિને મહિને લખું છું. પણ હવે 'ગુજરાત સમાચાર'માં મારે અઠવાડિયે અઠવાડિયે લખવાનું રહેશે. એ કામને હું પહોંચી વળી શકીશ કે કેમ. બે-ત્રણ મહિના સુધી મેં વિવિધ લેખો પંદર પંદર દિવસે મોકલ્યા. મને વિશ્વાસ બેઠો કે હવે હું દર રવિવારે લખી શકું, એટલે શ્રેણીનું રીતસરનું શીર્ષક બાંધીને મેં દર રવિવારે લખવાનું શરૂ કર્યું. શ્રેણીનું મથાળું હતું 'નવી પેઢીને'.

'નવી પેઢીને' કટારે મારે માટે અમદાવાદમાં અને ગુજરાતમાં લોકહૃદયનાં દ્વાર ખોલ્યાં. રવિવારની પૂર્તિના છેલ્લા પાના ઉપર આઠેઆઠ કૉલમ રોકીને મારો લેખ આવે. હજી ટી.વી.નું આગમન થયું ન હતું એ જમાનામાં સવારે ઘેરઘેર પહોંચે અને એ નવી પેઢીના અને જૂની પેઢીના સૌને મનોરંજન, મંથન, માહિતી અને રમૂજનું ભાથું પૂરું પાડે. એ લેખની સાથે હું ઘર ઘરમાં આત્મીય પ્રવેશ પામતો ગયો. એક દિવસ એક અધ્યાપક મિત્ર મને કહે : "તમે રવિવારે તમારો એ જેવો તેવો લેખ બંધ કરશો ત્યારે મારા ઘરમાં શાંતિ આવશે." "કેમ ?" મેં પૂછ્યું. એણે સ્પષ્ટીકરણ કર્યું : "રવિવારે સવારે ઘેર છાપું આવે ત્યારે મારી પત્ની વહેલી ઊઠે એટલે પહેલી તે

એ હાથમાં લે. એમાં સૌથી પ્રથમ તમારો લેખ વાંચે, અને હું ઊઠું ન ઊઠું એટલામાં એ મારી પાસે છાપું લઈને અને આંગળી મૂકીને આવે અને મને કહેવા માંડે : 'જુઓ, આ વાંચો. ફાધરે આજે આ તમારે માટે જ લખ્યું છે. હવે તમે એક વાર સમજી લો તો સારું.' એટલે તમને કહું છું કે તમે લખવાનું બંધ કરશો ત્યારે જ મારા ઘરમાં શાંતિ આવશે.''

'કુમાર'વાળા લેખોનો સંગ્રહ મારા બીજા પુસ્તકમાં પ્રસિદ્ધ થયો: 'વ્યક્તિઘડતર'; જ્યારે 'ગુજરાત સમાચાર'ના લેખોમાંથી 'નવી પેઢીને – તરુણાશ્રમ' પુસ્તક જન્મ્યું. એ ક્રમ વર્ષો સુધી ચાલ્યો, અને એ રીતે દર વર્ષે મારાં ત્રણ-ચાર નવાં પુસ્તકો પણ છપાતાં. સ્વતંત્ર રીતે પણ હું બીજાં સળંગ પુસ્તકો લખતો એ જુદાં.

એક દિવસ બીજા એક પ્રકારનો પ્રસ્તાવ મારી આગળ મૂકવામાં આવ્યો. ગુજરાત યુનિવર્સિટીના પ્રકાશન વિભાગનો પત્ર હતો, એમાં વિશ્વવિખ્યાત અંગ્રેજ ગણિતશાસ્ત્રી શ્રી G. H. HARDYના પ્રશિષ્ટ ગ્રંથ PURE MATHEMATICSનો ગુજરાતીમાં અનુવાદ કરવાની વિનંતી હતી. એ નવું સાહસ હતું. હાર્ડીએ ગણિતમાં ચોકસાઈ અને તર્કબદ્ધતા લાવવા અનેક પ્રયાસો કર્યા હતા. એમના શબ્દોમાં કહીએ તો ''કોઈ મિશનરી પાદરી જંગલવાસીઓને માથે બાઇબલ ઠોકી બેસાડે એ ઝનૂનથી'' એમણે નવા ગણિત માટે એકલે હાથે ઝુંબેશ ચલાવી. એ પેઢીના અમે બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓ હાર્ડીના એ જ પુસ્તકથી ઘડાયા હતા. એનું ભાષાંતર તો ભગીરથ કાર્ય હતું. પુસ્તકના નામથી જ માંડીને મુશ્કેલીઓ ઊભી થતી. PURE MATHEMATICS અને APPLIED MATHEMATICSનું ચાલુ ગુજરાતી ભાષાંતર ''શુદ્ધ ગણિત'' અને ''પ્રાયોગિક ગણિત'' એ હતું, પણ મારા મનમાં એ બેસતું નહોતું. એક ગણિતને ''શુદ્ધ'' કહીએ તો બીજું ''અશુદ્ધ'' ભાસે. વિચાર કરીને મને રસ્તો સૂઝ્યો. શંકરાચાર્યનાં અને રામાનુજાચાર્યનાં વેદાંતદર્શન જુદાં પાડવા ''કેવળાદ્વૈત'' અને ''વિશિષ્ટાદ્વૈત'' એ બે સાર્થક નામ યોજાયાં હતાં. તો હવે મેં PURE MATHEMATICS માટે ''કેવળ ગણિત'' અને APPLIED MATHEMATICS માટે ''વિશિષ્ટ ગણિત'' એવાં ભારતીય સંસ્કૃતિને માન્ય, સચોટ અને પ્રતિષ્ઠિત નામ સૂચવ્યાં. અંગ્રેજીમાં PURE વિશેષણનો રણકો પણ એવો જ છે. એ રાહે 'કેવળ ગણિત'નો મારો ભાષાંતરવાળો ગ્રંથ બહાર આવ્યો એને હું મારા લેખનકાર્યનું એક સીમાચિહ્ન પણ ગણાવું. આગળ જતાં ડૉ. પ્ર. ચુ. વૈદ્યે 'સુગણિતમ્' સામયિકના તંત્રી બનવા મને આગ્રહ કર્યો, પરંતુ મને મારી મર્યાદાનો ખ્યાલ છે, અને હું લેખક છું પણ તંત્રી નથી એમ સ્પષ્ટપણે સમજીને મેં વિવેકથી ના પાડી. પણ વર્ષો સુધી 'સુગણિતમ્'ના દરેક અંકમાં મારો લેખ નિયમિત રીતે આવતો. એમાં 'સુરેખ આલેખન' લેખની યાદ મને વિશેષ રહી છે. ડૉ. પ્ર. ચુ. વૈદ્યની સાથે 'ગણિતદર્શન' ગ્રંથ લખવાનો પ્રસંગ પણ આવ્યો.

ભાષાંતરના ક્ષેત્રમાં હજી મારા બીજા એક કાર્યનો ઉલ્લેખ મારે કરવાનો છે. ખ્રિસ્તી દેવળોમાં રોજ બોલાતી રૂઢ, પ્રાચીન પ્રાર્થના છે એ સૈકાઓ સુધી લેટિન ભાષામાં જ બોલાતી, પરંતુ આખરે વર્તમાન કાળમાં અર્વાચીન ભાષાઓમાં એ બોલવાની છૂટ મળી ત્યારે ગુજરાતીમાં એનું ભાષાંતર કરવાનું કાર્ય પણ મને સોંપવામાં આવ્યું. પ્રાર્થનાનો આરંભ (અંગ્રેજીમાં) આ શબ્દોથી થાય છે : LORD, YOU ARE HOLY INDEED. એવું સંબોધન મને સાવ લૂખું, રિક્ત, કસ વિનાનું લાગ્યું, એટલે ગુજરાતીમાં બીજો પ્રયોગ કરીને મેં આમ લખ્યું : ''પવિત્રતા તમારું નામ છે, પ્રભુ'', અને આખી પ્રાર્થના એ ઢબે આગળ ચલાવી. આજે આખા ગુજરાતમાં ખ્રિસ્તી દેવળોમાં શ્રદ્ધાળુ લોકો એ પ્રાર્થના રોજ બોલે છે, પણ અત્યારે તો કોઈને ખબર નથી અને યાદ પણ નથી કે એ ભાષાંતર મારું છે. એવાં બીજાં મારાં ધાર્મિક ભાષાંતરો પણ છે, અને એનો મને સંતોષ અને ગર્વ પણ છે. જ્યારે જ્યારે ભગવાનને એ પ્રાર્થના થાય

ત્યારે ત્યારે એમાં મારો સ્પર્શ છે એ કંઈ ઓછાં પુણ્ય કહેવાય ?

એ વર્ષોમાં વર્ગમાં અને વાતચીતમાં મારો વ્યવહાર ગુજરાતીમાં પણ અને અંગ્રેજીમાં પણ ચાલતો હતો, એટલે સહજ રીતે એક પશ્ચિમી અને એક પૂર્વની એવી એ બે પ્રતિનિધિ ભાષાઓનાં લક્ષણો, વિશિષ્ટતાઓ, સરખાપણા અને જુદાપણાનું મંથન હું મારા મનમાં ચલાવવા લાગ્યો. એ સંદર્ભમાં મેં ભાષા-મનોવિજ્ઞાનનાં પુસ્તકો વાંચ્યાં, તર્કો ચલાવ્યા, વિપુલ નોંધ લીધી અને ધીરેધીરે ભાષા અને સંસ્કૃતિના ગાઢ સંબંધ વિશે મારું અંગત સંશોધન પણ આગળ વધ્યું. મારે મન વાત એટલી મહત્ત્વની લાગી કે સમય કાઢીને હું એ ક્ષેત્રમાં પ્રખ્યાત એવી અમેરિકાની જોર્જટાઉન યુનિવર્સિટીમાં ગયો, અને ત્રણ મહિના સુધી ત્યાં રહીને ભારતના નિષ્ણાત પ્રાધ્યાપક ડૉ. શાલિગ્રામ શુક્લના હાથ નીચે આ વિષયનો મેં શિસ્તબદ્ધ અભ્યાસ કર્યો.

આ પ્રયત્નોના ફળસ્વરૂપે છેવટે મારું ‘શબ્દલોક’ પુસ્તક 1988ની સાલમાં બહાર પડ્યું. મને એમ હતું – અને છે – કે ગુજરાતી ભાષામાં મારા વિચાર, અનુભવ, અભ્યાસ અને મંથનનો નિચોડ એમાં છે. એ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં અને ગુજરાતી સંસ્કૃતિમાં મારું વિશેષ યોગદાન છે. મેં જિંદગીમાં કદીયે કર્યું નહોતું એવું આ પુસ્તક વખતે કર્યું, એટલે કે પુસ્તકનો વિમોચનવિધિ રીતસર ગોઠવ્યો, સભા બોલાવી. એમાં શ્રી ઉમાશંકર જોશી, શ્રી યશવંત શુક્લ, શ્રી હરિવલ્લભ ભાયાણી, શ્રી ચિમનલાલ ત્રિવેદી અને શ્રી રઘુવીર ચૌધરી જેવા મૂર્ધન્ય સાહિત્યકારો બોલ્યા. મેં એ પુસ્તકની પાછળના મારા વિચારો, મહેનત, આશા, મમતા હતાં એ દિલના ઉમળકાની સાથે કહ્યાં, અને મારું એ માનીતું પુસ્તક ગુજરાતના વાચકવર્ગના હાથમાં મૂક્યું.

એમાં મારા લેખક તરીકેના જીવનમાં સૌથી કરુણ બનાવ બન્યો. એ પુસ્તક નિષ્ફળ ગયું. મારાં બધાં પુસ્તકોની પહેલી આવૃત્તિ તો પ્રકાશનના પહેલા વર્ષની અંદર જ ખપી જતી. અને બીજી આવૃત્તિ તરત કરવી પડતી. તો આ પુસ્તકની પહેલી આવૃત્તિને આજે 11 વર્ષ પૂરાં થયાં છે, તોય એ હજી ચાલે છે. એટલે કે ચાલતી નથી. હા, એ વાત સાચી કે મારા કેટલાક સુજ્ઞ વાચકો અને અંગત મિત્રોએ મને એમ કહ્યું છે કે મારાં બધાં પુસ્તકોમાં એ સર્વશ્રેષ્ઠ છે, અને હું પણ એ માનું છું. પરંતુ બૃહત્ વાચકવર્ગનો ફેંસલો જુદો છે. એ પુસ્તક વેચાયું નહિ એટલે વંચાયું નહિ. એની સાથે ગુજરાત સાથેની મારી રોમાંચક પ્રેમકથાનું છેલ્લું પ્રકરણ લખાયું. ત્યાર પછી મારાં ગુજરાતી પ્રકાશનો નોંધપાત્ર રહ્યાં નથી.

એ જ અરસામાં એક તદ્દન નવું ક્ષેત્ર મારી આગળ અણધારી રીતે ખુલ્લું થયું. હું ત્યાર સુધી લખતો આવ્યો હતો તે ફક્ત ગુજરાતી ભાષામાં જ લખતો આવ્યો હતો. અંગ્રેજી ભાષા પણ મને ઠીક આવડે, અને સ્પેનિશ તો મારી માતૃભાષા જ રહી. તોય જાહેર લખાણોમાં મેં ત્યાર સુધી ગુજરાતીનો જ ઉપયોગ કર્યો હતો. એક તો, મારો સ્વભાવ પૂર્ણતાનો અને વફાદારીનો રહ્યો, અને ગુજરાતી ભાષા સાથે મારી સગાઈ હતી એમાં બીજી ભાષાનું સેવન કરું તો વ્યભિચાર જ થાય એવી ધૂન હતી; અને બીજું, અંગ્રેજીમાં નવા અને જુદા વાચકો મળશે અને મારાં પુસ્તકો એમને કદાચ પસંદ ન પડે એવી શંકા હતી – આ બે કારણથી હું અંગ્રેજીમાં લખવાનું ટાળતો આવ્યો હતો. હા, વર્ષોથી ‘ગુજરાત સાહિત્ય પ્રકાશ’ના સંચાલક શ્રી ફાધર ડેલ રીઓની આગ્રહી વિનંતી હતી કે હું અંગ્રેજીમાં કોઈ પુસ્તક લખું. છેવટે – એક જ પુસ્તક લખીને એમને સંતોષ આપવાના હેતુથી – મેં હા પાડી. 1984ની સાલમાં મારું પહેલું અંગ્રેજી પુસ્તક LIVING TOGETHER બહાર પડ્યું. કમનસીબે એ ખૂબ સફળ થયું. એટલે થોડા સમય સુધી આનાકાની કરીને, બીજું પુસ્તક – અને આખરે ઘણાંબધાં – લખ્યા વગર મારો છૂટકો થયો નહિ. એ બધાં અંગ્રેજી પુસ્તકો મારાં ગુજરાતી પુસ્તકોથી જુદાં હતાં. વાચકવર્ગ

જુદો એટલે મારા વ્યક્તિત્વનું બીજું પાસું એમાં વ્યક્ત થયું એ લાભ મને થયો.

પછી એક મઝાની ઘટના બની. એક દિવસ ટપાલમાં પરદેશથી એક સ્પેનિશ પ્રકાશકનો પત્ર આવ્યો. એમાં લખ્યું હતું કે, "તમારું અંગ્રેજી પુસ્તક LIVING TOGETHER અમારા ધ્યાનમાં આવ્યું છે, તો સ્પેનિશ ભાષામાં એનું ભાષાંતર અને પ્રકાશન કરવા માટે આપની રજા માગીએ છીએ." મેં જવાબમાં લખ્યું : "પ્રકાશન તો આપ જરૂર કરી શકો, પરંતુ મારા પુસ્તકનું ભાષાંતર હું જ કરીશ. સ્પેનિશ મારી માતૃભાષા છે." એ રીતે છેવટે વર્ષોના ચક્રે અને જીવનના ન્યાયે મારી અસલ ભાષામાં જ મારું પહેલું પુસ્તક બહાર પડ્યું.

હવે, સ્પેનિશ ભાષા ફક્ત યુરોપમાં સ્પેન દેશમાં ચાલે છે એમ નથી. હકીકતમાં (ભારતમાં ઘણા ઓછા લોકોને એ હકીકતની ખબર છે તો પણ) સ્પેનિશ ભાષા દક્ષિણ અને મધ્ય અમેરિકાના વીસ જેટલા જુદા જુદા દેશોમાં માતૃભાષા જ છે. ભાષા એક, એટલે મારાં સ્પેનિશ પુસ્તકો સ્પેનથી દક્ષિણ અને મધ્ય અમેરિકાના એ બધા દેશોમાં જવા લાગ્યાં. જ્યાં પુસ્તકો જાય ત્યાંથી પત્રો પણ આવે અને છેવટે ત્યાં જવાનાં આમંત્રણો પણ આવવા માંડે. એ અરસામાં કૉલેજમાં ભણાવવાના કાર્યમાંથી નિવૃત્ત થવાનો મારો વારો આવ્યો હતો, એટલે મને સમયની પણ છૂટ હતી. એ નવા નવા દેશો જોવાની અને એ નવી નવી સંસ્કૃતિઓ વિશે જાણવાની ઇંતેજારી લાગી, એટલે થોડા સમયમાં એ નવી અને જુદી દુનિયાનો પ્રત્યક્ષ અનુભવ હું લેતો થયો. એક ભવમાં ત્રણ ભવ – યુરોપનો, ભારતનો, લેટિન અમેરિકાનો – જાણે ભેગા થયા ન હોય. મારું જીવન ખરેખર ભર્યું ભર્યું રહ્યું અને હું ધન્ય થઈ ગયો.

એ કૃતજ્ઞતાની લાગણીની સાથે હું મારા ગુજરાતી લેખનકાર્યનો સાર મારા પ્રિય વાચકોના હાથમાં હવે મૂકું છું. મારાં કેટલાંક પુસ્તકો એના અસલ સ્વરૂપમાં રાખીને ફરીથી પુનર્મુદ્રિત થશેઃ 'સદાચાર', 'વ્યક્તિઘડતર', 'ગાંધીજી અને નવી પેઢી', 'લગ્નસાગર', 'આત્મકથાના ટુકડા' અને 'શબ્દલોક'. બીજાં બધાંમાંથી પાંચ શીર્ષકો બાંધીને પાંચ અલગ અલગ ગ્રંથો બનાવ્યા છેઃ 'વ્યક્તિ', 'કુટુંબ', 'સમાજ', 'ધર્મ' અને 'જીવન'. આ સંગ્રહોમાં મારા સમસ્ત ગુજરાતી લેખનકાર્યનો નિષ્કર્ષ આવે છે, અને એની તૈયારી કરતી વખતે એ મારી આંખની સામે – પ્રત્યક્ષ જોઈને મને ઊંડા સંતોષની લાગણી થઈ છે. આ પાંચ પુસ્તકોના પુનર્મુદ્રણની આ આવૃત્તિમાં દરેક પુસ્તકમાંથી એમાંની મહત્ત્વની લેખસામગ્રી જળવાય એ રીતે કેટલાક લેખો ઓછા કરી એ પુસ્તકોનું કદ સહેજ નાનું કર્યું છે. એમાંના શિક્ષણવિષયક લેખો તથા '100 % ઑપ્શન'વાળું પુસ્તક 'શિક્ષણમંગલ' નામે જુદું પ્રગટ કર્યું છે. ઉપરનાં પાંચ પુસ્તકોને 'વ્યક્તિમંગલ', 'કુટુંબમંગલ', 'સમાજમંગલ', 'ધર્મમંગલ' અને 'જીવનમંગલ' – એ નવાં શીર્ષકથી પ્રકાશિત કર્યાં છે.

આજના આ કાર્ય માટે તેમ જ વર્ષો સુધીના લેખન-પ્રકાશનના કાર્યમાં મદદ કરનાર અને સાથ આપનાર 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય'ના શ્રી મનુભાઈ શાહ, પ્રા. શ્રી ચિમનલાલ ત્રિવેદી અને મારા આત્મીય વાચકોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

એવી એક વાચક બહેન એક વખત, મારા એક જાહેર પ્રવચન પછી મારી પાસે આવી અને પોતાનું નામ પણ કહ્યા વગર ખૂબ લાગણી અને આગ્રહ સાથે કહેવા લાગીઃ "ફાધર, મહેરબાની કરીને હા પાડો, હું કહું એ સાચું જ છે એમ તમે પોતે જરૂરથી કહેજો. ફાધર, એ સાચું છે ને? ચોક્કસ મને હા પાડો. તમારાં બધાં જ પુસ્તકો તમે ફક્ત મારી એકલીને માટે જ લખ્યાં છે, નહિ?"

હા, મારા પ્રિય વાચક, ફક્ત તમારે માટે જ. જુઓ, હવે તમારા હાથમાં છે.

www.carlosvalles.com ફાધર વાલેસ
carlos@carlosvalles.com

અનુક્રમ

તૂટેલા કાચ વચ્ચેથી

દફતરમાં નવી ખરીદેલી ચોપડીઓ ને નોટો ભરીને એ વિદ્યાર્થી કૉલેજ તરફ આવતો હતો. કૉલેજને ઊઘડ્યે હજી દસ જ દિવસ થયા હતા, એટલે મંગળ પ્રવચનના સૂર હજી તેના કાનમાં ગુંજતા હતા, નવા ઉમંગનો ઊભરો તેના દિલમાં હજી શમ્યો ન હતો. વહેલો જમીને, ભૂલેચૂકે પણ મોડા ન પડાય એ બીકથી લગભગ કલાક પહેલાં તે સાઇકલ પર બેઠો હતો, અને હોંશથી કૉલેજ જવા ઊપડ્યો હતો.

રસ્તામાં એણે લોકોનાં ટોળાં જોયાં, પોલીસો જોયા, બૂમો સાંભળી ત્યારે એને યાદ આવ્યું કે આજે હડતાલ છે. પણ હડતાલ તો મિલોમાં હશે કે કચેરીઓ આગળ હશે કે રસ્તાઓ પર હશે, પણ સરસ્વતી-મંદિર જેવાં પવિત્ર વિદ્યાતીર્થોમાં એનો પગપસારો ન જ હોય એ તે યુવાન વિદ્યાર્થીનો સહજ ખ્યાલ હતો. એટલે ક્યારે કૉલેજ આવે અને આજનું કામ શરૂ થાય એ ઉત્સુકતાથી તેણે સાઇકલ ઝડપથી આગળ ચલાવી. આજે પ્રયોગશાળામાં તેનાં પહેલાં સાચાં પ્રૅક્ટિકલ થવાનાં હતાં એનો એને કેટલો બધો ઉત્સાહ હતો !

કૉલેજમાં પ્રવેશ કરતાં એને ફાળ પડી. 'સલામતીને ખાતર ઘેર પાછા જઈએ તો સારું એમ કહે છે' એવું એણે બીજા વિદ્યાર્થીઓની પાસેથી સાંભળ્યું. પણ અમારા વર્ગોનું શું ? પ્રૅક્ટિકલનું શું ? હાજરીનું શું ? એ મૂંઝાયો. ભણવાની આટલી હોંશ હતી, ને એમાં બીજા લોકો વચ્ચે પડીને એને એ પવિત્ર કામ કરવા દેતા નહોતા એ એને સમજાયું નહિ.

આઘાત લાગ્યો. ગુસ્સો ચડ્યો. તિરસ્કાર છૂટ્યો.

*

આમતેમ થોડું ભટક્યા પછી એ વિદ્યાર્થી અમસ્તો મારી રૂમની આગળ આવીને ઊભો રહ્યો. મેં એને અંદર બોલાવ્યો. બેસાડ્યો. તેને મૂંઝવનાર પ્રશ્ન તો તેના ચહેરા ઉપર સ્પષ્ટ મુદ્રાએ લખેલો હતો. એટલે કશું પૂછ્યા વગર હું ધીરેથી એને સમજાવવા લાગ્યો. મારા મન ઉપર પણ એ જ પ્રશ્ન હતો ને !

"આમ કેમ ? એમ પૂછો છો, ખરું ને ? કૉલેજ વિશે તમારી કેવી આદર્શ કલ્પના હતી, કેવી આશા હતી, કેવાં સ્વપ્નો હતાં… ને એ બધાં એક જ દિવસમાં હડતાલના કલુષિત સ્પર્શથી ધૂળ ભેગાં થયાં. કૉલેજમાં જ્ઞાન મળશે, પ્રેરણા મળશે, જીવન માટે ઉત્તમ તૈયારી થશે એવી તમારી ધારણા હતી; ને કૉલેજમાં આજે જોવા મળ્યાં… અંધેર ને ભય, જોખમ ને ચિંતા, અથડામણ ને હિંસા. કૉલેજને આંગણે પણ તોફાનની ઘેલછા લાગે, દ્વેષનું ઝેર ફેલાય, હિંસાનો શાપ વળગે એની તમને કલ્પના સરખી ન હતી. એટલે જીવન માટે પણ તમારો જે ઉત્સાહ હતો, જે શ્રદ્ધા હતી એ પણ હેઠે બેઠાં. અહીંયાં આવું ચાલે તો પછી સમાજમાં ને દેશમાં ને દુનિયામાં શું નું શું ચાલશે ! આપણે કળિયુગમાં જીવીએ છીએ એમ લોકો કહે છે એનો અર્થ શું આ હશે ?

"પણ જુઓ, તમે કૉલેજમાં ભણવા આવો છો, શીખવા આવો છો, તો આજે એક મહત્ત્વનો પાઠ તમને શીખવા મળ્યો છે. આજે ભલે તમે વર્ગો ભર્યા નહિ કે પ્રૅક્ટિકલના પ્રયોગો કર્યા નહિ કે હાજરી પૂરી નહિ, પણ એક અમૂલ્ય પાઠ તમને આજે આ હડતાલે પ્રત્યક્ષ ભણાવ્યો છે – તમે એ સમજવા તૈયાર હશો તો.

"દુનિયા મંગળ છે, શુભ છે, ઈશ્વરનું સર્જન છે એ ખરું; તમારાં પ્રેમાળ મા-બાપ છે, પ્રેરણામૂર્તિ વડીલો ને ઉત્સાહશૂરા યુવાનો છે એ સાચું; પરંતુ એ સારાં માણસોની વચ્ચે કેટલાંક ખરાબ પણ છે, એ મંગળ તત્ત્વોની મધ્યે કેટલાંક અશુભ પણ છે એ પણ એટલું સાચું ને ખરું છે. માણસના હૃદયમાં જેટલી આદર્શ ભાવનાઓ ભરેલી છે તેટલી અધમ વાસનાઓ પણ

એમાં સંઘરેલી છે. એ વાત તમે અનેક વાર સાંભળી છે, પણ એનાં પ્રત્યક્ષ દર્શન તમારે માટે બાકી હતાં, અને દર્શનથી જ માણસ ખરેખર માણસ બની જાય, છોકરો મટીને એ પુરુષમાં ખપી જાય.

"માણસ પાકે છે દુઃખના તાપથી, અને આ માનસિક દુઃખ, આ સામાજિક દુઃખ, આ અમાનુષી જુલમ, આ બેકાબૂ માનવટોળાનું તાંડવ એ ભારેમાં ભારે દુઃખની કોટિમાં આવી જાય. દુનિયાનું મહાદુઃખ તો યુદ્ધ જ છે, અને હડતાલ એ યુદ્ધની સંક્ષિપ્ત આવૃત્તિ છે. રણમેદાનમાં નહિ પણ શહેરના રસ્તાઓ પર, હુમલાખોર પરદેશીઓ સામે નહિ પણ વેરઝેરનાં ઝનૂનથી...

"એ દુઃખની શાળામાં તમારે બેસવું જોઈએ – સાચા માણસ તમારે જલદી બનવું હોય તો; એ દુઃખની સામે નજર માંડીને જુઓ, એનાથી ડરશો નહિ. એનું અસ્તિત્વ – ઘણા લોકો કરે છે તેમ – ભુલાવી દેવા મિથ્યા પ્રયત્ન કરશો નહિ. એ દુઃખનાં નિમિત્તોને – આજે આ હડતાલમાં બૂમો પાડનારા ને પથ્થરો ફેંકનારા ને બસો સળગાવનારાઓને દોષ પણ દેશો નહિ. (કેટલો દોષ લૂંટફાટ ચલાવનારનો, ને કેટલો એને ચડાવનારનો, ને કેટલો ચડાવનારનેય ચડાવી મૂકે એવા સંજોગો ઊભા કરનારનો એનો ન્યાય તોળવાની હિંમત તો ભગવાન જ કરી શકે.) પરિસ્થિતિનું તટસ્થ અવલોકન કરો, સારાંખરાબ તત્ત્વો તરફ લક્ષ આપો અને ખ્યાલ રાખો કે એ મિશ્રિત દુનિયામાં તમારે પ્રવેશ કરવાનો છે, જીવવાનું છે, જીતવાનું છે. એમાં પ્રેરણા મળશે પણ લાલચ પણ મળશે, મદદ મળશે પણ અડચણો પણ આડે આવશે, ઉન્નત પંથે લઈ જનાર આદર્શ મિત્રો મળશે અને ન કરવાનાં કામો કરાવનાર દુર્જનો પણ મળશે, મંગળ પ્રવચનો મળશે અને હડતાલો પણ મળશે.

"પછી જરા તમારા અંતરમાં પણ ડોકિયું કરી જુઓ. તમારા હૃદયમાં પણ એ તોફાનનાં બીજ છે તો તેને ઓળખી લો. દેવ ને રાક્ષસના સંસ્કારો તમારામાં છે; સંત ને ગુનેગારનાં લક્ષણો તમારા સ્વભાવમાં વણાયેલાં છે. તે વીણી વીણીને કાઢો, કયું વલણ અપનાવવાથી શું પરિણામ આવે એ તમારા આજના અનુભવ ઉપરથી જોઈ લો. હિંસાની વૃત્તિને પોષવાથી જાહેર રસ્તા પર ભાંગફોડ કરવાનો પ્રસંગ આવે, જ્યારે સંયમ કેળવવાથી એ તોફાનની વચ્ચે પણ મનની શાંતિ જાળવવાની કલા હસ્તક થાય. અને એ સ્પષ્ટ ખ્યાલ નજર સામે રાખીને બેઉ પક્ષ તરફ કાયમ રહેનાર આકર્ષણની વચ્ચે તમારો જીવનરથ ધારેલ રસ્તે હાંકતા રહો.

"આ પહેલાં મારા એક લેખમાં મેં એવી ચેતવણી આપી હતી. (એનો ઉલ્લેખ જોકે મારે કરવો ન જોઈએ, પણ અમે લેખકો અમારી પોતાની વાત ટાંકવાનો અવિવેક કરીએ છીએ પણ ખરા. માફ કરજો.) લેખનું મથાળું હતું : 'ખોવાયેલું સ્મિત', અને એમાં તમારા જેવા કૉલેજમાં તાજા આવેલા વિદ્યાર્થીઓને માટે એવી ચેતવણી આપી હતી કે કૉલેજમાં દાખલ થતી વખતે તમારા હોઠ પર સ્મિત ફરકતું હતું તે કૉલેજમાં ગુમાવી બેસશો નહિ. તમારી વાત જ લો ને ! દસ દિવસ પહેલાં તમે આવ્યા ત્યારે તમારા ચહેરા ઉપર કેવું સહજ, મનોહર, ખીલેલા કમળ જેવું મોહક સ્મિત હતું, ને આટલામાં જ તે ગુમ થયું છે ! મારી બીક આટલી વહેલી સાચી પડવાની હતી એવી મારી પોતાની ધારણા પણ ન હતી ! હવે એ સ્મિત પાછું લાવો. ચિંતા ને ભય ને અવિશ્વાસની ભીંસમાં પણ આછું-આછું હસતા રહો, હડતાલનાં ધાંધલ ને દુઃખમાં પણ હૃદયની શાંતિ ને જીવન પરની શ્રદ્ધા ને સાચો આનંદ જાળવતાં શીખો અને તમારો આ આજનો દિવસ નકામો ગયો ન હશે – તમારા એ વર્ગો ને પ્રેક્ટિકલ્સ ચાલ્યાં ન હોય તોપણ..."

અમે એવી વાતો કરતા હતા ત્યારે દૂરથી આવતા માણસોના ટોળાનો ઘેરો અવાજ સંભળાવા લાગ્યો, બૂમો ને ચીસો કાને અથડાયાં, તૂટેલા કાચના ઘા હવામાં રણક્યા.

અમે એ તરફ જોયું.

સામેથી માણસને પથ્થર ફેંકતો જોઈને લોહી કેવું ઊછળે છે !

પણ એને શાંત પડવા દીધું.

પછી તોડેલી બારીઓ તરફ અમે ગયા. હિંસા સામે લાચારીના પ્રતીક સમા કાચના ચૂરેચૂરા ભોંય પર વીખરાયેલા હતા. મેં તૂટેલા કાચનો એક ટુકડો લીધો, અને એ વિદ્યાર્થીના હાથમાં મૂકીને કહ્યું : ''આ રાખો - આજે તમે જીવનનો જે અગત્યનો પાઠ શીખ્યા છો એની યાદગીરી માટે. તમારા હૃદયની બારીઓમાંના તમારી વાસનાઓએ કેટલા કાચ તોડ્યા છે એની તમને એ યાદ દેવરાવશે. આગળ વિનાશને કે સર્જનને પંથે લઈ શકાય અને તેનો સાચો ને વહેલો નિર્ણય તમારે જાગૃતિપૂર્વક કરવો જોઈએ એની તાકીદ આપશે. સંકટ સમયે પણ શાંતિ ને સંતોષ રાખવાનો બોધ સંભળાવશે. અને દુનિયાના સાચા દ્વિમુખ સ્વરૂપની ઝાંખી કરાવશે.

''તમે હજુ સુધી ગુલાબી રંગના કાચ દ્વારા જ દુનિયા તરફ જોતા હતા : પણ દુનિયાનું વાસ્તવિક દર્શન તો તૂટેલા કાચની વચ્ચેથી જ મળી શકે છે. હવે જાઓ, કાલે આવશો, સ્મિત સાથે આવશો. હડતાલના પથ્થરોને તાલે તમારી જીવન વિશેની બાલિશ કલ્પનાઓના કાચ તૂટ્યા અને નવી જવાબદારીનું ભાન તમારા અંતરમાં સ્ફૂર્યું એ એક અશુભ ઘટનામાંથી ઉદ્ભવેલ શુભ પરિણામ નથી શું ? માટે કહું છું કે નિરાશ ન થાઓ, ઊલટું, હવે વિશેષ આગ્રહથી શ્રદ્ધા બાંધો, હિંમત રાખો, આનંદ માણો. દુઃખની વચ્ચે પણ તમે હસતાં શીખ્યા, પછી તમને રોકનાર કોણ ?''

એ ગયો ત્યારે એના હોઠ પર ફરીથી સ્મિત હતું.

અને વિશ્વાસ છે કે તે હવે લાંબું પણ ટકશે... હડતાલના પ્રતાપે !

કોનો દોષ ?

એક સ્કૂલના વિદ્યાર્થીઓની આગળ હું એક દિવસ વાતો કરતો હતો. ચારિત્ર્યની વાતો. થોડી વાતો પછી એ યુવાન શ્રોતાઓએ ચિઠ્ઠીઓ લખીને પ્રશ્નો પૂછ્યા ને એની ચર્ચા કરીને ને જવાબો આપીને વાત આગળ ચાલી.

એમાં એક છોકરાએ (કે છોકરીએ, કારણ કે સાંભળનારાઓમાં બંને હતાં અને ચિઠ્ઠીના અક્ષર ઉપરથી લખનાર છોકરો છે કે છોકરી એ નક્કી થઈ શકે એમ નહોતું) આવો પ્રશ્ન પૂછ્યો હતો (શબ્દો એના છે) : ''છોકરો ને છોકરી ભેગાં થઈને ખોટું કરે છે ત્યારે દોષ કોનો હોય છે ?''

પ્રશ્ન વાંચીને હું ચેતી ગયો. આ તો સ્કૂલના વિદ્યાર્થીઓ હતા. ઉપલા ધોરણોના ખરા, પણ હજુ એ પ્રશ્નનો અર્થ પણ સમજી ન શકે એવા ઘણા ત્યાં હશે. માટે એ પ્રશ્નની ખુલ્લી ચર્ચા ત્યાં તો ન જ થાય.

પણ પ્રશ્ન વંચાઈ ચૂક્યો હતો એટલે કંઈક તો કહેવું પડે, અને ન કહીએ તો ઊલટું કેટલાકને વહેમ જશે ને વિચાર કરશે એ ખ્યાલથી મેં જાણે હવે ઓછો સમય બાકી હોય એમ ઘડિયાળ સામે જોયું, મોં ઉપર પરાણે તટસ્થ ભાવ રાખીને ''દોષ બંનેનો હોય છે'' એવો ઉડાઉ જવાબ આપ્યો અને બીજા પ્રશ્નની ચિઠ્ઠી હાથમાં લીધી.

આમ પ્રસંગ તો ટાળ્યો, પણ પ્રશ્ન મનમાં રહ્યો. એ નિર્દોષ (?) છોકરાએ કે છોકરીએ પ્રશ્ન પૂછ્યો હતો તે સાંભળેલી વાતો ઉપરથી પૂછ્યો હશે કે પોતાની મૂંઝવણ ઉપરથી પૂછ્યો હશે ? નાની આંખો ઘણું જોઈ શકે છે.

અને મેં પણ જેવો તેવો જવાબ આપ્યો હતો. ટૂંકો ને ઉડાઉ. એ જવાબનો મેં હવે વિચાર કર્યો. એ ઉતાવળમાં અપાયો હતો, જરા ક્ષોભમાં અપાયો હતો અને વાત ઉડાડી લેવાના હેતુથી અપાયો હતો. ''બંનેનો દોષ છે.'' પણ હૃદયનો ન્યાય કોણ તોળી શકે ? પાપ-પુણ્યનો હિસાબ કોણ કાઢી શકે ? બે વ્યક્તિના અપકૃત્યમાં બંનેના હિસ્સા કોણ વહેંચી આપી શકે ? અને અસંખ્ય એવા પ્રસંગો એક માપથી કેમ પામી શકાય ?

મેં એનો વિચાર કર્યો. ફરી એ ટૂંકા ને ઉડાઉ ને ક્ષોભમાં આપેલા જવાબનો વિચાર કર્યો. અને મને લાગ્યું કે એ જવાબ ટૂંકો ને ઉડાઉ ને ક્ષોભમાં આપેલો હોવા છતાં સાચો હતો.

*

બંનેનો દોષ છે.
બેનું કૃત્ય છે.
બેની જવાબદારી છે.

એકની સંમતિ વિના બીજાનું સાહસ ન ચાલે; એકની તૈયારી વિના બીજાની હિંમત ન ચાલે. બંનેના સહકારથી બંનેનું પતન થાય. સહિયારું કામ છે. સહિયારો દોષ છે.

કદાચ એ બહેન – એવા પ્રસંગમાં આવેલી એ બહેન – ફરિયાદ કરશે કે એણે જ મને ફસાવી હતી; એ કામ કરવાનો મારો સહેજ પણ હેતુ નહોતો, ખ્યાલ પણ નહોતો. એ મને ત્યાં સુધી લઈ જશે એની કલ્પના સરખી મને નહોતી. હોત તો એને હું એ ક્યાં કરવા દેત ! મારે બસ થોડી ગમ્મત કરવી હતી, સાથે થોડી મજા કરવી હતી; પણ ત્યાં સુધી જવાનો લેશમાત્ર ઇરાદો પણ નહોતો.

કદાચ એ બહેન એમ કહેશે, પોતાનું અપકૃત્ય બહાર આવ્યા પછી પોતાનો બચાવ કરવા એમ કહેશે, જોર સાથે કહેશે, ડૂસકાં ખાઈ ખાઈને કહેશે. અને કદાચ એના શબ્દો એમ તો સાચા હશે. એનો એ વિચાર ન હતો. યોજના ન હતી.

પણ બહેન ! તમે ફસાયાં એનો અર્થ શું એ નથી કે તમે ફસાવા તૈયાર હતાં ? તમે છેતરાયાં તો એનો અર્થ એ નથી કે તમે છેતરાવા તૈયાર હતાં, ખુશ હતાં ? તમે નબળાઈ બતાવી હતી એટલે તમારી સામે જોર થઈ શક્યું, તમે અર્ધા રસ્તા સુધી જવાની તૈયારી બતાવી હતી એટલે ઠેઠ સુધી તમને લઈ જઈ શકાયાં.

તમારો ખોટો લાભ લેવાયો. પણ શું તમારી આસપાસ ને તમારા જેવી એવી અનેક યુવતીઓ નથી જેમનો ખોટો લાભ કોઈએ લીધો નથી, લેવાનો પણ વિચાર કોઈ કરી શક્યો નથી ? તમારી કૉલેજમાં ને તમારી પોળમાં એવી છોકરીઓને તમે ઓળખો છો. તમારી એ બહેનપણીનો વિચાર કરો. એ દેખાવડી છે, મળતાવડી છે, તોય એમની આગળ આવી દરખાસ્ત મૂકવાની કોઈ છોકરાની હિંમત ન ચાલે, અરે વૃત્તિયે ન થાય. તે સીધી ચાલની છે, તેની જુદી છાપ પડે છે. અને કોઈ એને કંઈ આવું કહેવાનું દુઃસાહસ કરશે તો તે એને રોકશે એની સૌને ખાતરી છે. માટે એને કોઈ કહેતું નથી. જ્યારે તમને તો કહે છે. કહ્યું છે. સાંભળવા તૈયાર હોય એને જ વાત કહેવાય ને !

અને બીજું, બહેન, તમે કહો છો (અને સાચું કહેતાં હશો) કે ત્યાં સુધી જવાનો તમારો વિચાર નહોતો; ફક્ત થોડી ગમ્મત કરવી હતી, થોડો રોમાન્સ અનુભવવો હતો. પણ શું તમને ખબર છે કે તમને ફસાવનાર એ છોકરો પણ કહે છે (અને સાચું કહેતો હશે) કે એનો પણ ત્યાં સુધી જવાનો બિલકુલ વિચાર ન હતો, ખાલી થોડી ગમ્મત કરવી હતી, થોડો રોમાન્સ અનુભવવો હતો ?

હા, બહેન; રીઢા વિષયભોગીઓ સિવાય આવા પ્રસંગની પાકી યોજના, પૂર્વતૈયારી, અગાઉથી ગોઠવણ લોકો કરતાં નથી. બંનેના મનમાં અર્ધો-અર્ધો ખ્યાલ હોય છે. બંને મળે ત્યારે પૂર્ણ થાય, અને બેમાંથી કોઈના મનમાં ન હતું એ કામ પૂરું થઈ જાય.

અગ્નિ કહે : "હું આ સૂકાં તણખલાં સાથે ગમ્મત કરીશ." તણખલાં કહે, "આપણે અગ્નિની સાથે થોડી રમત રમીએ, જરા ગરમાવો મેળવીએ." ને પછી જ્વાળા ભભૂકી ઊઠે.

કોઈનો ઇરાદો નહોતો. કોઈની યોજના નહોતી. માટે જ બંનેની જવાબદારી છે. બંનેનો દોષ છે. ચોખ્ખા બળાત્કારના બનાવ સિવાય સ્ત્રી-પુરુષના પાપમાં સ્ત્રીનો ને પુરુષનો બંનેનો દોષ હોય છે.

*

એક વાર એક યુવક ને એક યુવતી આડે માર્ગે ચડ્યાં હતાં, વધ્યાં હતાં, ઠેઠ અનિષ્ટ પરિણામ સુધી ગયાં. વાત બહાર આવી. તપાસ ચાલી. એ યુવક ને યુવતી આવ્યાં. બંનેનાં મા-બાપ પણ આવ્યાં. બધાં ભેગાં થયાં. પ્રશ્નો પુછાયા. સામસામા આરોપ મુકાયા.

છોકરીનાં માબાપ કહે : "અમારી દીકરી ભોળી છે, નિર્દોષ છે. એ કોઈ દિવસ એવું ન કરે. અમે એને બરાબર ઓળખીએ છીએ. પણ એ છોકરાએ એને ફસાવી ને એના ભોળપણનો ખોટો લાભ લીધો ને ખોટું કામ કરાવ્યું. અમારા કુટુંબમાં કોઈ દિવસ એવી વાત આવી નહોતી. બીજાના પાપે આ આફત અમારે માથે આવી છે."

છોકરાનાં માબાપ કહે : "અમારો દીકરો ડાહ્યો છે, સીધો છે. એ એવું કોઈ દિવસ ન કરે. એ છોકરી મોહ લગાડીને એને ખોટે રસ્તે લઈ ગઈ. બાકી તો આ આવું કરી બેસે એવો નથી. અમને ખાતરી છે."

પછી છોકરો બોલ્યો : "મારો દોષ છે. એ કશું જાણતી નહોતી. મેં એને ફસાવી ને જોર કર્યું. એ તો સાવ નિર્દોષ છે."

ને છેલ્લે છોકરી એકદમ શાંત ને સ્વસ્થ અવાજે બોલી : "દોષ આખો મારો છે. (એના શબ્દો છે) મેં એને ઑફર કરી હતી."

ખાનદાની બંનેની કે માથે દોષ લઈને એકબીજાનો બચાવ કરતાં હતાં, પણ હકીકત પણ એ જ : બંનેનો દોષ. બંનેનું કામ.

ઑફર કરી હતી. ભલે, પણ તે એ સ્વીકારશે એની ખાતરી વિના એવી ઑફર કરાય ?

જોર કર્યું હતું. ભલે, પણ એ જોરને તે આનંદથી વશ થશે એના વિશ્વાસ વિના એ જોર કરાય ?

માટે ઑફર કોની ને જોર કોનું ને પહેલો શબ્દ કોનો ને પહેલું પગલું કોનું ને પહેલી ચેષ્ટા કોની ને પહેલો સ્પર્શ કોનો – એ બધા પ્રશ્નો નિરર્થક છે. પહેલું-બીજું નથી. કોનું કેટલું નથી.

બેનું કામ છે.

બેનું પતન છે.

બે હાથે પાડેલી તાળી – અમંગળ ને બેતાલ ને બેસૂરી તાળી છે.

*

એ દિવસે સ્કૂલના એ છોકરાને (કે છોકરીને) મારા જવાબથી સંતોષ થયો હશે કે કેમ એ ખબર નથી. કદાચ એણે જોયું હશે કે હું જરા ક્ષોભમાં જવાબ આપતો હતો, અસ્વસ્થતાથી જવાબ આપતો હતો. કદાચ એણે માન્યું હશે કે હું ખોટી રીતે વાત ઉડાડી લેવા માગતો હતો.

પણ એ મોટો થશે (મોટી થશે), એવા પ્રસંગો જોશે, સમાજમાં જોશે (પોતાના જીવનમાં ન જુએ એ ભગવાનને પ્રાર્થના) ત્યારે લાંબી ચર્ચા ને મીસાંસા ને ઊલટતપાસ ને સુનાવણી પછી તે પણ એ નિર્ણય ઉપર આવશે કે દોષ બંનેનો છે.

જીવનમાં બેના પતન માટે બેની જવાબદારી હોય છે.

એ જાણશે ત્યારે...

સ્કૂલમાં નાના છોકરાઓ રમતા હતા. સરળ ને સહજ ને આનંદી ને ઉત્સાહી. બધા સરખા લાગતા હતા, બધા સુખી લાગતા હતા. રમતમાં જીતવાનો આનંદ ને હારવાની ચીડ : એટલાં સુખ-દુઃખ હતાં. પણ એ તો ક્ષણિક હતાં ને એકબીજામાં પલટાઈ રહ્યાં હતાં. અને એનો સરવાળો રહેતો તાજગી ને ઉલ્લાસ ને તંદુરસ્તી ને નિખાલસતાનું વાતાવરણ. મન પ્રફુલ્લિત થાય અને નજર ઠરી જાય એવું એ દૃશ્ય હતું.

પણ મારી નજર એક છોકરા ઉપર હતી. બીજાઓને ભૂલીને મારું ધ્યાન એક છોકરા ઉપર કેદ્રિત થયું હતું. મારી આસપાસ બીજા લોકો ઊભા હતા ને છોકરાઓને જોઈને વાતો કરતા હતા, એમની વાતમાં ધ્યાન આપ્યા વગર મારું મન ટોળામાં રમતા એક છોકરાનું નિરીક્ષણ કરતું હતું, વિચાર કરતું હતું.

મારી એ એકાગ્રતા કોઈના ધ્યાનમાં આવી હશે એટલે મને પૂછ્યું, ''શું એ છોકરાને તમે ઓળખો છો ?'' મેં કહ્યું, ''હા ઓળખું છું.'' પણ આગળ બોલવાની ઇચ્છા નહોતી એટલે બીજા લોકોની વાતમાં રસ લેવાનો ઢોંગ કર્યો.

*

એ છોકરાને હું બરાબર ઓળખતો હતો. જન્મ્યો હતો ત્યારથી ઓળખતો હતો. કદાચ એટલે સુધી કહી શકું કે, તે જન્મ્યો હતો તે પહેલાં પણ હું એને ઓળખતો હતો. હા, આ દુનિયામાં આવવા એ છોકરાએ જરા ઉતાવળ કરી હતી. અથવા તેનાં માબાપે કરી હતી. એ યુવક અને યુવતી વચ્ચે પ્રેમ હતો, મેળ હતો, દિલના કૉલ હતા, ભવિષ્યનાં સ્વપ્ન હતાં, પણ થોડી ઉતાવળ પણ હતી, માટે કાયદો કે ધર્મ કે નીતિ કે સમાજ જોયા વગર, વડીલોની કે સરકારની કે ભગવાનની પરવાનગી પણ લીધા વગર પાછળથી કરવાનું હતું એ કામ અગાઉથી કર્યું... અને કુદરતે તો કાયદાનું કે ઔચિત્યનું કશું જાણ્યા વગર પોતાનો ક્રમ ચલાવ્યો, અને એ બાળકે નોટિસ આપી, ''હું આવું છું.'' પછી ગભરામણ ને દોડાદોડ. ઘેર વાત, ને ગામમાં તૈયારી. જલદી કંકોત્રી છાપવી એ પ્રેસનું કામ, અને વહેલાં તિથિમુહૂર્ત ગોઠવવાં એમાં ગોરનો સહકાર. છેલ્લે બાળક આવ્યું ત્યારે એને માટે બધું તૈયાર હતું : ઘર, પારણું, કાયદેસર પતિ-પત્ની બનેલાં એનાં માતાપિતાનું વાત્સલ્ય, અને મોડો પણ આખરે સાચો મળેલો વડીલોનો આશીર્વાદ. પણ એના આગમનથી કેટલો ઉચાટ બે ઘરમાં મચ્યો હતો એનો એ બાળકને ખ્યાલ નહોતો.

*

આજે પણ હજી એને ખ્યાલ નથી. સહેજ મોટો થયો છે, પણ આ બાબતમાં સમજે એટલો મોટો તો નહિ. સ્કૂલના મેદાનમાં બીજા છોકરાઓની સાથે રમે છે ત્યારે બીજાઓના જેવો જ છે. પોતાને ઘેર પણ હવે એનો એક નાનો ભાઈ છે એ પોતે હતો એના જેવો જ લાગે છે. પોતાની વિશિષ્ટતાની એ છોકરાને હજી ખબર નથી, પોતે અજાણ્યે કરેલા પરાક્રમનો એને ખ્યાલ નથી, પોતે કાયદાનો ભંગ કરીને દુનિયામાં આવ્યો હતો. એની ખબર એને હજી પડી નથી.

પણ પડશે કોઈ દિવસ. બધા જાણે છે એ વાત ઓછી ગુપ્ત રહેવાની છે ? આખા ગામમાં ચર્ચાયો એ પ્રસંગ થોડો દબાયેલો રહેશે ? વહેલી મોડી પણ એને ખબર પડશે. પોતે દુનિયામાં કેવી રીતે આવ્યો હતો એની એ છોકરાને ખબર પડશે.

કદાચ કોઈ એને કોઈ દિવસ ગુસ્સામાં કહેશે, અપમાનમાં કહેશે. કોઈ ઝઘડો થશે ને ગરમ થશે ને શબ્દનો ઘા થશે ને માનવનું હૃદય માનવતા ભૂલી જશે અને એને કોઈ ગાળ દેશે,

માનવની ભાષામાંની સૌથી અપમાનસૂચક ગાળ દેશે, ને ગાળ તરીકે નહિ પણ હકીકત તરીકે કહેશે : "તું... એવો છે, તને ખબર છે ?"

ને તે એ માનશે નહિ. ગાળ જેવી ગાળ. ગુસ્સામાં દેવાય, પણ સાચી તો ન મનાય. એમાં અપમાન છે, સત્ય નથી; સાચી હકીકત નથી. ને તોય શંકા કનડશે. દિલને કોરી ખાશે. વાત સાચી હોય તો ? પેલાએ ગુસ્સામાં એ કહી હતી, પણ એના તિરસ્કારનો અવાજ સાચો લાગતો હતો. વાત સાચી ન હોત તો એવા વિશ્વાસથી ન બોલત. અને બીજા આગળ એ એવું બોલ્યો હતો. શું સાચું હશે ?

પણ આ પ્રશ્ન કોને પુછાય ? માબાપની આગળ જીભ ન ચાલે. અને બીજા કોઈની આગળ એથીય ઓછી ચાલે. એ પ્રશ્ન કોઈને પૂછી શકાશે ? અને પૂછ્યા વગર કેમ રહી શકાશે ?

એ દિવસ એ છોકરાની દિલની વ્યથા અસહ્ય બનશે. એ ઘેર જશે ને બા સામે મળશે ત્યારે એ નીચું જોશે ને સીધા અંદર જઈને પોતાની રૂમમાં ભરાઈ જશે. બાની સામે આજે કેમ જોવાય ? દિલમાં શંકા પેઠી એ હવે કેમ કઢાય ? ઘા પડ્યા છે એ કેમ કરીને રુઝાશે ?

*

કદાચ એ પોતે ગણતરી કરવા બેસશે. પોતાનો જન્મદિવસ ને માબાપના લગ્નનો દિવસ; પોતાની ઉંમર ને માબાપને લગ્ન કર્યે થયેલાં વર્ષો. એ હકીકત એની પાસે છે. અમસ્તા પ્રશ્નો પૂછીને એણે એ જાણી લીધી છે. ને હવે ગણતરી સરળ છે, સીધી છે. ને મેળ તો... સાચો મેળ ન બેસે, પણ પેલી અપમાનસૂચક ગાળના અર્થમાં પૂરેપૂરો બેસે. લગ્ન અને જન્મ વચ્ચે ઓછો સમય. કુદરત માગે એથી સાવ ઓછો. અધૂરા મહિના. ટૂંકો ગાળો. એટલે પેલી ગાળ સાચી. પેલું અપમાન સાર્થક. અકાળ જન્મ. વણમાગ્યું આગમન. અને બધા એ વાત જાણે છે, બધા એ યાદ રાખે છે.

હવે એ લોકોની વચ્ચે કેમ જિવાશે ?

એ અપમાન કેમ જીરવાશે ?

*

ને કદાચ એ હકીકત, પોતાના જીવનની એ ગુપ્ત ને નાજુક હકીકત એ પોતાના પિતાના મોંએથી જાણશે. એની ઉંમર થશે, એને પ્રસંગ આવશે ત્યારે બીજાના મહેણાથી કે પોતાના કુતૂહલથી એને વહેમ જાય તે પહેલાં એનો પિતા એને એક દિવસ પાસે બોલાવશે, વિશ્વાસમાં લેશે, ભૂમિકા બાંધશે; અને શાંતિથી ને વિવેકથી, કશું છુપાવ્યા વગર (પણ લાગણીને ઉશ્કેરાવ્યા વગર), પોતાની ભૂલ કબૂલ કરીને (પણ સાથે પોતાનું સાચું દિલ ને નિખાલસતા બતાવીને) આખી હકીકત જણાવશે.

ને ત્યારે આઘાત તો લાગશે પણ પ્રેમાળ હાથે લાગશે. દુઃખ થશે, પણ સ્વમાન સચવાશે. ત્યારે પારકા હાથે થનારા ઘા સામે રક્ષણ મળશે. નીતિનું ધોરણ જળવાશે, માબાપ માટે પ્રેમ ને વિશ્વાસ વધશે. કારણ કે એમણે જ એના ઉપર આટલો વિશ્વાસ મૂક્યો છે. બીજાની પાસેથી એ જાણવાનો હશે તો તે પહેલાં એ પોતાને ઘેર શીખે એમાં રક્ષણ ને સમાધાન ને સલામતી છે.

*

તે એ છોકરો છે – સ્કૂલના મેદાનમાં આજે બીજા છોકરાઓની સાથે રમી રહ્યો છે તે.

એની વાત એના શિક્ષકો જાણતા નથી. એના બાળદોસ્તો જાણતા નથી. પોતે જાણતો નથી. પણ એ વાત છે, એ મર્મ છે, એ કસોટી છે. અને એક દિવસ એને એમાંથી પસાર થવાનું હશે, ને એ ઉપરથી એના જીવનની દિશા નક્કી થશે : સમાધાન ને સ્વીકાર ને પ્રગતિ કે ગુસ્સો

ને શરમ ને નિરાશા.

એટલા માટે મારી નજર એના ઉપર હતી, મારું ધ્યાન એનામાં હતું. ને એને જોતાં-જોતાં દિલમાં પ્રાર્થના વહેતી કે એ છોકરો મોટો થાય, દેહની ને મનની તંદુરસ્તી સાથે મોટો થાય, પૂરાં આત્મબળ ને ચારિયબળ કેળવે, અને કસોટી આવે ત્યારે ઓછું ન આણે, પાછો ન પડે, હિંમત ન હારે, પણ વિશ્વાસની ને વિવેકથી પરિસ્થિતિ સમજે, સ્વીકારે, પચાવે, નિર્વિઘ્ને આગળ વધે, જીવનમાં સુખી ને સફળ થાય... અને એના બાપે કરી હતી એવી ભૂલ પોતે કદી ન કરે.

ચોથો પાઠ

બે નાના છોકરાઓ સાથે પાઠ કરવા બેઠા હતા. અને બંને એક જ ધોરણમાં હતા. બંનેની વચ્ચે સારી દોસ્તી હતી એટલે રાત્રે નિશાળનો પાઠ કરવા કાં તો એકબીજાને ઘેર જાય કે બીજો પહેલાને ઘેર આવે. પણ સાથે બેસે, સાથે વાંચે ને સાથે દાખલા ગણે.

એ દિવસે હું જે ઘરમાં હતો ત્યાં બંને આવ્યા, બેઠા, ચોપડીઓ ખોલી લખવા માંડ્યું. એકને કંઈ ન સમજાય તો બીજાને પૂછે, એકનો દાખલાનો જે જવાબ આવે એ બીજાના જવાબ સાથે સરખાવે અને મને તો એ બે નાના છોકરાઓનો સાથ અને તેમની નિખાલસ વાતો સાંભળવાનો લહાવો મળે.

એમની વાતોમાં આ ટૂંકો પણ સચોટ સંવાદ આવ્યો. ભાષાનો પાઠ હતો. શિક્ષકે લખાવેલા કેટલાક પ્રશ્નોના જવાબ લખવાના હતા. એક છોકરો ઝડપથી લખવા લાગ્યો. બીજો રોકાયો, વિચાર કર્યો. અટકી ગયો. છેવટે પેલાને પૂછ્યું : "ગાંધીજી કોણ ?" અને એણે જવાબ આપ્યો : "ચોથો પાઠ." ને એમની નિખાલસ વાતો મેં તો આગળ ન સાંભળી.

*

છોકરાનો જવાબ એમ તો સાચો જવાબ હતો. ભાષાના પાઠ્યપુસ્તકમાં ચોથો પાઠ ગાંધીજીનો હતો. શિક્ષકે એમના વિશે પ્રશ્ન પૂછ્યો હતો એનો જવાબ ત્યાં જોઈને લખવાનો હતો. પેલા છોકરાને બરાબર ખબર હતી એટલે તરત માથું પુસ્તકમાંથી ઊંચું પણ કર્યા વગર કહ્યું હતું : "ચોથો પાઠ." અને વાતને કંઈ વિશેષ મહત્ત્વ આપ્યા વગર પોતાનો જવાબ લખવામાં મશગૂલ બન્યો.

જવાબ સાચો હતો. "ગાંધીજી કોણ ?" "ચોથો પાઠ." પણ દિલને હચમચાવી મૂકે એવો હતો. એ છોકરાના મનમાં ગાંધીજી આટલું જ હતા. ચોથો પાઠ. ઇતિહાસનું પાત્ર, ભૂતકાળની વિભૂતિ, પુરાણું સ્મારક. શિક્ષકનો પ્રશ્ન, પાઠ્યપુસ્તકનું પાનું, અભ્યાસક્રમનો ભાગ. ચોથો પાઠ. કોઈ વ્યક્તિ નહિ, જીવંત માનવી નહિ, શાશ્વત પ્રતિભા નહિ. આપણી ભૂમિમાં ફરેલા એનો ખ્યાલ નહિ, આપણી સાથે જીવે એવા ઘણાએ એમને જોયેલા એનો ઉલ્લેખ નહિ.

બસ, અભ્યાસની વાત, નિબંધનો વિષય, પરીક્ષાનો સવાલ. ચોથો પાઠ. એક પાઠમાં સિકંદર બાદશાહ, બીજામાં અબ્રાહમ લિંકનની વાત હતી ને વચ્ચે ગાંધીજીની વાત. કોઈ સંગ્રહાલયમાં જૂની મૂર્તિઓ ઊભી હોય એ રીતે. જોવા માટે, ફોટો પાડવા માટે. પણ સંપર્ક માટે નહિ, પ્રભાવ માટે નહિ, જીવન માટે નહિ. અભ્યાસક્રમનો ચોથો પાઠ, વાંચી લો જલદી અને લખવા માંડો જવાબ. પૂરા માર્ક મળશે ને !

*

એ છોકરાઓ અને એમનાં માબાપની વચ્ચે આટલો ફેર છે. માબાપ ખાસ ગાંધીવાદી હોય કે ન હોય, ગાંધીજીને જોયા હોય કે નહિ, પણ એમના જમાનામાં જીવ્યાં. એમની અસર નીચે હતાં; એમની વાત સમાચાર તરીકે સવારના છાપામાં વાંચી હતી, પાઠ્યપુસ્તકના ચોથા પાઠમાં નહિ.

એમને માટે ગાંધીજી વર્તમાનની વ્યક્તિ હતા, ભૂતકાળની નહિ. એમના મૃત્યુના સમાચાર આવ્યા ત્યારે તેઓ ચોંકી ઊઠ્યાં, આખી દુનિયાની સાથે શોક કર્યો, આપણી વચ્ચેથી એક આત્મીય સ્વજન ચાલ્યા ગયા હોય એવી ખોટ અનુભવી. એટલે કે ગાંધીજી એમના જીવનનો, એમના સમાજનો, એમના અનુભવનો એક અંશ હતો. પણ એમના છોકરાઓનો નહિ. એ વાતો સાંભળે, ફોટા જુએ, પાઠ શીખે. પણ એમાં અનુભવ નહિ, ખાલી ઉપદેશ છે; સાંભળેલી વાત છે, જોયેલી નહિ. ભાષણોમાં ગાંધીજીનું નામ આવે, દર વર્ષે એમની જયંતી ઊજવાય;

પણ ઊજવવી પડે એમાં એની કરુણતા છે – નહિ તો આ છોકરાઓમાં એમનું સ્મરણ પણ નહિ રહે.

આ છોકરાઓને માટે જીવતી વિભૂતિઓ કોણ ? એમના સમકાલીનો, એમના નેતાઓ, એમના આદર્શો કોણ ? છાપામાં વાંચે, નામો જાણે, જોવા જાય એ કોણ ? એમના પરિચયના આગેવાનો, એમના વર્તમાનની વ્યક્તિઓ કોણ ? એમને પૂછીએ કોની તરફ જુએ છે, કોની વાતો કરે છે, કોનાં દર્શન કરવા દોડે છે ? પોતે જોયા હોય અથવા જોવા માગતા હોય એવા મહાનુભાવો કોણ ? કોની પાસેથી પ્રેરણા મળે છે, કોને પગલે ચાલવું છે, કોનું નેતૃત્વ સ્વીકારવું છે ? પૂજારી ઇષ્ટદેવતાની શોધમાં છે. જેના નામનો જપ થાય એના જેવા થવાય. આજના છોકરાઓ કોના નામનો જપ કરે છે ?

નેતા ઊગે ત્યારે સમાજ ઘડાય. પણ ઊલટી વાત પણ સાચી છે. સમાજ જાગે ત્યારે નેતા પાકે. એક યુગને ગાંધીજી મળ્યા. અને ગાંધીજીને એક યુગ મળ્યો. હવે જમાનો જુદો, સમાજ જુદો. અને પેલા છોકરાઓ જુદા. એક પેઢીનો અનુભવ બીજી પેઢીને ન કરાવી શકાય. અમે જોયું એટલે તમારે જોવાનું એ તર્ક પણ નહિ ચાલે. એ જોશે ત્યારે કરશે, અને જોશે તે પ્રમાણે કરશે. દૃષ્ટિ જુદી અને રીત જુદી. અનુભવ જુદો એટલે વર્તન જુદું. એક પેઢીને માટે જે પ્રત્યક્ષ અનુભવ હોય એ બીજી પેઢીને માટે ઇતિહાસનો પાઠ બને. એટલું અંતર એ બે પેઢીઓની વચ્ચે રહેશે જ.

*

એ છોકરાઓ મોટા થશે અને એમને ઘેર પાછા છોકરાઓ આવશે. એ છોકરાઓ નિશાળનો પાઠ કરવા બેસશે ત્યારે એમના પાઠમાં શું આવશે ?

આપણા જમાનાનાં કેવાં પરાક્રમો, કેવી વિભૂતિઓ, કેવો 'ચોથો પાઠ' આવશે ? આપણને એ ચોથા પાઠમાં લખવાના ઉત્તમ વિષય મળ્યા એ સદ્ભાગ્ય છે. આપણે લખી શક્યા. વંચાવી શક્યા. પણ હવે આપણે શું લખાવીશું ? શું મૂકતા જઈશું ? શું બાંધી આપીશું ?

એ બે છોકરાઓની સહજ વાત સાંભળીને આજે આંચકો આવ્યો. એમનો દોષ નથી. આપણો છે. એ પોતાનો પાઠ બરાબર કરી રહ્યા છે. પોતાની ફરજ બરાબર બજાવી રહ્યા છે. ગાંધીજીનો પાઠ બરાબર વાંચે છે, ગોખે છે, લખે છે. એમનું કામ સારું છે, એમનો અભ્યાસ સારો છે. પણ આપણો દોષ છે. આપણી ભૂલ છે. આપણે જીવંત ધ્યેયો એમની આગળ મૂકી ન શક્યા, મૂર્તિમાન આદર્શો એમની આગળ ઊભા કરી ન શક્યા, ખાલી છાપેલા પાઠ આપી શક્યા, ભૂતકાળનાં સ્મરણો આપી શક્યા. સીધી પ્રેરણા નહિ. પ્રત્યક્ષ અનુભવ નહિ.

ભૂતકાળનો વારસો ઉત્તમ છે. એ આપ્યો. હવે વર્તમાનની સિદ્ધિઓ આપીએ. નિશાળના પાઠ આપ્યા. એ સારા છે. હવે જીવનની હકીકતો આપીએ. બે છોકરાઓને ગાંધીજીને 'ચોથો પાઠ' ભણતા જોઈને એકદમ ખ્યાલ આવ્યો કે એમને ફક્ત ગાંધીજીની વાત કરવાથી નહિ ચાલે. ગાંધીજીની વાત તો જરૂર કરીએ. પણ સાથેસાથે નિષ્ઠાથી અને પુરુષાર્થથી, ખંતથી અને પ્રમાણિકતાથી, આચરણથી અને જીવનથી એમની સામે પ્રગતિના જીવંત પાઠ મૂકીએ. એનાથી સાચું પાઠ્યપુસ્તક બની જશે.

અને સાથે સાથે જે સાચા આદર્શો અને પ્રેરણા, જે ઉત્કૃષ્ટ વિભૂતિઓ અને યુગપુરુષો, જે ગાંધીજી આપણા યુગમાં મળ્યા એનું સ્મરણ જીવંત રાખવા ને એનો વારસો શાશ્વત બનાવવા પ્રયત્ન કરીએ – નહિ તો કદાચ બીજી એક પેઢી પછી ગાંધીજી ચોથા પાઠમાં પણ નહિ રહે.

બોલવામાં નવ ગુણ

એનું કહેવું એમ છે કે બીજા શિક્ષકો કરતાં એને સ્કૂલમાં વધુ કામ આપે છે. પગાર સરખો આપે પણ કામ વધારે લે. એનું કહેવું એમ પણ છે કે એ સ્કૂલમાં જૂનો શિક્ષક ગણાય એટલે ફરિયાદ કરવી એને નહિ શોભે અને તેથી એ અન્યાય અંગે નહિ બોલવાનું એણે નક્કી કર્યું છે. અને એનું કહેવું સાચું છે. સ્કૂલમાં એને વધારે પડતું કામ આપ્યું છે એ સાચું છે, અને પોતે ફરિયાદ કરી નથી એ પણ સાચું છે. પણ તો પછી તે આ વાત કેમ જેને-તેને જ્યારે-ત્યારે કહ્યા જ કરે છે ?

એણે સ્કૂલમાં ન બોલવાનું પસંદ કર્યું છે. તો પછી બહાર કેમ આટલું બધું બોલે છે ? ને બહાર આટલું બોલે તો સ્કૂલમાં કેમ એક વાર કહી ન દે અને પતાવી ન દે ? જૂનો શિક્ષક છે એટલે એને એમ બોલવું નહિ શોભે તો શું બહાર એમ બોલવું શોભે ? પ્રિન્સિપાલનું માન રાખવું છે એટલે એમની આગળ નહિ બોલે. ને પછી એમની પીઠ પાછળ એનું અપમાન કરી નાખે. એ રીતે કોઈનું માન રખાય ?

સ્કૂલમાં એ બોલ્યો નથી, અને મનનું સમાધાન થયું પણ નથી. વસવસો રહ્યો, બળાપો રહ્યો, અને તેથી બહાર જઈને એ કાઢવો પડ્યો. એ રીતે કોઈનું માન ન રખાય, માન રાખવા ખાતર ખોટું મૌન સેવીએ તો વાત તાત્કાલિક દબાઈ જાય, પણ પછી વધુ જોરથી બહાર નીકળે અને વધુ ખોટું લગાડે. ન બોલવાથી વાત ભલે ન થાય પણ વિચાર તો થાય અને મંથન ચાલે અને સ્મરણ રહે – અને છેલ્લે વધારે વાતો થાય. એક વાર વાત નહિ કરવાથી એ સો વખત થાય. એક વાર મોંની આગળ ફરિયાદ નહિ કરવાથી સો વખત પીઠની પાછળ થાય.

એ શિક્ષક બરાબર સમજે કે પોતે પ્રિન્સિપાલની આગળ તે ન બોલ્યો એ તેમનું માન રાખવા માટે નહિ પણ જૂના શિક્ષક તરીકે પોતાની આબરૂ સાચવવા માટે જ. જૂનો શિક્ષક ફરિયાદ ન કરે. જૂના શિક્ષકનો મોભો એને વહાલો હતો. એ સાચવવા માટે એ ફરિયાદ ન કરે. એની મરજી. પ્રિન્સિપાલે પોતાને સોંપેલાં બધાં કાર્યો એ સ્વીકારે એ માન એને જોઈતું હતું. ખુશીથી રાખે. પણ હવે પ્રિન્સિપાલને દોષ ન દે. વફાદાર ને મહેનતુ શિક્ષકનું માન મેળવવા એણે વધારાનું સોંપેલું કામ ચૂપચાપ સ્વીકારી લીધું. કંઈક આપ્યું ને કંઈક લીધું. એનું તો પતી ગયું. હવે શાંતિથી ચાલે.

પ્રિન્સિપાલનો આ બચાવ નથી. એણે તો સરખું કામ આપવું જોઈતું હતું અને એની અંગત ગરજનો ખોટો લાભ લેવો જોઈતો નહોતો. એણે તો જોયું હતું કે આ શિક્ષકને પ્રતિષ્ઠા ખૂબ વહાલી છે ને એ જાળવવા માટે એને વધારાનું કામ સોંપીએ તોય ન બોલે, માટે ચાલો એને વધારે કામ આપીએ એ રીતે એની પ્રતિષ્ઠા સિદ્ધ થાય અને આપણું કામ પણ થાય. એવી એની ગણતરી હતી. અને એ સાચી પણ પડી. એક માણસની નબળાઈ પરખાય, પછી તરત એનો લાભ લેવાય ને !

હવે શિક્ષકની દશા તો જુઓ. એને પ્રતિષ્ઠા તો મળી નથી. બધા જાણે છે કે એ સૌની આગળ ફરિયાદ કર્યા જ કરે છે, કે વધારાનું કામ એ રાજીખુશીથી કરતો નથી, કે એણે એ સ્વીકાર્યું છે એ ખાલી પ્રતિષ્ઠાને ખાતર જ સ્વીકાર્યું છે – એટલે એમની આગળ એની પ્રતિષ્ઠા તો ગઈ. અંદરોઅંદર બધા એની મશ્કરી કરે છે, એની ટીકા કરે છે, એની દયા ખાય છે. કરવા દો કામ અને સાચવવા દો આબરૂ ! આપણને ક્યાં વાંધો છે ! વધારાનું કામ એને કરવા દો. એનું કામ વધારે તો આપણું ઓછું પણ રખે ને એ માને કે એની પ્રતિષ્ઠા વધી ! હા, બહારથી એને માન આપીશું જેથી એ ખુશ થાય અને એ વધારાનો બોજો ઉપાડતો રહે; પણ અંદરથી તો હાંસી જ છે. પ્રતિષ્ઠાને માટે જ કરે અને કરીને દુઃખી થાય ને સૌને પોતાની દુઃખ-કહાણી

સંભળાવે એનું માન કોણ રાખે !

એને જો ખરેખર જૂના વફાદાર મહેનતુ નઃસ્વાર્થ શિક્ષક તરીકેની પ્રતિષ્ઠા વહાલી હતી તો ફરિયાદ કરવી જોઈતી નહોતી. સ્કૂલમાં પણ નહિ ને સ્કૂલની બહાર પણ નહિ. મનમાં પણ વસવસો કે અસંતોષ રાખવા જોઈતા નહોતા. પોતાની પસંદગી હતી, પોતાની ઇચ્છા હતી, માટે એમાં જે કોઈ અગવડ પડે એ ચૂપચાપ સહન કરવાની હતી. જો ખરેખર એમ કરે તો એની આબરૂ સચવાય અને પ્રતિષ્ઠા વધે. જો એમ કરે તો બધા ખરેખર જાણે કે એ મહેનતુ ને નઃસ્વાર્થ ને વફાદાર છે અને પોતાની સગવડ નહિ પણ સંસ્થાનું હિત પહેલું જુએ છે. એ વધારાનું કામ રાજીખુશીથી સ્વીકારે તો બધા સાચા દિલથી એનાં વખાણ કરે.

પણ એ કરવા એની તૈયારી નથી. વધારાનું કામ એને ગમતું નથી. બિલકુલ કરવું નથી. અત્યારે કરે છે કે તે મનમાં અણગમો લઈને કરે છે, ગુસ્સો લાવીને કરે છે. એ કામ કરવાની એની તૈયારી નહોતી માટે એણે બોલવું જોઈતું હતું. પ્રિન્સિપાલની આગળ શાંતિથી ને વિવેકથી પોતાના દિલની વાત પહેલેથી જ કહેવી જોઈતી હતી. પ્રતિષ્ઠા, આબરૂ મોભાનો વિચાર કર્યા વગર સાચી વાત સીધી કહેવી જોઈતી હતી. આપણી આટલી શક્તિ છે ને આટલી આવડત છે (ને આટલો પગાર છે), એટલે આટલું કામ પણ છે. ફરજનું કામ તો ખુશીથી કરીએ, સરખે ભાગે આવે એ બધી જવાબદારી હોંશથી ઉઠાવીએ છીએ. એમાં આપણે પાછા પડવાના નથી. આપણને કહેવું નહિ પડે. એમ કરતા આવ્યા છીએ અને એમ કરતા રહીશું. એમાં થોડું વધુઓછું આવે તોય વાંધો નથી. એ બધું સમજીએ છીએ. પણ નવું ખાસ્સું મોટું જુદું અને બીજાઓને ન મળે એવું વધારાનું કામ કરવા આપણે તૈયાર નથી. પ્રિન્સિપાલને જે માનવું હોય તે માને, બીજા શિક્ષકોને જે બોલવું હોય તે બોલે પણ આપણા દિલમાં હતું, આપણી માનસિક તૈયારી હતી, આપણી મર્યાદા હતી એ સ્વીકારીને આપણે સાચું ને નિખાલસ બોલ્યા એથી આપણને શાંતિ મળશે, મનમાં અસંતોષ નહિ રહે, બહાર ફરિયાદ કરવાનો વારો નહિ આવે, વધારાનું કામ મનના અણગમાની સાથે કરવાનો પ્રસંગ નહિ આવે, પોતાની (ને બીજાઓની) દયા ખાવાનો દિવસ નહિ આવે.

હા, અને એવું સાચું ને સીધું ને નિખાલસ બોલીશું તો આખરે જૂના વફાદાર ને ડાહ્યા ને વિવેકી શિક્ષક તરીકે આપણી પ્રતિષ્ઠા પણ વધી જશે.

સાત પુલ જોવાની સાચી અને ખોટી રીત

કૉલેજની ટૂર સાથે હું કાશ્મીર ગયો હતો. પચાસેક છોકરા-છોકરીઓની સાથે વીસ દિવસ સુધી ફર્યો, ભમ્યો, બરફ સુધી ચડ્યો, કુદરતના સૌંદર્યમાં લીન થઈ ગયો.

એક દિવસ અમે શ્રીનગરમાં હતાં. રવિવારનો દિવસ હતો અને મોડાં ઊઠીને, જમીને (ગુજરાતી ભોજનસ્તો !), તૈયાર થઈને આજે શું કરવું એની ઊંડી વિમાસણમાં અમે સૌ પડી ગયાં. બજાર બંધ હતું એટલે ખરીદીની મુખ્ય પ્રવૃત્તિ ભારે હૃદયે એ દિવસ પૂરતી બંધ રાખવી પડી. કોઈ બીજો કાર્યક્રમ પણ એ દિવસ માટે નક્કી કર્યો નહોતો. એટલે છેવટે કોઈએ અપેક્ષિત પ્રસ્તાવ મૂક્યો : પિક્ચર જોવા જઈએ.

મને ફાળ પડી. શું કાશ્મીર સુધી આવ્યા તે ખાલી રવિવારે પિક્ચર જોવા માટે ? અમદાવાદના આશ્રમરોડ ઉપર શું પૂરતાં સિનેમાઘર નથી કે અહીંયાં પિક્ચર જોવા આવવું પડે ? કાશ્મીર જઈને શું-શું કર્યું ને શું-શું જોયું એમ લોકો પૂછશે ત્યારે શું આપણે એ જવાબ આપીશું કે રવિવારે પિક્ચર જોઈ આવ્યાં ? તો આપણી ટૂર લાજે અને આપણી લક્ઝરી બસ શરમાય. ગમે તે કરીએ પણ અહીંયાં પિક્ચર જોવા તો ન જઈએ.

મેં એવી ઘણી દલીલો કરી, પણ રવિવારે સજ્જ થયેલાં, ભારે જમેલાં અને કાર્યક્રમ વગર રહેલાં પચાસ યુવક-યુવતીઓની સામે મારી વાક્છટા ચાલી નહિ. સર્વાનુમતે (મારા એકલા મત સિવાય) પિક્ચર જોવા જવાનું નક્કી થયું. ગામમાં કયાં કયાં પિક્ચર ચાલે છે એની તપાસ થઈ, પસંદગીનો ક્રમ ગોઠવાયો, અને બે છોકરાઓ ટિકિટો લેવા પણ રવાના થયા.

પણ ભગવાન હંમેશાં નિરાધારોને સહાય કરે છે ને આ વખતે કરી. એક પણ પિક્ચર માટે ટિકિટ મળી નહિ. બધાં નિરાશ થયાં. નિરાશાનો લાભ લઈને મેં કહ્યું : ‘જેલમ નદીના સાત પુલ છે. શિકારામાં બેસીને એ સાત પુલોની પ્રદક્ષિણા કરવી હોય તે મારી સાથે આવે.’ પાંચ જ જણ તૈયાર થયાં : ત્રણ છોકરીઓ અને બે છોકરાઓ. નદીકિનારે જઈને શિકારો કર્યો. પાંચે જણ સુખેથી ગોઠવાયાં. હું વચ્ચે બેઠો. અને મારા જીવનનો એક યાદગાર જળપ્રવાસ અનાયાસે શરૂ થયો.

પાણી મને ખૂબ ગમે છે. નદી, દરિયો, ઝરણું, સરોવર. પાણીની સૃષ્ટિ તે તાજગી, ચપલતા, ઊંડાણ, ચેતના, સ્ફૂર્તિ, આનંદની સૃષ્ટિ છે. વહેતું પાણી એ જીવંત પ્રવાહ. એ સાક્ષાત્ જીવન છે. કૃપાનો અવતાર છે. દરેક નદી મહાદેવના કેશકલાપમાંથી ઊતરી આવેલી છે.

અમારો શિકારો નદીના પ્રવાહની સાથે ધીમેધીમે આગળ જતો. અમને કોઈ ઉતાવળ નહોતી. રવિવારનો આખો દિવસ હતો. સાત પુલ હતા. નદીનો અનંત પ્રવાહ હતો. આરામથી બેસીને પાણીની સાથે અમે ધીરેથી સરકતાં રહ્યાં.

છોકરીઓમાં એક સારું ગાતી હતી : ગાયત્રી. અને છોકરાઓમાં પણ એક ઘણું સારું ગાતો હતો : ગૌતમ. થોડી વારમાં શિકારાની આત્મીયતામાં અને પાણીના સાંનિધ્યમાં બંનેનો સંકોચ ઓગળી ગયો અને પોતાની કલા બંને અજમાવવા લાગ્યાં. ગૌતમ એક ગીત છેડે. ગાયત્રી ઉપાડે. સાથે ગાય. રંગમાં આવી જાય. એમાં જેલમ ઉપરના સાત પુલોમાંથી એક આવે. બધાં એને વધાવીએ. બીજું ગીત આવે. ગાયત્રી અને ગૌતમ. એમના કંઠ સુરીલા છે. એમનું ગીતભંડોળ અખૂટ છે. એમનો ઉત્સાહ અદમ્ય છે. ગાય, હસે, બોલે, લડે. અને શિકારો આગળ જાય. અને બીજો પુલ આવે. અને બીજું ગીત આવે. અસંખ્ય આવે. અદ્ભુત આવે. નદી અને પુલો અને ગીતો અને શિકારો. અલૌકિક આસ્વાદ હતો.

એમાં અમે એક દૃશ્ય જોયું. નદી ઉપર સામેની દિશાએથી બીજો એક શિકારો આવતો

હતો. નહિ, ધસતો હતો. એક નહિ પણ આઠ-આઠ મજબૂત માણસો જોરથી હલેસાં એકીસાથે મારીને શિકારાને પૂરા વેગ સાથે આગળ ધકેલી રહ્યા હતા. શિકારો તો આરામથી, ધીરેથી, લહેરથી શાંત પાણી ઉપર સહેલ કરવા માટેની હોડી છે; વેગની હરીફાઈ કરવા માટે નહિ. તોય સામેનો શિકારો હુમલો કરીને ઝેલમના પાણી ઉપર કઢંગી ઢબે આગળ ધસતો હતો. એમાં કોણ બેઠું છે એ જોઈને વાતનો ખુલાસો થયો. એક પરદેશી ટૂરિસ્ટ એમાં બેઠો હતો. ખભે પાંચ કૅમેરા, હાથમાં દૂરબીન, માથે ટોપી, ખિસ્સામાં ડૉલર અને પગમાં ઉતાવળ. પોતાની ટૂરિસ્ટ ગાઇડમાં લખેલું હશે કે શ્રીનગરમાં નદી છે અને નદીમાં સાત પુલ છે અને એમાંથી પસાર થઈ જવાની દરેક સત્યનિષ્ઠ ટૂરિસ્ટની ફરજ છે, એટલે ઓછા સમયમાં કામ પતે એ માટે આઠ માણસોને રોકીને, પૈસા આપીને, ઉતાવળ કરીને પોતાની ફરજ અદા કરવાનો નિર્ણય લીધો હશે. અમે બધાં હસ્યાં. એના આઠ માણસો પણ હસ્યા. એણે પોતાના એક કૅમેરાથી અમારો ફોટો પાડ્યો. આગળ નીકળી ગયો. સાતમાંથી કેટલા પુલ એને માટે હજી બાકી હશે ? એણે પુલોનું દર્શન કર્યું નહોતું. અપમાન જ કર્યું હતું.

અમે ધીરેથી આગળ વધ્યાં. બીજો પુલ આવ્યો. ગૌતમ અને ગાયત્રીની કલા ખીલી. હજી બીજો પુલ હોય તો કેટલું સારું ! સાત થયા. અમારી સહેલ પૂરી થઈ હતી. દિવસ પણ પૂરો થયો હતો. અમારા જૂથનાં બીજાં છોકરા-છોકરીઓને મળવા ગયાં. એમણે કહ્યું : કેટલો કંટાળો આવ્યો ! અમે કહ્યું : કેટલો આનંદ આવ્યો !

જેલમના સાત પુલોની જળપ્રદક્ષિણા મારા મનમાં જીવનની એક આહ્લાદક સ્મરણજ્યોત તરીકે રહી છે.

મીંડાંઓનો સરવાળો એકડો આવ્યો !

યુવાનો ઉપર યુવાનોનું દબાણ છે એનો સ્પષ્ટ દાખલો હડતાલનો છે. કૉલેજ ભરવી હોય તોય ભરવા ન દે, પરીક્ષા આપવી હોય તોય આપવા ન દે. પોતાનું ચાલતું નથી, અને બીજાઓ ચલાવે તેમ ચાલવું પડે. હડતાલ તો લોકશાહીના નામે પોકારાય, પણ એમાં લોકોની શાહી નથી હોતી. વિદ્યાર્થીઓની હડતાલોમાં સાચા વિદ્યાર્થીઓની ઇચ્છા નથી હોતી.

હું મદ્રાસ યુનિવર્સિટીમાં વર્ષો પહેલાં ભણતો હતો ત્યારે કૉલેજના વાર્ષિક દિને આચાર્યશ્રીએ અહેવાલ સંભળાવ્યો. એમાં એમણે એક વાત કરી એ મને બરાબર યાદ છે. એમણે કહ્યું : “આ વર્ષે યુનિવર્સિટી સાથેના વ્યવહારમાં મારે એક પત્રનો જવાબ આપવાનો હતો એમાં આ વર્ષ દરમિયાન કૉલેજમાં જે કંઈ તોફાનો, હડતાલો, હિલચાલો, બંધો થયાં હોય એનો પૂરી વિગત સાથે અહેવાલ લખવાનો હતો. તો આ મારી આખી જિંદગીનો ટૂંકામાં ટૂંકો અહેવાલ હતો. તે એક જ શબ્દમાં સમાઈ ગયો હતો. ‘નિલ’ (એટલે કે કશું નહિ.)” આખા વર્ષ દરમિયાન કોઈ પણ દિવસ એક પણ વર્ગ બંધ થઈ ગયો નહોતો. ત્યારે પૂરી શિસ્ત હતી અને પૂરી વ્યવસ્થા હતી. જ્યારે હવે તો ઊલટી પરિસ્થિતિ થઈ ગઈ છે. હવે આખા કોર્સમાં ભાગ્યે જ એવો કોઈ એક દિવસ ગયો કે જેમાં કોઈ સ્કૂલ કે કોઈ કૉલેજમાં કોઈ ને કોઈ તોફાન ન હોય. હું ગુજરાતી શીખતો હતો એમાં મને યાદ છે કે “હડતાલ” શબ્દ હું ઠીક મોડેથી શીખ્યો. હવે તે રોજ વાપરવો પડે છે. હડતાલ એ શિક્ષણજગતનો રોગચાળો બની ગઈ છે.

કૉલેજોમાં કોઈ હડતાલ ચાલતી હોય ત્યારે અનેક વખત મેં આ પ્રયોગ કર્યો છે. હૉસ્ટેલમાં જઈને નવરા પડેલા વિદ્યાર્થીઓની વચ્ચે ફરતાં-ફરતાં હું વાતો કરતો જાઉં અને એકએકને પૂછતો જાઉં : “શું તમારે આ હડતાલ જોઈએ ?” અને એકેએક કહે : “ના, મારે નથી જોઈતી.” જેટલાને પૂછું તેટલા કહે, “નથી જોઈતી.” કાં તો હડતાલનું કારણ ખોટું સમજે, કાં તો કારણ સાચું સમજે પણ હડતાલની રીત ખોટી સમજે, ને ઘણું કરીને હડતાલ કયા કારણથી પડી છે એ પોતે સમજતા નથી. હું એક-એક કરીને સીધું પૂછું ત્યારે સીધો જવાબ આપે : “મારે હડતાલ જોઈતી નથી.”

એટલે પછી હું એમને કહું છું કે આ તો ચમત્કાર જેવી વાત થઈ. બધા કહે છે કે હડતાલ જોઈતી નથી, તોય હડતાલ પડે જ છે. દરેકનો વ્યક્તિગત જવાબ નામાં છે, તોય એનો સરવાળો કરવા જઈએ ત્યારે પરિણામ હામાં આવે. એટલે કે ના વત્તા ના વત્તા ના વત્તા ના... બરાબર હા. ગણિતની ભાષામાં કહીએ તો શૂન્ય વત્તા શૂન્ય વત્તા શૂન્ય... બરાબર એક. આ ચમત્કાર ક્યાંથી આવ્યો. બધા વિદ્યાર્થીઓ હડતાલની ના પાડે છે, પછી કૉલેજ કેમ બંધ છે ?

ખુલાસો સ્પષ્ટ છે. વિદ્યાર્થીઓ હડતાલ પાડતા નથી, એમની પાસે પડાવે છે. આજે સવારે વિદ્યાર્થીઓ રોજની જેમ કૉલેજ ભરવા આવ્યા હતા અને વર્ગોમાં બેઠા પણ હતા. ભણાવવાનું શરૂ થઈ ગયું હતું. એમાં બીજી કૉલેજના વિદ્યાર્થીઓ આવ્યા અને કહ્યું : “અમે હડતાલ પાડી છે; તમારે પણ પાડવી જોઈએ.” અને ઊઠવું નહોતું તોય ઊઠ્યા, ભણ્યા વગર ઘેર પાછા જવું નહોતું તોય ગયા. શું હડતાલ જોઈએ છે ? નથી જોઈતી. પછી કેમ પાડો છો ? પડાવે છે.

પછી એ યુવાન માણસની સ્વતંત્રતા ક્યાં રહી ? એણે કૉલેજમાં આવીને ને વર્ગમાં બેસીને રીતસર ભણવું છે. પણ એની ઇચ્છા છે તેનો અમલ એને કરવા દેતા નથી. એણે ફી ભરી છે, ભણવાનો અધિકાર છે, ભણવાની ઇચ્છા છે. પણ કૉલેજ બંધ છે. ગુપ્ત મતદાનથી નક્કી કરે કે હડતાલ પાડવી કે નહિ તો હડતાલ નહિ પડે. તોય કૉલેજ બંધ છે. પ્રજાની ઇચ્છા સર્વોપરી છે, પણ અહીંયાં આ રહી આ પ્રજા અને આ રહી એની ઇચ્છા, તોય એ પ્રમાણે એમને કરવા દેતા નથી. ઇચ્છા ભણવાની છે. પણ કૉલેજ બંધ જ છે.

એમાં સમય વેડફાય છે, અશિસ્ત વધે છે, હિંસા થાય, નિરાશા લાગે એ બધાં નુકસાન તો ખરાં. પણ સૌથી મોટું નુકસાન એ સ્વમાની સશક્ત નવયુવાનની સ્વતંત્રતા હણાઈ જાય તે જ છે. દુઃખ સાથે અને હતાશા સાથે એ હવે જોવા લાગ્યો છે કે મારું કંઈ ચાલતું નથી. મારે કરવું છે એ કરવા દેતા નથી, મારે થવું છે એ થવા દેતા નથી. એ અનુભવે છે કે પોતે બીજાઓનું રમકડું થયો છે, હાથો બન્યો છે. બીજા લોકો છે એમને પોતાનાં સાવ જુદાં, અસંલગ્ન, સ્વાર્થી કારણોને લીધે સમાજમાં અરાજકતા ફેલાવવી છે અને જીવનવ્યવહાર ખોરવવો છે. હવે વિદ્યાર્થી-આલમમાં હડતાલ પડે તો એમનો હેતુ સરે. એટલે હડતાલ પડાવે એ ષડ્યંત્રની સામે નિર્દોષ નિખાલસ યુવાન વિદ્યાર્થીનું કશું ચાલતું નથી. એટલે નિરાશાના સાગરમાં ડૂબી જાય છે અને દુઃખ અનુભવે છે. હડતાલોને લીધે વર્ષ નકામું ગયું એ તો ઠીક, પણ યુવાન માણસનું તેજ ઓળવાઈ ગયું એનો અફસોસ છે.

હું ભણ્યો હતો એ મદ્રાસ યુનિવર્સિટીની કૉલેજના આચાર્યને કેવા-કેવા અહેવાલો હવે લખવાના હશે એ પૂછવાની વૃત્તિ જ ન રહી.

મારું શીખવેલું ગણિત ભૂલી ગઈ હતી !

એક લગ્નસમારંભમાં હું ગયો હતો. કન્યા મારી જૂની વિદ્યાર્થિની હતી, કૉલેજમાં હતી ત્યારે મારા ગણિતના વર્ગમાં પ્રથમ નંબરે શોભતી હતી, પણ કૉલેજ છોડીને ગઈ ત્યારે કોઈ સંપર્ક રહ્યો નહોતો, અને વર્ષો સુધી એ હોશિયાર વિદ્યાર્થિનીનું શું થયું હતું એનો કોઈ ખ્યાલ રહ્યો નહિ. એમાં એ કંકોત્રી આવી, નામ તરત યાદ આવ્યું અને આનંદ સાથે જૂની વાતો કરવા અને નવા આશીર્વાદ આપવા હું લગ્નસમારંભમાં ગયો.

સમારંભમાં વર અને કન્યા ગાદીએ બેઠાં નહોતાં પણ મહેમાનોની વચ્ચે છૂટથી ફરતાં હતાં એટલે નિરાંતે વાતો કરી શક્યાં. મેં તૂટેલા દોરનો છેડો પકડતાં પૂછ્યું : "ગણિતનું શું થયું ?" – "સાવ છોડ્યું." – "તમને આટલું સારું આવડતું હતું, તો શું હવે એનું સ્મરણ પણ ન રહ્યું ?" "બિલકુલ નહિ. પૂછો મને અને ખબર પડશે." – "વિકલનનો ભૌમિતિક અર્થ શો છે એ યાદ તો હશે ને ?" – "અરે, વિકલન શું છે એ જ ખબર નથી, પછી એના ભૌમિતિક અર્થની વાત ક્યાં રહી !" એમ એ હસતી-હસતી બોલી, અને એવી તો આનંદમાં હતી અને જીવનમાં સફળતાની વાતો કરી અને વરની પસંદગીનો સંતોષ બતાવ્યો કે ગણિત વગર પણ સુખી જિંદગી જીવી શકાય એની ખાતરી કરાવી દીધી. પણ છેલ્લે એણે એક સુંદર વાત કરી એ મારા હૃદયને સ્પર્શી ગઈ : "ગણિત તો ભૂલી ગઈ, પણ તમને ભૂલી ગઈ નથી."

એ સુંદર વાત હતી. ગણિત તો ભૂલી જાય. પણ ગણિતના શિક્ષકને ભૂલી ન જાય. એમાં શિક્ષકના જીવનની ધન્યતા છે. મેં શું ભણાવ્યું એ તો પરીક્ષા સુધી જ રહેવાનું, બહુ આગળ તો ન જાય. એ છોકરીએ કૉલેજ પછી ગણિતનો ઉપયોગ કર્યો નહોતો એટલે જ ભૂલી ગઈ હતી એમ નહિ, પણ જેમાં ગણિતનો ઉપયોગ થાય એવા એન્જિનિયરગનું કામ કરનારાઓ પણ ભૂલી જાય, અને કારખાનામાં જરૂર પડે એટલાં જ સૂત્રોનો ઉપયોગ કરે, પણ કૉલેજમાં શીખેલા સિદ્ધાંતો તો સાવ ભૂલી જાય છે. ગણિત ભૂલી જ જાય છે. પણ ગણિતના શિક્ષકને ભૂલી જતા નથી. ભણેલા વિષયો ભૂલી જાય છે, પણ ભણાવનાર શિક્ષકને ભૂલી જતા નથી. એ શિક્ષકની ધન્યતા છે.

અને એ શિક્ષકની જવાબદારી પણ છે. વિષય ગમે તેવો ભણાવે, પણ આખરે વિદ્યાર્થીઓ એ ભૂલી જવાના જ છે. એમાં જેમ તેમ ભણાવવા બહાનું તો નથી, પણ વાસ્તવિકતાનો એકરાર છે : પરંતુ શિક્ષકને ભૂલી જવાના નથી. એટલે શિક્ષક જેવો તેવો હોય એ બિલકુલ નહિ ચાલે. એની છાપ પડે, એનું સ્મરણ રહે. માટે એનો વિષય મહત્ત્વનો નથી. પણ એનું જીવન અતિ મહત્ત્વનું છે. એનું વર્તન, એનું વ્યક્તિત્વ, એનું ચારચ. એ વિદ્યાર્થીઓ જરૂર યાદ રાખે છે, અને એની અસર પરીક્ષા પછી પણ રહે છે. એ શિક્ષક સારા હતા; એ નકામા હતા; એ પ્રામાણિક હતા, એ આળસુ હતા. શિક્ષક ભણાવે છે એ ખરો અભ્યાસક્રમ તો આ જ છે. પોતાના ગુણ-અવગુણ એના પાઠ છે, પોતાનું વ્યક્તિત્વ એનો સાર છે. માટે શિક્ષકનું જીવન સારું હોય એ એની પહેલી ને મોટી લાયકાત છે.

ગણિતના શિક્ષકને આજે એક દાખલાનો જવાબ ન આવડે તો બહુ વાંધો નહિ. કાલ એ બરાબર ગણીને બતાવી શકે. પરંતુ આજે ન આવડ્યો એટલે ખોટો ઢોંગ કરીને અથવા ધમકીઓ આપીને પોતાનું અજ્ઞાન છુપાવવા પ્રયત્ન કરશે તો વિદ્યાર્થીઓ એ તરત સમજી લેશે અને કાયમ યાદ રાખશે. એ શિક્ષક ઢોંગી હતા. જ્યારે ઊલટું, જો એ શિક્ષક વર્ગની આગળ સરળતાથી કહે : આ દાખલો આજે બેઠો નહિ; કાલે હું એ બરાબર ગણીને બતાવી આપીશ; તો આજે તો એનું માન વધશે, અને કાયમ માટે વિદ્યાર્થીઓના મનમાં સ્મરણ રહેશે કે એ શિક્ષક તો સાચા હતા. દાખલો મહત્ત્વનો નહોતો. પ્રામાણિકતા મહત્ત્વની હતી. દાખલાનો

જવાબ મળે તોય શું અને ન મળે તોય શું; પણ નીતિની કસોટી બરાબર પાસ કરાય કે કેમ એ જ મુદ્દાની વાત છે. શિક્ષક તો જે તે વિષયના શિક્ષક નથી; જીવનના શિક્ષક છે.

એટલે લગ્નસમારંભમાં એ જૂની વિદ્યાર્થિનીને જોઈને આનંદ થયો, અને એની પાસેથી એ વાત સાંભળીને વિશેષ આનંદ થયો. મારું ગણિત ભૂલી ગઈ. મને ભૂલી ગઈ નથી. અખંડ સૌભાગ્યવતી થજો. બેટા.

કોરું કપાળ

એ છોકરો પહેલી વખત કૉલેજમાં આવ્યો ત્યારે એના કપાળે તિલક હતું.

મને ગમ્યું.

પણ થોડા દિવસ પછી ફરીથી મારું ધ્યાન એના પર ગયું ત્યારે એનું કપાળ કોરું હતું. અને ત્યાર પછી તો કોરું જ રહ્યું.

એક દિવસ વહેલી સવારે હું ફરવા નીકળ્યો હતો ત્યારે સામે કૉલેજનો બીજો એક છોકરો મળ્યો. તેના હાથમાં નારિયેળ હતું. એ શરમાયો. પરીક્ષામાં સફળતા મળે એ માટે એ નારિયેળ મંદિરમાં ચડાવવા જાય છે એ જાણીને મેં એને દિલથી અભિનંદન આપ્યાં, ઉત્તેજન આપ્યું. પણ એના ચહેરા પર તો જાણે એ ચોરી કરીને પકડાયો હોય એવો ભાવ હતો.

બીજે પ્રસંગે કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓએ મને સમાચાર આપ્યા કે તેમના વર્ગના એક બ્રાહ્મણ છોકરાને જનોઈ આપવાના છે. મેં એને મળીને અભિનંદન આપ્યાં, વિગતો પૂછી, આવવાની તૈયારી બતાવી. એણે આનાકાની કરી, ગોળ-ગોળ વાત કરી, છેલ્લે સ્થળ-સમય આપ્યાં ખરાં પણ 'ન આવો તો સારું' એવી છૂપી વિનંતી એના અવાજમાં હતી. હું સમજી ગયો. ખાસ્સી મોટી ઉંમરના યુવાનને માથે ધોળી ટોપી પહેરતો ને હાથે નેતરનો દંડ પકડી ચક્રમાં ફરતો કોઈ જુએ તો એને ગમે ખરું ?

એ નાના પ્રસંગો ઉપરથી ખ્યાલ આવ્યો (ખ્યાલ તો હતો જ પણ એ બનાવો જોઈને એ તાજો ને સ્પષ્ટ થયો) કે ધર્મના બાહ્ય વિધિઓથી નવી પેઢીના ઘણાખરા યુવાનોને કંઈક શરમ સંકોચ લાગે છે; લોકલાજે કે પૂર્વગ્રહે કે સર્વ પ્રકારના ઢોંગ અને ઢોંગના આભાસ પ્રત્યે પણ પોતાના ઊંડા તિરસ્કારને લીધે ધર્મનાં બાહ્ય ચિહ્નોની તેઓ અવગણના કરે છે. અને જોખમ છે કે બાહ્ય સ્વરૂપની સાથે અંદરના હાર્દનો ત્યાગ કરે.

તમારે માટે એવા જનોઈ કે નારિયેળ કે તિલકના પ્રસંગો આવ્યા છે કે કેમ એ ખબર નથી (હા, લગ્નને દિવસે તો ચાંલ્લો કરવા દેશો ને ?) પણ તેની હવા તમને લાગ્યા વિના રહી નહિ હોય. લાગ્યું હશે કે ધર્મ એ સ્ત્રીજાતિનો વિષય છે, દેરાસર-મંદિરમાં સ્ત્રીઓ જ જાય, ઘેર પૂજામાં સ્ત્રીઓ બેસે કે વૃદ્ધો બેસે કે નાનાં છોકરાંઓ બેસે. અને તેથી તમે યુવાનીમાં આવ્યા ત્યારે (વૃદ્ધ ન થાઓ ત્યાં સુધી) એ શુભ ધાર્મિક પ્રવૃત્તિઓમાંથી તમે રાજીનામું આપ્યું.

તિલક તો ભૂંસાયું.

કપાળ કોરું થયું.

ભલે, પણ કપાળને કોરું કરતાં દિલ પણ કોરું ન બની જાય એ જોજો.

*

તમારા દિલમાં ધર્મના સંસ્કારો છે, પ્રબળ છે, ઊંડા છે. રામાયણની કથાઓ તમે તમારાં માતાના ખોળામાં શીખ્યા (ભલે ને એનું શાસ્ત્રીય પારાયણ તમે કર્યું – સાંભળ્યું ન હોય); ગીતાજીના કંઈ નહિ તો કેટલાક શ્લોકો તમને મોઢે છે (તમારું સંસ્કૃત, વિજ્ઞાનના વિદ્યાર્થીને શોભે એટલું કાચું હોય તોપણ); 'પ્રભો અંતર્યામિ', 'વૈષ્ણવજન', 'મુખડાની માયા' ને એવાં પ્રસિદ્ધ ભજનો તમને ગાતાં પણ આવડે છે (ભલે કોકિલાનો કંઠ ન હોય ને સૂર ઊંચા-નીચા થઈ જાય); અને એ ભજનો ને એ શ્લોકો ને એ કથાઓમાં શુદ્ધ ભક્તિ છે, ઊંડી શ્રદ્ધા છે, જીવન સમજવાની ને જીવવાની સાચી કલા છે. એ કલાના પાઠ તમે શીખ્યા છો, એ શ્રદ્ધાનાં મૂળ તમારામાં છે; એ ભક્તિનાં બીજ તમારા અંતરમાં પડ્યાં છે. અને બીજ ત્યાં પડ્યાં છે એ સારું છે. એમને પડવા દો, ફૂટવા દો, ઊગવા દો. કોઈ દિવસ એનાં ફળની જરૂર તમને પડશે જ.

તમે હજુ પણ કોઈ કોઈ વાર પાડોશમાં ભાગવત-સપ્તાહ ચાલતી હોય ત્યારે સાંભળવા જાઓ છો ખરા. અને કથાકાર સારા હોય, સાચા ભક્ત હોય ને દિલથી બોલતા હોય ત્યારે તમારા મન ઉપર કથાની ખૂબ અસર પડે છે, તમારા એ સંસ્કારો ફરીથી જાગી ઊઠે છે, ધર્મથી દિલ ભરી શકાય અને જીવન બદલી શકાય એની પ્રતીતિ તમને આપોઆપ થઈ આવે છે. એક વાર અમદાવાદમાં એક પ્રખ્યાત કથાકારની સપ્તાહ ચાલતી હતી. મારે એમાં જવું હતું એટલે બે-ત્રણ વિદ્યાર્થીઓને સાથે આવવાનું કહ્યું. તેમનો જવાબ વિચારવા જેવો આવ્યો : ‘‘અમે તો નહિ આવીએ. એ સ્વામીજીની વાત બહુ અસરકારક છે. કેટલાય લોકો એમનો બોધ સાંભળીને સાધુઓ બની ગયા છે ! હવે અમે જઈએ ને કથા સાંભળતાં વૈરાગ્ય છૂટે ને સંસાર છોડવાનો પ્રસંગ આવે તો ? અમારે સંસાર છોડવો જ નથી માટે અમે આવતા નથી.’’ એ કથાકારની શક્તિ ને ભક્તિને એ વિદ્યાર્થીઓએ આપેલું એ વિલક્ષણ પણ સાચું પ્રમાણ હતું, ને સાથેસાથે એ પોતાના જ ધાર્મિક સંસ્કારોને આપેલું પ્રમાણપત્ર હતું. એ સંસ્કારો આટલા પ્રબળ હતા કે તે જોર કરે તો પોતાની પાસે ન કરવાનું કાર્ય (?) કરાવી બેસે એ બીકે કથામાં જવાનું માંડી વાળવું પડ્યું.

નાસ્તિકતાની હવા, ભૌતિક સંપત્તિનો મોહ ને અનીતિનો પ્રચાર છતાં આજના યુવાનો હજી ધર્મમાં માને છે, ધર્મોપદેશથી પ્રેરણા મેળવે છે, સંત પુરુષોના આશીર્વાદ પામીને ધન્યતા અનુભવે છે. વિદ્યાર્થીઓની પ્રાર્થના-સભામાં નરસિંહના ‘‘અખિલ બ્રહ્માંડમાં’’ ભજનનું રહસ્ય સરળતાથી સમજાવતાં કેટલાક યુવાનોની આંખમાં ઝળઝળિયાં જોયાંનું મને સ્મરણ છે. એ સાચી ધાર્મિકતા ટકાવવામાં નવીન પેઢીનું અને તેથી આખા સમાજનું કલ્યાણ છે.

*

ને એ સાચી ધાર્મિકતા ટકાવવા તો વિવેકની જરૂર છે.

ધર્મમાં મુખ્ય શું ને ગૌણ શું, શાશ્વત શું ને નશ્વર શું, મૂળ કયાં ને પાંદડાં કયાં એનું વિવેચન કરીને ચાલવાની આવશ્યકતા છે.

કૉલેજમાં આવશો ત્યારે મુંડન કરાવીને ને ચોટલી બાંધીને આવવાની જરૂર નથી (ને એમ કરીને આવશો તો સંભવ છે કે ધર્મની ફજેતી ને હાંસી પણ કરાવશો). પણ કૉલેજમાં આવશો ત્યારે પણ ભગવાનની પ્રાર્થના કરવાની જરૂર છે ને આત્મશુદ્ધિ કરવાની જરૂર છે ને ધાર્મિક વાચન કરવાની જરૂર છે. બાહ્ય વિધિ-રીતિ જાય તો ભલે, પણ જે પ્રમાણમાં બહારનું બંધન ઘટે તે પ્રમાણમાં અંદરનું આચરણ વધે તો જ તમારો ધર્મ ટકશે ને ફળશે.

શ્રદ્ધાની જરૂર તો જેમ જીવનમાં આગળ જશો તેમ વધારે ને વધારે થશે એનો ખ્યાલ તમને આવી ચૂક્યો છે. હવે એ શ્રદ્ધાનો પાયો શો ? તમે નાના હતા ત્યારે ‘બા કહે છે એટલે સાચું હશે’ એટલું તમારી શ્રદ્ધાનું પ્રમાણ હતું, પણ હવે તમે મોટા થયા એટલે એ પ્રમાણથી ન ચાલે. થોડોક અભ્યાસ જોઈએ, થોડોક અનુભવ જોઈએ, થોડીક સાધના જોઈશે, અને તમારી ધર્મશ્રદ્ધા વિજ્ઞાન-યુગના પ્રતિનિધિને શોભે એવી વિવેકયુક્ત બની શકશે.

સ્કૂલમાં સમૂહ-પ્રાર્થનામાં ગવાતાં ભજનો તમે હવે મોટે ઘાંટે નહિ પણ મનમાં ને મનમાં ધીરેથી ગાતા થશો ને તે નવી દૃષ્ટિથી સમજતા થશો, મોઢે રહેલા શ્લોકનું તમે હવે મનન કરશો ને તેનો ગહન અર્થ પામવા પ્રયત્ન કરશો, ઘેર સાંભળેલી રામાયણ-મહાભારત-પુરાણોની વાતો તમે હવે તમારી મેળે મૂળ ધર્મગ્રંથોમાં વાંચશો ને તેનો બોધ રોજના જીવનમાં ઉતારતા જશો તો જ તમારા એ શુભ સંસ્કારોના પાયા ઉપર સાચી પ્રૌઢ ધાર્મિકતાની ઇમારત રચાશે.

બીજાં ક્ષેત્રોમાં જેટલી પ્રગતિ તમે કરી રહ્યા છો તેટલી ધર્મના ક્ષેત્રમાં પણ સમાંતર રીતે સાધવી જોઈએ એવો આગ્રહ તમારા જીવનમાં આગળ ઉપર જરૂર ખપ લાગશે.

પહેલી વખત તમે ગામ છોડીને કૉલેજમાં આવ્યા, ઘર છોડીને બો…ડગમાં રહેવા આવ્યા

ત્યારે કેટલું વસમું લાગ્યું ! માબાપનો વિયોગ કેવો અસહ્ય લાગ્યો, એકલતા કેટલી સાલી ! અને ત્યારે તમને ખ્યાલ પણ આવ્યો કે બધાનો વિયોગ થાય જ પણ એક છે જે હંમેશાં સાથે છે, સાથે રહે છે. ને જે ભગવાન ઘેર હતો એ સ્કૂલમાં પણ છે ને બો...ડગમાં છે, કારણ કે તે હૃદયમાં છે ને આપણે જઈએ ત્યાં સાથે ને સાથે જ આવે છે. ઘેર તમે બાને બૂમ પાડતા એટલે તે તરત આવતી, હવે અહીંયાં તમે બાને બૂમ પાડો છો પણ તે ક્યાં સાંભળે છે કે આવે ? ને તમને રડવું આવે છે. પણ 'હે ભગવાન'નો ઉદ્ગાર જેમ ગામમાં તેમ શહેરમાં પણ સીધો ભગવાનને ત્યાં પહોંચે. ને તેનો વળતો આશીર્વાદ લેતો આવે.

કાલે ઊઠીને તમે પરદેશમાં જશો ને ત્યાંનાં ખારાં પાણી ચાખતાં તમારા મનમાં અસહ્ય ઉદ્વેગ ને ત્રાસ છૂટશે, ને ત્યારે પણ એ નવા વિયોગના દુઃખની વચ્ચે તમને ફરીથી ખ્યાલ આવશે કે બીજા બધા દૂર થાય ત્યારે એક ભગવાન જ સાથે, નજીક, દિલમાં જ રહે છે. એનો સંબંધ તમે કેળવ્યો હશે તો તેના પ્રેમાળ સાંનિધ્યમાં એ દિવસોનું દુઃખ પણ જલદી મટશે.

અને કોઈ દિવસ આખરી મહાવિયોગ પણ તમારે ને તમારાં પ્રિયજનોને માટે આવશે ત્યારે એ વિયોગનો આઘાત ઝીલવા જેનો વિયોગ કદી ન થાય એ ભગવાન તમારે પડખે ઊભો રહેશે.

જીવન દુઃખ છે.

દુઃખનું સાચું ઓસડ શ્રદ્ધા છે.

શ્રદ્ધા તમારા દિલમાં પડેલા શુભ ધર્મસંસ્કારો પર નભે છે.

માટે ધર્મને એક અજોડ જીવનમૂલ્ય સમજીને તેને તમારા હૃદયમાં નિત્ય આગ્રહથી ને અખંડ નિષ્ઠાથી ખિલાવતા રહેજો.

એમાં તમારું કલ્યાણ છે.

ઝાંખી થઈ

એ દિવસે મને ઝાંખી થઈ કે મારું કામ કેવું હોવું જોઈતું હતું. અકસ્માતે એ અનુભવ થયો, અને એ અનુભવથી ખ્યાલ આવ્યો કે રોજનું કામ કેવું હોવું જોઈતું હતું. રોજનું કામ તો હતું. ચાલુ હતું અને ચાલુ રહેવાનું હતું. પણ એ કાર્ય માટેની ભાવના, એની સાચી રીત, એની પ્રેરણા અને વ્યવહારમાં એનું સ્વરૂપ કેવાં હોવાં જોઈતાં હતાં એ તો અકસ્માત પેલો અનુભવ થયો ત્યારે સમજાયું અને એ અનુભવથી જૂના કામમાં નવો પ્રાણ આવ્યો. રોજના કાર્યમાં અસાધારણ ઉત્સાહ પ્રગટ્યો.

એ દિવસે સવારે પ્રાર્થના થઈ હતી. એમ તો પ્રાર્થના રોજ થાય છે, અને રોજના કાર્ય માટે એ ઉત્તમ તૈયારી છે એની શ્રદ્ધા પણ છે. પણ શ્રદ્ધા જ છે, એટલે કે મન તો માને છે, પણ જોતું નથી. એનો વિશ્વાસ છે પણ એનો પુરાવો નથી. પ્રાર્થના શુભ છે એનો ખ્યાલ છે પણ એ ખરેખર અસરકારક છે એનો પ્રત્યક્ષ અનુભવ નથી. હવે એ દિવસે પ્રાર્થના થઈ હતી એ વિશેષ ભાવથી થઈ હતી. કોણ જાણે કેમ પણ ધ્યાનમાં બેઠા ત્યારે જાણે ભગવાન ખરેખર પાસે હોય એવું લાગ્યું અને એના સાંનિધ્યથી હૃદયમાં એક અનેરો આનંદ છવાઈ ગયો. અને એ પણ કંઈ એક ક્ષણ માટે નહિ પણ ચાલુ અને ઊંડો અને ટકાઉ.

હૃદયનો સ્વામી આવે ત્યારે હૃદયને કેવું નચાવી શકે એવો ધન્ય અનુભવ થયો. પ્રાર્થનામાંથી ઊઠવાનું મન ન થયું. કલાક પૂરો થયો ત્યારે ઘડિયાળમાં જોઈને પણ માની ન શકાયું કે આખો એક કલાક પસાર થઈ ગયો છે. થોડું લંબાયું પણ ખરું, પણ છેવટે ઊઠવું પડ્યું અને રોજના કામ માટે જવા તૈયાર થવું પડ્યું.

અને ખૂબી એ દિવસે એ બની કે પ્રાર્થના પૂરી થયા પછી પણ અને રોજના વૈતરામાં પડ્યા પછી પણ એ દિવ્ય અનુભવ ચાલુ રહ્યો, અને પ્રભુ ખરેખર પાસે હોય, સાથે ચાલીને આવ્યો હોય એમ દિલને આપોઆપ લાગ્યા કરતું હતું. એની હૂંફ, એની આભા, એનું સાંનિધ્ય, લગભગ એનો સ્પર્શ અનુભવાતાં હતાં. કામ કરતાં કરતાં અને વાતો કરતાં કરતાં અને લોકોને મળતાં પણ એ ભાન ચાલુ રહ્યું, એ આનંદ લહેરાતો રહ્યો. સામે મળાય, વાતચીત થાય, કામમાં ધ્યાન દેવાય; પણ સાથે સાથે અંતરમાં પણ ધ્યાન દેવાય અને ત્યાં પણ કોઈ હાજર છે એનો ખ્યાલ રહે અને એની સાથે પણ એ ગુપ્ત માર્મિક આનંદિત વાતચીત પણ ચાલુ રહે. કંઈ કેફ ચડ્યો હોય અને આપણે વાસ્તવિક દુનિયામાં તો છીએ જ પણ મન ક્યાંક કંઈ અલૌકિક પ્રદેશમાં વિહરતું હોય એવો આહ્લાદક અનુભવ હતો, અને એ રીતે દિવસના મુખ્ય કામ ઉપર જવાની તૈયારી થઈ.

*

દિવસનું મુખ્ય કામ તો ભણાવવાનું હતું. વર્ગ અને પાઠ્યપુસ્તક અને વિદ્યાર્થીઓ અને પાઠ. વિદ્યાર્થીઓ રોજની જેમ આવ્યા અને વર્ગ પણ રોજની જેમ શરૂ થયો. જોકે સાવ રોજની જેમ તો નહિ, કારણ કે વર્ગ શરૂ થયો ત્યારે પણ મન હજી એ દિવ્ય પ્રદેશમાં હતું, એ અનેરા આનંદથી ભરપૂર હતું. વર્ગની તૈયારી તો પૂરી કરી હતી. શું ચલાવવું અને કેવી રીતે ચલાવવું એનો પાકો વિચાર કર્યો હતો. એટલે વિશ્વાસ હતો કે વર્ગ તો ચલાવાશે, પણ દિલનો એ તીવ્ર ભાવ હજી ચાલુ હતો એટલે વર્ગમાં શું બોલાશે, અને શું નીકળશે એનો પૂરો ખ્યાલ ન હતો. વિદ્યાર્થીઓને તો ખબર નહોતી કે શિક્ષકને આજે આ અનુભવ થયો છે અને એનો રણકો લઈને વર્ગમાં આવ્યા છે; અને એની વાત વર્ગમાં થવાની પણ નહોતી. પરંતુ વાત કર્યા વગર પણ એની અસર કંઈક રીતે પડે એ શક્યતા હતી, માટે થોડી સાવચેતીની સાથે જ વર્ગ શરૂ કર્યો.

વર્ગમાં ભણાવવાનું તો ગણિત હતું. અને ગણિત એટલે ગણિત. એમાં કામ સાથે કામ,

અને એ પણ ચોક્કસ અને નક્કી અને સચોટ. ગણિતના વર્ગમાં ગપ્પાં ન મરાય અને વાર્તા ન ચલાવાય. અરે, રમૂજ પણ નહિ કરાય અને આડી વાત જ ન થાય. આંકડા અને અવ્યક્તો અને સમીકરણ અને પ્રમેય; અને એ પણ પાટિયામાં લખીને, અને એક એક મિનિટનો ઉપયોગ કરીને. ગણિતના વર્ગમાં ઢીલાશ નહિ પાલવે. એ વિદ્યાર્થીઓની અપેક્ષા છે, અને એ શિક્ષકનો આગ્રહ છે. માટે એ દિવસે પણ વર્ગ એ રીતે ચલાવવાનો નિર્ણય હતો, અને એ રીતે જ ચલાવ્યો. પાઠ ભણાવવાનો હતો એ જ ભણાવ્યો, સૂચનાઓ લખાવવાની હતી એ લખાવી, કૂટપ્રશ્નો ઉકેલવાના હતા એ ઉકેલ્યા. એક આડો શબ્દ નહિ, એક મિનિટ નકામી નહિ. વર્ગ તો હંમેશની જેમ ચલાવ્યો. પણ હંમેશની જેમ ચલાવ્યા છતાં એ દિવસે વર્ગમાં ચમત્કાર થયો.

*

ભણાવતાં ભણાવતાં વર્ગમાં એક અલૌકિક વાતાવરણ સર્જાઈ ગયું. મારા દિલમાં જે આનંદ હતો એ કંઈક અગમ્ય રીતે વિદ્યાર્થીઓને સ્પર્શી ગયો. કશું કહ્યા વગર અને કશું કર્યા વગર પણ મારા દિલમાં એ દિવસે જે અનેરો ભાવ આવ્યો હતો એ આખા વર્ગમાં પ્રસરી ગયો. પાટિયા ઉપર લખતાં લખતાં મારા હોઠ ઉપર અંદરથી સ્ફુરીને સહજ સ્મિત આવ્યું હતું. તો હવે એ લખાણ ઉતાવળે પોતાની નોટબુકમાં ઉતારતાં બધા વિદ્યાર્થીઓના મોં ઉપર સ્મિત ખીલવા લાગ્યાં. હું ઉત્સાહથી લખતો હતો ને તેઓ પણ ઉત્સાહથી લખતા હતા. લખતાં-લખતાં તેઓ એકબીજાની સામે પણ જોતા અને “આજે સાહેબ ખરેખર રંગમાં છે !” એવો સંદેશ એકબીજાને આપતા. વર્ગ તો ગણિતનો હતો, પણ વિનિમય દિવ્ય આનંદનો હતો. પ્રમેયની સાબિતી લખાતી હતી; પણ ખરો સંદેશ ભક્તિની મસ્તીનો હતો. અને આશ્ચર્યની વાત એ હતી કે શબ્દો વગર અને નિર્દેશ વગર પણ બધા વિદ્યાર્થીઓ એ સાચો સંદેશ ગુપ્ત પણ ચોક્કસ રીતે ઝીલતા હતા. અને તેઓ એ ઝીલતા હતા તેનો પ્રતિસંદેશ મને એમની તરફથી આપોઆપ મળી રહેતો. ખરેખર એ દિવસે વર્ગમાં અદ્ભુત મજા આવી.

વિદ્યાર્થીઓને તો ખબર ન પડી કે આજે વર્ગમાં જે થયું છે તે શાને લીધે થયું છે. ખરું કહું તો મને પોતાને પણ ખબર ન પડી કે આ મારામાં હતું એ બધાને પહોંચી ગયું તે કેવી રીતે પહોંચી ગયું હતું. પણ પહોંચી તો ગયું હતું અને બધા છોકરાઓ દેખીતી રીતે જ આનંદમાં આવ્યા હતા. વર્ગ પૂરો થયો ત્યારે એ દિવસે બધા સાથે ઊઠ્યા અને જાણે મને વળાવતા હોય એવાં સ્મિત કર્યાં અને હાથથી વળાવવાનો અભિનય પણ કર્યો ને બધાએ કહ્યું, “આજે ખરેખર વર્ગમાં મજા આવી.”

અને મને થયું : મારો વર્ગ રોજ આવો હોત તો ? રોજ હું આ વિદ્યાર્થીઓની પાસે આવું છું તે ગણિત લઈને આવું છું, તો એની સાથે જો આ દિવ્ય આનંદ, આ અલૌકિક અનુભવ, આ ચેપી ઉત્સાહ લઈને આવત તો ? જો ગણિત ભણ્યા સિવાય મારા વર્તનથી, મારા આનંદથી, મારા સ્મિતથી હું એમને જીવનની શ્રદ્ધા, પ્રાર્થનાની ધન્યતા, ભક્તિની દિવ્યતાના સંસ્કારો આપી શકત તો ? તો ખરેખર હું સાચો શિક્ષક થાત અને ગણિતનું શિક્ષણ જીવનનું શિક્ષણ થાત.

*

હા, એ અનેરો આનંદ રોજ હું લાવી શકું એમ નથી. (એ દિવસે પણ હું એ ક્યાં લાવ્યો હતો ! બીજે ક્યાંકથી એ આવ્યો હતો ને !) પણ આટલો આનંદ નહિ તો શાંતિ અને સંતોષ, સ્થિર ભાવ અને ઊંડી પ્રસન્નતા, પ્રેમ અને આધ્યાત્મિકતા તો મારામાં હોવાં જોઈતાં હતાં અને એવી રીતે હોવાં જોઈતાં હતાં કે તેનું તેજ બહાર આવે અને આપોઆપ ફેલાય અને વર્ગમાં વિદ્યાર્થીઓ સામે મળે ત્યારે એ બધાને સ્પર્શી જાય. આખો દિવસ ભણતાં-ભણતાં વિદ્યાર્થીઓ તો થાકી જાય, હેરાન થાય, અકળાઈ જાય, તો આ વર્ગ આવે અને આ વિષય આવે ત્યારે એમને પેલો બીજો અનુભવ થવા દો. કોઈ બોધ કે સૂચના કે પ્રચાર વગર આપોઆપ એમને

સાત્ત્વિક આનંદનો પ્રત્યક્ષ અનુભવ થાય અને શ્રદ્ધા જાગે અને ઉત્સાહ ચડે અને દિવસનું વૈતરું વસૂલ થઈ જાય અને સાચું ભાથું લઈને ઘેર જાય એ રીતે વર્ગ રોજ ચલાવવો જોઈતો હતો ને !

વિદ્યાર્થીઓને માટે રોજનું મારું શિક્ષણનું કામ કેવું હોવું જોઈતું હતું એની એ દિવસે ઝાંખી થઈ.

કામ હજી એવું નથી.

પ્રયત્ન કરતા રહીશું.

દિલ ખુલ્લું મૂકતાં

પાસે એ બેઠો હતો. મારો એક વિદ્યાર્થી. અનેક વિદ્યાર્થીઓ આ અગાઉ એવી જ રીતે મારી નાનકડી ઑફિસની એ ખુરશીમાં બેસી ગયા હતા તેમ. અને એ સ્વાભાવિક જ છેને… કે શાળામાંથી મહાશાળામાં દાખલ થયા હોય ત્યારે, ગામ, ઘર ને જિલ્લો છોડી ઇદ્રપુરીમાં આવતા હોય ત્યારે, વરસોથી પરિચિત શાળાનું હૂંફાળું વાતાવરણ છોડીને કૉલેજના મહાસાગરમાં ડૂબકી મારતા હોય ત્યારે, અને નાના છોકરા મટીને સજાગ, સશક્ત, સ્વતંત્ર વ્યક્તિ થતા હોય ત્યારે એમના દિલમાં અનેક મૂંઝવણો, વ્યથા, વેદના, તર્કવિતર્ક ઊભાં થાય.

અજબ છે એ અવસ્થા.

કોઈને કહેવાય નહિ, કહ્યા વગર રહેવાય નહિ.

સમજણ પડે નહિ, છતાં સમજ્યા વગર ચેન પડે નહિ.

અને છેલ્લે હિંમત કરીને, દુશ્મનોનો મોરચો તોડતો હોય તેવો મરણિયો નિર્ણય લઈને એ મારી ઑફિસમાં દાખલ થયો. સામે જોયા વગર ખુરશી પર બેઠો અને હૃદયનાં દ્વાર ખોલી ઉપરાઉપરી વાત કરવા લાગ્યો : "મને સમજાતું નથી… કાંઈ નહિ પણ આ બધું આપણે શા માટે કરીએ છીએ ? માફ કરજો પણ ઘણા દિવસથી દિલ ખાલીખમ લાગે છે, દાતણના કૂચા જેવું. ખરેખર જીવન જીવવા જેવું છે ? દુનિયામાં આટલું બધું દુઃખ કેમ છે ? મારે ભણીને શું કરવું ? તમને કંટાળો આવતો હશે પણ મારી વાત નહિ સાંભળો ? હું ધારું તો તો ઘણું કરી શકું પણ હવે 'મૂડ' નથી, કામ થતું નથી, વંચાતું નથી, જિવાતું નથી. સમજાતું નથી કે આ બધું શા માટે થાય છે, શા માટે કરીએ છીએ…" અને વાતોનો (લાગણીઓનો) ધોધ ક્યાંય સુધી પડતો રહ્યો, વહેતો રહ્યો.

*

"જુઓ વિનુ, તમે જે પ્રશ્નો પૂછી રહ્યા છો એ માણસ માણસને પૂછે, અને માણસ માણસને જવાબ આપે. તમે તમારું દિલ ખુલ્લું મૂક્યું છે, અને મારું દિલ ખુલ્લું મૂકીને જ હું તમને જવાબ આપી શકું. માફ કરજો, એમાં પાછો તમને કંટાળો આવે તો. તમે જે પ્રશ્નો પૂછ્યા છે, અથવા પૂછવા પ્રયત્ન કર્યો છે (ભલે ને તૂટક-તૂટક નીકળ્યા હોય) એ પ્રશ્નો હું તમારા જેવો હતો ત્યારે મારા મનમાં પણ ઊઠ્યા હતા, ફરી ફરીને ઊઠ્યા હતા, મને પણ મૂંઝવણમાં નાખી ગયા હતા. અને મને જ નહિ પણ દરેક જાગ્રત વ્યક્તિને, દરેક સજાગ યુવાનને એવા પ્રશ્નો વહેલા-મોડા સૂઝશે, અને એ જે જવાબ આપી શકશે (દિલનો જવાબ, શબ્દોનો જ નહિ) એથી એનો જીવનપંથ નક્કી થશે – ઊંચે ચડવા કે નીચે ગબડી પડવા કે… વચ્ચે રહીને જનતાસમુદાય સાથે અથડાતા કુટાતા આગળ જેમતેમ નીકળી જવા. જીવનનો પ્રશ્ન છે. આત્મશ્રદ્ધાનો વિષય છે. હા, મૂર્ખોને એવા પ્રશ્નો થતા નથી. જડ, ઠોઠને જિજ્ઞાસા થતી નથી. તેઓને અજંપો નથી, ઉમંગ નથી, જીવન જીવવાની જ વૃત્તિ નથી. જેમ બુદ્ધિ તેજસ્વી અને લાગણીઓ પ્રબળ તેમ કસોટી ઉગ્ર. તમને એ પ્રશ્નો થયા છે અને તીવ્ર સ્વરૂપે થયા છે એટલે અભિનંદ આપું છું ! જેમ ધનુષ્યને વધારે વાળીએ તેમ દોરી છોડતાં એનું તીર વધારે ચડશે ને વધારે દૂર ઊપડશે, ખરું ને ?

"હું શિક્ષક છું. દૂરથી આવ્યો છું.ં તમને ગણિત ભણાવું છું. જીવન સામાન્ય છે. સવારે પ્રાર્થના ને અભ્યાસ. દિવસે વર્ગોની વણઝાર. કૉલેજ પછી તમારા જેવા વિદ્યાર્થીઓનો સંપર્ક. તેમના કાગળ, તેમની મુલાકાતો, તેમની સાથે થોડી ચર્ચા ને થોડી પ્રાર્થના. પછી એકાદ વ્યાખ્યાન કે એકાદ લેખની તૈયારી, એટલે એક દિવસનું ચક્ર પૂરું થયું. સાદું જીવન. સામાન્ય કામ. ચાળીસમું બેઠું છે અને આમ ચાલ્યા જ કરશે – ભગવાન ચલાવે ત્યાં સુધી.

"હવે વિનુ, હું જૂઠું નહિ બોલું. કોઈ દિવસ નહિ, પણ આજે માણસ માણસની વચ્ચે વાત કરી રહ્યા છીએ એટલે તો ખાસ, છાતી ઉપર હાથ મૂકીને હું તમને કહું છું : આ જીવનથી મને સંતોષ છે. સંતોષ અહીં સારો શબ્દ નથી. મને પરમ આનંદ છે, અદમ્ય ઉત્સાહ છે, કૃતાર્થતા છે. મેં દુ:ખ જોયું છે, વિનુ, મારે ઘેર જોયું છે, મારા હૃદયમાં અનુભવ્યું છે. તોપણ હું નિખાલસતાથી, વિશ્વાસથી કહી શકું કે આ જીવનથી મને પરમ સંતોષ છે. હા, આ શ્રદ્ધાની પ્રતીતિ, આ કૃતાર્થતાની લાગણી કેવળ ગણિત ભણાવવાથી તો આવતી નથી. એ તો સ્થૂળ કાર્ય છે. કોઈને મહિને પાંચસો રૂપિયા આપો એટલે તમને ગણિત ભણાવશે – મારા કરતાંય સારી રીતે. એ કામ જરૂરી છે પણ ફક્ત શરૂઆત છે, પાયો છે. હવે એ પાયા પર આખું જે જીવન બંધાયેલું છે એ જ મહત્ત્વનું છે. હું સવારે વિદ્યાર્થીઓના ટોળામાંથી પસાર થઈને, સલામો ઝીલી ઝીલીને વર્ગમાં જાઉં છું ત્યારે તમારા બધાના ચહેરા ઉપર કેવા જુદાજુદા ભાવ અંકાયેલા દેખું છું. જાણું છું કે એકને ઘેર દુ:ખ છે. બીજાને અભ્યાસની ભારે ચિંતા છે, ત્રીજાને આર્થિક મુશ્કેલીઓ છે. બધાને જીવનનો પ્રશ્નાર્થ મૂંઝવી રહ્યો છે અને મારા હોઠ ઉપર હું સ્મિત લાવું (કોઈ વખત એ માટે સભાન પ્રયત્ન કરવો પડે તોપણ), મનમાં ને મનમાં ભગવાન યાદ કરીને હું તેના દિવ્ય પ્રેમનો પડઘો પાડવા પ્રયત્ન કરું, મારી વાણીમાં ને મારા વર્તનમાં તેની શાંતિ અને આનંદની ઝાંખી ઝીલવા કોશિશ કરું, ત્યારે એ વિદ્યાર્થીઓના ચહેરા ઉપર પણ આપોઆપ સ્મિત ખીલતાં જોઉં છું. આને આશ્વાસનની એકબે વાતો કરી એટલે એનું દુ:ખ કંઈક ઓછું થયું; બીજાને ઉત્તેજન આપ્યું એટલે એનું મન કેવું પ્રફુલ્લિત થઈ ગયું; ત્રીજાને પ્રેમથી ચેતવણી આપી એટલે એ સમજીને સામો આભાર માનીને ફરીથી એ ભૂલ ન કરવાનો એણે દિલનો નિર્ણય બતાવ્યો.

"ભણાવું પણ... (એમ તો પરીક્ષા લક્ષમાં રાખીને કરવું પડે છે ને !) પરંતુ એમાંય વિશાળ દૃષ્ટિ તમને આપવા પ્રયત્ન કરું છું. દરેક પોતપોતાના ક્ષેત્રમાં નિષ્ણાત બને એ માટે તમને અનુરોધ કરું છું. નિપુણતા, પ્રામાણિકતા, સેવાનો મંત્ર તમારા હૃદયમાં ઉતારવા પ્રયત્ન કરું છું. આટલું ભણીને જનતાની કેટલી સેવા કરી શકશો, સમાજને કેટલા ઉપયોગી થઈ શકશો, દેશની કેટલી પ્રગતિ સાધી શકશો એનું ભાન તમને સતત કરાવું છું. આજનાં નાનાં કામમાં ભાવિ આદર્શનો ઉત્સાહ રેડવા પ્રયત્ન કરું છું. અને તમને જ નહિ પણ તમારા જેવા બને તેટલા ઉત્સાહી યુવાનોને એ જીવનનો સંદેશ મળી શકે એ માટે જે કાંઈ સમય મળે (કે ન મળે) એમાં કલમ હાથમાં લઈને કંઈક લખતા રહેવા પણ કોશિશ કરું છું. છેવટે દિવસને અંતે બને ત્યારે કૉલેજના છોકરાઓને લઈને ગરીબોની ઝૂંપડીઓમાં સુખ-દુ:ખની વાતો કરવા ને સાંભળવા ને આપણે કરી શકીએ એવી મદદ કરવા, કે ઇસ્પિતાલના દર્દીઓને આશ્વાસન આપવા ને દુ:ખનાં પ્રત્યક્ષ દર્શન કરવા, કે મારા વિદ્યાર્થીઓનાં કુટુંબોની કોઈ આનંદના પ્રસંગે મુલાકાત લેવા જાઉં ત્યારે ધન્યતા અનુભવું છું.

"અને આ બધાંની અસર પણ થતી જોઉં છું – શાંત અને અચૂક." આજે એક કાગળ છે : "એ દિવસની પ્રેરણાથી જ હું આગળ વધી રહ્યો છું." બીજો : "તમારો લેખ વાંચીને જીવનમાં નવો ઉત્સાહ મળ્યો છે." ત્રીજો : "તમારા એ પુસ્તકની મદદથી જ હું કાદવમાંથી બહાર આવ્યો છું." કાલે એ દુ:ખી છોકરો સસ્મિત કહેશે, "હવે સારું છે..." પરીક્ષા પછી બીજો પોતાનું પરિણામ બતાવશે. "હાશ, હવે મેડિકલમાં જવાશે..." અને કૉલેજ પછી, વર્ષો પછી ને કોઈ વખત કદી નહિ પણ મનમાં તો એ ખ્યાલ રહેશે કે એ પ્રેરણાથી અમારું જીવન સુધર્યું જ. આમ દિવસો જાય છે. પણ દિવસનું ચક્ર પૂરું થાય ત્યારે મનમાં સંતોષ રહે છે કે દુ:ખની માત્રા કંઈક ઓછી કરી છે, સુખનો પ્રકાશ પડતો ન હતો ત્યાં પાડ્યો, અને પડતો હતો ત્યાં કંઈક વધારે પ્રજ્વલિત બનાવ્યો." અને જીવન જીવવા જેવું લાગે છે...

"તમે, વિનુ, ગમે તે ક્ષેત્રમાં જશો. ડૉક્ટર થશો કે એન્જિનિયર થશો કે મિલમાલિક થશો, કે... મારા જેવા શિક્ષક પણ થશો, પણ તમે હશો ને તમારી આસપાસ તમારું વર્તુળ હશે. એ વર્તુળમાં (ભલે એ મોટું કે નાનું હોય) તમે પ્રકાશ રેલાવી શકશો. આજનું આ દુઃખ એ તમને કાળે કરીને બીજાઓને પોતાના દુઃખમાં આશ્વાસન આપવાનો અધિકાર આપશે. આજની આ મૂંઝવણ બીજાઓને પોતાની મૂંઝવણોમાં દોરવણી આપવાની તમને લાયકાત આપશે. તમારી પ્રેરણાથી બીજા ધન્ય થશે, અને તમને જીવન જીવવા જેવું જ લાગશે."

*

હું ક્યાં સુધી બોલતો રહ્યો એનું મને ભાન રહ્યું નહોતું. એ વાક્યો હું પહેલી વખત ઉચ્ચારતો પણ ન હતો (છેલ્લી વખત પણ નહિ !) પણ દરેક વખત એ સોંસરાં દિલમાંથી નીકળે છે. જીવનની વાત છે ને !

એ ઊઠ્યો–અનેક વિધાર્થીઓ મારી નાનકડી ઑફિસમાંની એ ખુરશીમાંથી ઊઠ્યા છે તેમત્યારે તેની આંખોમાં નવું તેજ હતું. કદાચ મારો ભ્રમ હોય પણ એમાં હર્ષનાં ઝળહળિયાં મને ભાસ્યાં. ગળગળે સ્વરે આભાર માનીને એ ગયો. હું તેને ક્યાંય સુધી જોતો રહ્યો. અને મારું જીવન મને સાર્થક લાગ્યું.

ફાવતું નથી !

બધા એને સમજાવતા હતા કે જો આમ કરશો તો પસ્તાઈ જશો. સારી કૉલેજમાં એડ્‌મિશન મળ્યું છે, હૉસ્ટેલમાં પણ જગ્યા મળી છે. સ્કૂલમાં એ સારા માર્કે પાસ થયો હતો, માબાપની આશા લઈને (ને પોતાનાં સ્વપ્ન પણ લઈને) આવ્યો હતો ને હવે બધું છોડીને ફીના પૈસા પણ પાછા ન મળે તોપણ, ને આગળ ભણવાનો રસ્તો બંધ થાય તોપણ પાછા જવાની જીદ એ પકડી બેઠો હતો. અને બધી દલીલો ને શિખામણ ને કાકલૂદીની સામે એનો એક જ જવાબ હતો, એક જ ખુલાસો હતો : 'અહીંયાં ફાવતું નથી.' ને આખરે સામાન બાંધીને ને રૂમ ખાલી કરીને તે ઘેર ગયો ને પાછો આવ્યો નહિ.

એ છોકરીને પરણ્યે થોડો સમય થયો હતો, એટલે એક દિવસ એ ઓચિંતી પાછી પિયેર આવી ત્યારે બધાંને નવાઈ લાગી. ગુસ્સો થયો; અને ખુલાસો માગ્યો ત્યારે નીચી નજરે ને દબાયેલ સ્વરે તે આટલું બોલી : 'ત્યાં ફાવતું નથી.' ને પોતે રડી પડી ને બધાંને ચિંતામાં ડુબાડી દીધાં.

અને પેલા બીજા યુવાનને તો સારી નોકરી મળી હતી. (મેં એની ભલામણ પણ કરેલી.) પગાર સારો, પ્રતિષ્ઠા સારી, ને આગળ જવા માટે તક પણ સારી. તોય એક દિવસ એ રાજીનામું આપીને ઘેર આવ્યો અને જ્યારે તપાસ કરી, કારણ પૂછ્યું ત્યારે ટૂંકો જવાબ મળ્યો : 'ફાવતું નહોતું.' ને બીજી નોકરી શોધવી પડી.

બસ.

ફાવતું નથી, ફાવતું નથી, ફાવતું નથી.

પછી કારણ નહિ, ચર્ચા નહિ, દલીલ નહિ.

જવાબ આપવાની જરૂર નથી. તપાસ કરવાનો અર્થ નથી.

ફાવતું નથી એટલે વિચાર કરવાનો નહિ. સલાહ લેવાની નહિ.

પછી નોકરી છોડે, ઘર છોડે, અભ્યાસ છોડે, ગમે તે કરે. ને 'ફાવતું નથી' એમ કહીને પૂરી સલામતી અનુભવે.

મહાસૂત્ર, બ્રહ્માસ્ત્ર, અભય મંત્ર.

એનો જવાબ નહિ, ઉપાય નહિ, રસ્તો નહિ. એમાં બુદ્ધિ નથી એટલે વાત કરવાથી કંઈ ન વળે; સમજણ નથી એટલે સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે. એમાં ખાલી લાગણી છે, ઢીલાશ છે, 'મૂડ' છે.

છોકરો નાનો હતો ત્યારથી 'ફાવતું નથી' એમ કહીને ગમે તે કામ માટે ના પાડતાં શીખ્યો છે.

સારી સગવડ છે.

કોઈ વસ્તુ ન ગમે, ન ભાવે, ન આવડે કે 'ફાવતું નથી' એમ કહીને તેનો ત્યાગ એ સહીસલામત કરી શકે છે – પોતાના વડીલોને એણે કરતા જોયા છે તેમ. પછી ટેવ પડી જાય. સહેજ કંઈ નડે કે તરત 'ફાવતું નથી'નો જપ પકડે ને ઊગરી જાય. ને આખા જીવન માટે એનું મન પાંગળું બની જાય.

*

કામ છોડવા સામે વાંધો નથી. વખતે છોડવું પણ જોઈએ એવું બને. યોગ્ય કારણોથી સારી નોકરી જતી કરવી પડે ને અભ્યાસ છોડવો પડે એમ પણ બને. પણ વિચાર કર્યા વગર, તપાસ ચલાવ્યા વગર, ફક્ત ખોટી લાગણીને વશ થઈને 'ફાવતું નથી' એટલા માટે કામ છોડવા સામે રોષ છે. અને જે સૂત્રે એ શક્ય બનાવ્યું છે, જે સૂત્ર ઉચ્ચારવાથી માણસને લાગે છે કે હવે

બીજી કોઈ તપાસ કરવાની જરૂર નથી, બીજો કોઈ ખુલાસો આપવાની જરૂર નથી – 'ફાવતું નથી' એ શાપિત સૂત્ર સામે તો હૃદયનો રોષ છે.

કામ છોડવાનું કારણ શું, જરૂર શી ? નિષ્ફળતા તો મળી પણ એ શાથી મળી એની બરાબર તપાસ ન કરીએ ને એનાં કારણો શોધીને એ દૂર ન કરીએ તો ફરીથી બીજા કોઈ કામમાં એ જ નિષ્ફળતા મળશે ને ! આજે આ નોકરી છોડવી પડી તો એ જ રીતે કાલે બીજી કોઈ ગમે તેટલી સારી નોકરી છોડવાનો પણ પ્રસંગ આવશેપ્રદિલમાં જે કારણ હતું એ શોધીને ન કાઢીએ ત્યાં સુધી.

પણ એ શોધવા જઈએ ત્યારે પેલું સૂત્ર આડે આવે છે : "શા માટે કારણ શોધો છો ? શા માટે ઊલટતપાસ કરો છો ? જવા દો એ પંચાત. એટલું જ કહી દો કે, 'ફાવતું નથી,' પછી બીજી કોઈ વાત કરવાની જરૂર નથી." નિષ્ફળતાનું પૃથક્કરણ કરવું કોઈને ગમતું નથી. એમાં અંદર જોવું જોઈએ, પોતાની જાત ઉપર કામ ચલાવવું જોઈએ, પોતાને ન રુચે એવો ફેંસલો પણ જણાવવો જોઈએ; એના કરતાં 'ફાવતું નથી' એમ કહેવામાં સગવડ છે, સલામતી છે, સરળતા છે. હા, અને ફરીથી નિષ્ફળતા લાવવાની ખાતરી છે.

*

કામ છોડવા સામે વાંધો નથી. વખતે કામ છોડાય જ. પણ લાગણીના આવેશમાં આવીને કામ છોડાય, આંધળી રીતે છોડાય, ઉતાવળમાં છોડાય એ સામે ફરિયાદ છે, ચેતવણી છે. કૉલેજ ને હૉસ્ટેલ છોડાય તો ભલે, પણ ફક્ત એમાં 'ફાવતું નથી' એટલા માટે છોડાય એ સામે દિલનો પોકાર છે. જેમાં ફાવતું ન હોય એવા પ્રસંગો વહેલા-મોડા, નાના-મોટા તો બધાને માટે જિંદગી સુધી આવવાના છે, (અરે, કોઈ વાર જિંદગી પોતે જ ફાવતી નથી એમ કયાં નથી બનતું ?) માટે જો પહેલેથી જ એમાં હારી જવાનું, નમતું મૂકવાનું, પાછા જવાનું કબૂલ કરીએ તો જીવનમાં આગળ કોણ જઈ શકશે ?

ભણવા જતા યુવાનને ગામ છોડવું ન ગમે, પરણવા જતી યુવતીને ઘર છોડવું ન ગમે. પણ જો ફક્ત એ લાગણીને વશ થઈને એ છોકરો ને છોકરી પોતપોતાને ઘેર રહે તો ભણશે કોણ ને પરણશે કોણ ? અને શરૂઆતમાં કોઈ પણ નવું કામ હાથ પર લેતાં મૂંઝવણ થાય, ક્ષોભ લાગે, શંકા ઊઠે. પહેલો પાઠ હંમેશાં અઘરો હોય છે. પહેલું પગલું ભારે લાગે છે. શરૂઆતમાં ફાવતું જ નથી, પણ એમાં જ જીવનની કસોટી છે. પહેલું પગલું સીધું ન પડ્યું તો બીજું ભરવાનું. પહેલો પાઠ ન આવડ્યો તો બીજો કરવાનો. કેમે કરીને આગળ જવાનું, વધતા રહેવાનું, લડતા રહેવાનું. અને ફાવટ આવશે.

માનવીની ખાસિયત છે કે જ્યાં પ્રતિકૂળ સંજોગો હોય, જ્યાં રસ્તો ન હોય, જ્યાં જીવનની શક્યતા પણ ન હોય ત્યાં જઈને એ રસ્તો કાઢે, પગ મૂકે, ધામો નાખે. પૃથ્વીમાં થીજેલા ધ્રુવપ્રદેશમાં જીવનનું નામનિશાન નહિ. જ્યાં જુઓ ત્યાં બરફ ને બરફ, પણ એ બરફની વચ્ચે માનવીએ ચાર દીવાલે ઊભી કરી ને છાપરું ઠોક્યું ને સુખેથી ત્યાં વાસો કર્યો. ધગધગતા રણવગડામાં પણ ન ઊગે છોડવો કે ન ફરે જીવડો. પણ એ તપ્ત રેતીની મધ્યે પણ માનવી પોતાનો તંબૂ તાણીને આનંદથી જીવતાં શીખ્યો. રણના ઊંટને બરફના પ્રદેશમાં લઈ જશો તો એને ખરેખર ત્યાં 'ફાવશે નહિ' અને જલદી ઠરી જશે. અને હિમાલયના રીંછને સહરાના રણમાં લઈ જશો તો એને પણ ત્યાં ફાવશે નહિ અને શોષાઈને મરી જશે. રીંછને ને ઊંટને 'ફાવતું નથી' કહેવાનો અધિકાર છે, કારણ કે કુદરતે એક જ પ્રદેશમાં (ઠંડા કે ગરમ) રહેવા દરેકની સજાવટ કરી, પણ માનવી યુક્તિ કરીને ને બુદ્ધિ ચલાવીને (એટલા માટે જ એ માનવી છે ને !) ગમે તે પ્રતિકૂળ સંજોગો કે વાતાવરણમાં રહેવા પોતાનું શરીર (ને પોતાનું મન ને હૃદય) તૈયાર કરી શકે છે. તે જીવનના રણમાં પણ દિવસો સુધી પાણી વિના ચાલતા રહેવા

ધીરજ કેળવી શકે, અને બરફની કરાડમાં થઈને આદર્શનાં ઉચ્ચતમ શિખરો સર કરી શકે. કુદરતે એને શક્તિ આપી છે, જીવનમાં કંઈક કરવાની તમન્ના આપી છે. માટે 'ફાવતું નથી' એ કુત્સિત ઉદ્ગાર માનવીની જીભે ન શોભે, ન પાલવે, ન ચલાવી લેવાય.

*

નવો છોકરો કૉલેજમાં આવે, પહેલે દિવસે ગામડેથી એનો બાપ એને મૂકવા હૉસ્ટેલમાં આવે અને એની સંભાળ લેવાનું કહે ત્યારે એના બાપની હાજરીમાં હું છોકરાને પૂછું છું : 'કેમ, અહીંયાં ફાવશે ખરું ?' છોકરો ગરીબ અવાજે જવાબ આપે છે, 'હા, સાહેબ, જરૂર ફાવશે.' ને હું આગળ પૂછું છું, 'અને ન ફાવે તો ?' એને હું એવું પૂછું ત્યારે હંમેશાં છોકરાનો બાપ વચ્ચે બોલે છે, 'ન ફાવે તો ફવરાવવાનું, સાહેબ !'

બસ ત્યારે.

એક મંત્ર સામે બીજો મળ્યો.

'ફાવતું નથી' એ અમંગળ શબ્દો તમારા મોંમાંથી કદી નીકળવા ન જોઈએ. પરંતુ જો ભૂલેચૂકે નીકળ્યા, જો બેદરકારીથી કે લાચારીથી એ શબ્દો તમે ઉચ્ચાર્યા, જો 'ફાવતું નથી' એમ તમારાથી બોલાઈ ગયું – તો તરત ને તરત તમે પોતે તમારી જાતને જવાબ આપો ને સંભળાવો :

'ફાવતું નથી તો...

... ફવરાવવાનું !'

એકાગ્રતા

કેટલું વાંચો છો ?

મેં એમ પૂછ્યું એટલે તમે ગણતરી કરવા બેઠા : "રાત્રે આઠ વાગ્યે બેસું છું, તે અગિયાર-બાર સુધી ચાલે. સવારે ઍલાર્મ મૂકીને પાંચ વાગ્યે ઊઠું છું ને આઠ-નવ સુધી વાંચું છું. પછી..." એમ તમે કલાકોનો હિસાબ કરતા ગયા, અને છેલ્લે એનો સરવાળો કરીને મારા પ્રશ્નનો જવાબ આપ્યો કે, રોજ આટલા કલાક થાય છે. પરીક્ષાના દિવસ હતા એટલે વાંચવાના સારા એવા કલાક થતા, માટે તમે ગર્વથી સાચો જવાબ આપી શક્યા. વાંચવાના આટલા કલાક થાય છે.

પણ મારો પ્રશ્ન જુદો હતો.

વાંચવાના કેટલા કલાક થાય, અથવા ચોપડીઓ હાથમાં લઈને ને એનાં પાનાં ઊથલાવીને તમે રોજ કેટલો સમય બેસો છો એવું મેં નહોતું પૂછ્યું. મારો પ્રશ્ન બીજો હતો. કેટલો સમય તમે વાંચવા બેસો છો એમ નહિ, પણ કેટલું ખરેખર વાંચો છો એ પ્રશ્ન હતો. કલાકોનો સ્થૂળ હિસાબ તો ઉડાઉ જવાબ હતો. પણ એ કલાકોનો શો ઉપયોગ થાય, સાઠ મિનિટોમાંથી કેટલી મિનિટ ખરેખર વંચાય, હાથમાં રહેલી ચોપડીઓમાંથી કેટલો ભાગ મગજમાં ઊતરે- એની સૂક્ષ્મ ગણતરી જોઈએ. 'કેટલું ખાઓ છો ?' એ પ્રશ્નનો જવાબ 'રોજ બે ટંક' એમ કહેવામાં ન આવે. એ બે ટંકના ભોજનમાં લૂખો રોટલો હોય કે મિષ્ટાન્નની મિજબાની હોય તો ફેર પડે ને !

કેટલું વાંચો છો ?

જેમતેમ નહિ, અવ્યવસ્થિત રીતે નહિ, વચ્ચે ઊઠીને ને વાતો કરીને ને ચા પીને નહિ, ક્ષોભ પામીને ને ચિંતા કરીને ને વિષયો બદલી બદલીને નહિ, પણ સાચે જ સમજીને, મનમાં ઉતારીને ને યાદ રાખીને કેટલું વાંચો છો ?

વાત એમ છે કે ઘણા વિદ્યાર્થીઓ કલાકો સુધી વાંચવા બેસે છે, પણ હકીકતમાં વાંચે છે ખૂબ ઓછું. ઢોંગ કરવાનો સવાલ નથી. એમણે ખરેખર વાંચવું છે. પરીક્ષા નજીક છે, એટલે રમવાના ને ફરવાના ને ગપ્પાં મારવાના કાર્યક્રમો બંધ કરીને રૂમમાં પુરાય છે અને ટેબલની આગળ આસન જમાવીને પાઠ્યપુસ્તકોમાં ડૂબી જાય છે. આટલી મહેનત કરે છે એનું એમણે પૂરું વળતર લેવું છે. આટલો સમય આપે છે એનો એમણે પૂરેપૂરો ઉપયોગ કરવો છે, પણ પૂરો ઉપયોગ થતો નથી. વાંચવાના સમયમાં પૂરું વંચાતું નથી, કારણ કે, મનમાં પૂરું ધ્યાન પણ નથી. હા, વાંચવાની પણ કલા હોય છે અને એ કલાનું મુખ્ય અંગ મનનું ધ્યાન, મનની એકાગ્રતા હોય છે. એકાગ્રતા વિના વાંચવાના કલાકો મિનિટોમાં જ ખપે અને રાતના ઉજાગરા એળે જાય. કેટલું વાંચ્યું એટલે કેટલી એકાગ્રતાથી વાંચ્યું એમ આખરે પૂછવું હતું.

*

એકાગ્રતા.

હાથમાં પુસ્તક તો લીધું. પણ મનમાં સો વિચારો હતા.

વાંચવા માંડ્યું.

પણ મનમાં સ્વતંત્ર વિચારધારા આગળ ચાલી.

કેટલો કોર્સ બાકી છે ? પહોંચી વળાશે કે કેમ ? તો આ ભાગ છોડીને બીજો ભાગ સરખી રીતે તૈયાર કરું તો ? ક્લાસમાં કહ્યું કે આ તો આવવાનો ઓછો સંભવ છે, પણ આવે તો ? ગઈ સાલ જેવું પેપર નીકળે તો આપણા બાર વાગી જાય ! ચાલો, એમ કરું; હવે બીજું પેપર તૈયાર કરું, પછી જેવો સમય રહે તેવું આનું જોઈશું. પણ આનું પાછું એમ જ છે ને ! ખેર, જરા વહેલું શરૂ કર્યું હોત તો સારું થાત. હવે સમય ખૂટવાનો જ. ને પેલું પેપર તૈયાર તો

રાખ્યું હતું પણ હવે સાવ ભુલાઈ ગયું લાગે છે. કશું યાદ રહેતું નથી. અને આખરે પેપર ફૂટવાનાં જ. દર વર્ષે ફૂટે છે. પણ વહેલી ખબર પડે તો સારું અને કંઈક લખવું તો પડશે જ. આ ચૅપ્ટર બિલકુલ સમજાતું નથી. હું ગેરહાજર હતો ત્યારે ક્લાસમાં ચાલતું હતું તે એ જ ને ? કોઈને પૂછીશું કે છોડી દઈશું, કે...

પુસ્તક હાથમાં છે.

આંખો એ વાંચી રહી છે,

પણ મનમાં કશું આવતું નથી.

કારણ કે મનમાં બીજા સો વિચારો છે.

પરીક્ષા પછી શું કરીશ ? અમેરિકાથી હજી જવાબ કેમ આવ્યો નથી ? દસ યુનિવર્સિટીમાં અરજી કરી છે. હજુ કાગળિયાં બાકી છે. મોટાભાઈ મોકલશે, પણ મારે એને યાદ દેવરાવવું પડશે. કાલે લખીશ. નહિ તો બીજે ક્યાંય ઍડ્મિશન લેવું પડશે. પણ પ્રથમ તો પાસ થવું પડશે ને ! કાલથી એક કલાક વહેલો ઊઠવાનો. મા-બાપ બિચારાં મારી કેટલી ચિંતા કરે છે ! હું નાપાસ થાઉં તો એમને કેટલો આઘાત લાગશે ! આ...પેપર ઠેકાણે આવે તો...

આ મન ઠેકાણે આવે તો.

પણ મનમાં સો વિચાર છે.

પેલી છોકરી ! કેવી સમજુ છે ! પરીક્ષા આવે છે એટલે હાલ તો ન મળવાનું ન લખવાનું એણે તરત સ્વીકાર્યું. ખરેખર ડાહી છે. ભારે રાહત છે. પણ હવે શું કરતી હશે ? બીજા કોઈની સાથે જાય તો ? ન મળવાનું એણે આટલું જલદી સ્વીકાર્યું એ શું ઓછી લાગણી ન બતાવે ? પરીક્ષા પછી તરત મળવા જઈશ. ને હમણાં જાઉં તો શું ખોટું ? એને ગમશે ને ! જોકે ન મળવાનો પ્રસ્તાવ તો મેં મૂક્યો હતો, એટલે હું એનો ભંગ કરું તો એને શું લાગશે ? પણ મળ્યા વિના રહેવાતું નથી. પરીક્ષા જખ મારે છે ! પણ વાંચવું તો પડે ને !

હા, વાંચવાનું ચાલે છે. બે કલાક થયા છે. ચા પીવા જવાનો અધિકાર મળ્યો છે. પણ મનમાં ઓછું, ખૂબ ઓછું આવ્યું છે. પેલા સો વિચારો હતા ને !

*

મનમાં સો વિચારો છે.

દિલમાં સો ચિંતાઓ છે.

માટે કલાકો સુધી વાંચ્યાં છતાં ઓછું સમજાય છે, ઓછું યાદ રહે છે.

પરીક્ષાની ચિંતા પરીક્ષાની તૈયારી બગાડી મૂકે છે.

સારું પરિણામ લાવવાની આતુરતાથી જ સારું પરિણામ આવતું અટકે છે.

મા-બાપને દુઃખ ન આપવાની ઇંતેજારીથી કદાચ એમને ભારે દુઃખ આપવાનો દિવસ આવશે.

માટે મન જરા સ્થિર રાખો.

સ્લેટ જરા સાફ કરો જેથી એના ઉપર લખી શકાય અને લખેલું સ્પષ્ટ દેખાય. એના ઉપર સો લખાણો હોય તો નવું લખાણ કેમ વંચાશે !

કેટલાં પેપરો છે ને કેટલો સમય બાકી છે એ તમે બરાબર જાણો છો માટે ચોખ્ખી યોજના કરો. સમયનો અંદાજપત્ર કાઢો અને દરેક પેપર માટે કેટલા દિવસ આપી શકો એ નક્કી કરો. પછી જોઈ ચૂકેલું પેપર ભુલાઈ ગયું, કે બાકી રહેલું પેપર અધૂરું રહેશે એ ખોટી મથામણ રહેવા દો. વ્યવસ્થિત રીતે બધું જોતા જશો તો વાંચી શકાય તેટલું વંચાઈ જશે. અને યાદ રહી શકે તેટલું યાદ રહેશે. ગભરામણ ને ઉતાવળને બદલે શાંત ચિત્ત ને નિર્મળ મનથી વાંચવા બેસો. પરીક્ષાની ચિંતા કરવાથી પરીક્ષાનું પરિણામ સુધરતું નથી, ઊલટું બગડવાનું છે.

દસ વિષયો એકીસાથે વાંચવાથી એક પણ યાદ રહેવાનો નથી. તમારી એ યોજના પ્રમાણે એક વિષય હાથમાં લો. એના ઉપર તમારું આખું ધ્યાન કેદ્રિત કરો. શાંતિથી વાંચો. જાણે દુનિયામાં બીજું કોઈ કામ ન હોય એવી રીતે વાંચો. એ વિષય મનમાં ઊતરવા દો. પછી એનો સમય પૂરો થાય ત્યારે એ બંધ અને બીજો શરૂ. નિયમિત રીતે. સરખે પગલે. ઉતાવળ વિના. આળસ વિના. આમ બધું જોવાશે. બધું નહિ તો પૂરતું તો જોવાશે. ને પરીક્ષા આવશે ને જશે. પરિણામ આવશે. સારું આવશે. અમેરિકા જવાશે. પેલી છોકરીની સાથે (કે નહિ તો બીજી કોઈની સાથે) પરણી જવાશે. અને આ અનુભવનો કીમતી સાર એ હશે કે વાંચવાની રીત સમજાશે, પદ્ધતિનું મહત્ત્વ સમજાશે, એકાગ્રતાનું મૂલ્ય સમજાશે. અને ખાલી આ પરીક્ષા માટે નહિ, પણ જીવન માટે એક ભારે અગત્યનો અને શીખવા જેવો પાઠ શીખી શકાશે.

*

કેટલું વાંચો છો ?

ધ્યાનથી, એકાગ્રતાથી, પદ્ધતિપૂર્વક કેટલું વાંચો છો ?

નક્કર, વ્યવસ્થિત, નિયમિત રીતે કેટલું વાંચો છો ?

શાંત ચિત્તથી, નીરવ દિલથી કેટલું વાંચો છો ?

હવે મારો પ્રશ્ન સમજાયો ને તેનો સંતોષકારક (તમને ને મને) જવાબ આપવા તૈયાર થયા ?

શાબાશ.

હવે ખરેખર પરીક્ષા જખ મારે છે. ખરું ને ?

ઊંચે કે નીચે ?

વિદ્યાર્થીઓની માગણી હતી. છેલ્લી પરીક્ષા અઘરી લાગી હતી એટલે હવે બીજી પરીક્ષા આવે છે તે સહેલી રાખવી. ભલે. અને અમુક પરીક્ષામાં નાપાસ થઈએ તોપણ ત્યાર પછીની પરીક્ષામાં બેસી શકીએ એ સગવડ થવી જોઈએ. થશે. અને વળી અમુક વિષયનો અભ્યાસક્રમ ભારે છે એ ટૂંકો ને સરળ જોઈએ. તથાસ્તુ.

ને વિચાર આવ્યો કે અભ્યાસ બાબતમાં વિદ્યાર્થીઓની માગણીઓ આવે છે ત્યારે એવી જ આવે છે. સહેલું કરો, ઓછું કરો, નીચે લાવો. કૉલેજમાં ને યુનિવર્સિટીમાં, સહજ વાતચીતમાં કે રીતસરની હડતાલમાં, વર્ગમાં કે સભામાં એ જ જાતની માગણીઓ હોય છે. અભ્યાસક્રમ સરળ બનાવો, પરીક્ષાના નિયમો ઢીલા કરી આપો, શિક્ષણનું ધોરણ નીચું લાવો. ઓછું કરો, ઢીલું કરો, મોળું કરો.

હજી વિદ્યાર્થીઓની પાસેથી મેં એવી ફરિયાદ સાંભળી નથી કે, આ વિષયનો અભ્યાસક્રમ વધારેપડતો સહેલો છે, એમાં બીજું એકાદ પ્રકરણ ઉમેરીને અઘરો બનાવવો જોઈએ. હજી એવી હડતાલ જોઈ નથી કે છેલ્લી પરીક્ષા ખૂબ સહેલી હતી ને એમાં જોઈએ તે કરતાં વધારે વિદ્યાર્થીઓ પાસ થયા હતા અને વધારે વિદ્યાર્થીઓ ફર્સ્ટ ક્લાસમાં આવ્યા હતા, માટે બધાની ફરી પરીક્ષા કડક રીતે લેવી જોઈએ, ને એ માટે હડતાલ પાડીએ છીએ. હજી એવી માગણી સાંભળી નથી કે, એ.ટી.કે.ટી.ની વ્યવસ્થા બંધ કરો, પાસ થવા માટેના ગુણનું પ્રમાણ વધારો, ફર્સ્ટ ક્લાસનું ધોરણ ઊંચું કરો. કોઈ ઉત્સાહી વિદ્યાર્થીજૂથ એવી ઝુંબેશ ઉપાડે તો કંઈ નહિ તો કંઈક નવું તો થશે જ.

*

ખરો રંજ એ વાતનો છે કે યુવાન માણસનું મન આદર્શવાદી હોય છે, પરાક્રમવાદી હોય છે. એને વધારે જોઈએ, ઊંચું જોઈએ, સાચું જોઈએ. એ મહેનત કરવા તૈયાર છે, શ્રમ ઉઠાવવા તૈયાર છે. બીજાં ક્ષેત્રોમાં એમ કરે છે, અને અભ્યાસમાં તો પોતાનો વિશેષ લાભ છે તે એ જાણે છે માટે વિશેષ ઉમંગથી એમાં પોતાની શક્તિ અજમાવવા માગે છે. તો પછી એ શક્તિ કેમ ઢીલી પડે છે, એ યુવાન માણસ કેમ પોતાના જીવનના સૌથી અગત્યના કાર્યક્રમમાં પાછો પડે છે ?

રમતગમતના મેદાનમાં યુવાન ખેલાડીઓ નવા વિક્રમો નોંધે છે. વધારે ઊંચું કૂદવાનું, વધારે દૂર ફેંકવાનું, ઓછા સમયમાં વધારે અંતર દોડવાનું. એનાં ધોરણો નક્કી છે. આટલું અંતર ને આટલી ઊંચાઈ ને આટલું વજન. એમાં કોઈ વધઘટ નથી. જેને શક્તિ હોય ને ઉત્સાહ હોય તે આવે ને હરીફાઈમાં ઊતરે. કોઈની દયા નથી ને કોઈનો પક્ષપાત નથી. ને નવો વિક્રમ નોંધાવે એનું નામ લોકજીભે ચડે.

કોઈને એવો વિચાર તો આવ્યો ન હોય કે અહીંયાં પણ હડતાલ પાડીએ. પાંચસો મીટરની દોડ છે, પણ દોડનારાઓમાં કેટલાક નબળા છે એ વાત પણ ધ્યાનમાં લેવી જોઈએ ને ! માટે દોડનારાઓની સગવડ ખાતર આ વર્ષે પાંચસો મીટરની દોડ ચારસો મીટરની હશે. એટલે કે નામ તો પાંચસો રાખીશું અને પ્રમાણપત્રો પાંચસોનાં આપીશું, પણ હકીકતમાં દોડવાનું હશે માત્ર ચારસો મીટર. બધાને માટે સરખું એટલે કોઈને અન્યાય નથી ને ! વાજબી માગણી છે. અને એ રીતે હરીફાઈનો લાભ વધારે ખેલાડીઓને મળશે એ ચોખ્ખો ફાયદો છે.

પણ વધારે લોકોને સમાવવાથી બધાનો જશ જતો રહેશે. સહેલી, ટૂંકી, 'વાજબી' બનાવેલી દોડમાં ભાગ લેવાથી કે પ્રથમ આવવાથી કે વિક્રમ નોંધાવવાથી હવે કોઈ ગૌરવ મળવાનું નથી.

હરીફાઈનાં પ્રમાણપત્રો મળશે, પણ એવી હરીફાઈનાં પ્રમાણપત્રોની કોઈ કિંમત હશે ખરી ?

ના.

સાચો આગ્રહ તો ઊલટો જ છે. પાંચસો મીટર એટલે પાંચસો મીટર. પૂરા ને સાચા. માપેલા ને નોંધેલા. બધાને માટે ને હંમેશની જેમ. પછી દોડવાની શક્તિ હોય તો આવો ને હરીફાઈમાં ઊતરો. અને ન હોય તો ઘેર જઈને બેસો. તમારે માટે બીજાં ક્ષેત્ર હશે. બીજાં કામ હશે. દોડવાનું કામ તમારું નથી. હા. અને કદાચ ભણવાનું કામ તમારું નથી અથવા એ વિષય ભણવાનું કામ તમારું નથી. ને એમ હોય તો ડાહ્યા થઈને દુરાગ્રહ છોડો અને બીજું કોઈ કામ કરો કે બીજો કોઈ વિષય પસંદ કરો. પણ તમને પણ જેમતેમ કરીને ને ધોરણો સાચાં કે ખોટાં રાખીને ભણવાની ને એમાં વળી એ જ વિષય ભણવાની સગવડ મળવી જોઈએ એ ખોટી જીદ રાખશો તો તમારું તો બગડશે જ, અને જે બીજા વિદ્યાર્થીઓ સાચાં ધોરણો રાખીને ને ખરી તાલીમ પામીને સારી રીતે તૈયાર થઈ શક્યા હોત એમનું ધોરણ પણ કથળી જશે.

દોડવાની એ હરીફાઈનાં પ્રમાણપત્રોની કોઈ કિંમત રહેશે નહિ.

અને ભણવાની એ પરીક્ષાનાં પ્રમાણપત્રોની પણ કોઈ કિંમત રહેશે નહિ.

*

પણ બીજી અમુક યુનિવર્સિટીમાં એ સગવડ છે, માટે આપણે ત્યાં પણ હોવી જોઈએ એ દલીલ સંભળાય છે. ત્યાં નાપાસ થવાની સગવડ છે. એટલે કે નાપાસ થવાય તોય બીજી પરીક્ષામાં સુખેથી બેસી શકાય એ લોકસંગ્રહ અર્થે કરેલી મંગળ સુવિધા છે !

હા. બીજી યુનિવર્સિટીમાં એ સગવડ હશે. અને ત્રીજી યુનિવર્સિટીમાં એવી બીજી કોઈ સગવડ હશે. એ પણ આપણે ત્યાં લાવીએ. એમ કરી કરીને દેશની (અને દેશની તો શું, આખી દુનિયાની કેમ નહિ ?) બધી યુનિવર્સિટીઓમાં જે-જે નબળાં પાસાં હોય–એટલે કે ઉદાર પાસાં હોય–એ આપણે ત્યાં લાવીએ. જેમાં વર્ગોમાં હાજરી ફરજિયાત ન હોય એવી કોઈ યુનિવર્સિટી દુનિયામાં હશે, અરે, જેમાં વર્ગો જ ન હોય અથવા પરીક્ષા ન હોય અથવા વયમર્યાદા ન હોય અથવા મૅટ્રિકમાં પાસ થવાની જરૂર ન હોય એવી યુનિવર્સિટીઓ દુનિયામાં તો નીકળશે જ. તો દુનિયાનો આખો કચરો ભેગો કરીને આપણે બત્રીસ અપલક્ષણવાળી યુનિવર્સિટી ઊભી કરીએ અને એના સ્નાતકો બનવાનો ગર્વ લઈએ. એમ ને ?

સગવડ કરી આપો.

શાની સગવડ ?

નીચે જવાની, પડી જવાની, હારી જવાની સગવડ ?

એક સારા શબ્દની પાસેથી અવળું કામ લીધું. સગવડ઼ તો ઊંચે જવા માટે હોય, નીચે પડવા માટે નહિ. સગવડમાં એકેનો સ્વાર્થ ન હોય, ઘણાનો સાચો લાભ હોય. સગવડમાં પ્રગતિ હોય, પીછેહઠ નહિ. સગવડ મહેનતમાં ને પુરુષાર્થમાં ને પડકારમાં છે, આળસમાં ને ઢીલાશમાં ને પડતીમાં નહિ. એ જાતની 'સગવડ' માગવાથી ભાષાનો અપરાધ થાય અને મન તો માનભંગ અનુભવે.

વર્ષો સુધી પર્વતારોહીઓ ઍવરેસ્ટનો પડકાર હતો. હજીય છે. પણ તેઓ એવી પ્રાર્થના નથી કરતા કે, 'હે ગિરિરાજ, જરા નીચે આવો, થોડું નમી જાઓ. ઉપર જવાની સગવડ કરી આપો જેથી અમે આરામથી ચડી શકીએ.'

ના. ઍવરેસ્ટ નમશે નહિ, નીચે આવશે નહિ, એની ઊંચાઈ એક તસુ પણ ઓછી થશે નહિ. અને તેથી જ એના ઉપર ચડવામાં ગૌરવ છે. પર્વતખેડુઓ એ જાણે છે, સમજે છે, ને વધાવે છે. ગિરિરાજની એ ભવ્ય ને ચોક્કસ ને નક્કી ઊંચાઈ છે એટલા માટે જ તે સર કરવા

તેઓ કમર કસે છે. એ ઊંચાઈ જો મરજી પ્રમાણે ઓછી થતી હોત, ચડનારાઓની સગવડની ખાતર અર્ધી થતી હોત તો કોઈ એના ઉપર ચડવાની તસ્દી ન લેત.

યુવાનોનું એ લક્ષણ છે, એ વલણ છે. અઘરું કામ જોઈએ, ઊંચું જોઈએ, આદર્શ જોઈએ. સમાજમાં ને જીવનમાં, સાહસમાં ને રણમેદાનમાં યુવાનોનો એ આગ્રહ છે, એ ધૂન છે.

તો અભ્યાસમાં કેમ નહિ ? પરીક્ષામાં કેમ નહિ ? કૉલેજ–યુનિવર્સિટીમાં કેમ નહિ ?

બીજે બધે ઊંચાં ધોરણો માગે છે, તો પોતાની તાલીમમાં ને ઘડતરમાં ને ભણતરમાં કેમ નહિ ?

વિદ્યાર્થીઓની એ માગણીઓ આવે છે. અભ્યાસમાં રાહતની, છૂટછાટની, બાંધછોડની માગણીઓ આવે છે.

દુઃખ સાથે સાંભળીએ છીએ. ખેદ સાથે સાંભળીએ છીએ.

શું એ સાચી માગણીઓ છે ?

સાચા વિદ્યાર્થીઓની માગણીઓ છે ?

સાચા યુવાનોની માગણીઓ છે ?

કૂવાનું પાણી

"કૂવાનું પાણી કૂવામાં જ રહે છે. તળાવ-સરોવરનું પાણી તળાવ-સરોવરમાં ગુપચુપ પડ્યું રહે છે. પણ ગિરિશિખર પરનું પાણી ગિરિશિખર પર ટકતું નથી. મેઘનું પાણી વાદળાંનું બંધન માનતું નથી."

ટાગોરનો એ વિચાર છે. અને ઘણા યુવાનોનું એ સચોટ વર્ણન છે. કૂવાનું પાણી. પુષ્કળ ને નિર્મળ. ખુલ્લું ને તૈયાર. પણ કૂવામાં રહે છે. શાંત ને વ્યર્થ. ઊંડું ને દૂર. પોતાની મેળે બહાર આવતું નથી. પોતાના બળથી ખેતર ઉપર પડતું નથી. નિષ્ક્રિય છે, બેઠું છે, નકામું છે. પોતાની મેળે એ કોઈની તરસ છિપાવતું નથી, કોઈનો પાક ઉગાડતું નથી. કોઈ કામ કરાવે તો જ કરે, કોઈ કાઢે તો જ બહાર આવે. ખેડૂત આવીને, કોસ જોડીને તે ઉતારે ને ખેંચે તો પાણી આવે, અને એમાંથી ઢોર પીએ અને સિંચન થાય. પાણી જરૂર આવે – પણ કોઈ કાઢે તો. કામ જરૂર થાય – પણ કોઈ કરાવે તો.

કૂવાનું પાણી. યુવાનની શક્તિ. ઘણી છે, પણ વપરાતી નથી. ભરેલી છે, પણ ભરેલી જ રહે છે. બહાર આવતી નથી, લોકોની તરસ છિપાવતી નથી. સમાજનાં ખેતરોને ફળદ્રુપ બનાવતી નથી. રાહ જુએ છે. આળસ કરે છે. બીજા એને દોરે તો દોરાય, રસ્તો બતાવે તો ચાલે; પણ પોતાની મેળે એ બહાર આવતો નથી, રસ્તો કાઢતો નથી. કૂવો ઊંડો છે. પાણી ઘણું છે. પણ ધરતી સુકાયેલી છે. માનવીઓનાં ગળાં શોષાયેલાં છે – ને શોષાયેલાં રહે છે.

ખરું પાણી ગિરિશિખરનું છે, મેઘનું છે, વરસાદનું છે. એ પોતાની મેળે ઊતરશે ને પડશે. કોઈ ન બોલાવે તોય આવશે, કોઈ ન માગે તોય મળશે, આગળ વધશે, ધરતીને હરિયાળી બનાવશે, માનવીના દેહને સ્વસ્થ ને પવિત્ર ને સ્ફૂર્તિમય રાખશે.

વરસાદનું પાણી-નદીનું પાણી. વેગ, ગતિ, હુમલો. પહેલ કરવાની શક્તિ, રસ્તો કાઢવાની ધગશ, સાહસ ખેડવાનું શૌર્ય. એમાં નેતૃત્વ છે ને એમાં યુવાની છે. પણ ઘણા યુવાનોમાં એ યુવાનીનો અભાવ જ છે. એમને કોઈ કહે તો એ કરે, પરીક્ષા આવે તો વાંચે, ફરજ પડે તો તૈયાર થાય. ફરજ પડે તો જ. પરીક્ષા આવે તો જ. કોઈ બતાવે, કરાવે, બેસાડે તો જ. અને તેટલું જ. વધારે નહિ. બહારનું નહિ. નવું કંઈ નહિ.

*

ગણિતનો વર્ગ ચાલતો હતો. શિક્ષકે કહ્યું : "આ પ્રમેય હું હવે ભણાવવાનો છુ.ં એ એમ તો કોર્સમાં નથી. પણ સરળ છે, મજાનું અને પ્રખ્યાત છે. એટલે બતાવું જ છું." શિક્ષકને એમ હતું કે આમાં સારો એવો રસ પડે એમ છે. અને બાંધેલા કોર્સ સિવાય બીજું કંઈ વધારાનું વિનામૂલ્યે આપું તો છોકરાઓને ગમશે. પણ શિક્ષકની ધારણા ખોટી પડી. વિદ્યાર્થીઓ પાસેથી ઉત્સાહ નહિ– વિરોધ મળ્યો. એણે નવા ને કોર્સ બહારના પ્રમેયની જાહેરાત કરી કે તરત વર્ગમાં રીતસરનો બળવો ઊઠ્યો : "નથી જોઈતું, નથી જોઈતું ! કોર્સમાં નથી, માટે જોઈતું નથી. એ ન કરાવો, સાહેબ !"

અને છોકરાઓએ નોટબુક બંધ કરી અને પેન-પેન્સિલ મૂકી દીધાં. શિક્ષક તો અવાક્ થઈ ગયા. એ ઉપકાર કરવા ગયા હતા ને એમાં ફરિયાદ મળી. મફત આપે તોય ન લે. પ્રમેય રસપ્રદ હતું, ઉપયોગી હતું – તોય એ લોકોને ખપતું નહોતું. બસ, કોર્સમાં છે એટલું ભણાવો, પરીક્ષા માટે આવે એટલું જ ગોખાવો. એ સિદ્ધાંત થયો. અને એ પણ યુવાન લોકોના મોંએથી, હોશિયાર વિદ્યાર્થીઓની પાસેથી !

કોર્સમાં નથી એટલે જોઈતું નથી. ફરજિયાત નથી એટલે કરવું નથી. સારું હોય, સાચું હોય, રસ પડે એમ હોય, કામ લાગે એમ હોય – તોય કરવું નથી. કોર્સમાં નથી એટલે ચીલામાં

નથી એટલે ઘરેડમાં નથી. કૂવાનું પાણી. અભ્યાસક્રમનો વિદ્યાર્થી. કોર્સનું શિક્ષણ.

કોર્સ પૂરો થશે ત્યારે એ વિદ્યાર્થીઓ શું કરશે ? સ્કૂલ-કૉલેજનો કાળ પૂરો થશે ત્યારે એ યુવાનો શું કરશે ?

જીવનમાં બહાર આવશે ને સંસારમાં પડશે ને ધંધો કરશે ને મોટા થશે ત્યારે શું, એ પણ પૂછશે કે, "આ કોર્સમાં છે કે નહિ ?" એ પણ કહેતા રહેશે કે, "કોર્સમાં હોય એટલું જ બતાવો, પરીક્ષામાં આવે એટલું જ કરવા દો ?" યુવાનીનો જુસ્સો હતો ત્યારે કોર્સના બંધનમાં રહ્યા, તો આધેડ વયની મંદી આવશે ત્યારે શું બંધન તોડશે ?

કોર્સમાં હોય એટલું જ કરવાનું. બંધન હોય એટલું જ સ્વીકારવાનું. પણ કંઈ નવું નહિ, જુદું નહિ, મૌલિક નહિ. એ વલણ અત્યારથી બંધાય અને કાયમ સુધી રહે. એ રોગ અત્યારે લાગે અને જીવનપર્યંત રહે. વ્યક્તિત્વનો રોગ. અંતરનો દોષ. મિજાજની માંદગી. સૂરજનું તેજ ઝાંખું પડે તો એને ફરીથી પ્રકાશમય બનાવીશું શી રીતે ?

*

મોત્સાર્ટ કરીને મહાન સંગીતકાર બન્યા હતા. નાનપણમાં પણ એમણે પોતાની અજોડ પ્રતિભાની પ્રતીતિ સૌને કરાવી હતી અને આગળ જતાં પોતાના યુગના સૌથી મહાન સંગીતકાર બન્યા હતા. એક વાર એક યુવાને એમને પૂછ્યું : "આપ મારા જેવા નાના હતા ત્યારે મહાન બની ચૂક્યા હતા. તો એ માટે તે વખતે આપે શું-શું કર્યું હતું ?" અને મહાન સંગીતકારે એમને જવાબ આપ્યો, "હું કોઈને પૂછવા તો ગયો નહોતો કે મહાન થવા માટે મારે શું કરવું."

એ પ્રશ્ન શું કોઈને પુછાય ? પુછાય તો કોઈ કામ લાગે ? એ પ્રશ્ન તો દિલને જ પુછાય, અને દિલનો જવાબ લઈને મેદાને પડાય. ને દિલનો જવાબ ન હોય તો ઘેર બેસી રહેવાય. મહાન થવાની રીત કોઈની પાસેથી ન શિખાય. એનો અભ્યાસક્રમ નથી. એ પ્રશ્ન પણ "કોર્સમાં નથી." મહાન થવાની ધગશ ને સૂઝ ને ધૂન ને પ્રતિભા તો હૃદયમાંથી જ બહાર આવે – બહારથી નહિ. પૂછવાની વાત નહિ – કરવાની જ છે. કોઈને પૂછવા ગયા એટલે હાર કબૂલ કરી. મહાન થવાનો રસ્તો પૂછ્યો એટલે પોતાનામાં મહાન થવાનું બીજ પણ નથી એની જાહેરાત કરી. પૂછવાનું નહિ, ઊપડવાનું જ છે. તપાસ કરવાની નહિ, સાહસ કરવાનું છે.

નેતૃત્વનો ગુણ ઉત્સાહ માગી લે છે. માણસોને દોરવા માટે એ જુસ્સો ને એ આત્મશ્રદ્ધા જોઈએ છે. એ ગુણ યુવાન માણસના દિલમાં છે, પણ એને ઓળખવો જોઈએ, પોષવો જોઈએ. વિકસાવવો જોઈએ. બધું એને બતાવે, સમજાવે તૈયાર કરી આપે એની જો એ રાહ જુએ તો દિલનો એ ગુણ ખીલશે નહિ અને ભાવિનો નેતા પાકશે નહિ. બધું તૈયાર કરી આપે એમાં ભારે સગવડ છે. અને તેથી ભારે લાલચ પણ છે. એ લાલચ નકારીને યુવાન માણસ પોતાની મેળે વિચાર કરશે ને મહેનત કરશે ને સાહસ કરશે તો જ સમાજ ઉપર એની કલ્યાણકારી છાપ પડશે.

*

સિકંદર બાદશાહના પિતા પરાક્રમી રાજા ફિલિપ હતા. સિકંદરની નાની ઉંમરે ફિલિપે યુરોપ-એશિયાના ઘણા દેશો ઉપર ચડાઈ કરીને સર કરી લીધા હતા. તેઓ વિજયવંત થઈને પાછા આવ્યા ત્યારે આખા રાજ્યમાં આનંદોત્સવ થયો, પણ દિગ્વિજયના સમાચાર સાંભળીને નાના સિકંદર તો રાજમહેલમાં રડી પડ્યા. કોઈએ એમને ઠપકો આપીને પૂછ્યું, "આમ કેમ રડે છે ? તારા બાપ હમણાં આખી દુનિયા જીતીને આવ્યા છે. એટલે તારે હરખાવું જોઈએ ને !" પણ નાના સિકંદરે અંતરના જુસ્સાની સાથે જવાબ આપ્યો : "મારા બાપ આખી દુનિયા જીતી જાય તો મારે માટે જીતવાનું શું રહેશે ?"

ભાવિ શહેનશાહનો એ જવાબ હતો. પ્રભાવશાળી નેતાનો એ પ્રાદુર્ભાવ હતો. એ

જવાબમાં ઇતિહાસ હતો, એ જુસ્સામાં સિકંદરનું આખું જીવનચરિત્ર આવતું. અને વિચાર તો આવે છે કે જો સિકંદરની જગ્યા પર આજનો કોઈ આધુનિક યુવાન હોત, અને એને સમાચાર આપ્યા હોત કે એના પિતા દિગ્વિજય કરીને આવે છે તો એ જરૂર ખુશ થયો હોત અને બોલ્યો હોત : ''હાશ ! પિતાજી આખી દુનિયા જીતીને આવે છે એ ઘણું સારું થયું. હવે આપણને તો આરામ ! નિરાંતે ગાદીએ બેસવાનું ને સુખેથી આખી જિંદગી લહેર કરવાની. ખરેખર ઘણું સારું થયું.''

ગાદીએ બેસવાનું. આરામ, નિરાંત, લહેર. આળસ, જડતા, નિષ્ક્રિયતા. એ રીતે રાજા ન થવાય. એ રીતે માણસ જ ન થવાય. અને એ રીતે દુનિયા ન જિતાય.

ને દુનિયા તો હજી જીતવાની છે. સિકંદરો ઘણા થયા ને ફિલિપ રાજાઓ ઘણા થયા ને નેતાઓ ઘણા થયા ને પયગંબરો ઘણા થયા, પણ દુનિયા હજી જીતવાની છે. હજી પરાક્રમો માટે અવકાશ છે, હજી પ્રભાવશાળી નેતાઓની આવશ્યકતા છે, હજી યુવાનોના જુસ્સાની જરૂર છે.

આપણી પાસે ઘણી શક્તિ છે. આપણા યુવાનોમાં બુદ્ધિ છે, સૂઝ છે, મહત્ત્વાકાંક્ષા છે. કંઈ કરવાની ઇચ્છા છે, ને ઘણું કરવાની તાકાત છે. હા, શક્તિ છે. પાણી છે. પણ પાણી કૂવામાં છે. બહાર આવતું નથી, વહેતું નથી. કૂવાનું પાણી. બાંધેલી શક્તિ. વેડફાયેલું યૌવન.

*

''કૂવાનું પાણી કૂવામાં જ રહે છે; તળાવ-સરોવરનું પાણી તળાવ-સરોવરમાં જ ગુપચુપ પડ્યું રહે છે. પણ ગિરિશિખર પરનું પાણી ગિરિશિખર પર ટકતું નથી. મેઘનું પાણી વાદળાંનું બંધન માનતું નથી.'' કૂવાઓ ઘણા ખોદાયા. તળાવ-સરોવરો ઘણાં થયાં. હવે ગિરિશિખર આવે, મેઘ આવે, વરસાદ પડે, નદી વહે – એટલે કે જીવનમાં પહેલ આવે, વેગ આવે, જુસ્સો આવે, જાગૃતિ આવે, એ આ કૃશ, સૂકા, તપ્ત સમાજ માટે જરૂરી છે.

આઈ.એમ.પી.

“અમારી સ્કૂલમાં ફક્ત આઈ. એમ. પી. ભણાવે છે.” મારું ઘોર અજ્ઞાન કબૂલ કરીને મારે પૂછવું પડ્યું “આઈ. એમ. પી. એટલે શું ?” અને નાના છોકરાએ સમજાવ્યું, “આઈ. એમ. પી. એટલે ઇમ્પોર્ટન્ટ.” – “હા, અને ઇમ્પોર્ટન્ટ એટલે અગત્યનું. તો અગત્યનું શાને માટે ?” – “પરીક્ષાને માટે.” બસ. હવે સમજાયું. એ સ્કૂલ કેવી હતી અને એ કેળવણી કેવી હતી, અને એ છોકરાને મળેલું જીવનદર્શન કેવું હતું એ સમજાયું. ત્રણ અંગ્રેજી અક્ષરોમાં સમાયેલું હતું. સંકુચિત વિશ્વ હતું. પાંગળું શિક્ષણ હતું.

પરીક્ષામાં આટલો કોર્સ છે. કોર્સમાંથી આટલું પુછાય. પુછાય તે આવી જ રીતે પુછાય. માટે આટલું જ ને આવી જ રીતે ને આ જ ક્રમમાં શીખવાનું, ગોખવાનું, લખવાનું. આટલું જ પુછાય તો આટલું જ તૈયાર કરીએ ને ! કિંમત કરતાં વધારે પૈસા આપે એ ઘરાક મૂર્ખ કહેવાય. પરીક્ષા કરતાં વધારે કોર્સ વાંચે એ વિદ્યાર્થી બેવકૂફ કહેવાય. ઓછી કિંમતે વધારે માલ લાવે એ ઘરાક સાચો. ઓછી મહેનતે વધારે માર્ક લાવે એ વિદ્યાર્થી સાચો. ઓછો અભ્યાસ કરીને પણ સરખું પરિણામ મળે. પછી વધુ અભ્યાસ શું કામ કરીએ ? અમૂલ્ય માનવશક્તિનો દુર્વ્યય થાય ને ? ખરી ફિલસૂફી છે !

*

અગત્યનું છે. પણ બીજું પણ અગત્યનું છે એ કદાચ ધ્યાન બહાર રહી ગયું હોય. એટલે કે છોકરો મહેનત કરતાં શીખે, પુરુષાર્થ કરવાની જરૂર સમજે, પોતાનામાં છે એ પછી શક્તિ વાપરવાની ટેવ પાડે એ પણ અગત્યનું છે. અરે, પરીક્ષા કરતાં ઘણું અગત્યનું છે. નિયમિતતા, પરિશ્રમ, અભ્યાસ, સમયનો સદુપયોગ અને શક્તિનું પૂરું વળતર. નાનપણથી એ શીખવું જોઈએ, તાલીમ લેવી જોઈએ, ટેવ પાડવી જોઈએ. એ જ અગત્યનું છે, એને જ આઈ. એમ. પી. કહેવાય. છોકરો મહેનતુ થાય, નિયમિત થાય, વધુમાં વધુ કામ કરતો થાય એ જ અગત્યનું છે. એ જો આળસુ બનશે, અનિયમિત બનશે, ઓછામાં ઓછું કામ કરતો થશે. પરીક્ષા માટે ફક્ત આઈ. એમ. પી. તૈયાર કરતો થશે તો એની કેળવણી નુકસાનકારક નીવડી કહેવાશે. આજે છોકરો શું વાંચે એ મહત્ત્વનું નથી, પણ બરાબર વાંચે એ મહત્ત્વનું છે. આજે એને શું આવડ્યું એ ખાસ જોવાનું નહિ, પણ કેટલી મહેનત કરી એ જ જોવાનું છે. શીખેલું તો ભુલાઈ જશે, જૂનું થશે, નકામું પડશે, પણ શીખવાની ટેવ ને તાલીમ ને પ્રક્રિયા રહેશે, અને એ જ જીવનમાં કામ લાગશે.

*

અગત્યનું છે. છોકરો શીખતાં શીખે એ જ અગત્યનું છે. એટલે કે કેમ શીખવું જોઈએ અને કેમ મહેનત કરવી જોઈએ એ શીખે એ જ અગત્યનું છે. ખોટી રીતે ને ઓછી મહેનતે પરીક્ષામાં પાસ થતાં શીખે એ અગત્યનું નથી – અરે ઇષ્ટ પણ નથી. પરીક્ષાનો કોર્સ હતો એ આઈ. એમ. પી.ની યુક્તિથી અર્ધો કરી નાખ્યો. એટલે છેતરવાની રીત બતાવી. પૂરું કરવાને બદલે અર્ધાથી પતાવી દેવાની ટેવ પાડી. આ તો એક મામૂલી પરીક્ષા હતી. પણ આજે આમ કરવાની ટેવ પડે પછી આગળ ઉપર ખરી પરીક્ષાઓ આવશે અને ખરી કસોટીઓ આવશે એમાં પણ અર્ધેથી પતાવી દેવાની વૃત્તિ થશે. જીવનમાં પ્રામાણિકતા જોઈએ. ચારિય જોઈએ. હા, પણ એમાં પણ હવે આઈ. એમ. પી. કરીને ચલાવીએ તો ? એટલે કે ચારિય વિશે દુનિયામાં શું પુછાય, શું જોવાય, શી ‘અગત્યની’ વાતો છે, શું લોકોના ધ્યાનમાં આવવાનો સંભવ છે – એટલું જ જોવાનું ને એટલું જ તૈયાર કરવાનું. આખો કોર્સ નહિ. પૂરું ચારિય નહિ. ભગવાનનો અભ્યાસક્રમ નહિ. ફક્ત આઈ. એમ. પી. : થોડાક નિયમો, થોડો શિષ્ટાચાર, થોડો

દેખાવ. ફક્ત ટૂંકો રસ્તો અને અધૂરો પ્રયત્ન. પાસ થવા જેટલું. પ્રમાણપત્ર લાવવા જેટલું. પણ સાચો કોર્સ નહિ, સાચું જ્ઞાન નહિ – એટલે કે સાચું ચારિય નહિ, સાચું જીવન નહિ. એ વૃત્તિ હતી એટલે એ રીત ચાલી; એ ટેવ હતી એટલે એ ઢીલાશ આવી. પરીક્ષામાં આઈ. એમ. પી., ચારયમાં આઈ. એમ. પી., જીવનમાં આઈ. એમ. પી. કદી પૂરો હિસાબ નહિ ને પૂરો પ્રયત્ન નહિ ને પૂરો પુરુષાર્થ નહિ. પછી પૂરું પરિણામ પણ ન આવે એમાં શી નવાઈ ?

*

અગત્યનું છે, હા, એ પણ અગત્યનું છે કે છોકરો શિસ્ત શીખે, સચ્ચાઈ શીખે, પ્રામાણિકતા શીખે. જો એ હવે સ્કૂલમાં શિક્ષકને હાથે જ છેતરશપડી શીખે, હલકાઈ શીખે, તો આગળ ઉપર કેમ ચોકસાઈ રાખશે, કેમ સત્ય પાળશે ? સ્કૂલમાં શીખવવાની બે રીત હોય છે : એક પાઠ દ્વારા, અને બીજી વર્તન દ્વારા. પાઠમાં સચ્ચાઈની વાત આવે છે. એ બરાબર સમજાવવામાં આવે. ભાર મૂકીને અને ઉદાહરણ ટાંકીને એનું મહત્ત્વ છોકરાઓના મન ઉપર ઠસાવવામાં આવે. પૂરું કામ અને પૂરું મન. શ્રેષ્ઠતાનો આગ્રહ અને ચોકસાઈનું વ્રત. પુરુષાર્થ અને પ્રામાણિકતા. એ આદર્શ છે અને એ ઉપદેશ છે. પણ ઉપદેશ જ છે, કારણ કે એ જ સ્કૂલમાં પરીક્ષાની વાત આવે અને એની તૈયારી કરાવે ત્યારે એ જ શિક્ષણ ચોકસાઈ અને શ્રેષ્ઠતાની વાત બાજુ પર મૂકીને કોર્સ ટૂંકાવીને ફક્ત આઈ. એમ. પી. કરાવીને સંતોષ માને – અને મનાવે. તો કદાચ પાઠ્યપુસ્તકમાંના જે પાઠમાં પેલી શ્રેષ્ઠતા અને ચોકસાઈની વાતો આવે એ પાઠ આઈ. એમ. પી.ની અંદર લે અને બરાબર ભણાવે. પણ વર્ગમાં જે વાત ભણાવે છે એ વર્ગમાં જ નકારી રહ્યા છે, કારણ કે જીવનમાં જે ચોકસાઈ અને પ્રામાણિકતા રાખવાની વાતો કરે છે એ પરીક્ષાની તૈયારીની બાબતમાં પોતે ફગાવી દીધી છે. ‘અગત્યના’ પાઠ શીખવતાં સૌથી અગત્યની વાત રહી ગઈ છે. આઈ. એમ. પી.ની પદ્ધતિમાં ખરા આઈ. એમ. પી.નો નાશ થયો છે. વિધાના મંદિરમાં વિધાનું ખૂન થયું છે.

*

“મારી સ્કૂલમાં ફક્ત આઈ. એમ. પી. ભણાવે છે.” તો જેમ જલદી સ્કૂલ બદલો તેમ સારું.

કંઈ વાંધો નથી !

કૉલેજમાં અમુક કાર્યક્રમની તૈયારી હતી. અને એની જવાબદારી વિદ્યાર્થીઓને માથે હતી. કોને કોને બોલાવવા, કોને કેટલા પાસ આપવા, અને કોને ક્યાં બેસાડવા એની ગડમથલ ચાલતી હતી. સમાજના નિયમો છે ને રૂઢિ છે ને પ્રતિષ્ઠા છે, અને સૌનું માન સાચવીને સૌનું કામ કરવું જોઈએ એનું ભાન એ વિદ્યાર્થીઓને હતું અને એ પ્રમાણે આમંત્રણો મોકલવાનું અને બેઠકોનો ક્રમ ગોઠવવાનું કામ તેઓ બનતી કાળજીથી કરતા હતા. ભૂલેચૂકે કોઈ રહી જાય, અથવા મોટા માણસને પાછળ અને નાના માણસને આગળ બેસાડવામાં આવે તો કટોકટી સર્જાય એની ખાતરી હતી એટલે પૂરું ધ્યાન આપીને કામ કરતા હતા.

પણ પૂરું ધ્યાન છતાં કોઈ ભૂલ્યો ને કોઈ ચૂક્યો, ને પરિણામે બોલાવવાના હતા એ બધાને તો બોલાવ્યા, પણ એમાં એક સહેજ મોટો માણસ હતો એને પાછળની બેઠક આપી ને એક સહેજ નાનો માણસ હતો એને આગળની બેઠક આપી – અને કટોકટી સર્જાઈ. એમ તો મોટો માણસ આટલો મોટો પણ નહોતો, અને નાનો માણસ આટલો નાનો પણ નહોતો, પ્રોફેસર ને લેક્ચરર જેટલો ફેર હતો, એટલે કે આખરે એકને સહેજ વધારે પગાર મળતો હતો એની મોટાઈ હતી. પણ ફેર ઓછો હતો એટલા માટે જ એ સ્પષ્ટ રાખવાનો આગ્રહ હતો. જો ખરેખર સાચો ફેર હોત, મોટું અંતર હોત, પગારની નહિ પણ વ્યક્તિત્વની ને ચારિયની ને માનવતાની મોટાઈ હોત તો બહારના ભેદ રાખવાની જરૂર ન હોત, અને ગમે તે બેઠક લેવાની તૈયારી હોત. સાચી મોટાઈ આપોઆપ જણાય છે અને બહારના અવલંબન ઉપર આધાર રાખતી નથી. પણ ફક્ત પગારની, સિનિયોરિટીની કે નામની મોટાઈ હોય તો એની જાહેરાત કરવા જુદાં કપડાં જોઈએ ને જુદું સંબોધન જોઈએ. ને કૉલેજના નાટકમાં આગળની બેઠક જોઈએ.

ને એ પ્રોફેસરને તો પાછલી બેઠક મળી હતી. અને ઘેર ટિકિટ આવી ત્યારે એનો નંબર જોઈને એને વહેમ થયો અને બીજા પ્રોફેસરને પૂછીને ક્રમ મેળવી લીધો અને ખાતરી કરી. અને ખાતરી થઈ કે તરત કૉલેજમાં જઈને એ કાર્યક્રમની વ્યવસ્થા કરનાર વિદ્યાર્થીઓની આગળ ફરિયાદ કરી. ટિકિટ પાછી આપી અને સાચા નંબરની ટિકિટની માગણી કરી. વિદ્યાર્થીઓએ તપાસ કરી. વાત સાચી નીકળી. પણ સાચા નંબરની ટિકિટ બીજાને અપાઈ ચૂકી હતી. ઘેર-ઘેર જઈને બધી ટિકિટોની વહેંચણી થઈ હતી, અને હવે કશું થઈ શકે એમ નહોતું એટલે એમણે નક્કી કર્યું કે પ્રોફેસરને સાચી હકીકત જણાવીશું ને ભૂલ માટે માફી માગીશું અને અગવડ નિભાવી લેવા વિનંતી કરીશું. સાચા યુવાનો હતા, સાચા દિલથી કામ કર્યું હતું, એટલે સામેથી પણ અણીને વખતે સાચો સહકાર મળશે એવો વિશ્વાસ હતો.

પણ સહકાર ન મળ્યો. દુરાગ્રહ મળ્યો. મારે તો મારી જ જગ્યા જોઈએ, અને એ ન મળે તો બીજી કોઈ ન સ્વીકારું. અને આખી ગેઠવણ બદલવી પડે તો બદલી નાખો પણ મને મારી જ જગ્યા આપો, ને નહિ તો હું ઝઘડો કરીશ ને ન્યાય માગીશ ને ઠેઠ સુધી જઈશ. અને ખુલાસામાં તો એક જ કારણ આપ્યું : મારું અપમાન થયું છે, અને અપમાન હું સહન ન કરી શકું, સહન કરવા તૈયાર પણ થઈ શકું એમ નથી.

*

અપમાન ?

એ છોકરાઓના મનમાં તો અપમાનનો લેશમાત્ર ઇરાદો નહોતો. ભૂલ થઈ હતી, નજરચૂક થઈ હતી એટલું જ. અપમાન તો પ્રોફેસરના મનમાં જ હતું. તે એ અપમાન તરીકે લે તો અપમાન બને. તે ફરિયાદ કરે, ઝઘડો કરે, બધાની આગળ બોલે કે એ લોકોએ મને

જાણીજોઈને પાછળ બેસાડ્યો છે અને મારી જગ્યા ઊતરતા માણસને આપી છે એટલે મારું અપમાન કર્યું છે ને અન્યાય કર્યો છે – તો જરૂર એનું અપમાન સિદ્ધિ થશે ને એની ફજેતી જાહેર થશે. પરંતુ જો એ ખેલદિલી બતાવે, ઉદારતા બતાવે, સાચી હકીકત જાણીને સાચી હકીકત સ્વીકારવાની મોટાઈ બતાવે અને સ્મિત કરીને પાછળની બેઠક લે અને પ્રસન્નતાથી બેસે તો ઊલટું, અપમાન થવાને બદલે એનું માન વધશે ને સૌ એની કદર કરશે. અપમાન માને તો અપમાન થાય, ને વાત ગળી જાય તો માન વધે. ખોટું લગાડે તો ખોટું લાગે, ને સાચું માને તો સાચું પડે. મનની સ્થિતિની વાત છે. પોતાના વલણનું પરિણામ છે. અપમાનની અસર અપમાન કરનાર નહિ પણ અપમાન સહન કરનાર ઉપર જ આધાર રાખે છે. તે માનને પણ અપમાન માને તો અપમાન જ બને, અને અપમાનને ઉડાડી લે તો ઊડી જાય. અપમાન તો બૂઠું હથિયાર છે; જે એનું લક્ષ બને તે એને ધાર આપે તો જ એ વાગે.

પણ એ પ્રોફેસરને તો ખોટું લાગ્યું હતું. અપમાન નહોતું તોય એણે અપમાન જોયું હતું અને ખોટું લગાડ્યું હતું. એ પ્રોફેસર માટે એ વિદ્યાર્થીઓને તો માન હતું, પણ હવે એનો દુરાગ્રહ જોઈને માન ઊતરી ગયું હતું. પોતાની ભૂલ એમણે કબૂલ કરી હતી, માફી માગી હતી, ખુલાસો આપ્યો હતો – પણ પ્રોફેસર એમની વાત સ્વીકારવા તૈયાર ન હતો. એણે ધમકી આપી, મામલો ઊભો કર્યો, અને છેવટે નાટકની બધી બેઠકો માટે જુદી વ્યવસ્થા કરવી પડી. જેને-જેને આમંત્રણ મોકલ્યાં હતાં એ બધાંને ઘેર જઈને ટિકિટો પાછી મંગાવીને ને નવો ક્રમ ગોઠવીને નવી ટિકિટો આપી ને ઝઘડો ટાળ્યો ને પ્રસંગ સાચવ્યો. પણ એ પ્રોફેસરને માટે હવે વિદ્યાર્થીઓનો અભિપ્રાય કાયમ માટે બદલાયો.

*

પ્રોફેસરનું વર્તન અયોગ્ય હતું. પણ શું, એમ નથી લાગતું કે અનેક વખત આપણું વર્તન પણ જાણ્યે-અજાણ્યે એવું બની જાય છે ? જ્યાં ભૂલચૂક છે ત્યાં ઇરાદાપૂર્વકનો અન્યાય જોઈએ છીએ – અને દુઃખથી દુઃખી જ થઈએ છીએ. એટલું જ નહિ પણ એ દુઃખ ખોટું જ છે એ જાણીને, અને આપણે એવું દુઃખ આણવું જોઈતું નહોતું એ સ્વીકારીને વિશેષ દુઃખી ને લાચાર ને નિરાશ થઈએ છીએ.

મેં કોઈ કામ કર્યું. બીજાઓએ પણ બીજાં કામ કર્યાં. પછી વાર્ષિક પ્રસંગ આવ્યો અને સંસ્થાનો અહેવાલ વંચાયો ને પ્રમુખનું ભાષણ થયું. અને એમાં ઘણાનો ઉલ્લેખ થયો ને ઘણાનો આભાર માનવામાં આવ્યો ને ઘણાને કદર થઈ – પણ મારો ઉલ્લેખ ન આવ્યો. ઘણાનાં નામ આવ્યાં, પણ મારું નામ ન આવ્યું. અલબત્ત, ઘણાં નામની વચ્ચે એક નામ રહી જાય, લાંબી યાદીમાં એક વાત ચૂકી જવાય. ખાલી ભૂલ છે, સ્મરણચૂક છે. મને ખાતરી છે કે પ્રમુખે જાણી જોઈને મારું નામ બાકાત રાખ્યું નથી, મને ખોટું લગાડવાનો એમનો લેશમાત્ર ઇરાદો નથી. મને ભાન પણ છે કે મેં પેલું સારું કામ કર્યું હતું ત્યારે એની કદર થાય અને જાહેરમાં મારાં વખાણ થાય એ માટે તો નહોતું કર્યું, પણ મારી ફરજ સમજીને મારા મનના સંતોષ ખાતર કર્યું હતું. અને તોય આજે એની કદર ન થાય, જાહેરમાં એનો ઉલ્લેખ ન થાય, બીજાઓનાં નામ આવે પણ મારું ન આવે એ જેઈને મને દુઃખ થાય છે અને અપમાન લાગે છે અને અન્યાય લાગે છે.

*

અને એ દુઃખ ખોટું છે એ હું જાણું છું, માટે મારે દુઃખી થવું જોઈતું નહોતું એ કબૂલ કરું છું અને એથી વિશેષ દુઃખી થાઉં છું. આવી નાની બાબતમાં મને આટલું ખોટું લાગ્યું એ જો લોકો જાણે તો મને કેટલી શરમ થાય ! ખાલી મારું નામ ન આવ્યું ને હું આટલો દુઃખી થયો એનો ખ્યાલ કોઈને થાય તો હું કેવો ભોંઠો પડી જઈશ ! એ નાનો પ્રસંગ પણ હું ચલાવી ન

શકું, ભૂલી ન શકું એ કેટલી નિર્બળતા છે ! મારે મોટાઈ રાખવી જોઈતી હતી, ઉદારતા બતાવવી જોઈતી હતી, અને એમાં કોઈ અપમાન જોવું જોઈતું નહોતુ,ં કોઈ દુઃખ લાવવું જોઈતું નહોતું. પણ દુઃખ તો થયું, અને દુઃખ ખોટું છે એના ભાવથી દુઃખ હજી વધ્યું. મારું નામ ન આવ્યું એનું દુઃખ છે, અને નામ ન આવ્યાથી દુઃખ થયું એની શરમ છે. મારી કદર ન થઈ એ રંજ છે, અને કદર ન થવાથી રંજ થયો એ વધારાનો રંજ છે. બમણી ઉપાધિ છે. કર્મ અને કર્મનું ફળ છે.

હું જાણું છું કે જો હું પ્રમુખને વાત કરું ને એમનું ધ્યાન દોરું તો એ ભૂલ સુધારશે અને માફી માગશે અને મારું નામ વચ્ચે લાવશે. પણ એ જ પંચાત છે ને ! હું એને વાત કરું તો મારું નામ ન આવવાથી મને ખોટું લાગ્યું છે એ વાત છતી થાય એટલે પાછું મારું સ્વમાન ઘવાય (એટલે કે મારું અભિમાન ઘવાય). મને એ નહિ શોભે. તેથી હું એને વાત નથી કરતો. અને મારી શરમ ને નબળાઈ ને મૂર્ખાઈમાં સમસમતો રહું છું.

*

મારા જીવનમાં કેટલું દુઃખ ખાલી અભિમાનને લીધે જ છે ! સહેજમાં અપમાન જોવાનું, ખોટું લગાડવાનું, આબરૂનું ભૂત વળગી જવાનું. હું કહેતો નથી પણ મનમાં એનો ભાર છે, કોઈને જાણવા દેતો નથી પણ અંતરમાં એ વિકૃતિ છે. અંતરનો રોગ છે. એટલે શ્વાસ ચાલશે ત્યાં સુધી રહેશે એ નિદાન છે. તોય જાગૃતિથી ને પ્રયત્નથી, કંઈક સહજપણે ને કંઈક તાલીમથી જો એ અભિમાનને દબાવી શકાય ને એ અહંકારને નમાવી શકાય તો રાહત મળશે. પ્રસંગ આવે ત્યારે વાત ઉડાડીને ને મોટું દિલ રાખીને ને વિનોદ કરીને મન ઉપર એનો ભાર પડવા ન દઈએ. અહેવાલમાં નામ ન આવે, કે કામની કદર ન થાય, અથવા તો મારા નામ પહેલાં બીજાનું નામ આવે (ને મારી ખુરસીની આગળ કૉલેજના નાટકમાં બીજાની ખુરસી આવે...) તો જરા હસીએ ને હળવું મન રાખીએ ને "કશો વાંધો નથી" એમ કહીએ – અને એમ કહેવા માટે ખરેખર મનને ને દિલને એમાં કશો વાંધો નથી એ સાચો ભાવ લાવીએ.

બસ. "કશો વાંધો નથી." વિવેકનું એ સરળ વાક્ય જીવનમાં કેટલી રાહત, અને દિલમાં કેટલી શાંતિ લાવી શકે !

સ્કૂલમાં ભ્રષ્ટાચાર

નાની છોકરીને રડતી જોઈને દિલ ભાંગી પડે છે. ભલે દુઃખ નાનું હોય, પણ નાના દિલમાં નાનું દુઃખ મોટું થઈ જાય છે અને એને માટે તો શું પણ એ જોનારને માટે પણ એ અસહ્ય બની જાય છે.

મેં સ્મિતાને એટલું જ પૂછ્યું હતું કે નિશાળમાં શો નંબર આવે છે. એણે કહ્યું હતું, 'બીજો.' મેં શાબાશી આપી, પણ એ ખુશ થવાને બદલે અસ્વસ્થ બની, આગળ વાત કહેવા લાગી, અને વાત કહેતાં-કહેતાં એ અટકી ગઈ અને રોઈ પડી. બાકીની વાત આંસુઓ વચ્ચેથી નીકળી અને ટુકડે-ટુકડે સમજાઈ.

*

સ્મિતા પોતાના વર્ગમાં સૌથી હોશિયાર છોકરી હતી. હંમેશ પહેલો નંબર લાવતી. પણ આ વર્ષે સ્કૂલમાં એક નવા શિક્ષક આવ્યા હતા તેની એક દીકરી હતી એ પણ સ્કૂલમાં આવી અને સ્મિતાના વર્ગમાં બેઠી. એ આટલી હોશિયાર નહોતી, પણ શિક્ષકની દીકરી હોવાનો લાભ એ પૂરો ઉઠાવતી અને લાયકાત કરતાં પરીક્ષાઓમાં સારું પરિણામ પણ લાવતી. છેલ્લી પરીક્ષામાં એણે ગણિતનું પેપર જોયું ત્યારે ત્યાં ને ત્યાં એ રોઈ પડી હતી. પેપર એમ તો આવડતું હતું પણ થોડા પ્રશ્નો એને ફાવતા નહોતા એટલે આ વખતે નંબર લાવવાની એની ઇચ્છા હતી એ રહી જશે એના આઘાતથી એ રોઈ પડી હતી. પણ પછી એણે એક યુક્તિ કરી. પેપરના મથાળે દરેક વિદ્યાર્થિનીએ પોતાનો નંબર લખવાનો હતો, નામ નહિ. પણ એણે પોતાનું નામ લખ્યું અને પૂરું લખ્યું જેથી વાંચનારને તરત ખબર પડે કે એ કોની દીકરી છે. એના બાપ તો બીજા વર્ગમાં શિક્ષક હતા, પણ આ ગણિતશિક્ષક પેપરમાં એનું નામ જોશે એટલે તરત સમજી જશે અને ઘટતું કરશે એ ગણતરી હતી. શિક્ષક શિક્ષકનું માન રાખશે ને ! અને આ પેપરમાં એ યુક્તિ કરી હતી એટલે દરેક પેપરમાં કરી. દરેકમાં નામ લખે. શિક્ષકને ખબર પડે. ઉદારતા બતાવે. યોગ્યતા કરતાં વધારે ગુણ મૂકે. દરેકમાં કંઈક ઉમેરો થાય. છેવટે પરિણામ બહાર પડ્યું ત્યારે પેલા ગણિતના પેપરમાં સારા માર્ક હતા એટલું જ નહિ પણ સમગ્ર પરિણામ લઈને તે આ વર્ગમાં પહેલી આવી અને સ્મિતા અત્યારે સુધી હંમેશ પહેલી આવતી હતી, એ બીજી આવી. બીજો નંબર સારો છે એમ સમજીને મેં એને શાબાશી આપી હતી, પણ હંમેશ પહેલે નંબર આવનાર વિદ્યાર્થિની માટે બીજો નંબર ફજેતીરૂપ હતો એટલે એ રડી પડી હતી. દુનિયાના પ્રપંચનો એ છોકરી વહેલો ભોગ બની ગઈ હતી.

પહેલો નંબર ગયો હતો. એટલે એ રડી હતી. પહેલો નંબર તો એક જ છે. એ પહેલો છે, અને બીજા બધા પછી આવે છે. નંબર અગિયારમો હોય કે બારમો હોય તો ફેર ના પડે, પણ પહેલો હોય કે બીજો હોય તો ફેર પડે જ. પહેલો તે પહેલો અને બીજા બધા જુદા. સ્મિતા તો પહેલી જ આવતી એટલે ઘરમાં અને પાડોશમાં બધાં એ જાણતાં હતાં, એની ઓળખાણ પણ એવી રીતે આપતાં, 'એ સ્કૂલમાં પહેલો નંબર લાવે છે. હોશિયાર છે અને મહેનતુ છે' અને એ હંમેશ પહેલો નંબર લાવતી રહે એવી અપેક્ષા પણ રાખતાં. પહેલો નંબર લાવી શકે તો હંમેશ લાવશે ને ! બીજાઓની અપેક્ષા હતી અને તેની પોતાની અપેક્ષા પણ હતી. એક વાર પહેલી એટલે હંમેશાં પહેલી અને સ્કૂલમાં તો એની પાસેથી પહેલો નંબર લઈ શકે એવી બીજી કોઈ છોકરી નહોતી માટે એ અપેક્ષા વાસ્તવિક હતી. એટલા માટે જ એ અપેક્ષા જ્યારે ખોટી પડી ત્યારે સ્મિતાને ભારે આઘાત લાગ્યો. પહેલો નંબર ગયો. એટલે એ રડી પડી.

*

પહેલો નંબર ગયો એનું દુઃખ હતું અને ખોટી રીતે ગયો હતો એનું વિશેષ દુઃખ હતું. જો

બીજી છોકરી વધારે હોશિયાર હોત અને વધારે મહેનત કરી હોત અને સીધી સ્પર્ધામાં અને પ્રામાણિક પરીક્ષામાં પહેલી આવી હોત તો હજી દુ:ખ થાત, પણ બીજા પ્રકારનું દુ:ખ થાત. હોશિયાર છે એટલે આગળ જાય. પહેલી તે પહેલી અને બીજી તે બીજી. ખાતરી થાય એટલે સમાધાન થાય. છેલ્લે હકીકતનો સ્વીકાર થાય અને મનમાં શાંતિ મળે. પણ અહીં તો હકીકત જ જુદી હતી. હોશિયાર તો સ્મિતા હતી, પણ બીજી છોકરી આગળ આવી હતી. પરીક્ષા તો સ્મિતાની સારી ગઈ હતી, પણ પહેલો નંબર બીજીનો આવ્યો હતો. એટલે અહીંયાં મનનું સમાધાન ન થાય અને શાંતિ ન મળે. અભ્યાસનો પ્રશ્ન છે અને અન્યાયનો પ્રશ્ન છે. અભ્યાસમાં પાછળ રહેવાય એ સહન થાય, પણ નર્યા અન્યાયથી એમ થાય તો સહન ન થાય. શું બીજી છોકરી શિક્ષકની દીકરી હતી એટલે પહેલી આવે ? એ લાગવગ છે, ચોરી છે, ભ્રષ્ટાચાર છે. પછી પરીક્ષાનો શો અર્થ અને કેળવણીનો શો અર્થ ? હવે કોઈનો વિશ્વાસ ન કરાય અને કોઈની વાત ન મનાય. આપણે મહેનત કરીએ, અને ઇનામ મળે બીજાને. આપણી પરીક્ષા સારી જાય પણ પહેલે નંબરે બીજું કોઈ આવે. હવે વાંચીએ શા માટે અને મહેનત કરીએ શા માટે ?

સ્મિતાને માટે એ અન્યાયનો ભોગ બનવાનો પહેલો પ્રસંગ હતો. ને એની સામે એનું એક જ શસ્ત્ર હતું : રડવું. આખા પ્રસંગનું એણે વર્ણન કર્યું ત્યારે એ રોઈ પડી. એ રુદનમાં એના જીવનનું એ આખું પ્રકરણ હતું. દુ:ખ, ગુસ્સો, બળવો, લાચારી. ભ્રષ્ટાચાર સામે સમાજમાં દેખાવો થાય, ભાષણો કરાય, દરોડા પડાય, ગાળો દેવાય, એ બધું એ રુદનમાં હતું. સ્મિતા બીજું કંઈ ના બોલી, આમાં શું કરી શકાય અને શું કરવું જોઈએ અને કોણ જવાબદાર છે અને શા ઉપાય છે એવી કોઈ વાતો એણે ના કરી. કરવાથી શો ફાયદો ? પણ એનું રુદન એ બધું કહી દે છે. એમાં સમાજ સામે આરોપ છે. ભ્રષ્ટાચાર સામે રોષ છે.

લોકો ભ્રષ્ટાચારની વાતો કરે છે ત્યારે મોટા પાયા ઉપરના ભ્રષ્ટાચારની વાતો કરે છે. કરોડો રૂપિયા અને લાખોનો નફો, ઊંચે સ્થળે સડો અને ચોંકાવનારાં કૌભાંડો. એની સરખામણીમાં સ્મિતાની વાત સાવ નાની હતી. નિશાળની એક મામૂલી પરીક્ષામાં એક નાની છોકરી પહેલે નંબરે આવવાને બદલે બીજે નંબરે આવે એટલું જ. પણ ભ્રષ્ટાચાર એનો એ જ હતો. અન્યાય એનો એ જ હતો. માત્રા જુદી પણ તત્ત્વ એક જ. ધોરણ જુદું પણ પાપ સરખું. અને તેથી એ નાની છોકરીનું રુદન એને માટે તો શું પણ એ સાંભળનારને માટે પણ અસહ્ય બનતું. એ રુદનમાં વિશ્વવ્યાપી ભ્રષ્ટાચાર માટે પીડાતી જનતાના રુદનના ભણકારા હતા.

વિદ્યાર્થી

તેજસ્વી વિદ્યાર્થી હતો. એની હોંશ હતી અને એની બુદ્ધિ હતી. મારા ગણિતના વર્ગમાં ભણતો. ઉત્સાહથી વાંચતો, અને વર્ગની બહાર પણ મારી સાથે ગણિતની વાતો કરતો. એનું છેલ્લું વર્ષ પૂરું થયું, છેલ્લા અભ્યાસક્રમનો છેલ્લો પાઠ એણે પૂરો કર્યો ત્યારે ભોળી નિખાલસતાથી મારી પાસે આવીને કહ્યું : "હવે આખું ગણિત મને આવડી ગયું, નહિ ? મારા માટે ગણિતનું ભણવાનું કંઈ બાકી રહ્યું નથી, ખરું ને ?"

મને મુક્ત હસવું આવ્યું. એના ઉત્સાહ માટે મને માન થયું. એની નિર્દોષતા માટે પ્રેમ થયો. હું એને પુસ્તકાલયમાં લઈ ગયો. ગણિતના મોટા ગ્રંથો એના હાથમાં મૂકવા લાગ્યો. જેનાં નામ જ એ જાણતો નહોતો એવાં ગાણિતિક વિષયોનાં પુસ્તકો બતાવ્યાં. જેના સંકેત પણ એ વાંચી શકતો નહોતો એવાં પાનાં એની સામે મૂક્યાં. પછી મેં કહ્યું : "ગણિત તમને ઘણું આવડી ગયું એ ખરું, પણ હજી ઘણું વધારે બાકી છે. તમારો અભ્યાસક્રમ પૂરો થયો પણ તે પછી ઘણા અભ્યાસક્રમો છે, અને અભ્યાસક્રમ સિવાય વિશાળ ગણિતજ્ઞાન છે અને રોજ વિકસતું જાય છે. મને પણ ક્યાં પૂરું આવડે છે ! ખરો રસ હોય તો જિંદગી સુધી વાંચતાં રહેવાનું છે, બેટા, ને તોય પૂરું નહિ થાય. આટલું બધું જાણવાનું છે."

એ ગયો. હું એની પાછળ જોતો રહ્યો. ને પછી મારા ઉપર જ મને હસવું આવ્યું, કારણ કે એની ભૂલ પણ મારી હતી. ગણિતમાં નહિ તો જીવનમાં. અભ્યાસમાં નહિ તો સાધનામાં. થોડું જોયું, થોડું અનુભવ્યું. થોડું વાંચ્યું, થોડું જાણ્યું. ને પછી લાગ્યું : બસ, હવે બધું જાણીએ છીએ. અભ્યાસક્રમ પૂરો થયો, જેટલું શીખવાનું છે તેટલું શીખી ગયા. હવે જીવનમાં શું છે એ જાણીએ છીએ, ધર્મમાં શું છે એ જાણીએ છીએ. જોઈ લીધું. વાંચી ગયા. સારું છે પણ આટલું જ છે. આટલી જ અપેક્ષા રખાય. આટલે સુધી અવાય. જીવનમાં ને ધર્મમાં ને સાધનામાં ને ધ્યાનમાં આટલું જ થઈ શકે. અંત જોયો. હદ આવી. અભ્યાસક્રમ પૂરો થયો. ડિગ્રી મળી ગઈ. અમે જાણીએ છીએ ને !

હસવું આવે છે. ક્યાં હદ આવી ! અરે, શરૂઆત જ નહિ ! ધર્મમાં ઘણું વધારે જાણવાનું છે, સાધનામાં ઘણું વધારે અનુભવવાનું છે. ઈશ્વરની કૃપા ઘણી વધારે છે, માનવીની શક્તિ પણ ઘણી વધારે છે. અંત આવ્યો નથી. અભ્યાસક્રમ પૂરો થયો નથી.

હું બધું જાણું છું – એ અભિમાન આવ્યું એટલે પ્રગતિ અટકી ગઈ. હું કંઈક જાણું છું ખરો. થોડું જોયું છે અને અનુભવ્યું છે. ને હવે ઘણું વધારે જોવાનું છે અને અનુભવવાનું છે એટલે ઉત્સાહ લાગે, શ્રદ્ધા બેસે, જીવન આગળ ચાલે, સાધના ચાલુ રહે.

ગણિતનો વિદ્યાર્થી હંમેશાં વિદ્યાર્થી જ છે.

યુવાનોની સાથે દાયકાથી વધુ

કૉલેજમાં પહેલો વર્ગ લેતાં અગિયાર વર્ષ મને પૂરાં થવા આવ્યાં છે. દાયકાથી વધુ. યુવાનોની સાથે. અને એ વિચાર આવતાં મન સહજભાવે અંતર્મુખ બની જાય છે અને સ્મરણો તરફ વળે છે.

રાહ ઘણી જોવી પડી હતી. તૈયારી લાંબી થઈ હતી. પણ છેલ્લે એ દિવસ આવ્યો, એ યુવાનો સામે મળ્યા, એમની આગળ ઊભા થઈને – એમની વચ્ચે જ જઈને – કામ કરવાની તક આવી – અને ત્યારથી એ રોજની કામગીરી બની.

એ પહેલા દિવસો બરાબર યાદ છે. કંઈક ક્ષોભ ને કંઈક ઇંતેજારી. થોડી આનાકાની ને થોડી અધીરાઈ. પણ દિલમાં પહેલેથી જ અકથ્ય પ્રેમની લાગણી. એ યુવાનોને ખ્યાલ ન હોય કે એમને પહેલી વખત જોઈને એમના શિક્ષકના દિલમાં શું ને શું થતું રહે છે.

પહેલા દિવસે વહેલી સવારે હું હૉસ્ટેલના ધાબા ઉપર ગયો હતો. એમ તો રોજ સવારે ઊઠીને જતો, કારણ કે એ બ્રાહ્મમુહૂર્તે, ઠંડા પહોરમાં, અંધારાના મૌનમાં અગાસીના એકાંતમાં ભગવાનની પ્રાર્થના ને ધ્યાન ને જીવનાવલોકન કરવા ઉત્તમ યોગ હતો. પણ એ દિવસે ધાબા ઉપર એકાંત નહોતું. છાત્રો આવ્યા હતા. હૉસ્ટેલમાં રૂમની અંદર ગરમી હતી એટલે રાત્રે બિછાનું લઈને ધાબા ઉપર જઈને ઘણા સૂઈ ગયા હતા. ને હવે વહેલી સવારે ત્યાં પડ્યા- પડ્યા નિરાંતે ઊંઘતા હતા. હું એકએકની પાસે જઈને ઊભો રહ્યો, દરેકની સામે જોતો રહ્યો, ને જોઈ જોઈને ભગવાનની પ્રાર્થના કરતો રહ્યો. હજુ પૂરી ઓળખાણ નહોતી. હજુ નામ-ગામ ખબર નહોતાં. હજુ ગઈ કાલે જ મળ્યા હતા એટલે એ ચહેરા પૂરા ઓળખાતા નહોતા અને અત્યારે તો પરોઢિયાના આછા પ્રકાશમાં ચાદરથી અર્ધા ઢંકાયેલા ને બંધ આંખો સાથે સૂતેલાનાં મોં તો ઓછાં પરખાતાં. પણ કંઈ નહિ, બધા પ્રિય યુવાનો હતા. નવા વિદ્યાર્થીઓ હતા. ગઈ કાલે તો તેઓ પોતપોતાને ઘેર હતા, પોતપોતાની ઓરડીમાં, પથારીમાં સૂઈ ગયા હશે. દરેકની પાસે એની મા ગઈ હશે, ઊંઘમાં બિડાયેલા એ યુવાન પ્રિય ચહેરા સામે એ જોઈ રહી હશે, મનમાં ને મનમાં આશીર્વાદ દેતી હશે અને ભગવાનને પ્રાર્થના કરી હશે કે, ‘હવે આ મારો લાડકવાયો ઘેરથી જાય છે. તું એની સાથે જજે, એનું રક્ષણ કરજે, એને સહીસલામત મારી પાસે પાછો લાવજે.’ ને દરેકની બાની એ પ્રાર્થના મેં ઝીલી લીધી, એ સૂતેલા છોકરાઓ તરફ જોતાં ચાલુ રાખી : ‘હવે તેઓ અહીંયાં આવી ગયા છે, ભગવાન, મારી પાસે આવી ગયા છે. મારે એમને થોડું શીખવવાનું છે, વર્ગમાં બેસાડીને પરીક્ષા માટે એમને તૈયાર કરવાના છે. પણ તે સિવાય ને તે કરતાં એમની સાથે જીવવાનું છે, એમને સારા સંસ્કારો આપવાના છે. એમને જીવનનું માર્ગદર્શન ને ધર્મની પ્રેરણા આપવાનાં છે, એ માટે મદદ કરજો, કૃપા કરજો, એમને – અને મને – રોજ આશીર્વાદ આપતા રહેજો.’

અને એમ એક પછી એક, ધાબામાં ફરતા-ફરતા, એકએકની સામે જોઈને, દિલમાં વહાલ આવવા દઈને, શ્વાસોચ્છ્વાસ સાથે મારી પ્રાર્થના ગૂંથીને હું આંટા મારતો રહ્યો. એમને ખ્યાલ નહોતો. કોઈએ જાગીને જોયું હોય તો લાગ્યું હશે કે સાહેબ તો નિરીક્ષણ કરવા આવ્યા હશે, કોઈ તોફાન કરે તો એને પકડવા આવ્યા હશે, ભલે. દિલમાં શું ચાલી રહ્યું છે એની એને શી ખબર ? દિલમાં એને આશીર્વાદ દેવાય છે, એને માટે પ્રાર્થના થાય છે. કૉલેજમાં એનું જીવન સુખી ને સફળ ને પવિત્ર રહે એ માટે ભગવાનને વિનંતી કરાય છે. ને ત્યારથી એ ટેવ પડી. કોઈ વિદ્યાર્થી સામે મળે, પાસે દેખાય, અથવા ખાલી વર્ગમાં કે રૂમમાં એના ઉપર નજર પડે કે તરત મનમાં ને મનમાં એને આશીર્વાદ દેવાય, એને માટે પ્રાર્થના થાય. આમ જે ભણાવીએ એ ખરું, પરીક્ષા આપવા માટે અને ડિગ્રી લેવા માટે જે કોઈને મદદ કરીએ એ જુદી : પણ એ સંતોષ તો

રહે છે કે વર્ગમાં બેઠા એ બધા વિદ્યાર્થીઓ માટે, સંપર્કમાં આવ્યા એ બધા યુવાનો માટે કંઈ નહિ તો ભાવથી ને શ્રદ્ધાથી દિલમાં પ્રાર્થના થઈ છે – અને એ ખાલી જવાની નથી.

શરૂઆતમાં કામ જરા શુષ્ક લાગતું. ધાર્યા કરતાં ઓછું થતું. રાખેલી આશા જરા ખોટી પડતી. વર્ગમાં ચલાવવા આખો પાઠ તૈયાર કરી રાખ્યો હોય, જોશથી એ ચાલતો હોય પણ હજી – પણ હજી અર્ધો ભાગ થયો નહોતો એમાં ઘંટ વાગે અને આખો રસ ઊડી જાય. પછી અધૂરો રહેલો પાઠ બીજે દિવસે ફરી કરવામાં મજા ક્યાંથી આવે !

પહેલી પરીક્ષા આવી. વિદ્યાર્થીઓના જવાબો આવ્યા : કેવા ખરાબ ! ખેટા, અધૂરા, ઠેકાણા વગરના. શું મેં બરાબર નહોતું ભણાવ્યું અને હું ભણાવતો હતો ત્યારે એ ડાહ્યા વિદ્યાર્થીઓ – અને વિશેષ તો એ ઠાવકી વિદ્યાર્થિનીઓ – માથું હલાવીને સ્મિત કરીને ને ટહુકા પૂરીને શું એવું નહોતાં બતાવતાં કે, હા હા, બધું સમજાય છે, બધું સ્પષ્ટ છે ને સરળ છે ? ને હવે એકનો કાગળ કોરો, ને બીજાનો તો – કોરો હોત તો સારું થાત એવો, ને ત્રીજાનો વળી એ છોકરો સ્કૂલમાં કેવી રીતે પાસ થયો ને કૉલેજમાં આવ્યો એ વિમાસણમાં નાખે એવો. આટલા દિવસોની મહેનત વ્યર્થ. આટલા વર્ગો ને નોંધ નકામાં. એ લોકોના મગજમાં કશું ઊતર્યું નથી ને હવે આગળ શું કરવું એ મૂંઝવણ હતી એ પરીક્ષા માટે તો બધાને મીંડું આપવાનું મન થયું. ખબર પડશે એમને હવે. શીખી જશે કે કૉલેજમાં કામ કેવી રીતે થાય. આ કોઈ બાળમંદિર નથી કે એવી ઢીલાશ ચાલે. પણ બીજા અનુભવી શિક્ષકોએ જુદી સલાહ આપી : છોકરાઓ સારા છે, હોશિયાર છે. શરૂઆતમાં આળસ કરે છે એટલું જ. પણ કોર્સ આગળ ચાલશે ત્યારે મન વાળશે, અને અણીને વખતે રંગ બતાવશે. આપણે ભણાવવાનું. બીજું તો એ લોકો પોતાની મેળે સંભાળી લેશે. એટલે દયા બતાવી. ધીરજ રાખી. વેગ જરા ઓછો કરીને અને પાઠ જરા ટૂંકા બનાવીને કામ ચાલુ રાખ્યું. ને બીજી પરીક્ષાઓ આવી ને છેલ્લી પરીક્ષા આવી – ને ખરેખર એ છોકરાઓએ રંગ બતાવ્યો. કેવાં સારાં પેપર, પૂરા જવાબ, ચોક્કસ ને સંતોષકારક કામ ! પરીક્ષામાં એ લોકોએ ઘણું લખ્યું હતું, સાચું લખ્યું હતું, ચોખ્ખું લખ્યું હતું. ખરો અનુભવ મળ્યો. એ યુવાન લોકો અણીને વખતે શું-શું કરી શકે એવી પ્રતીતિ થઈ. મનમાં થોડો રંજ તો રહ્યો : આ કમબખ્તોમાં આટલી શક્તિ હતી તો પહેલેથી કેમ ન બતાવી ? પણ સાથે આશ્વાસન પણ લાગ્યું : આ યુવાન લોકોને આજે જોઈને કોઈ વાર લાગે છે ખરું કે આગળ ઉપર તેઓ શું કરી શકવાના છે ? પણ હવે ચિંતા નથી. કરશે એ લોકો બધું કરશે. એમનો સમય આવશે ત્યારે. એમનામાં પૂરી શક્તિ છે. ભલે ને આજે ઓછી લાગે, સુષુપ્ત લાગે, પણ પૂરી છે ને જાગ્રત છે. ને એનું મુહૂર્ત આવશે ત્યારે એ ખીલશે – અને એ યુવાન લોકોને માટે જેમને પ્રેમ છે ને આદર છે એ સૌનાં હૃદય આનંદથી ને કૃતાર્થતાથી ભરી દેશે.

એ પહેલો અનુભવ ફરી-ફરી સિદ્ધ થતો આવ્યો છે. દસ-અગિયાર વર્ષ પછી એ યુવાનો આજે મળે ત્યારે પોતપોતાની યશકથા સંભળાવે છે. જીવનમાં રસ્તો કાઢ્યો, કામ લીધું, સફળતા મેળવી. દરેક પોતપોતાની રીતે, પણ આગળ તો બધા નીકળી ગયા છે. દરેકને ઘર છે, કુટુંબ છે, કામ છે. હા, કેટલાક દુઃખદ પ્રસંગો પણ ખરા. કૉલેજની પેલી છેલ્લી પરીક્ષામાં પણ થોડાક વિદ્યાર્થીઓ આખરે નાપાસ થતાં એ રીતે જીવનમાં પણ કેટલાક વચ્ચે અટકી જાય છે, ઠેસ ખાય છે, રોકાય છે. જીવનમાં જોખમ છે એ પણ યાદ રહેવું જોઈએ ને ! પણ ઘણાખરા તો આગળ ને સફળ – અને ધાર્યા કરતાં વધારે ઝડપ ને યશ સાથે.

એવા અનુભવના પરિણામે યુવાન લોકો ઉપર મારો વિશ્વાસ પાકો થયો છે. ખાલી એ લોકોને ખુશ કરવા કે પીઠ થાબડવા નહિ પણ અનુભવના જોરે અને ખાતરીની સાક્ષીથી હવે એ વિશ્વાસ વ્યક્ત કરું છું, જાહેર કરું છું. એ લોકોના હાથમાં કામ આવશે, જવાબદારી આવશે, સત્તા આવશે ત્યારે શું કરશે. એ શંકાની સામે હવે વિશ્વાસથી કહેવાનો વારો આવ્યો

છે કે, આવવા દો એમના હાથમાં જવાબદારી ને સત્તા, અને ચિંતામુક્ત થઈને નિરાંતે જોઈ લો કે એ લોકો શું-શું કરી શકે છે.

દસ વર્ષમાં કૉલેજની હવા બદલાઈ ગઈ એ વાત સાચી. અને બધા ફેરફારો ઇષ્ટ નથી એ વાત પણ સાચી. દસ વર્ષ પહેલાં કૉલેજના મેદાનમાં શાંતિ ને શિસ્ત ને નિયમિતતા વધારે હતાં. આજે ઓછાં છે. સહેજે બેચેની, સહેજે ફરિયાદ, સહેજે હડતાલ. કાલના દિવસે કૉલેજ ચાલુ હશે કે બંધ હશે, આવતી પરીક્ષા લેવાશે કે મુલતવી રખાશે એ કોઈ વાર કૉલેજના પ્રિન્સિપાલ પોતે જ કહી ન શકે એટલે સુધી અસ્થિરતા આવી છે. અને એ ખતરનાક છે, પરંતુ એથી યુવાનો ઉપરથી શ્રદ્ધા ઉડાડી લેવાનું કારણ મળતું નથી. વિદ્યાર્થીઓની એ હિલચાલો ને આંદોલનોના નિરીક્ષણથી એ સ્પષ્ટ દેખાય છે કે એમાં સ્વેચ્છાપૂર્વક સક્રિય ભાગ લેનારા ખૂબ ઓછા હોય છે. ઘણાખરાને શાંતિ જોઈએ છે, વ્યવસ્થા જોઈએ છે, નિયમિતતા જોઈએ છે. પોતાના કામમાં ને અભ્યાસમાં ખલેલ પડે ને સૌને નુકસાન થાય એ એમને ગમતું નથી. માટે તેઓ આગળ જશે, અને સત્તા ને જવાબદારી એમના હાથમાં આવશે ત્યારે ખોટી રીતો આદરવાનું ને ખોટા પ્રયોગો કરવાનું એમને મન થશે નહિ. તેઓ પીઢ છે. અનુભવવાળા છે. વિશ્વાસપાત્ર છે. એમના હાથમાં આપણું ભવિષ્ય સલામત છે.

હમણાં એક યુવાન માણસ આવ્યો હતો. અમુક સારી સંસ્થામાં જવાનું– બોલવાનું આમંત્રણ આપવા આવ્યો હતો. પોતે ત્યાં સારા હોદ્દા ઉપર છે એ સમાચાર પણ એણે સાથે આપ્યા. અને આટલાં વર્ષ પહેલાં મારા વર્ગમાં બેઠો હતો એની યાદ દેવરાવી. યાદ તો હતી જ. ને એટલા માટે જ હું એની સામે વિમાસણાં જોઈ રહ્યો. કહું–ન કહું એનું મંથન મારા મનમાં ચાલતું હતું. છેલ્લે કહ્યા વગર રહેવાનું નહિ : ‘‘ખોટું ન લાગે તો એક વાત કહું : તમે કૉલેજમાં હતા ત્યારે તમે આગળ ઉપર કંઈ પણ કરી શકશો એનો વિશ્વાસ નહોતો – અરે, કશું પણ કરવા યોગ્ય તમે કરવાના નથી એની ખાતરી હતી. લહેરી સ્વભાવ, છોકરવાદ, બિનજવાબદારી. એક વખત વિદ્યાર્થીઓની કામગીરી તપાસવા પ્રિન્સિપાલની સાથે અમે અધ્યાપકો બેઠા અને ક્રમમાં તમારું નામ આવ્યું ત્યારે ‘આ છોકરાએ કંઈ ખરાબ તો કર્યું નથી પણ કંઈ સારું પણ કોઈ દિવસ કરશે નહિ’ એ ટીકા સાથે તમારું અવલોકન શરૂ થયું – અને પૂરું થયું. બધાના ઉપર એ છાપ હતી. તે હવે આટલી સારી જગ્યા ને આટલા ટૂંકા સમયમાં ને તમારા જ બળથી ! તમે ખરેખર કરી બતાવ્યું, ભાઈ.’’ એણે હસીને કહ્યું, ‘‘મારે ઘેર પણ મને હંમેશ એ જ કહેતા : ‘તું, બસ, આખી જિંદગી રમ્યા જ કરવાનો. સરખું કામ તો કોઈ દિવસ તારે હાથે નહિ થાય.’ પણ સરખું કામ કરવું પડ્યું એટલે કરી નાખ્યું. સારી નોકરી માટે મહેનત કરવી પડી એટલે મહેનત કરી. ને સફળ લગ્ન માટે તૈયારી કરવી પડી એટલે સારી તૈયારી કરી. હવે સારી નોકરી છે. સારો સંસાર ચાલે છે. મારે ઘેર આવશો તો ખાતરી થશે.’’ ખાતરી થઈ અને આનંદ થયો. અને ‘આ છોકરો આગળ જઈને શું કરશે ?’ એ શંકા જ્યારે કૉલેજમાં કે ઘેર થાય, અને એવા ઉદ્ગારો જ્યારે શિક્ષકો કે મા-બાપ કાઢે ત્યારે એ વિશ્વાસને એ આશ્વાસન રહે છે કે, કંઈ નહિ, અત્યાર સુધી કંઈ કર્યું ન હોય ભલે પણ એનો સમય આવશે ત્યારે હજી કરી શકશે, અરે કરી જ નાખશે.

જીવનની કઠોરતા યુવાનોની પાસે સાધના કરાવે છે. સમાજનો પડકાર એમને કામે લગાડે છે. દુનિયાની હરીફાઈ એમની પૂરી શક્તિ બહાર કાઢે છે – કઢાવે છે. કદાચ શરૂઆતમાં આળસ હતી, લહેર હતી, છોકરવાદ હતો; પણ ખરો પ્રસંગ આવે ત્યારે એ યુવાન માણસ તૈયાર. ખરી કસોટી આવે ત્યારે એ પૂરી સફળતાથી એમાં પાર ઊતરે. એ અનુભવ છે. એ વિશ્વાસ છે. અને તેથી એ યુવાન લોકોને જોઈને દિલમાં કૃતાર્થતા ને શ્રદ્ધા આવે છે. એ નવા વિદ્યાર્થીઓ ફરી કૉલેજની પહેલી પરીક્ષામાં બૂરી રીતે નાપાસ થાય ત્યારે હવે અધીરાઈ લાગતી

નથી; પહેલે ઠેકાણે નોકરી શોધવા ગયા ને ખાલી હાથે પાછા આવે ત્યારે નિરાશા લાગતી નથી; પરણ્યા પછી પહેલો ઝઘડો થાય અને રોષમાં ને મૂંઝવણમાં રડતા આવે ત્યારે દુનિયાનો અંત આવ્યો હોય એવું હવે લાગતું નથી. હવે ખાતરી છે કે એ લોકો આગળ જશે. થોડું દુઃખ વેઠીને ને થોડી ઠેસ ખાઈને પણ આગળ જશે, રસ્તો કાઢશે, આખરે સફળતા લાવશે. એટલે એ યુવાન લોકો મળે છે, એમનો વિચાર આવે છે ત્યારે હજી દિલમાં પ્રાર્થના થાય, એમને માટે ભગવાનનો આભાર પણ મનાય, એમનું જીવન જોઈને આનંદ ને સંતોષ અનુભવાય.

દસ-અગિયાર વર્ષ થયાં. યુવાનોની સાથે રહ્યા એટલે ઉંમરમાં આટલો ઉમેરો થયો એનું ભાન ન રહ્યું. દર વર્ષે નવા યુવાનો નવો ઉત્સાહ લઈને આવે એટલે નિત્ય સ્ફૂર્તિ લાગે. યુવાનોની સાથે યુવાનોનું કામ કરનારને માટે એ આશીર્વાદ છે, એ વરદાન છે : હૃદયની યુવાની ચાલુ રહે છે. એ માટે કૃતજ્ઞ ભાવે ને પૂરા દિલથી એ યુવાનોનો આભાર માનવાનો રહ્યો. ભગવાન એમનો એ ઉપકાર છૂટે હાથે વાળી આપે.

વાંધો તો નથી ને ?

મેડિકલમાં જવું કે એન્જિનિયરિંગમાં જવું એ એનો પ્રશ્ન હતો. અને બન્નેમાં પ્રવેશ મળે એમ હતો, પણ બન્ને એકીસાથે તો નહિ થાય, માટે બેમાંથી એક ક્ષેત્ર પસંદ કરવાનું હતું ને એમાં ત્યાર પછી અભ્યાસ ને ધંધો કરવાનાં હતાં. એ સારું હતું કે છેલ્લી પસંદગી કરતાં પહેલાં એ થોડો વિચાર કરવા માગતો હતો. પણ એ વિચાર કરવા લાગ્યો એટલે કે એની વાતો કરવા લાગ્યો ત્યારે મને થોડી નિરાશા તો થઈ. એ મહત્ત્વનો નિર્ણય લેવા માટે એની માનસિક તૈયારી નહોતી, પરિપક્વ વિવેકશક્તિ નહોતી.

મેં એને પ્રાથમિક પરીક્ષા કરવા સહજ પૂછ્યું, "શું તમને ડૉક્ટર થવું ગમે ?" ત્યારે એણે આટલો જ જવાબ આપ્યો, "હા, કોઈ વાંધો નથી" પછી, "અને એન્જિનિયરિંગ ગમે ?" એમ પૂછ્યું, ત્યારે પાછો આટલો જ જવાબ મળ્યો, "હા, કોઈ વાંધો નથી." અને ત્યાર પછી મેં પૂછ્યું હોત કે "શું લુહાર થવું ગમે ?" તો એ જ જવાબ મળી જાત એની ખાતરી છે, "હા, કોઈ વાંધો નથી."

"કોઈ વાંધો નથી." આખી વાતચીતમાં એ એમાંથી નીકળ્યો જ નહિ. બસ. કોઈ પસંદગી કરવા માટે એના મનમાં એટલો જ સિદ્ધાંત હતો; આટલું ધોરણ હતું, કોઈ વાંધો નથી. એટલે કે, એ કામ કરવા માટે ને એ જીવન જીવવા માટે કોઈ નક્કર વલણ નહોતું, કોઈ ચોક્કસ ઝોક નહોતો, કોઈ આકર્ષણ નહિ, કોઈ રુચિ નહિ, કોઈ ફાયદો નહિ. ગમે છે એટલે પસંદ કરું છું...એમ નથી, ફાવે છે ને એમાં મારું જીવન ખરેખર સફળ થશે એમ પણ નથી. પણ બસ, વાંધો નથી એટલે લેવા તૈયાર છું. નકારાત્મક નિષેધાત્મક ઉદાસીનતાની વૃત્તિ છે. શું કરવા જેવું છે જેથી હા પાડીએ એ જોવાનું નહિ, પણ શું કરવા જેવું નથી જેથી ના પાડીએ એટલું જ જોવાનું. ક્યાં જવું છે એ ખબર નથી, પણ ક્યાં જવું નથી એટલી જ ખબર છે. કેવા લાભ છે એ જાણતો નથી, પણ ક્યાં વાંધો છે એ બરાબર જાણું છું. ફક્ત 'વીટો' કરવાની પ્રવૃત્તિ છે. હું કોઈ નિર્ણય લેતો નથી. પણ બીજા લે ત્યારે ના પાડી શકું છું. હું ચાલવા તૈયાર નથી, પણ બીજા ચાલે ત્યારે એમને રોકી શકું છું. મારે માટે પણ હું કોઈ પસંદગી કરતો નથી, પણ નાપસંદગી તો કરું જ છું. કોઈ નિર્ણય તો હું કરતો નથી, પણ વાંધો તો સારી રીતે ઉઠાવી શકું છું. પછી જ્યાં વાંધો ન હોય એ બધું કરવા આપણે તો તૈયાર.

વારુ. ચા પીવામાં વાંધો નથી ને ? તો પી જાઓ. કૉફી પીવામાં વાંધો નથી ? પી જાઓ. આ છોકરીની સાથે પરણવામાં વાંધો નથી ? તો પરણી જાઓ. પછી લોકો પૂછશે કે આની જોડે તમે શા માટે પરણ્યા ત્યારે જવાબ આપશો, "વાંધો ન હતો એટલે." પ્રેમ હતો એટલા માટે નહિ, માબાપે કહ્યું એટલા માટે નહિ, પૈસો હતો એટલા માટે નહિ, પણ બસ, વાંધો ન હતો એટલા માટે જ. ઉત્તમ પસંદગી છે ને ! પછી એ જ રીતે ડૉક્ટર થયા તો એટલા માટે નહિ કે બુદ્ધિ હતી, ઇચ્છા હતી, સેવાની ભાવના હતી, પણ ખાલી વાંધો નહોતો એટલા માટે જ. વાહ વાહ. પછી મરી જશો તે પણ મરવામાં વાંધો ન હોય ત્યારે જ મરશો ને !

કોઈ વાંધો નથી. પણ તમને શું ગમે એ તો કહો ને ! આ છોકરી ગમે કે પેલી ગમે. આ કામ ગમે કે પેલું ગમે. મેડિકલ ગમે કે એન્જિનિયરિંગ ગમે. વસ્તુઓ તો જુદી જ છે. પેલી છોકરીઓ પણ સાવ જુદીજુદી છે. સ્વભાવમાં ને દેખાવમાં ને સંસ્કારમાં ને અભ્યાસમાં ઠીક જુદી છે. શું, કોઈને માટે ખાસ દૃષ્ટિ નથી, બિલકુલ લાગણી નથી, આકર્ષણ નથી, પ્રેમ નથી ? તટસ્થ ભાવ છે, અલિપ્ત મન છે, તપસ્વીનો અવતાર છે. કંઈ વાંધો નથી. પણ બધી છોકરીઓ સરખી નથી અને બધાં કામ સરખાં નથી. અને આપણે યોગ્ય પસંદગી કરીએ તો આપણી શક્તિ ખીલે – અને આપણું હૃદય ખીલે.

તમારે શું જોઈએ છે એ તમે જાણતા નથી એ જ વાંધો છે. મારો આમાં વાંધો છે. તટસ્થતાના ઢોંગમાં, સલાહ માગવાના બહાનામાં, આજ્ઞાધીનતાની ચેષ્ટામાં તમારી આનાકાની, તમારી નિર્બળતા, તમારો નિર્ણયશક્તિનો અભાવ છુપાયેલાં છે. તમે જાણતા નથી કે તમારે શું જોઈએ. તમારી ખરી શક્તિ, તમારી સાચી આવડત, તમારો પ્રધાન ગુણ તમે જાણતા નથી. એટલે તમારે શું જોઈએ. તમારી ખરી શક્તિ, તમારી સાચી આવડત, તમારો પ્રધાન ગુણ તમે જાણતા નથી. એટલે તમારે કયો રસ્તો જોઈએ એ તમે કહી શકતા નથી. અમુક રસ્તાઓ માટે તમે વાંધો ઉઠાવો છો એ બરાબર કરો છો. ક્યાં જવું નથી એ જણાવો છો એ સારું છે. પણ પૂરતું નથી. હવે જે રસ્તાઓ બાકી રહ્યા, જેને માટે કોઈ વાંધો નથી એનો વિચાર કરીને એ માટેનો પસંદગીનો ક્રમ પણ બેસાડવો જોઈએ. આ પહેલો અને આ બીજો... અને આ છેલ્લો. તમારી રુચિ ને તમારી ઇચ્છા ને તમારો નિર્ણય. જડ નિક્રિય નિશ્ચેતન મૂઢતા નહિ. શું ભણવું છે ? ભણાવે તે. શું કરવું છે ? કરાવે તે. ક્યાં જવું છે ? લઈ જાય ત્યાં – એ રીતે ક્યાંય જવાતું હશે ?

શા માટે જીવો છો ? જીવવામાં વાંધો નથી એટલા માટે. એટલે કે કોઈ લક્ષ નહિ, કોઈ ધ્યેય નહિ, કોઈ દિશા નહિ. વાંધો નથી એટલું જ. મોટરને દોડવામાં વાંધો નહિ. વિમાનને ઊડવામાં વાંધો નહિ. પણ કોઈ પેટ્રોલ પૂરીને, કળ દબાવીને, એન્જિન ચલાવીને દોડાવે તો જ દોડશે અને ઉડાડશે તો ઊડશે. જીવનમાં પણ પેટ્રોલ જોઈએ અને એન્જિન જોઈએ અને પાઇલટ જોઈએ. ખાલી વાંધો ન હોવાથી વિમાન તો ઊડવાનું જ નહિ. અને ખાલી વાંધો ન હોવાથી પોતાનો રસ્તો કોઈ લઈ શકવાનું નહિ અને લક્ષસ્થળે પહોંચી શકવાનું નહિ.

પસંદગી કરવામાં જોખમ છે એટલે જ પસંદગી કરવી નથી. હું અમુક રસ્તો લઉં અને એમાં સફળ ન થાઉં તો લોકો મને દોષ આપે કે તમે ખોટો રસ્તો પસંદ કર્યો એટલે આમ થયું. માટે જ રસ્તો પસંદ કરવો નથી, ને ફક્ત અમુકને માટે વાંધો ઉઠાવીને બેસી રહેવું છે. એમાં સલામતી છે. જવાબદારી નથી એટલે દોષ નથી. મારી પસંદગી નથી, એટલે મારી નિષ્ફળતા પણ નથી. ભલે. પણ મારી પસંદગી નથી એટલે મારો રસ્તો પણ નથી ને મારું કાર્ય પણ નથી ને મારું જીવન પણ નથી. સલામતી તો જરૂર છે, પૂરી છે. પણ સ્મશાનમાં છે તેટલી. એમાં કોઈ ચેતના તો નથી.

મારે શું જોઈએ એ હું બરાબર જાણું (અને યોગ્ય સમયે પણ જણાવું) તો જ હું સાચો માણસ કહેવાઉં. હું કરી શકીશ કે કેમ, પહોંચી શકીશ કે કેમ એ ખબર નથી, પણ આ મારું ધ્યેય છે ને આ મારો નિર્ણય છે. મારી વૃત્તિ, મારી ઇચ્છા, મારી રુચિ, મારી અભિલાષા હું જાણું છું, બરાબર જાણું છું, મારા દિલમાં એ સ્પષ્ટ રીતે અંકાયેલી છે એ મેં વાંચી છે, સ્વીકારી છે, જણાવી છે. હવે જીતું તો હું જીતું, અને હારું તો હું હારું. એમાં પ્રગતિ છે, એમાં જીવન છે. ખાલી વાંધો ઉઠાવવામાં કોઈ માલ જ નથી.

આપણી તો લાંબી વાતો ચાલી નહિ ? તમારા 'વાંધો નથી' સૂત્રથી મારું ઊર્મિતંત્ર ઉશ્કેરાયું, અને મારા દિલમાં ભરેલો હતો એ બધો ભાવ બહાર આવ્યો. વચ્ચેથી જો મેં કહ્યું હોત કે, "મારે હવે સમય નથી, જવું પડે છે" તો તમે જરૂર વિવેક બતાવ્યો હોત કે, "કોઈ વાંધો નથી. ખુશીથી જશો." પણ હવે કહેવું હતું એ બધું કહી દીધું. હવે ખરેખર જવું છે. વાંધો તો નથી ને !

મારા કુળની ઇષ્ટદેવતા

મારો પોતાનો અનુભવ છે. મારે પણ મારી યુવાનીમાં એક ભારે પરીક્ષા આપવાની હતી. ત્રણ વર્ષ સુધી શાસ્ત્રીય તત્ત્વજ્ઞાનનો સંનિષ્ઠ અભ્યાસ કર્યા પછી ત્રણે વર્ષનો આખો કોર્સ એક જ અંતિમ પરીક્ષામાં આવતો. પરીક્ષા મૌખિક, પરીક્ષકો પાંચ અને સમય બે કલાક. એટલે કે બે કલાક સુધી મારે એકલાએ એ પાંચ 'રાક્ષસો'ની સામે બેસવાનું અને એમના ઉપરાઉપરી પ્રશ્નોનો તરત ને તરત જવાબ આપવાનો. મૌખિક પરીક્ષામાં ક્ષોભ વધારે લાગે, ગભરામણ પણ થાય, શીઘ્ર જવાબ આપવાના છે અને એકમાં જો ગબડી પડાય તો પાછા ઊભા થવું મુશ્કેલ થઈ પડે એટલે સૌ એ પરીક્ષાથી બીતા અને ઘણા એમાં ઊડી જતા પણ ખરા. અને ઑપ્શન તો બિલકુલ નહિ. ત્રણ વર્ષના ત્રણ પૂરા અભ્યાસક્રમો એક પરીક્ષામાં એકીસાથે આવતા અને જે પ્રશ્ન ના આવડે એનું મીંડું મળે. એટલે બધું તૈયાર કરીને આવવું પડતું હતું, એક પણ નાનો મુદ્દો છોડવો પાલવે એમ નહોતું. અમે બધા દરેકથી શક્ય એવી સારામાં સારી તૈયારી કરીને એ પરીક્ષામાં બેસતા. અમારા વિદ્યાર્થી-જીવનનો એ એક મોટો પ્રસંગ હતો.

મારો વારો આવ્યો. મારી સામે લાંબા ટેબલની આગળ પાંચ પરીક્ષકો બેઠા. પરીક્ષક તરીકે કોણ કોણ આવવાના છે એની ખબર પણ અમે પરીક્ષાખંડમાં દાખલ થતા તે ક્ષણે જ પડતી. મેં જોયું તો ટેબલની વચ્ચે બોર્ડના પ્રમુખ અને પ્રથમ પરીક્ષક તરીકે વિશેષ કડક ગણાતા પ્રાધ્યાપક બેઠા હતા. કંઈ નહિ. પહોંચી વળીશું. મારી તૈયારી સારી હતી એટલે ચિંતા કરવા જેવી તો નહોતી. તોય કંઈ અણધાર્યું બને અને વાત આડે પાટે ચડે એની શક્યતા તો રહેતી જ એટલે થોડો ફફડાટ પણ હતો.

હું બેઠો. મારી પાછળ પરીક્ષા-ખંડની બેઠકોમાં બીજા વિદ્યાર્થીઓ ગોઠવાયા. એમણે જોવું હતું કે પરીક્ષામાં કેવું પુછાય, દરેક પરીક્ષકને કઈ જાતના જવાબો ગમે, કયા મુદ્દાઓ ઉપર વધારે ભાર મુકાતો; અને નહિ તો જાહેર મૌખિક પરીક્ષા તો એક તમાશો હતો એટલે એ જોવા માટે વિદ્યાર્થીઓ ઊમટી આવતા અને ઊભા-ઊભા પણ મજા જોઈ રહેતા. ખંડ ભરાયો હતો. ઘંટ વાગ્યો, સન્નાટો છવાયો. વચ્ચે બેઠેલા મુખ્ય પરીક્ષક પ્રચંડ કાયાવાળા અને બુલંદ અવાજવાળા હતા. એમના શબ્દો વિશાળ ખંડના મૌનમાં ગુંજતા રહ્યા. મને ઉદ્દેશીને એમણે જોરથી હુકમ કર્યો : "અભ્યાસક્રમ હાથમાં લો !" છાપેલા અભ્યાસક્રમનાં પાનાં મારી સામે ટેબલ ઉપર હતાં એ મેં નમ્રતાપૂર્વક હાથમાં લીધાં. ક્ષણિક શાંતિ છવાઈ. પછી એ તડૂક્યા : "આખા અભ્યાસક્રમમાં અઘરામાં અઘરો પાઠ કયો ?" મેં એ શોધી કાઢ્યો અને ગરીબ અવાજે જવાબ આપ્યો : "આ છે, સાહેબ." બીજો પ્રશ્ન ત્રાટક્યો : "અને એ પાઠમાં અઘરામાં અઘરો મુદ્દો કયો ?" મેં બતાવ્યો : "આ છે, સાહેબ." ત્યારે એમણે જાણે વિજયની ગર્જનાની સાથે ઘોષણા કરી : "તો એ જ મુદ્દો લઈને મારે તમારી પરીક્ષા કરવી છે !" અને પરીક્ષા-ખંડ ઉપર ક્ષણભર સ્તબ્ધતાનું એક મોજું ફરી વળ્યું.

પહેલો ઘા તે રાણાનો ! શા માટે એ પ્રૌઢ અનુભવી પરીક્ષકે પરીક્ષાની શરૂઆત એવી રીતે કરી હતી ? શું એમણે મને ખોટું લગાડવું હતું ? ના, ઊલટું, એમણે મને સારું લગાડવું હતું એટલે જ એ વિલક્ષણ શરૂઆત કરી હતી. એ જાણતા હતા કે આ એક સારો વિદ્યાર્થી અહીંયાં સામે બેઠો છે એને જો સહેલો પ્રશ્ન પૂછીએ તો એનું અપમાન થાય; એને અઘરો પ્રશ્ન પૂછવો જોઈએ, અરે અઘરામાં અઘરો પ્રશ્ન પૂછવો જોઈએ અને સૌને ખબર પડે કે એ અઘરો છે એવી રીતે પૂછવો જોઈએ જેથી એની યોગ્ય કદર થાય અને એ ખીલે, શોભે, દીપી ઊઠે અને બધાની આગળ સિદ્ધ કરી આપે કે એની કેવી શક્તિ છે અને કેવી લાયકાત છે. અઘરો પ્રશ્ન પૂછીને ડાહ્યા પરીક્ષકે મારો વિશ્વાસ કર્યો, મારું માન વધાર્યું, મને ઉત્તમ પરીક્ષા આપવાની તક

આપી. મેં સારી પરીક્ષા આપી. સારું પરિણામ આવ્યું. અને એ મંગળ સ્મરણ, એ સંસ્કાર, એ ઘડતર તો કાયમ માટે મારા મનમાં અને મારા હૃદયમાં રહ્યાં. પરીક્ષાના વિષયો કદાચ ભુલાય. એ પરીક્ષા અને એનો મર્મ કદી મારા જીવનમાંથી ભૂંસાશે નહિ. મારા હાડકાંમાં જ ઊતર્યાં છે.

હું એવી રીતે ઘડાયો છું. એવી રીતે મારું માનસિક કાઠું બંધાયું છે. હું બાંધછોડનો માણસ નથી; રાજકારણનો માણસ નથી. ઑપ્શનનો માણસ નથી. હું અધકચરું કામ કરવાવાળો માણસ નથી. મારી અનેક મર્યાદાઓ છે અને હું એ બરાબર જાણું છું, પરંતુ એ મારી મર્યાદાઓમાં રહીને મારાથી બને એવું દર વખત સારામાં સારું કામ કરવાનો અને સારામાં સારું પરિણામ લાવવાનો મારો આગ્રહ છે, મારી જિદ્દ છે, મારું વ્રત જ છે. શ્રેષ્ઠતા એ મારા કુળની ઇષ્ટદેવતા છે.

એટલા માટે હું જ્યારે શિક્ષણક્ષેત્રે ઉદાસીનતા જોઉં છું, જ્યારે શિક્ષકોને ધંધાદારી કર્મચારીઓ બનતા જોઉં છું, જ્યારે વિદ્યાર્થીઓને ઢીલાશના ગાડરિયા પ્રવાહે નઃસહાય તણાતા જોઉં છું, જ્યારે પરીક્ષામાં ઑપ્શનનાં સૂત્રો વાંચું છું અને સાંભળું છું અને અમલમાં આવતાં જોઉં છું ત્યારે હું ઊંડી ગ્લાનિ અનુભવું છું, નિરાશ થાઉં છું, દુઃખી થાઉં છું. શિક્ષણનું આ થાય તો દેશનું શું થશે ? યુવાનોનું શું થશે, સમાજનું શું થશે ?

આખી પ્રથા હાનિકારક છે. માટે મારામાં જે કંઈ અનુભવની સૂઝ છે, પ્રેમની વકીલાત છે, યુવાન પેઢીના હિતશચતક તરીકેનો મૃદુ અધિકાર છે એ લઈને પૂરા આગ્રહ અને જોર સાથે મારા દિલની ઇચ્છા વ્યક્ત કરું છું :

ઑપ્શનને જ ઑપ્શનમાં નાખો !

માંદા પડ્યા

વર્ગમાં હાજરી લેતાં ખબર પડી. તે કૉલેજમાં આવ્યો નહોતો. કોઈને પૂછ્યું તો કહે, ‘‘માંદો છે.’’ સારો વિદ્યાર્થી અને પરીક્ષાની નજીકનો સમય એટલે ભારે માંદગી ન હોય તો ગેરહાજર ન રહે. એના પાડોશમાં રહેનાર એના એક મિત્રને વાત કરી. મને એની પાસે લઈ ગયો.

એને ઘેર પગ મૂકતાં જ જણાયું કે ખરેખર અંદર કોઈ બીમાર છે. એક જાતની અકુદરતી શાંતિ. આંગણામાં નાનાં છોકરાંઓની કિકિયારી નહિ. દબાયેલ સ્વરે બોલાતાં સ્વાગતનાં વાક્યો ને હવામાં દવાની તીવ્ર ગંધ. અમે અંદર ગયા. નાની ઓરડીમાં એની પથારી હતી. રજાઈના ભારથી દબાઈને એ સૂતો હતો.

હું એનું નામ ધીરેથી બોલ્યો. એણે એ ન સાંભળ્યું. એની બા મારાથીય ધીમા અવાજે એનું નામ બોલી ને તે એણે સાંભળ્યું (બાના અવાજમાં એવું શું હશે કે તેનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ રણકો દીકરો તરત પારખી જાય !) એણે બાનો અવાજ સાંભળીને પાસું બદલ્યું. ને અમને જોયા. તરત એણે ખાટલા ઉપર બેઠા થવાનો પ્રયત્ન કર્યો. મેં એને રોક્યો. પાછો સુવાડ્યો. ને તેની બાજુમાં ખાટલા ઉપર જ હું બેઠો.

યુવાન માણસને માંદગીમાં સપડાયેલો જોઈને કેટલી દયા આવે છે ! તેનો એ તંગ બનેલો ચહેરો. દુઃખની છાયાથી ઊપસી આવતી એની યુવાનીની રેખાઓ. ઘેરાયેલી ને ઊંડી ઊતરેલી આંખો, પરસેવાથી ચળકતું કપાળ. રોજ એવા ફક્કડ ઓળેલા ને આજે ઓશીકા પર જેમ તેમ પથરાયેલા વાળ. એ ફિક્કું સ્મિત. કષ્ટપૂર્વક લેવાતો શ્વાસ. અને મારા હાથમાં એનો એ ગરમ-ગરમ હાથ. યુવાન શરીરમાં રોગ આવ્યો એ ખોટું થયું એમ દિલને લાગ્યા વિના રહેતું નથી.

અમને કંઈ ખાસ બોલવાનું સૂઝ્યું નહિ. જરૂર પણ ન લાગી. થોડો સમય આમ ને આમ બેઠો. એકબીજાની સામે જોઈ રહ્યા. ડૉક્ટરે શું કહ્યું હતું એમ મેં પૂછ્યું. ભય જેવું કશું નથી, પણ થોડા દિવસ લાગશે ને અશક્તિ રહેશે એવું નિદાન હતું. માટે બધાંને ધીરજ આપીને અને એનો એ ગરમ હાથ પ્રેમથી દબાવીને અમે વિદાય થયા.

*

એ વખતે બહુ વાતો થઈ ન શકી, પણ થોડા દિવસ પછી એ માંદગીમાંથી જરા બેઠો થયો ને ઘેર આરામ કરતો હતો ત્યારે એની સાથે નિરાંતે વાતો કરવાની તક શોધી. મને બીક હતી કે રોગની અસર શરીર કરતાં મન ઉપર વધારે પડી હોય. કેટલાક યુવાનો માટે રોગનો – ને એમાંય પહેલા રોગનો અનુભવ દેહની અશક્તિ કરતાં મનની નિરાશા ને ઉદાસીનતા લાવે છે. અને એને માટે આ પહેલી લાંબી માંદગી હતી. એટલે અમારી ચર્ચા જામી.

એ ખૂબ ઉત્સાહમાં આવીને વાંચતો હતો એવામાં એ માંદગીમાં પટકાયો હતો. વાંચવાની ગણતરી ને યોજના એણે પાકી કરી રાખી હતી. આટલા વિષયો ને આટલો સમય, માટે દરેકને કેટલા દિવસ આપવા અને ક્યારે શું વાંચવું એનો આખો નકશો એણે મનમાં દોરી રાખ્યો હતો. દર વર્ષે તે એમ કરતો આવ્યો હતો, અને દર વર્ષે એ રીતે એણે પૂરી સફળતા મેળવી હતી પણ ખરી. એટલે ટેવ બંધાઈ હતી. વિશ્વાસ બેઠો હતો. ખાતરી થઈ હતી કે, બસ, હું હંમેશાં એમ કરીશ તો એવું પરિણામ પણ આવશે. મારા હાથની વાત છે. પુરુષાર્થનો સવાલ છે.

ને એમાં એ આફત આવી. વાંચવાની યોજના ખોરંભે પડી. પાઠ્યપુસ્તકો પૂરા એક મહિના સુધી એમ ને એમ પડી રહ્યાં. અતૂટ પરંપરામાં ભંગ પડ્યો. આખરે ખેલ આપણા હાથમાં નથી એમ પહેલી જ વાર લાગ્યું. અને એ નવી શોધ એને માટે ચોંકાવનારી હતી. એટલે એની સાથે થોડું મંથન ચલાવ્યું.

*

માંદા તો વહેલામોડા પડાય. માટે માંદા થવાનો સ્વાદ વહેલો મળે એ અમુક રીતે સારું છે. વહેલો પરિચય થાય. બીક ઓછી થાય. અનુભવ મળે. પોતાની મર્યાદાનું ભાન થાય. અને દર્દીઓ પ્રત્યે દયા ને લાગણી રાખતાં શિખાય. આ બધા ચોખ્ખા લાભ છે. જે માણસ માંદગીની પથારીમાં કદી પડ્યો નથી એણે તો અધૂરી જ જિંદગી જોઈ.

માનવી તે શક્તિ – અને લાચારીનું અનોખું મિશ્રણ છે.

અદ્ભુત શક્તિ – અને અત્યંત લાચારી.

ઉત્સાહનો પાર નહિ – ને નિરાશાનો અંત નહિ.

તે મેદાને પડે ત્યારે એના જેવો પરાક્રમી વીર નથી. પણ તે લમણે હાથ દઈને બેસે ત્યારે એના જેવું પામર પ્રાણી બીજું નથી.

દિવ્યતા ને પામરતા.

સત્ત્વ ને તમસ.

શક્તિ ને લાચારી.

બંનેનું મિશ્રણ છે માટે એનો સમન્વય સાધવા બંનેનો અનુભવ હોવો જોઈએ, બંનેનો તાગ લેવો જોઈએ. અને માંદગી એ લાચારીના પાસાનો ઉત્તમ પરિચય કરાવે છે. માનવ જેવો માનવ થોડાં તુચ્છ જંતુઓના હુમલાથી પથારી ભેગો થાય, સાવ અશક્ત ને ઓશિયાળો બને, અકળાઈ જાય ને લગભગ મોતને શરણે જવા તૈયાર થાય. ડૉક્ટરના પ્રયત્નો છતાં અને દવાઓની પરંપરા છતાં કોઈ વાર એક મામૂલી શરદી કે સળેખમ એને એવો તો હેરાન કરી મૂકે છે કે તે સાવ કંટાળી જાય ને હિંમત હારી જાય છે.

માનવીની એવી દશા !

સૃષ્ટિશિરોમણિના એ હાલ !

*

પણ એના એ હાલ થઈ શકે છે, અરે, અનેક વાર થવાના છે; સ્થૂળ રોગના નહિ તો સૂક્ષ્મ નિરાશા, નિષ્ફળતા, ત્રાસ ને કંટાળાનાં જંતુઓના હાથે એના એ ભૂંડા હાલ અનેક વાર થવાના જ છે; માટે એ સૃષ્ટિશિરોમણિ સમયસર ચેતીને એનો વિચાર કરે અને એવા અનુભવથી એમાં યોગ્ય રીતે વર્તતાં ને ટકતાં શીખે એ એના લાભમાં જ છે. ને એ શીખ એને માંદગીમાં મળે છે.

નમ્રતાનો બોધ.

દયાની શાળા.

ધીરજની દીક્ષા.

માંદગીની પથારીમાં એ અગત્યનું શિક્ષણ આપોઆપ મળે છે, મફત મળે છે (ફી તો ડૉક્ટર લે છે. રોગનાં જંતુઓ લેતાં નથી) માટે એ પણ કલ્યાણકારી છે.

શરત એટલી જ કે એ સ્થિતિમાં શાંતિ રહે ને સમાધાન થાય. એમાં ખરી કસોટી છે. વાંચવાની પેલી યોજના હતી. ઉત્તમ તૈયારી કરીને પરીક્ષામાં બેસવાની ટેવ હતી, પ્રતિજ્ઞા હતી – ને હવે પરીક્ષા તો નજીક, દેહ પથારીમાં અને પાઠ્યપુસ્તકો અભરાઈ પર ! તો દિલ કેમ માનશે ?

દિલ ન માને તો એને મનાવવાનું રહેશે. પરીક્ષા ફક્ત ડિગ્રી માટેની નહિ, જીવનલાયકાત માટેની પણ છે અને એ વધારે મહત્ત્વની છે. એની તૈયારી પણ કરવાની છે. અત્યારથી કરવાની છે. અને એ માંદગીમાં પણ થાય. પથારીમાં પણ થાય. લાચારીનો અનુભવ કરતાં-કરતાં (અને પચાવતાં-પચાવતાં) પણ થાય. માટે એ સમય નકામો ગયો નથી. ભણવાનું કાર્ય એમાં અટક્યું

નહિ. જીવનના તાલીમવર્ગ એમાં બંધ રહ્યા નહિ. શિક્ષક બદલાયો, એટલું જ. પણ શિક્ષણ ચાલુ જ છે.

*

એવી વાતો અમે લાંબે સુધી કરી. હસતાં-હસતાં કરી. કોઈ વાર થોડું ઝઘડતાં પણ કરી. સશક્ત યુવાન માટે પહેલી માંદગીમાં પોતાની મર્યાદા દિલથી સ્વીકારવી એ સહેલું કામ નથી, પણ તે ઘણું તો સમજી ગયો. પોતાની રીતે માંદગીની કિંમત આંકવા લાગ્યો. જીવનમાર્ગમાં એકદમ વળાંક આવતાં ચક્કર આવ્યાં હતાં તો હવે સ્વસ્થતા આવવા લાગી. આ સમય નકામો ગયો નથી એનો ખ્યાલ આવતાં એના અધીરા મનનું સમાધાન થવા માંડ્યું.

થોડા દિવસ પછી મેં એને કૉલેજમાં જોયો. જરા ફિક્કો. જરા સુકાયેલો. પણ હોઠ ઉપર સ્મિત હતું. હાથમાં ચોપડીઓ હતી ને તે સીધો ને ઊંચો ઊભો હતો. બીજા છોકરાઓની સાથે વાતો કરતો હતો. એમની સાથે ક્લાસરૂમ તરફ જતો હતો.

એને ફરી તાજો જોઈને દિલમાં અકથ્ય આનંદનો ઊભરો આવ્યો.

મોટા થવાની બીક

સ્કૂલમાં ને કૉલેજમાં ફેર છે.

આટલું તમને કૉલેજમાં આવતાં તરત સમજાયું હતું.

સ્કૂલમાં રોજ શિક્ષકો તમને મળતા, તમારી સાથે વાતો કરતા ને રમતો રમતા. તમને નામથી બોલાવતા. જ્યારે કૉલેજમાં પ્રોફેસરો મંચ ઉપરથી જ તમને ભાષણો સંભળાવે છે. ભાગ્યે જ તમારી પાસે આવે છે અને બોલાવે તો નંબરથી બોલાવે.

સ્કૂલમાં ઘર જેવું લાગતું.

કૉલેજ પારકી લાગે.

મોટા ક્લાસરૂમ, રુઆબદાર પ્રોફેસરો, અજાણ્યા છોકરાઓની ગિરદી અને તેથી તમે કહો છો – મેં તમને અનેક વાર એમ બોલતા સાંભળ્યા છે તેમ – કે સ્કૂલમાં જેટલી મજા પડતી એટલી કૉલેજમાં પડતી નથી.

ઠીક.

હવે જો નાનો છોકરો એમ બોલે કે “પારણામાં જેટલી મજા પડતી એટલી અહીં બહાર પડતી નથી.” તો શું એને લઈને પાછો પારણામાં સુવડાવીશું ને હાથમાં ઘૂઘરા પકડાવીશું ને તે ઊંઘી ન જાય ત્યાં સુધી હાલરડાં ગાઈને ઝુલાવીશું ?

ના.

આપણે એ છોકરાને સમજાવીશું કે એને મોટા થવું હોય, પુરુષોમાં ખપવું હોય, ખરું જીવન જીવવું હોય તો પારણાનો મોહ છોડી દેવો પડશે અને બને તેમ જલદી પોતાના પગ ઉપર ઊભા રહેતાં ને ઝડપથી ચાલતાં શીખવું પડશે. હા, અને એમ કરતાં-કરતાં ખરી મજા પણ આવશે, જિંદગીનો સાચો લહાવો આવશે એ પણ એને સમજાવી દઈશું. પારણામાં પડ્યાં પડ્યાં અંગૂઠો ચૂસતાં રહેવું એ કંઈ બ્રહ્માનંદની પરાકાષ્ઠા નથી.

તમારે માટે પણ ખરી મજા હજી આવવાની છે. તમે તમારા પગ ઉપર જલદી ઊભા થશો તો તમારે માટે પણ સાચું હજી શરૂ થવાનું છે – તમે પાછળ જોવાને બદલે આગળ જોવા માંડશો ત્યારે.

*

સ્કૂલમાં ને કૉલેજમાં ફેર છે.

સ્કૂલમાં તમને રોજ શું-શું કરવું ને કેટલું વાંચવું ને કેવું લખવું એ વિગતે સમજાવતા. કહે તે પ્રમાણે કરવાનું, બતાવે તે તરફ જવાનું, બોલાવે તે પ્રમાણે બોલવાનું, એટલો જ તમારો ધર્મ હતો – જાણે પાટા ઉપર ચાલતી ગાડી. પણ કૉલેજમાં એવી તમારી દેખરેખ રાખનાર કોઈ નથી; પ્રોફેસર પાટિયા ઉપર લખે, પણ લખેલું ઉતારવાની જવાબદારી તમારી; વાંચવાનાં પુસ્તકો સૂચવે, પણ લાઇબ્રેરીમાં જઈને એ પુસ્તક લેવાનું (અને લઈને વાંચવાનું) સાહસ પણ તમારું; નોટિસો ને જાહેરાતો વાંચી સંભળાવે, પણ ધ્યાનમાં લેવાની (કે ન લેવાની) મરજી તમારી – જાણે ખુલ્લા મેદાન પર દોડતો ઘોડો. ક્યાં પહોંચવાનું એ બતાવ્યું છે. પણ રસ્તો પસંદ કરવો તમારા હાથમાં છે.

શું લગામ હાથમાં આવી એટલે ગભરાયા ?

રસ્તાની પસંદગી તમારા ઉપર છોડવામાં આવી એટલે મૂંઝાયા ?

કદાચ.

પણ પહેલા ગભરાટ પછી હૃદયમાં ઊંડેઊંડે અનેરા આનંદનો સંચાર શું ન થયો ?

ખરું સ્વતંત્ર જીવન શરૂ થવાનું ભાન શું મનમાં એકાએક ન પ્રગટ્યું ?

જીવનના વિશાળ મેદાન પર પહેલી વાર ઊભા થતાં રાજમાર્ગ અને પગદંડીનો સંવાદ તમારે કાને પડ્યો હશે. રાજમાર્ગ વટેમાર્ગુને સગવડ ને સલામતીની ખાતરી આપીને લલચાવે છે ત્યારે પગદંડી એને જુદી સલાહ આપે છે : ‘રાજમાર્ગે ચાલીશ નહીં. નવો રસ્તો કાઢ. વાપરેલી એંઠી વાટે શા માટે જાય છે ? મોટામોટા રાજા શકકર્તા થઈ ગયા હશે. તું માર્ગકર્તા બન. નવા નવા માર્ગો શોધી કાઢ. તેમાં જ વધારેમાં વધારે આનંદ તને મળશે. તારે ઇતિહાસવેત્તા થવું હોય તો કોઈને ચીલે ચાલજે પણ જો તારે ઇતિહાસકર્તા બનવું હોય તો નવો રસ્તો ઉત્પન્ન કર.’ (કાલેલકર)

નવો રસ્તો.

તમારો રસ્તો.

તમારો હશે એટલે નવો હશે, કારણ કે તમારા જેવી બીજી કોઈ વ્યક્તિ દુનિયામાં નથી. તમારું જીવન જો ખરેખર તમારું હશે, બીજાનું અનુકરણ નહિ કે માનસપટ પર બીજાએ ચીતરેલું ચિત્ર પણ નહિ, તો એ અનોખું, અનેરું, અનુપમ હશે. તમારું એ જીવન જીવવાની, તમારા એ રસ્તે ચાલવાની શરૂઆત હવે જેમ વહેલી કરો તેમ સારું.

*

સ્કૂલમાં ને કૉલેજમાં ફેર છે.

સ્કૂલમાં તમે છોકરાઓ ને છોકરીઓ સાથે બેસતા, રમતા, હસતા ને કૂદતા. હા, થોડો ફેર ખરો. વીરતાની રમતો છોકરાઓ માટે હોય ને ગરબો ને રાસ તો છોકરીઓ માટે, પણ એ ભેદની પાછળ કોઈ ગૂઢ રહસ્ય જણાતું ન હતું.

કૉલેજમાં આવતાં તમને નવી પરિસ્થિતિનો સૂક્ષ્મ ખ્યાલ આવી ગયો હતો. રોજ જુદાંજુદાં ને આંખ અંજાવી મૂકે એવાં કપડાં પહેરતી છોકરીઓ, રિસેસમાં આમ તેમ ફરતાં એ પતંગિયાંનાં ને ભમરાઓનાં વૃન્દ, વાતચીતમાં સ્ત્રીજાતિના વિવિધલક્ષી અભ્યાસ પર કેંદ્રિત થતું ધ્યાન, અને એમાંય આંખના ઇશારા સાથે જોડેજોડે ઉચ્ચારાવા માંડેલાં કેટલાંક નામોનાં દ્વંદ્વ – એ નાની વિગતો તમારા ધ્યાનની બહાર રહી નથી અને તેને લઈને તમને એવી ઓચિંતી ખબર પડી પણ છે કે સ્કૂલથી જે છોકરીઓને તમે ઓળખતા હતા એમની તરફ પણ તમે હવે કંઈક જુદી દૃષ્ટિથી જુઓ છો અને અનુમાન કરો છો કે એમને પણ એવું થતું હશે ને ?

અને એમાંય પાછું સ્કૂલના સમયની નિર્દોષતા, ભાઈબહેનના સરળ ને પવિત્ર વ્યવહાર, બાળકની નિર્મળ દૃષ્ટિનું ગુણગાન લલકાર્યું ને કૉલેજનું કલુષિત વાતાવરણ, યુવકો ને યુવતીઓની નિર્લજ્જતા ને ધૂંસરીએ જોડાવાની લાચારી વિશે કલ્પાંત શરૂ કર્યું, ખરું ને ?

તો શું, પારણામાં પાછા ?

પણ અહીંયાં વિશેષ મુશ્કેલી એ છે કે સ્કૂલની ‘નિર્દોષતા’ વટાવીને કૉલેજની ‘દુષ્ટતા’ જો કોઈ ન આદરે તો પારણાં બંધાતાં પણ બંધ થઈ જાય, એટલે એમાં સૂઈ જવાનું મહાસુખ પણ કોઈને ન મળે.

દુષ્ટતા તો બધે જ છે અને એની હિમાયત કરવાનો લેશમાત્ર આશય નથી, પણ બાળકનું મૂઢ અજ્ઞાન પવિત્રતામાં ખપાવવું અને યુવાનનો બહાદુર જીવનસંગ્રામ વગોવવો, એ સામે રોષ છે.

પવિત્રતા પણ બધે જ છે.

અને ખરી સજાગ, સાર્થક પવિત્રના તો જેણે સાચું અને ખોટું બંને નજરે જોયું હોય, જેણે દુનિયાનું વાસ્તવિક દર્શન કર્યું હોય, જેણે સંસારની વચ્ચે રહીને સંસારનો ધર્મ પાળ્યો હોય તેની જ હોય છે.

ફૂલ બગીચામાં ઊગે એ તેની પ્રકૃતિ જ છે, પણ રણમાં ઊગે એ તેનું પરાક્રમ છે.

*

સ્કૂલ ને કૉલેજમાં ફેર છે.

પણ બંને મંગળ છે, બંને ચારિત્રતીર્થો છે, બંને માતૃસંસ્થા છે.

એકમાંથી બીજીમાં જવાથી ડરશો નહિ, જીવનમાં આગળ વધવાથી બીશો નહિ, મોટા થવાથી ગભરાશો નહિ.

કુદરતનો ધર્મ છે : વસંત ને ગ્રીષ્મ, પરોઢ ને મધ્યાહ્ન, પુષ્પ ને ફળ.

રાજાએ હરીફ રાજ્યના રાજગુરુને પકડાવીને, એના પર જુલમ ગુજારીને, એની પાસે પોતાના રાજ્ય પર આશીર્વાદ ઉચ્ચારાવ્યો ત્યારે રાજગુરુ બોલ્યા : ‘‘તમારા રાજ્યનાં બધાં ખેતરો હરહંમેશ લીલાં લીલાં રહે.’’ રાજા ખુશ થયો અને એમને દાન-દક્ષિણા આપીને પાછા વળાવી દીધા. આશીર્વાદ સાચો પડ્યો. રાજ્યની ચારે કોર બધાં ખેતરો લીલાં ને લીલાં. ચોમાસામાં પણ લીલાં ને શિયાળામાં પણ લીલાં ને ઉનાળામાં પણ લીલાં. ન સુકાય તરણું કે ન ખરે પાંદડું. એ લીલાંછમ ખેતરો પર પાક ઊતર્યો નહિ. એ પર્ણાંગીચ વૃક્ષો પર ફળ પાક્યાં નહિ. આશીર્વાદ તે આશીર્વાદ ન હતો : શાપ હતો : કાયમ માટે હસતી પણ વંધ્યા, ઉજ્જડ, અફળ વસંતમાં રહેવાનો શાપ.

નાનપણની લીલાશ પછી પ્રૌઢતાનો પાકો પીળો રંગ ન આવે તો તમારા હૃદયક્યારામાં જીવનસાફલ્યનો પાક ઊભરાશે નહિ.

દુખી ઘરના યુવાનોને

કૉલેજમાં દાખલ થતી વખતે એ છોકરાની સાથે એના એક વડીલ આવ્યા હતા. એ એના બાપ ન હતા, પણ પ્રેમથી ને ધીરજથી એની બાજુમાં રહીને બધી વિધિઓ પતાવવા એમણે મદદ કરી. ફૉર્મમાં વાલીની સહી જોઈતી હતી ત્યાં એમણે સહી પણ કરી, જોકે પિતાનું નામ ને સરનામું જુદાં ભર્યાં હતાં. જતી વખતે મને જરા બાજુએ લઈને એમણે કાનમાં કહ્યું : "આ છોકરા ઉપર પ્રેમની નજર રાખજો, એને ઘેર દુઃખ છે." અને બંને ગયા.

એ વિદ્યાર્થીને અને એના જેવા અનેકને પણ વર્ગમાં બેસતા ને મેદાનમાં રમતા જોઈને મારા મનમાં જાતજાતના વિચારો ઊઠે છે, જાતજાતની ચિંતાઓ છવાય છે, કારણ કે ઘેર દુઃખ હોય, મોટું દુઃખ હોય. બીજાને કહી ન શકાય એવું દુઃખ હોય ત્યારે કૉલેજમાં આવતાં એ ઘરના છોકરાની શી હાલત થાય છે એ અનેક એવા દુખદ પ્રસંગો જોયા પછી હું હવે જાણું છું. યુવાન માણસની જીવનપ્રગતિમાં પૈસાની ભીડ કે બુદ્ધિની મંદતા, દેહના રોગ કરતાં ઘરના ક્લેશ કે માબાપના અણબનાવ વધારે મોટી અડચણરૂપ હોય છે.

*

છોકરો નાનો છે ત્યાં સુધી તેને ભાન નથી કે તેને ઘેર કંઈક છે જે તેના દોસ્તદારોને ઘેર નથી. પણ ધીરેધીરે એને ખબર પડવા માંડે છે કે મા અને સાવકી મા વચ્ચે ફેર છે; જે 'ભાઈ' ઘણા વખતથી પરદેશમાં હતો અને પોતાને માટે નવાંનવાં રમકડાં લઈને આવવાનો હતો તે પાછો આવવાનો નથી, અને તેનાં રમકડાં પણ આવવાનાં નથી; બા એને વહેલો-વહેલો સુવાડે ને જલદી ઊંઘી જવાનો આગ્રહ કરે એ પોતે અમુક બનાવ ન જુએ ને અમુક વાતો ન સાંભળે એ માટે હોય છે અને જેમ-જેમ એ જુએ છે ને સમજે છે તેમ તેના નાજુક મનમાં પ્રશ્ન ઘડાય છે, 'મારું આમ કેમ ?' અને 'બીજાઓનું આમ કેમ નથી ?'

એ પ્રશ્નમાં ઘોર નિરાશાના ભણકારા છે, ભાવિ લઘુતાગ્રંથિનાં બીજ છે, દિલની વ્યથાના અણસાર છે. તોપણ વર્ષો સુધી, ઘણું કરીને સ્કૂલનાં વર્ષો સુધી તેનો પૂરો ડંખ લાગતો નથી. નાની ઉંમર, રમતિયાળ સ્વભાવ, સ્કૂલની હૂંફ ને મિત્રોનો સરળ પ્રેમ–એ આ પ્રશ્નને લાંબા સમય સુધી દબાવી રાખે છે.

રાખ નીચે અંગારા.

ધરતીના પેટમાં જ્વાળામુખી.

પણ એ રાખ ઊડે ને એ મોં ફાટી જાય ત્યારે એની આસપાસ સત્યાનાશ ફરી વળે.

એ સંક્રાંતિકાળ કૉલેજનો કાળ હોય છે.

*

એ વિદ્યાર્થી માટે પણ એ સંક્રાંતિકાળ વહેલો આવી ગયો.

કૉલેજમાં આવતાં એના દિલમાં એક જાતનો ઘેરો અસ્પષ્ટ ભય લાગ્યા કરતો હતો.

જૂના મિત્રો સાથે એ સલામતી અનુભવતો, કારણ કે તેઓ તો જે જાણવાનું હતું તે બધું જાણતા હતા, તેની સાથેસાથે જ એ બધું શીખ્યા હતા અને એક વણલખ્યા કરારથી એની વાતો કદી કરતા નહોતા.

પણ હવે કૉલેજમાં નવા મિત્રો બનાવવા પડશે. ને એ ઘરે આવશે ને પ્રશ્નો પૂછશે અને એમને ખબર પડશે... એટલે નવા મિત્રો ન બનાવીએ તો સારું એવો નિર્ણય તેના મનમાં આપોઆપ બંધાઈ ગયો. નિર્ણય ખોટો હતો એ તે જાણતો હતો, તેનાં માઠાં પરિણામ આવશે એના અણસારા પણ તેના મનમાં હતા, એ કાયરનો રસ્તો છે એ તે સ્પષ્ટ રીતે જોતો હતો, પણ ન છૂટકે એણે એ રસ્તો લીધો. કોઈ મારા જીવનનો ભેદ ન જાણે એ માટે કોઈને નજીક આવવા

દઈશ નહિ એવી તેની નીતિ બની રહી.

એ નીતિને પરિણામે તે એકલો પડ્યો. પણ લોકો પોતાને એકલો જોશે તો પાછા વહેમાઈ જશે એ બીકથી કેટલાક દોસ્તોની સાથે તો એને જવું પડતું. તેઓ માત્ર ધાંધલિયા દોસ્તો હતા, સાચા મિત્રો નહિ. એની સાથે તે બૂમો પાડીને વાતો કરતો, જોરથી હસતો, કદી કરી નહોતી એવી વાતો કરવા લાગ્યો, કદી ગયો નહોતો એવી જગાઓમાં તે જવા લાગ્યો. એ ધાંધલમાં તેનો એ અંગત પ્રશ્ન ભુલાઈ જશે અને ઘેર દુઃખ છે માટે બહાર થોડું સુખ શોધવા જઈએ તો ખોટું નથી એવી કોઈ દલીલથી એણે પોતાનું મન મનાવ્યું. પણ એ સુખ કૃત્રિમ હતું, ક્ષણિક હતું, સંતોષ આપે એવું ન હતું અને એની શોધમાં બહાર ફાંફાં માર્યા પછી તે ઘેર જતો ત્યારે એ કાયમનો પ્રશ્ન હજી વધુ ભારે લાગતો, અસહ્ય લાગતો. 'મારું આમ કેમ ?'

અને તેના અભ્યાસનું શું ?

સ્કૂલ સુધી એને કહેવું પડ્યું ન હતું. કુદરતે બુદ્ધિ આપી હતી એટલે વાંચવાની પણ મજા પડતી અને સહેજ મહેનત કરીને તે દરેક પરીક્ષામાં સારા નંબરે પસાર થતો. પણ હવે ચોપડી હાથમાં લીધી એટલે ભારે લાગી. ઉઘાડવાનું મન થાય જ નહિ, ઉઘાડે તો ધ્યાન એના ઉપર ચોંટે જ નહિ અને વાંચે તો વાંચેલું યાદ રહે જ નહિ. ભવિષ્યની ચિંતા, ઘરના અને બહારના જીવનનો વિસંવાદ અને જીવનમાં પોતાને થયેલા 'અન્યાય' માટે રોષ... એ મનમાં હોય ત્યાં સુધી ગણિતના પ્રયોગો ને રસાયણનાં સૂત્રો માટે એમાં જગ્યા નથી. પછી જે થવાનું હતું તે થયું. કૉલેજની પહેલી પરીક્ષા આવી અને તેનું પરિણામ બૉર્ડ પર મૂકવામાં આવ્યું ત્યારે પોતાનું નામ અને એની સામેનો આંકડો જોતાં એનાથી નીચું જોવાઈ ગયું. દુઃખમાં દુઃખ ઉમેરાયું. ચિંતામાં ચિંતા ભળી. "શું મારા ઘર ઉપર ને મારા જીવન ઉપર એવો ભયંકર શાપ છે કે એમાંથી ઊગરવાનો કોઈ ઉપાય નથી ?"

*

ઉપાય છે.

તમારે માટે તેમજ તમારા જેવા બીજા દુઃખી યુવાનો માટે, શહેરના કે ગામડાના, ગરીબ કે શ્રીમંત – જેમનાં હૃદયમાં એવો ગુપ્ત કાંટો ભોંકાયેલો હોય, બધાને માટે ઉપાય છે, પણ એ ઉપાય તમે શોધી રહ્યા છો એ દિશામાં નહિ, એથી ઊલટી જ દિશામાં મળશે. મૂળ દુઃખ ભુલાવવા પ્રયત્ન કરવો એ તો એ દુઃખ વધારવા ને નજર સામે મૂકવા ને જાહેર કરવા જેવું છે. પણ સાચી પરિસ્થિતિ જાણીને ને સ્વીકારીને સંકોચ વિના સમાજમાં પોતાનું સ્થાન લેવું, અને એ મૂળ દુઃખ ભુલાવી દે એવી સફળતા દુનિયાની આગળ પ્રાપ્ત કરવી એ સાચો રસ્તો છે.

ગુરુ ગૌતમ પોતાના શિષ્યોને દરેકના કુળ વિશે પૂછી રહ્યા હતા ત્યારે સત્યકામ જાબાલ નામના યુવાને બધાની આગળ ઊભા થઈને નિર્દોષપણાથી કહ્યું : "મારા પિતાના ગોત્રની મારી બાને પણ જાણ નથી." કોઈ કશું કહી શકે તે પહેલાં ગુરુએ એને ભેટીને કહ્યું : "તારું ગોત્ર સર્વશ્રેષ્ઠ છે, તું સત્યના ગોત્રનો છે, બેટા." – અને બીજા શિષ્યોના હોઠ પર ડોકિયું કરતું તિરસ્કારનું સ્મિત ત્યાં થીજી ગયું. શરૂઆતમાં આટલી હિંમત બતાવી એટલે એનો રસ્તો મોકળો થયો. જે જાણવાનું હતું એ પોતે કહી દીધું એટલે બધાંનાં મોં બંધ કર્યાં.

પછી મુક્ત મનથી એ અભ્યાસનું કાર્ય આદરી શકશે અને જીવનમાં સફળતા મેળવીને સમાજની આગળ ઊભો થશે ત્યારે બધાંનાં માથાં નમી પડશે. ઘેર દુઃખ હોવા છતાં જેણે જીવન સિદ્ધ બનાવ્યું એનું પરાક્રમ બમણું લેખાશે.

*

પદવીદાન સમારંભમાં પીએચ.ડી.ની સર્વોચ્ચ ઉપાધિ લેવા એક તરુણ વિદ્યાર્થી મંચ પર આવ્યો ત્યારે દૂર પાછળ બેઠેલી એ સ્ત્રીની આંખો ભીની થઈ. એ યુવાનના બાપને વર્ષો પહેલાં

ફાંસીની સજા થઈ હતી – ભાન ભૂલીને એણે એક દિવસ ન કરવાનું કર્યું હતું એ માટે. એટલે એ છોકરાઓ ને તેની બા માટે દુઃખના દહાડા આવ્યા. પણ કાળજું કઠણ કરીને બાએ દીકરાને શિખામણ આપી હતી : "લોકોને બોલવું હોય તે બોલવા દે, તું કશું છુપાવીશ નહિ; ડરીશ પણ નહીં. મહેનત કર. તારાથી બને તેટલી મહેનત કર અને તારા બાપનું નામ તારામાં પણ છે એટલે તું સફળ થઈશ ત્યારે એ નામ ફરીથી ઊજળું થશે." એ આશીર્વાદ ફળતો જોઈને કૃતાર્થ માતાની આંખમાં આંસુ આવે એમાં નવાઈ ખરી ?

નાનપણમાં દુઃખ જોયું હોય – અને નાનામોટા પ્રમાણમાં પણ મન ઉપર અસર કરી શકે એવા પ્રમાણમાં ને આપણે ધારીએ તે કરતાં વધારે યુવાનોએ એ જોયું છે – તો તેનો સાચો ઉપાય નિખાલસતામાં, ઉધમમાં અને પોતાની જીવનસિદ્ધિથી સાચી આબરૂ પાછી મેળવવાના નિર્ણયમાં છે.

હા, અને એ શુભ કામ પાર પાડવા, એ હૃદયનો ઘા રુઝાવવા, એ કુમળું જીવન બચાવવા વિશેષ તો પેલી પ્રેમની "નજર"ની જરૂર છે.

સમાજની ઉદારતા, સમોવડિયાઓનો વિવેક અને વડીલની હૂંફ એ દુખી ઘરના યુવાનોને ફરીથી સુખી બનાવી શકશે.

સુખી ઘરના યુવાનોને

કૉલેજ આગળ મોટી કાર આવીને ઊભી રહી. ડ્રાઇવરે પોતે જલદી ઊતરીને કારનું બારણું ઉઘાડ્યું અને એમાંથી આધુનિક ઢબનાં મોંઘાં કપડાંમાં સજ્જ થયેલ એક યુવાન બહાર કૂધો. રોજની જેમ મારા મનમાં એ સુખી ઘરના યુવાનોને અનુલક્ષીને વિચારમાળા ચાલવા લાગી.

તમે કારમાં બેસીને રોજ કૉલેજમાં આવો છો તો ભલે, પણ બીજા અનેક વિદ્યાર્થીઓ સાઇકલ ચલાવીને કે બસમાં કન્સેશન કઢાવીને કે પગે ચાલીને આવે છે એનો ખ્યાલ તમને હશે ને ?

તમારી ફી ભરતી વખતે તમારા પિતાએ કોરા ચેક ઉપર સહી કરી હતી એટલે પતી ગયું, પણ બીજા અનેક વિદ્યાર્થીઓના પિતા પેટે પાટા બાંધીને ને બીજાઓની પાસે હાથ લાંબો કરીને ને દેવું કરીને દીકરાની ફીના પૈસા હપતેહપતે ભેગા કરે છે એની ખબર તમને હશે ને ?

પાઠ્યપુસ્તકોની યાદી લઈને તમે બજારમાં જઈ એક દિવસમાં બધાં નવાંનવાં પુસ્તકો ખરીદી આવ્યા એ સારું કર્યું. પણ બીજા અનેક વિદ્યાર્થીઓને જૂનાં ને ઉછીનાં ને મોડાં મળેલાં ને અધૂરાં રહેલાં પુસ્તકો લઈને ચલાવવું પડે છે એ તમે જોયું હશે ને ?

એ જો તમે જોયું હોય ને સાંભળ્યું હોય તો આટલી જ વિનંતી છે કે એ વાતો ને એ દૃશ્યોની આગળ તમારી આંખ ને કાન બંધ કરશો નહિ ને તે વિસારે પાડવા પ્રયત્ન પણ કરશો નહિ ને 'જેનું જેવું નસીબ' એમ કહીને એ બીજા અનેક વિદ્યાર્થીઓથી વેગળા રહેશો નહિ.

તમને જે-જે મળ્યું છે એનો છૂટથી ઉપયોગ કરો, પણ એમ કરતી વખતે ખ્યાલ રાખો કે ઘણાને એવું મળ્યું નથી અને એ બીજા ઘણા લોકો તે કંઈ દૂર નથી પણ હાલ તમારી સાથે વર્ગમાં આવે છે, તમારી બાજુમાં બેસે છે, તમારી જોડે રમે છે એટલે જ તમારે એમનો વિશેષ ખ્યાલ રાખવો જોઈએ.

*

એમનો ખ્યાલ તમારે રાખવો જોઈએ, તે એમની ખાતર નહિ પણ વિશેષ કરીને તો તમારી ખાતર. તમે સુખી ઘરમાં જન્મ્યા, લાડમાં ઊછર્યા, સૌમ્ય સુરક્ષિત વાતાવરણમાં મોટા થયા, એ ઘણું સારું થયું; પણ અફસોસની વાત એટલી જ કે જે દુનિયામાં તમારે જીવવાનું છે એ એવી સૌમ્ય અને સુરક્ષિત જગ્યા નથી ને એમાં મળતા લાડનું ને સુખનું પ્રમાણ ઓછું છે. તમારું એ હૂંફાળું વાતાવરણ છોડીને તમે સીધા બહારના ઠંડા પવન ને વરસાદમાં આવશો તો એની માઠી અસર લાગવાનો પૂરો સંભવ છે.

કાચગૃહમાં ઊગેલો છોડ ખુલ્લા ખેતરમાં જલદી સુકાઈ જાય.

એ વાસ્તવિક દુનિયાનાં દર્શન તમારે માટે હવે સુલભ છે. એક ધનાઢ્ય યુવાને એવો અનુભવ લેવા વેશ બદલીને ને બીજા પ્રાંતમાં જઈને ગરીબ લોકોની વચ્ચે જીવવાનું સાહસ કર્યું હતું. એ તમારે કરવાની જરૂર નથી. આંખ ઉઘાડી રાખો, કાન સરવા કરો અને તમારી આસપાસ જુદાજુદા લોકો કેવી રીતે જીવે છે, તમારા વર્ગના જ બીજા વિદ્યાર્થીઓ કેવી અગવડો વેઠીને ભણે છે એનું નિરીક્ષણ કરતા રહો.

તમારી આગળ બેઠેલો વિદ્યાર્થી આજે ભૂખ્યે પેટે કૉલેજમાં આવ્યો છે એ તમે જાણશો ત્યારે ઘેર તમારી પ્રિય વાનગીઓ માટે તમારો આગ્રહ ઓછો થશે અને કોઈ દિવસ દાળ સહેજ મોળી આવે તો આખું ઘર બરાડાથી ગજાવી મૂકવાની તમારી વૃત્તિ નરમ પડશે. પ્રયોગશાળામાં તમારા જ ટેબલ આગળ પ્રેક્ટિકલ કરનાર વિદ્યાર્થી રોજ એ જ ખમીસ ને એ જ લેંઘો ને એ જ ચંપલ પહેરીને આવે છે એ હકીકત તમારા ધ્યાનમાં આવશે ત્યારે અવનવા પાતળા પેન્ટ માટે કે

પચરંગી બુશકોટ માટે કે અણીદાર ચમકદાર બૂટ માટે ઘેર તમારા તગાદા આપોઆપ ઓછા થઈ જશે.

*

લોકોના મનમાં એ ખ્યાલ ઘર કરી બેઠો છે કે જેમ ઘર સુખી તેમ એમાં અનીતિ વધારે.

ગરીબો પ્રામાણિક અને શ્રીમંતો કપટી, ગામ પવિત્ર અને શહેર ગંદું, એવી વ્યાપક માન્યતા છે.

પૈસો ભેગો કરવા અને ભેગો રાખવા અનેક વાર અનીતિનો માર્ગ લેવો પડે છે એ ખ્યાલ કદાચ એ માન્યતા પાછળ હશે.

તમારા વર્તનથી અને તમારા જીવનથી એવી છાપ પડશે કે કેમ એનો વિચાર તમે કર્યો છે ખરો ?

એક શિક્ષકમિત્રની પાસેથી નીચેનો પ્રસંગ સાંભળેલો. નાનો પ્રસંગ છે, પણ બોધક છે. એ શિક્ષક જે બસમાં બેઠા હતા એમાં એક ગરીબ મજૂરણ જેવી લાગતી સ્ત્રી પણ હતી ને તેની બાજુમાં એક નાનો છોકરો શાંતિથી બેઠો હતો. એટલામાં શહેરના કેટલાક 'શિક્ષિત' યુવાનો બસમાં ચડી ગયા અને અમસ્તો શોરબકોર મચાવી મૂક્યો ને કૂદાકૂદ કરવા માંડી. પેલો ગામડિયો છોકરો કશું સમજ્યો નહિ એટલે થોડી વાર એ લોકોની સામે જોતો રહ્યો ને પછી પોતાની બા તરફ વળીને એણે ધીરેથી પૂછ્યું : "બા, આમ કેમ કરે છે ?" ને પેલી ગરીબ સ્ત્રીએ તેને વહાલથી સમજાવ્યું : "એ લોકો મોટા ઘરના કહેવાય, સારા ઘરના કહેવાય, એટલે આમ કરે છે. પણ આપણે એવું ન કરીએ, બેટા." દુઃખ એટલું જ કે એ ધાંધલમાં પેલા યુવાનોના કાનમાં એ શબ્દો પડ્યા નહિ.

તમે મોટા ઘરના છો એટલે આમ જ કરો છો એ ખ્યાલ એ નાના ઘરવાળાના મનમાંથી કાઢવો હોય તો એમની પાસે જઈને તમારે દિલ ખોલીને વાત કરવી પડશે અને હવે પછી એમની આગળ સમજીને પણ તમારે વર્તવું પડશે.

એ નિર્ધન લોકોની સાથે તમે દિલ ખોલીને વાત કરશો તો બંનેને લાભ થશે. તમારા અવિચારી વર્તનથી એમને થયેલો આઘાત જોઈને તમને તમારી જવાબદારી સમજાઈ આવશે અને તમારા જીવનમાં એક જાતની શુભ પ્રૌઢતા આપોઆપ આવી જશે, જ્યારે તમારી વાતો સાંભળીને એ લોકો પણ સમજી શકશે કે સાધનસંપન્ન કુટુંબોમાં પણ અગવડો હોય છે, મુસીબતો હોય છે, દુઃખ હોય છે.

*

કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓ ને વિદ્યાર્થિનીઓને લઈને અમે ગરીબોનાં ઝૂંપડાંઓની મુલાકાત લેવા એક દિવસ ગયા હતા. એમાં થોડી સારા ઘરની યુવતીઓ ત્યાંની બહેનોની સાથે દોસ્તી જમાવીને સ્ત્રીસહજ વાતો ખૂબ રસથી કરવા લાગી અને પોતપોતાનાં ઘર ને કુટુંબોનો પરિચય આપતી ગઈ. જતી વખતે એ કૉલેજની યુવતીઓ માંહોમાંહે કહેતી હતી : "કેટલી મજા પડી ! હવે દર રવિવારે આવીશું ને કંઈક લેતી પણ આવીશું. એ લોકો આપણી તરફ આટલું બધું જુએ છે અને આપણી આટલી ચર્ચા કરે છે અને આપણને આટલાં સુખી માને છે અને આટલાં અભિમાની પણ માને છે એની આપણને ક્યાં કલ્પના હતી ?" પણ એના કરતાં પાછળ ઝૂંપડાંઓમાં રહેલી પેલી અભણ સ્ત્રીઓના ઉદ્ગારો સચોટ હતા : "અમે તો માન્યું કે સાહેબોને ઘેર કોઈ દુઃખ નથી; પણ એ છોડીઓ તો કેવી અમારી માફક બોલતી હતી ! મોટાંને ઘેર પણ છોકરાંઓ માંદાં-સાજાં થાય ને પૈસા ગણવા પડે ને કોઈ ક્યાં પરણે એની ચિંતા રહે તો તો એય સરખાં ને અમેય સરખાં."

હા, સુખી ઘરમાં પણ દુઃખ હોય છે અને એનું પ્રદર્શન નહિ તો એકરાર તો કરવો ઘટે,

જેથી દુઃખની સગાઈથી આપણે બધાં એકબીજાની નજીક આવતાં રહીએ.

આમ, બીજાઓનો ખ્યાલ રાખીને તમારું જીવન જીવશો તો સુખમાં સંયમ, દુઃખમાં ધીરજ અને ઊંચા-નીચા સર્વ માણસો પ્રત્યે સાચો બંધુભાવ તમારા હૃદયમાં પ્રગટશે.

પરદેશગમન

તમારો ફોટો છાપામાં જોયો.

વધુ અભ્યાસ અર્થે અમેરિકા જવાનું અહોભાગ્ય તમને પ્રાપ્ત થયું છે, એટલે અમદાવાદથી ગુજરાત મેલમાં ને મુંબઈથી એર ઇન્ડિયાના બોઇંગમાં તમે વડીલોની અભિલાષાઓ (ને ચિંતાઓ) લઈને શુભ મુહૂર્તે ઊપડવાના છો. ફોટામાં તમે સૂટ-ટાઇમાં સજ્જ હતા એટલે લગભગ ન ઓળખ્યા; પણ ચહેરો તો તમારો જ હતો, થોડો ગભરાયેલો, થોડો ખેંચાયેલો પણ તમારો ખરો. તેના પર વર્ષોનું મહાસ્વપ્ન સિદ્ધ થવાનો સંતોષ હતો; જવાની અસંખ્ય વિધિઓ ને હેરાનગતિઓની અકળામણ હતી, ભવિષ્ય માટે ગૂઢ અસ્પષ્ટ ભય હતો.

હું એ તમારા ફોટા તરફ થોડી વાર સુધી વાત્સલ્યથી જોતો રહ્યો. કારણ કે તમારા વડીલોની જેમ મારા દિલમાં પણ તમારે માટે ને તમારા પરદેશગમન માટે ઉચ્ચ અભિલાષા હતી ને કનડતી ચિંતા પણ હતી.

મુંબઈથી ઊડ્યા પછી ફૂલહાર માંડ ઉતારીને ને આંખો માંડ લૂછીને, તમારા બાપુજીનો છેલ્લો આશીર્વાદ ને બાની છેલ્લી ભીની મીટ યાદ કરીને અંતર કેમ કપાય છે એનું ભાન તમને રહેશે નહિ અને થોડા જ કલાકમાં યુરોપ આવશે ને અમેરિકા આવશે અને તમારો પગ નવી ભૂમિનો સ્પર્શ કરશે. કાલે તમે સ્વજનો વચ્ચે હતા, ગુજરાતીમાં વાત કરતા હતા, તમને ભાવતી વાનગીઓ આનંદથી ઉડાવતા હતા. આજે તમે સાવ અપરિચિત લોકોની વચ્ચે ઊભા છો, પીરસેલી જાતજાતની વાનગીઓ તરફ વહેમથી જુઓ છો, અંગ્રેજી તમને આવડતું હતું એમ તમે માનતા અને અહીંના તમારા મિત્રોની સાથે અંગ્રેજીમાં બોલવાનો દેખાવ પણ કરતા, પણ ત્યાંના લોકોની સાથે અંગ્રેજીમાં વાતચીત કરવાના તમારા પહેલા પ્રયોગો બહુ સફળ તો ન થયા. વાર્તામાં મેનાના માળામાં કોયલનું બચ્ચું પડ્યું એના જેવી તમારી સ્થિતિ હવે થઈ છે. પીંછાં જુદાં ને સૂર જુદા ને પારકા માળામાં વિલક્ષણ મહેમાન.

*

એવી સ્થિતિમાં મુકાયેલ એક ગુજરાતી વિદ્યાર્થીનો એકરાર છે :

"હું ખૂબ મૂંઝાયો. દેશ ખૂબ યાદ આવે. માતાનો પ્રેમ મૂર્તિમંત થાય. રાત પડે એટલે રડવાનું શરૂ થાય."

આ દુઃખના ઉદ્ગારો કોના છે ખબર છે ?

ગાંધીજીના.

તેમની આત્મકથાના તેરમા પ્રકરણમાં એ વાંચી શકશો ને એમાંથી આશ્વાસન પણ મેળવી શકશો. કોઈ કાચા દિલનો કિશોર નહિ પણ ગાંધીજી પોતે પહેલી વખત ઇંગ્લૅન્ડ ગયા ત્યારે એમને જે અનુભવ થયો તેનું વર્ણન એ નિખાલસ દિલથી કરે છે.

તેઓ આગળ લખે છે : "ઘરનાં અનેક પ્રકારનાં સ્મરણોની ચડાઈથી નિદ્રા તો શાની આવી જ શકે ? હું પોતે જાણતો નહોતો કે કયા ઇલાજથી મને આશ્વાસન મળે. લોકો વિચિત્ર, રહેણી વિચિત્ર, ઘરો પણ વિચિત્ર. ઘરોમાં રહેવાની રીતભાત પણ તેવી જ. શું બોલતાં ને શું કરતાં એ રીતભાતના નિયમોનો ભંગ થતો હશે એવું પણ થોડું જ ભાન. સાથે ખાવાની-પીવાની પરહેજી અને ખાઈ શકાય તેવો ખોરાક લૂખો અને રસ વિનાનો લાગે એટલે મારી દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી. વિલાયત ગમે નહિ ને પાછા દેશ જવાય નહિ."

ઘર ને દેશ છોડતાં, દૂર જતાં, એકલા પડતાં જો તમારી લાગણીઓ બળવો પોકારે તો નવાઈ પામશો નહિ.

તમે સાચા દિલના છો એટલું જ એ બતાવી આપે છે.

ઘર છોડીને પરદેશ જાય અને દિલમાં કશું ન લાગે એ સાચો પુત્ર નહિ ને સાચો માણસ પણ નહિ.

એ વિદાયની લાગણીઓ કલ્યાણકારી છે.

એ વિયોગનું દુઃખ શુભ સંસ્કારોનું ફળ છે.

તોપણ એ લાગણીઓ તમારે કાબૂમાં રાખવી જોઈએ. લાગણીઓ પ્રબળ છે પણ ચંચળ છે. માટે તેને બાજુ પર મૂકીને જલદી કામે લાગો. ફાવતું ન હોય તોપણ ત્યાંના લોકોને મળીને વાતો કરો, ત્યાંનાં જોવાલાયક સ્થળો જોવા જાઓ, ત્યાંનું તમારું કામ ને અભ્યાસ શરૂ કરો, નહિ તો કેટલાકને થયું છે તેમ થોડાક દિવસ પછી વળતું બોઇંગ લઈને તમે પાછા મુંબઈના વિમાન મથકે આવી જશો – બહુમાન નહિ પણ સંપૂર્ણ ફજેતી પામવા.

*

પરદેશમાં ઊતરતાં તમે તરત ઘેર કાગળ તો લખશો. કદાચ વિમાનમાં બેઠા-બેઠા પહેલો કાગળ પણ લખ્યો હશે. પછી મિત્રો પર લખશો ને સગાં-સંબંધીઓ પર લખશો ને જૂના અધ્યાપકો પર લખશો. હા, શરૂઆતમાં ઘણાઘણા કાગળો લખશો અને અહીંથી કાગળ આવે ત્યારે એ લાગણીના આવેશ સાથે ખોલશો, સો વખત વાંચશો ને પ્રેમથી ને કાળજીથી એ સાચવી રાખશો (તેના સમાચારની વાત ત્યાં કોઈની સાથે કરી ન શકાય એ ખ્યાલ આવતાં તેનું દુઃખ પણ લાગશે અને તમે એકલા છો એની યાદ એ ફરીથી દેવરાવશે).

પણ આગળ જતાં તમારા કાગળ ઓછા થતા જશે.

તમારા એ શરૂઆતના લાંબા અવારનવાર આવતા ને ઘરના દરેકને માટે (નાની બેબીને માટે પણ) અલગ-અલગ ફકરાઓ પાડીને લખેલા પત્રો ધીરેધીરે ટૂંકા થશે ને અંતરેઅંતરે લખાતા જશે ને ઓછી વિગતોવાળા થશે. ઘેરથી ફરિયાદ કરશે ત્યારે તમે જવાબમાં લખશો કે શરૂઆતમાં બધું જ નવુંનવું લાગતું હતું એટલે ઘણું લખવાનું મળતું, જ્યારે હવે તો બધું સામાન્ય બની ગયું છે, એટલે વિશેષ ધ્યાન ખેંચે ને લખવા જેવું લાગે એવું કંઈ ખાસ રહ્યું નથી. એમ પણ તમારા બચાવમાં કહેશો કે શરૂઆતમાં તમારી પાસે ઘણો સમય હતો, જ્યારે હવે તો ત્યાં કાર્ય નિયમિત ચાલે છે અને રોજ આટલું લખવાનું ને આટલું બતાવવા માટે તૈયાર કરવાનું હોય છે કે બિલકુલ સમય રહેતો નથી. અને વાત સાચી છે. કારણ સાચું છે. પણ એ સિવાયનું બીજું એક કારણ ઊંડેઊંડે છે તેનો ઉલ્લેખ એ તમારી દલીલોમાં નથી, કદાચ તેનું ભાન તમારા પોતાના મનમાં પણ નથી. તોપણ એ કારણ પણ સાચું ને ખરું છે.

કાળક્રમે લખવાનું પ્રમાણ ઓછું થયું એનું કારણ પાછું પેલી લાગણીઓ છે. કાગળો ટૂંકા ને ઓછા થશે, કારણ કે લાગણી ઓછી થશે. ખોટું ન લગાડજો. આ તમારા ઉપર આરોપ મૂકવા હું બેઠો નથી, પણ તે અનુભવની વાત છે, ઇતિહાસની વાત છે, માનવસ્વભાવની વાત છે. જે લાગણીઓ પરદેશવાસના આરંભના દિવસોમાં તમને વિવશ બનાવતી તે કાળે કરીને કંઈક ઉદાસીન બનાવશે. પ્રેમ ખરો ને ઘર ખરું ને દેશ ખરો, પણ વચ્ચે હવે પૃથ્વીનો અર્ધો ગોળો. વિચાર કરવો પડે ને ! અને એ વિચાર નવા વાતાવરણમાં થાય. એ દૃષ્ટિ નવા પ્રકાશમાં કેળવાય, એ દિશા નવા પવનમાં બંધાય, પછી... ?

*

પછી રસ્તા ફંટાઈ જશે.

કેટલાક પાછા આવશે પણ નહિ.

કેટલાક અગ્નિની સાક્ષીએ સ્વીકારેલાં પવિત્ર બંધનો પણ તોડીને દૂર બીજો માળો બાંધશે.

કેટલાક થોડું અમસ્તા ફરીને ને સમય ને પૈસા બગાડીને ખાલી પરદેશ જઈ આવ્યા છે

એની બડાશ મારી શકે એ માટે ગયેલા એટલે કોઈ જશ કે અપજશ વિના પાછા ફરશે.

અને કેટલાક (કેટલાક નહિ, ઘણાખરા) પોતાના દિલમાં સંસ્કારોનું જોર અનુભવીને પરદેશમાં પોતાના અભ્યાસક્ષેત્રમાં ઉત્તમ નિષ્ણાતો નીવડ્યા પછી, નવી ક્ષિતિજો પર દૃષ્ટિ ફેરવવાથી તેને વિશાળ ને દૂરગામી બનાવ્યા પછી, ત્યાંનું જે-જે સારું છે એ બધું દૃઢ રીતે સ્થાપ્યા પછી બાજા એક મંગળ દિવસે સ્વદેશ પાછા આવશે, મુંબઈના વિમાન મથકે ઊતરશે, કંઈક વૃદ્ધ લાગતાં માતા-પિતાને પગે લાગશે, સાવ મોટી થયેલી નાની બહેનના માથા પર વહાલથી હાથ ફેરવશે, કાગને ડોળે રાહ જોતી ને દિવસો ગણતી ને 'એ' પાછો આવે ને મને સ્વીકારે ને સુખી કરે એ માટે રોજ બાધા-આખડી લેતી દિલની સાથી સામે પ્રેમની ને વિશ્વાસની ને સમર્પણની નજર કરશે... અને એ નવો ઉત્સાહ ને નવો અનુભવ ને નવું જ્ઞાન લઈને નવી આવડતથી પોતાના દેશની સેવા કરવાનું મંગળ જીવનકાર્ય એ આદરશે.

*

એ મારી અભિલાષા હતી : એ મારી ચિંતા હતી – છાપામાં તમારો ફોટો જોઈને.

નવા વહાણને પહેલી વાર દરિયામાં ઉતારી દે ત્યારે કપ્તાનના દિલમાં પળભર ફફડાટ થાય કે એ તરશે ખરું ?

નવા વિમાનને પહેલી વાર ગગનવિહાર કરાવવા જાય ત્યારે પાઇલૉટના મનમાં ચિંતાનો ઝબકારો થાય છે કે તે ઊડશે ખરું ?

બચ્ચાને પહેલી વાર માળો છોડીને બહાર કૂદકો મારતું જુએ ત્યારે પક્ષી-માતાની છાતી પર ભયનું મોજું ફળી વળે છે, કે તે ઉપર ચડશે ખરું ?

હા, ચડશે ને ઊડશે ને દૂર જશે ને પાછું આવીને પોતાનો એ માળો દીપાવશે, ને માતાનું હૃદય (જનેતાનું ને માતૃભૂમિનું હૃદય) હરખાવશે.

ખરું ને ?

મેડિકલમાં ગયા

ખુશખબર આપવા આવ્યા. મેડિકલ કૉલેજમાં ઍડમિશન મળ્યું છે. લાંબી રાહ જોવી પડી, ચિંતામાં ને ચિંતામાં ઘણા દિવસ ગાળવા પડ્યા. ઍડમિશન ન મળે તો શું કરવું એના વિકલ્પો વિચારવા પડ્યા ને એને લગતું ખર્ચ પણ કરવું પડ્યું, પણ આખરે છેલ્લી યાદીમાં ક્યાંક તમારું નામ હતું ને એ જોઈને તમારી ચિંતા આનંદમાં પલટાઈ ગઈ, તમારા ઉત્સાહનો પાર રહ્યો નહિ અને વધામણી ખાવા દોડીને આવ્યા.

ખરેખર સારા સમાચાર છે, ખુશખબર છે.

ડૉક્ટર થવાનાં તમારાં સ્વપ્ન હતાં એ હું જાણતો હતો. સ્વપ્ન નહિ, વરસો સુધી સેવેલી દિલની ઇચ્છા ને મનની આકાંક્ષા હતાં. બીજા વિદ્યાર્થીઓ ફક્ત સારી નોકરી મળે એ ખ્યાલથી ભણે છે, એક પછી એક જુદાં ક્ષેત્રમાં જવાનો પ્રયત્ન કરે છે અને જ્યાં લાગે ત્યાં અમસ્તા ગોઠવાઈ જાય છે. એવું તમારું ન હતું. તમારો તો પહેલથી ડૉક્ટર થવાનો આગ્રહ હતો અને એ પણ સારી નોકરીની લાલચથી નહિ પણ દિલની પ્રેરણાથી ને સંસ્કારોના જોરથી.

તમારે માણસોની સાથે કામ જોઈતું હતું, યંત્રો કે કાગળિયાંની સાથે નહિ; તમે બીજાઓને સુખ આપી શકો, હૂંફ આપી શકો, સેવા કરી શકો અને એમ કરી કરીને તમારી બુદ્ધિ ને તમારી શક્તિનો પૂરો ઉપયોગ કરી શકો એવું કામ તમારે જોઈતું હતું અને એ કામ તમને તબીબી ક્ષેત્રમાં ઉત્તમ રીતે મળી શકે એમ હતું એટલે તમે એ તરફ આકર્ષાયા ને એ શુભ આકર્ષણના (અને અનેક વર્ષોના પરિશ્રમના) પ્રતાપે આજે તમે મેડિકલ કૉલેજમાં પ્રવેશ કરી શક્યા છો.

શાબાશ.

તમારું નામ ભલે છેલ્લી યાદીમાં હોય, પણ તમારી લાયકાત પ્રથમ કોટિની છે. તમારા સ્થાન ઉપર જ તમે આવી ગયા છો.

*

પણ ખરી જવાબદારી હવે શરૂ થાય છે. ખરા કામની તૈયારી હવેથી શરૂ થાય છે એટલે તમારી દૃષ્ટિ પણ હવે નવી હોવી જોઈએ. સ્કૂલનું એક ધોરણ પૂરું થાય ને બીજું શરૂ થાય, કે કૉલેજમાં એક વર્ષની પરીક્ષામાં પાસ થવાય એટલે બીજામાં બેસાય એવું આ નથી. નવી મઝલ છે, માટે નવી ચાલ જોઈએ, નવો વેગ જોઈએ, નવો જુસ્સો જોઈએ.

અભ્યાસની વાત લો–

છેલ્લી પરીક્ષા માટે તમે આખો અભ્યાસક્રમ તૈયાર નહોતો કર્યો. પરીક્ષા અગત્યની હતી, પણ અભ્યાસક્રમ લાંબો હતો. આખો સારી રીતે તૈયાર થઈ શકે એવો ન હતો, એટલે તમે કેટલાંક પ્રકરણો છોડ્યાં, તમારી ભાષામાં કહું તો, 'ઑપ્શનમાં નાખ્યાં.' પરીક્ષામાં બધા પ્રશ્નોના જવાબ આપવાના હોતા નથી, એટલે અભ્યાસક્રમનો સારો એવો ભાગ છોડીને પણ પૂરા માર્ક્સ લાવી શકાય એમ છે. શું છોડી શકાય ને શું છોડવા જેવું છે એનો પાકો હિસાબ વિદ્યાર્થીઓની પાસે હોય છે અને એનો લાભ બધા (સારા વિદ્યાર્થીઓ પણ) છૂટથી લે છે.

પણ હવે તમારી સ્થિતિ બદલાઈ છે.

હવે અભ્યાસક્રમો પણ આવશે, પણ એમાં આવતી વાતો તમારા ભાવિ કામ માટે આવશ્યક હશે. કોઈ રોગને લગતું એક પ્રકરણ હોય તો તે લાંબું હોય કે અઘરું હોય કે તે વિના પરીક્ષામાં હજી ફર્સ્ટ ક્લાસ લાવી શકાતો હોય તોપણ તમને એ છોડવાની હવે છૂટ નથી. એ રોગનો અભ્યાસ જો તમે છોડી દેશો તો આગળ ઉપર તમે ડૉક્ટરનું કામ શરૂ કરશો અને એ જ રોગથી પીડાતો કોઈ દર્દી તમારી પાસે આવશે ત્યારે શું એને એમ કહેશો કે પરીક્ષા માટે

મેં આ રોગનો પ્રશ્ન છોડી દીધો હતો, એટલે મારા તૈયાર કરેલા પ્રશ્નોની અંદર આવે એવો રોગ લઈને આવો તો જરૂર આવો, નહિ તો મહેરબાની કરીને બીજા ડૉક્ટરની પાસે જાઓ ?

જીવન સાથે કામ છે. તમે કહેતા હતા તેમ માનવની સાથે કામ છે, માટે એમાં કશું છોડી ન શકાય. જેટલું શીખો તેટલું ઓછું. પરીક્ષામાં પાસ-નાપાસ થવાનો સવાલ નથી. એક માણસને બચાવવાનો કે નષ્ટ કરવાનો સવાલ છે. એ જવાબદારી અત્યારથી તમારે માથે છે, આજની બેદરકારીથી કાલનો કેસ તમારે હાથે બગડી શકે અને એક માણસનું જીવન હરી શકે. એટલે જ હું કહેતો હતો કે મેડિકલમાં જવાથી તમે ફક્ત કૉલેજ બદલી અને અમુક વિષયો શીખવાને બદલે બીજા કોઈ વિષયો શીખો છો, બાકી તો બધું સરખું છે એ પળભર પણ માનશો નહિ. નવું ભાન જોઈએ. નવું વલણ જોઈએ. કારણ કે નવી ને ખરી જવાબદારી હવે આવી ચૂકી છે.

*

બીજી વાત.

વિશ્વભરમાં મેડિકલ સ્ટુડન્ટ્સ સામે ફરિયાદ છે કે જે ધંધામાં સૌથી વધારે પવિત્રતા હોવી જોઈતી હતી એમાં કોઈ વાર ઓછી જોવા મળે છે. માનવ-દેહ પ્રત્યે જે સહજ સંકોચ ને પવિત્ર મર્યાદા માનવી અનુભવે છે એ ત્યાંના વાતાવરણમાં કંઈક છૂટે છે, જીવન ને જીવનોદય માટે માણસને જે માન ને પૂજ્યભાવ હોય છે એ ત્યાં કંઈક ઘટે છે. જાતિતંત્ર એ સામાન્ય માણસ માટે મૂંઝવણ ને આશ્ચર્ય, અંગત વિગ્રહ ને નૈતિક સાધનાનો વિષય છે. જ્યારે મેડિકલ સ્ટુડન્ટ માટે એ સ્થળ અભ્યાસ ને પરીક્ષાનો વિષય બની જાય છે. એટલે સંકોચ જાય, મર્યાદા છૂટે, સંયમ ઓગળે અને જ્યાં પવિત્ર વિવેક હોવો જોઈતો હતો ત્યાં જડતા – અને વખતે અધમતા પણ – પેસી જાય. જે વિષય સભ્ય માણસની જીભે નહિ ચડે એ ત્યાં ક્લાસનો – અને પછી વાતચીતનો અને પછી મશ્કરીનો વિષય બની જાય. પરિભાષા એમની પાસે છે. પ્રસંગ છે. વૃત્તિ પણ છે એટલે વાત છેડાય. પછી એકબીજાની એવી મજાક ઉડાવવાના કિસ્સા બને કે જે તે છપાવીએ તો કાગળ શરમથી લાલચોળ બની જાય.

બધા એમ નથી કરતા, અરે ઘણાખરાય નથી કરતા. પણ આખી કૉલેજમાં જો એક એવો વિદ્યાર્થી હોય તો એમાં તમારું જોખમ છે. માટે ચેતી જવું જોઈએ. ખોટો સંકોચ ન રાખો, પણ ખોટી છૂટ ન લો. બધું જાણો, બધું શીખો પણ સાથેસાથે એ નાજુક વિષયમાં સભ્ય રીતે વાતો કરતાં શીખો, અને એ માટે તમારા દિલની, મનની ને દેહની પવિત્રતા સાચવો.

ખ્યાલ રાખો કે આગળ ઉપર તમારે ઘેરઘેર જવાનું થશે, કુટુંબેકુટુંબે પહોંચવાનું થશે અને એમાં એવા અંગત પ્રશ્નો, દાંપત્યના પ્રશ્નો, જેનો સંબંધ ફક્ત શરીરના આરોગ્ય સાથે નહિ પણ મનના સ્વાસ્થ્ય, હૃદયની શાંતિ, કુટુંબ ને આખા સમાજના કલ્યાણ સાથે છે એવા પ્રશ્નો તમારી આગળ ડૉક્ટર તરીકે મૂકવામાં આવશે. લોકો બીજા કોઈને ન કહે એવી વાતો ડૉક્ટરને કહે છે ને એની પાસે ઉપાય માગે છે. તમારી પાસે પણ એ મા-બાપ ને એ પતિ-પત્ની ને વખતેયે યુવક-યુવતી આવશે ને પોતાની મૂંઝવણ તમારી આગળ રજૂ કરશે. એ વખતે તમારી દવા કરતાં તમારી સલાહની વધારે જરૂર પડશે, નાડ ને જીભની તપાસ કરતાં હૃદયના ભાવ ને મનની વૃત્તિનો અભ્યાસ વધારે અગત્યનો હશે માટે જો સારો ડૉક્ટર હોવા ઉપરાંત તમે સારા માણસ ન હો, જો સ્ત્રી-પુરુષના એ નાજુક પ્રશ્નોના વૈજ્ઞાનિક જ્ઞાન ઉપરાંત એનું શુદ્ધ આચરણ તમારા પોતાના જીવનમાં ન હોય, જો અભ્યાસ ઉપરાંત તમારી પાસે ચારિત્ર્ય ન હોય તો એ પ્રશ્નોના સાચા જવાબ, એ વ્યાપક દર્દની સાચી દવા તમે આપી શકવાના નથી. તમારું જીવન શુદ્ધ ન હોય તો એ પતિ-પત્ની, એ મા-બાપ, એ યુવક-યુવતી તમારી પાસે આવશે ત્યારે શું મોં લઈને તમે એમને સાચો રસ્તો બતાવી શકશો, એમની ફરજ સમજાવી શકશો ! અને સમજાવો

તોપણ તેઓ એ સમજવા ને સ્વીકારવા કેમ પ્રેરાશે ? ને પરિણામે ઘર ભાગશે, દિલનાં દર્દ વધશે અને એ યુવક-યુવતી કરતાં હતાં એથી ખરાબ કામ કરતાં થશે. જ્યારે ઊલટું, જો તમે નિષ્ણાત ડૉક્ટર અને સદાચારી માણસ તરીકે એવાં દર્દીઓની આગળ ઊભા હશો તો તમારી દવા કામ લાગશે, તમારી સલાહ સ્વીકારાશે અને એ ઘેર ફરીથી સુખ આવશે, એ યુવક-યુવતી વિનાશને માર્ગે જતાં અટકી જશે.

અને એ લાયકાત તો અત્યારથી જ, મેડિકલ કૉલેજમાં પગ મૂકશો ત્યારથી તમારે મેળવવી જોઈએ, કેળવવી જોઈએ. જો માનવદેહનો સ્થૂળ ને પરીક્ષાલક્ષી અભ્યાસ કરતાં એ પ્રત્યે તમે બેદરકાર થશો તો અનર્થ થશે. માટે ભાર દઈને કહું છું કે જીવન અને જીવનોદય માટે તમારા હૃદયમાં હંમેશાં અત્યંત આદરભાવ, અહોભાવ, પૂજ્યભાવ રાખો.

તમારા હાથ જન્મને પ્રસંગે નવા બાળકનો પહેલો સ્પર્શ કરવાના છે.

તમારા હાથ મૃત્યુને પ્રસંગે ઢળતા શરીરનો છેલ્લો સ્પર્શ કરવાના છે.

એ હાથ પવિત્ર રાખો.

એ હાથની ને મનની ને દિલની પવિત્રતા ઉપર સમાજના કલ્યાણનો આધાર છે.

વેદિયો !

લોકો તમને મૂર્ખ કહે તો વાંધો નથી. ફક્કડ કહે તો ચલાવી લેવાય. પણ તમારા દોસ્તો તમને વેદિયો કહે એ તમારાથી સહન ન થાય.

યુવાનોની પાસે ગાળો ને અપમાનોના ભરેલા ભંડાર હોય છે. પણ વિદ્યાર્થી વિદ્યાર્થીને મહેણું મારે ત્યારે 'વેદિયા'નું બ્રહ્માસ્ત્ર પસંદ કરે. અશ્લીલ ગાળો ને હલકા અપશબ્દો કરતાં એનો ઘા વધારે લાગે. સ્કૂલ કે કૉલેજમાં કોઈનો બહિષ્કાર કરવા, કોઈને લાંછન લગાડવા, કોઈને હલકો પાડવા એક જ શબ્દની જરૂર છે : વેદિયો !

અને એટલા માટે તમને ખૂબ લાગી આવ્યું. તમે વાંચો છો એ ખરું, પણ વાંચવું શું કોઈ ગુનો છે ને પરીક્ષામાં પાસ થવું એ કોઈ અક્ષમ્ય અપરાધ છે કે તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ ? અને તમને વેદિયા કહેનારા ક્યાં ઓછું વાંચે છે ને ક્યાં પરીક્ષામાં પાછળ પાસ થાય છે કે તમને એકલાને એનો દોષ દે ?

અને હવે એ કલંક ઉતારવા તમારે શું નાપાસ થવું પડશે કે વાંચવાનું બંધ કરવું પડશે કે કોઈ ભારે તોફાન મચાવીને તમારી 'લાયકાત' બતાવવી પડશે ?

કંઈ સમજાતું નથી.

ને એટલામાં તમારું દુઃખ વધે છે.

વેદિયાનો ખિતાબ મળ્યો એટલે જે-જે કરો છો તે એ રંગથી રંગાય છે. રમવાનો ઉત્સાહ છે પણ 'એ તો વેદિયો છે' એ કટાક્ષની બીકથી રમતગમતથી દૂર રહેવું પડે છે.

પરીક્ષામાં સારું પરિણામ આવે ત્યારે તમને સહજ આનંદ થાય, પણ 'વેદિયો છે ને !' એ વાંકો ખુલાસો બીજાની પાસે સાંભળીને તમારો એ આનંદ મટી જાય છે. પછી વાંચવા બેસો ત્યારે ચેન પડતું નથી. વાંચો તો બીક અને ન વાંચો તો ચિંતા અને પરિણામે પરીક્ષા બગડે ને માર્ક્સ ઓછા આવે ત્યારે આશ્વાસનને બદલે પેલો ટોણો ફરીથી કાને પડે છે : "ચોપડીઓમાંથી ઊંચો આવતો નથી ને હવે માંડમાંડ પાસ થયો છે !"

દાઝ્યા ઉપર ડામ.

ખરેખર એ સચોટ મહેણું વિદ્યાર્થીના હાથમાં બ્રહ્માસ્ત્ર જેવું ઘાતક બની જાય છે. મર્મનો ઘા કરે છે. નાજુક વયમાં કોમળ વ્યક્તિત્વને કાયમ માટે રૂંધાવી શકે. એક છોકરાના હાથે બીજા છોકરાનું માનસિક ખૂન કરાવી શકે.

યુવાન માનસની ખટપટ.

સ્કૂલના છોકરાનો પ્રપંચ.

કુમળા મનની પાકી દુષ્ટતા.

છોકરાઓનું એ મહેણું આટલું અસરકારક છે, કારણ કે તેની પાછળ આખી એક ફિલસૂફી છે. સરળ ને નિર્દોષ લાગતા કિશોરો પણ ભારે છળકપટ રચી શકે છે. એ જરા સમજીએ.

*

જે છોકરો બીજાને 'વેદિયો' કહે એ કદાચ તેના કરતાં વધારે વાંચતો પણ હોય. પણ વાંચીને સારું પરિણામ લાવવામાં યશ નથી એમ એ સમજે છે માટે પોતાની મહેનત ઢાંકવા બીજાને અતિ મહેનતુ ઠરાવે છે.

પુરાણી યુક્તિ છે.

ચોર કોટવાળને દંડે.

પછી પોતાનું પરિણામ સારું આવશે તો બડાઈ મારશે કે, વાંચ્યા વગર પરીક્ષામાં બેઠો ને

ફર્સ્ટ ક્લાસ લાવ્યો ! અને પરિણામ નબળું આવશે, પેલા વેદિયા કરતાં પણ નબળું આવશે તો એ તરત જાહેર ખુલાસો આપશે કે, એ તો વેદિયો છે ને ! અને એનાં માબાપ પણ માનશે. અને આશ્વાસન લેશે કે, ભલે દીકરાનું પરિણામ બહુ સારું ન આવ્યું, પણ એ વેદિયો તો નથી ને !

જબરી યુક્તિ નીવડી.

જીતમાં બમણો યશ અપાવે ને હારને જીતમાં ફેરવે. પછી એ છોકરો કોઈને ને કોઈને 'વેદિયો' બનાવ્યા વિના કેમ રહે ?

પણ ખેલ આટલેથી અટકતો નથી.

છોકરાના દિલમાં હરીફાઈનું તત્ત્વ મુખ્ય હોય છે. તે જાણે છે કે પોતાનું પરિણામ સારું આવે એ મુદ્દાની વાત નથી, પણ બીજાઓ કરતાં ને બીજાઓની સરખામણીમાં સારું આવે એ જ જોવાનું છે. માટે બીજા હરીફોને કેમ નીચે લાવવા એનો વિચાર એ કરવા માંડે છે.

ને એમાં 'વેદિયો'નો મંત્ર કામ લાગે છે.

જે બીજો વિદ્યાર્થી સારી રીતે વાંચતો હતો અને પ્રથમ આવવાની તૈયારી કરતો હતો એને 'વેદિયો' કહીશું એટલે એનો ઉત્સાહ ભાગી જશે, લોકલાજનો માર્યો વાંચવાનું ઓછું કરશે અને વાંચશે ત્યારે પણ એનું મન અસ્વસ્થ રહેશે ને વાંચેલું બરાબર સમજાશે નહિ, યાદ રહેશે નહિ. મતલબ કે હરીફને તોડી પાડીશું અને આપણે આગળ નીકળી જઈશું.

વાહ રે યુક્તિ !

એક ઝપાટે પોતાનું રક્ષણ કર્યું. પોતાનો દોષ બીજાને ઓઢાડી દીધો, નિંદાના ઝેરથી એક નિર્દોષ છોકરાનું જીવન પાયમાલ કર્યું ને પોતાનો સ્વાર્થ સાધ્યો. નાના છોકરાના મનમાં આટલી ખટપટ ગૂંથાઈ શકે એ જ અજાયબી છે. પણ માણસના મનનો – યુવાન માણસના મનનો પણ – તાગ મળતો હોતો નથી.

બાળ મુત્સદ્દી.

યુવાન ગુનેગાર.

કુમળો શેતાન.

હવે તમને સમજાયું કે 'વેદિયા'નું બાણ કેમ તમારું હૃદય સોંસરું વીંધી જાય છે ?

*

અલબત્ત, જો તમારું વર્તન ખરેખર વેદિયાનું જ હોય, જો તમે રમતગમતમાં કે નાટક-નૃત્યમાં કદી ભાગ લેતા ન હો, જો ક્રિકેટબૅટ કયા છેડાથી પકડાય એ પણ આવડતું ન હોય, જો આંખે દસ નંબરવાળાં જાડાં ચશમાં આવ્યાં હોય, જો વર્ગના વિષયો સિવાય બીજી કોઈ વાત કરવાની સૂઝ ન હોય... તો તો તમે હાથે કરીને દુઃખ નોતર્યું છે એ કબૂલ કરવું પડશે. તમારા એ વર્તન કે સ્વભાવનો ખોટો લાભ લેવાની બીજા છોકરાઓની તૈયારી છે, પણ તમારે એ તક એમના હાથમાં આવવા દેવી ન જોઈએ. બીજાઓને દોષ દેતાં પહેલાં તમારો પોતાનો દોષ એમાં છે કે કેમ એ તપાસી જુઓ.

પણ જો તમારો વાંક ન હોય, જો તમે ફક્ત સારા વિદ્યાર્થી હોવાનો અને સારી રીતે વાંચવાનો અને તમારી ફરજ બજાવવાનો 'ગુનો' કર્યો હોય અને તોપણ 'વેદિયા'ના શાપમાં સપડાયા હો તો વાત જુદી છે અને ઉપાય પણ જુદો છે. ઉપાય તો ઉપરની ફિલસૂફી સમજવામાં છે અને સમજ્યા પછી એના 'ફિલસૂફો' ઉઘાડા પાડવામાં છે. ઝઘડો કરીને નહિ, મોરચો બાંધીને નહિ, મહેણા સામે મહેણું મારીને નહિ, પણ ધીમેથી, સમજણથી, તક જોઈને બીજાને વેદિયો કહે છે તે શા માટે કહે છે. એ તમે એમને અને બીજા બધાને સમજાવો. એમણે પોતે એનો પૂરો વિચાર કર્યો ન હોય. એમની આંખો ખૂલશે. એમની બૂરાઈ એમને સમજાશે. શરમ આવશે અને તમારી સાચી કદર કરતા થશે.

યુવાન હૃદયમાં કાળી દુષ્ટતા હોઈ શકે એ વાત સાચી છે. પણ જેટલી દુષ્ટતા તેટલી અને એથીય ઘણી વધારે ઉદારતા યુવાન હૃદયમાં હોય છે એ પણ એટલું જ સાચું છે.

જો તમે એ દુષ્ટતાના ભોગ બન્યા તો હવે એ ઉદારતાનો લાભ લો,

છેવટે ‘વેદિયો’ પોતાના નિંદકોને પ્રેમના બ્રહ્માસ્ત્રથી હરાવશે અને એના હાથે બધાનો – પોતાનો પણ – ઉદ્ધાર થશે.

દેવયાનીનો શાપ

પરીક્ષાની મોસમ બેઠી છે.

સ્કૂલો-કૉલેજો માટે ધમાલના દિવસો, પરીક્ષકો માટે મજૂરી ને કમાણીના દિવસો અને યુવાન વિદ્યાર્થીને માટે (ને તેનાં માબાપ માટે) ચિંતા, પરિશ્રમ ને ત્રાસના દિવસો. પરીક્ષા તો કળિયુગની જ ચીજ છે.

જેનું પરીક્ષણ કરવા એ સર્જાયેલી છે તે પરીક્ષાર્થીના જ્ઞાનનું પારખું એ ભાગ્યે જ કરે છે ને તેને બદલે તેની સહનશીલતા ને તેના માનસિક સ્વાસ્થ્યની ખરી કસોટી કરે છે.

અનેક વાર પરીક્ષા-ખંડના દરવાજાની પાસે ઊભા રહીને મેં વિદ્યાર્થીઓની રાહ જોઈ છે. સાથે બીજા પણ રાહ જોતા હોય. કોઈ વિદ્યાર્થીની બા, તો કોઈની બહેન, કોઈના વૃદ્ધ દાદાજી તો કોઈનો નાનો ભાઈ. થોડો નાસ્તો લઈને આવ્યાં હોય, પણ ખાસ તો એ દીકરા કે એ વહાલા ભાઈને કસોટીને સમયે ધીરજ આપવા, પ્રોત્સાહન આપવા, વહાલ કરવા તે એની રાહ જોતાં હોય. દરેકના મનમાં પોતાનો એ લાડીલો હોય. (મારા મનમાં તો અનેક !) બધાંના જીવ ઊંચા. બધાંની ચિંતા ભારે.

પરીક્ષાનો સમય પૂરો થતાં ઘંટ વાગે એટલે રાફડો ફાટે. વિદ્યાર્થીઓ બહાર આવે, લાલ આંખો ને તંગ ચહેરા. કેટલા માર્ક્સ મળશે એની ગણતરી કરે, દાખલાનો સાચો જવાબ શો હતો એની અરસપરસ પૂછપરછ કરે, પેપર કાઢનારને ગાળો ભાંડે. પછી ઉતાવળા-ઉતાવળા બાની પાસેથી થરમૉસ લઈને ચા ગટગટાવે, ભૂખ નથી એમ કહીને નાસ્તો લેવાની ના પાડે, બધું બરાબર છે એવી ખાતરી આપે અને તરત કોઈ ઝાડની છાયામાં બેસીને બપોરના પેપરનાં પુસ્તકો ને નોટો લઈને એની તૈયારી કરવા માંડે. રિસેસના એક કલાકમાં કૉલેજના આઠ મહિના સુધી ચાલેલો આખો વિષય જોઈ લેવાની કલા આજના વિદ્યાર્થીઓની પાસે છે જ.

ઉતાવળમાં વાંચવું, ઉતાવળમાં લખવું અને ઉતાવળમાં ભૂલી જવું એ પરીક્ષાર્થીનો ધર્મ છે. મુશ્કેલી એટલી જ છે કે એ ભૂલી જવાની પ્રક્રિયા કોઈ વાર કંઈક વહેલી શરૂ થાય. પરીક્ષા-ખંડમાં પણ શરૂ થાય અને મનમાં બધું આબાદ રીતે ગોખીને, ગોઠવીને આવ્યા હતા ને પેપરમાં એ પ્રશ્ન જોઈને ખુશ પણ થયા. પણ તેનો જવાબ લખવા બેઠા ત્યારે મન શૂન્ય અને મન શૂન્ય એટલે કાગળ કોરા ને પરિણામ ધૂળમાં. પછી બા પોળમાં પડોશણોને સમજાવશે : "બાપડાને બધું આવડતું હતું, હાં. પણ કોણ જાણે કેમ એ કશું લખી શક્યો નહિ. પછી ઘેર આવીને મને બધા જ પ્રશ્નોના જવાબ કહ્યા, એવી સરસ રીતે કહ્યા કે ન પૂછો વાત. પણ હવે એ શા કામનું ? પેલા રાક્ષસ જેવા પરીક્ષકો ક્યાં સમજવાના હતા ? પરીક્ષાની શી અમાનુષી રીત છે ! આ બિચારા ફૂલ જેવા છોકરાઓને ભરખી જાય છે. (જરા અવાજ ધીમો કરીને) અને અધૂરામાં પૂરું એનો બાપ હવે એને વઢે છે. અરે કાલે રાત્રે એને માર પણ માર્યો હતો. બિચારાને ધમકી આપી કે જો ફરી વાર નાપાસ થઈશ તો હું તને ભણાવવામાંથી ઉઠાડી દઈશ ને ધંધામાં લગાડીશ. અરેરે ! એ છોકરાનું શું થશે ?"

બધું આવડતું હતું પણ કશું લખાયું નહિ. પરીક્ષા પહેલાં આવડતું હતું, પરીક્ષા પછી આવડતું હતું; પરંતુ જ્યારે એ ઊંડા જ્ઞાનની ખાસ જરૂર હતી ત્યારે (એટલે કે પરીક્ષા દરમિયાન) તેનું ખગ્રાસ થયું.

પેલી પુરાણી વાત યાદ આવે છે. મૃતસંજીવનીવિદ્યા શીખવા કચ શુક્રાચાર્યની પાસે ગયો. કામ લાગે એવી એ વિદ્યા હતી. આપણે સ્કૂલ-કૉલેજમાં ભણીએ છીએ એ કરતાં ઘણો ઉપયોગી થાય એવો એ અભ્યાસક્રમ હતો અને કચ એ બરોબર શીખ્યો પણ ખરો; પરંતુ વિદ્યાભ્યાસ બાદ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ કચની આગળ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે

"ગુરુકન્યા તો બહેન ગણાય" એમ કહી કચે એની માગણીનો અસ્વીકાર કર્યો અને દેવયાનીએ ક્રોધમાં આવીને એને શાપ આપ્યો કે, "તું સંજીવનીવિદ્યા શીખ્યો છે ખરો, પણ અણીને વખતે તારી એ શીખેલી વિદ્યા નાશ પામશે." ખરો શાપ હતો. માણસ (કે દેવ જેમની તરફથી કચ સંજીવનીવિદ્યા શીખવા ગયો હતો) જીવતો હોય ત્યાં સુધી વિદ્યા બરાબર યાદ રહે છે પણ તેની જરૂર હોતી નથી. ને માણસ મરી જાય અને એને પુનર્જીવન આપવા જાય ત્યારે જરૂરી વિદ્યા મનમાંથી ગુમ. પછી એ જ્ઞાન શા કામનું ?

આજના વિદ્યાર્થીને માથે પણ એવો શાપ છે. એ શીખ્યો તો બધું. વિદ્યાભ્યાસ કર્યો, ગુરુને ચરણે બેઠો, એનાં વચનામૃતની નોટ ઉતારી, 'અગત્યનાં' પ્રકરણ તરફ વિશેષ ધ્યાન આપ્યું, સંભવિત પ્રશ્નો નોંધી રાખ્યા, ઉજાગરાની તપસ્યા કરી. પરંતુ અણીને વખતે (પરીક્ષા વખતે) એ વિશાળ જ્ઞાન ને એ અગત્યના પ્રશ્નો ને એ મહામૂલી નોટ – બધું મનમાંથી ગુમ. શીખેલી વિદ્યા ખરે વખતે નાશ પામી. ભારે અફસોસની વાત છે અને શાપવિમોચન માટે કોઈ સહેલી રીત નથી – સિવાય કે ફક્ત વર્ષને અંતે નહિ પણ આખા વર્ષ દરમિયાન ને ફક્ત પેલા અગત્યના પ્રશ્નો નહિ પણ આખો અભ્યાસક્રમ તૈયાર કરીને ને ફક્ત વર્ગમાં ઉતારેલી નોટ નહિ પણ સારાં પ્રમાણભૂત પુસ્તકો વાંચીને પરીક્ષાની તૈયારી કરવી.

પણ આ તો ભારે ને લાંબી સાધના કહેવાય અને એ કરવા જઈએ તો એ મનસૂબો પણ ધીરેધીરે નાશ પામશે એટલે છુટકારો નહિ મળે. ખરો શાપ છે ગુરુકન્યાનો ! (મર્મના ઘા કરવાની કલા સ્ત્રીઓની પાસે જ છે ને !)

*

વાંચ્યા પછી નાપાસ થવા જેવું દુઃખ નથી.
પણ વાંચ્યા વગર પાસ થવા જેવું સુખ નથી.
વગર ટિકિટે મુસાફરી.
વગર ખર્ચે ભોજન.
વગર મહેનતે ફર્સ્ટ ક્લાસ.

એ ખરો લહાવો છે, ખરું પરાક્રમ છે, ખરું ગૌરવ છે. નહિ ને ? રાતદિવસ એક કરી, બાર મહિના સુધી શ્રમ ઉઠાવીને ને કૉલેજનો એક પણ પિરિયડ ન છોડ્યા ઉપરાંત ખાનગી ટ્યુશન રાખીને પરીક્ષામાં પ્રથમ આવવું એ કોઈ મોટી સિદ્ધિ નથી. સાચી સિદ્ધિ તો એક પણ પાઠ્યપુસ્તક ઉઘાડ્યા વિના અને કૉલેજનાં દર્શન ફક્ત ઉત્સવો ને સંમેલનોના દિવસોમાં કર્યા પછી પરીક્ષામાં (પહેલી બેઠકે તો ઉત્તમ ને નહિ તો બીજી કે ત્રીજી બેઠકે) પાસ થવામાં છે, ખરું ને ? માટે વાંચ્યા છતાં નાપાસ થવાનું જોખમ વહોરવા કરતાં વાંચ્યા વગર પાસ થવા નસીબ અજમાવવું શું ખોટું ? અણીને વખતે શીખેલી વિદ્યા નાશ પામે તો શીખ્યા વગર કસોટીમાં ઊતરવામાં શો વાંધો ? મફતનો ધંધો. ખુદાબક્ષની લહેર. દિલચોરીનો પ્રયોગ.

અને આટલું સાહસ કરવું ન હોય તો દરેક વિષયના દરેક વિભાગમાંથી કેટલા પ્રશ્નો 'પુછાય છે', એટલે કે કેટલા પ્રશ્નો છોડી શકાય અને હજી પાસ થવાય એનો પાકો હિસાબ તમારી પાસે છે તો એનો ઉપયોગ આરામથી કરો. મગજની કરકસર કરો. જેમ ઓછા ખર્ચે કામ પતે તેમ સોદો સારો એમ તમે વેપારમાં કહો છો, તો અભ્યાસમાં કેમ નહિ ? ઓછી મહેનતે ઊંચું પરિણામ એ વિદ્યાર્થીમાત્રનો મુદ્રાલેખ નથી શું ?

*

આ જરા કટાક્ષમાં લખાયું, (અને પરીક્ષા-પદ્ધતિ એવી તો કુત્સિત છે કે એની મજાક ઉડાવ્યા સિવાય એની વાત કરવાની બીજી કોઈ ભદ્ર રીતે હોતી નથી) પણ હું જાણું છું કે તમે સારી તૈયારી કરી છે, સારું વાંચ્યું છે (તમારા મિત્રોને તમે કહ્યું છે એથી વધારે તમે વાંચ્યું છે,

અને તમારાં બાને કહ્યું છે એથી ઓછું, પણ વાંચ્યું છે ખરું), ને હવે પૂરા અધિકારથી ને યોગ્ય પરિણામની આશાએ તમે પરીક્ષામાં બેસવા જાઓ છો.

તો આ લખવાનો આશય આટલો જ હતો કે આજે તમે પરીક્ષા આપવા જાઓ છો તો જરા હળવે હૃદયે જાઓ, મૂછમાં હસીને જાઓ, ચિંતાનો બોજો ઉતારીને જાઓ. પરીક્ષા રમત વાત છે, મામૂલી વાત છે, આવશે ને જશે, ને તમે પોતે એ માટે ચિંતા કર્યા બદલ પછી હસી પડશો. હા અને પરીક્ષા ઉત્તમ રીતે લખવાનો નુસખો તે હળવે હૃદયે, સ્વસ્થ ચિત્તે, હસતે મને લખવાનો છે.

પરીક્ષા આપવા તમે ઘેરથી નીકળો છો ત્યારે બા તમને ગોળ ખવડાવે છે. એ જ રીતે પરીક્ષાના આગલે દિવસે મારે પણ તમારું મોં જરા ગળ્યું કરવું હતું. આ કટાક્ષ નહિ, પ્રોત્સાહન છે; શાપ નહિ પણ આશીર્વાદ છે; બેટા, શીખેલું બધું બરાબર યાદ કરજો. શીખ્યા ન હોય તો બુદ્ધિ ચલાવીને લખજો (ચોરી કરીને નહિ, હાં !), અને વિજય પામજો ને એવી અનેક પરીક્ષાઓમાં પાસ થઈને જીવનની ખરી અગ્નિપરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ મેળવવા તૈયાર થજો.

છાપામાં નંબર નથી

પરીક્ષા બહુ સારી તો નહોતી ગઈ.

પણ આશા તો હતી.

ઘેર ને પોળમાં બધાને જણાવ્યું પણ હતું કે પાસ તો થવાશે અને દોસ્તોની સાથે કોઈ કૉલેજમાં જઈશું અને જઈને શું લઈશું એની વાતો એ કરતો હતો. હા, ટ્યૂશન માટે પેલો શિક્ષક આવતો હતો એને ખાનગીમાં સાચી બીક બતાવી હતી કે ગણિતના પેપરમાં સારો એવો લોચો વાળ્યો હતો અને અંગ્રેજીનો પણ ભરોસો નથી. માટે એમાં જો માર્ક્સ ખૂટે ને કુલ પરિણામમાં નડે તો ધોવાઈ જવાશે ને એ ભલા શિક્ષકે પરીક્ષકનો સંપર્ક સાધવાની તૈયારી બતાવી, પણ બાપુજી તો સીધા પંથના એટલે એની આગળ પ્રસ્તાવ ન મુકાય, માટે વાત ત્યાં અટકી ગઈ ને ચિંતા દિલમાં રહી ને હસતું મોં રાખીને મનમાં ન હતી એવી ખાતરી બહાર બતાવવાનો પ્રયત્ન ચાલુ રહ્યો.

રજાઓ લાંબી હતી ને એમાં એ બહારગામ પણ જરા ફરી આવ્યો ને સાચી મજા પડી એટલે ચિંતા થોડી વિસરાઈ ગઈ ને કંઈક વિશ્વાસ બેઠો. કોઈ વાર એકલો પડતાં એ ફરીથી અસ્વસ્થ થતો, મનને મનાવી લેતો : જરૂર પાસ થવાશે. ના કેમ થવાય ? હું નાહકનો હેરાન થાઉં છું. દર વખતે એવું થાય છે, પરીક્ષા પછી ચિંતા, પણ પરિણામ આવે ત્યારે પાસ ! આ વખતે પણ એમ જ થશે. અરે, મારા કરતાં ઓછી અક્કલવાળા છોકરાઓ ક્યાં પાસ થયા નથી ! અને ગણિતમાં તો બધા જ ધોવાઈ ગયા એટલે બધાને દયાના માર્ક્સ ઉમેરી દેશે ને એમાં આપણું ગાડું પણ ચાલતું થશે.....

મનને માનવી હોય એ વાત માની લેવા એને લાંબી દલીલની જરૂર નથી હોતી એટલે એ વકીલાત તો સફળ થઈ. પણ ઊંડેઊંડે ચિંતા રહ્યા કરતી હતી કે ક્યાંક જો ગાબડું પડે ને નાપાસ થઈએ તો ? અને જેમ પરિણામનો દિવસ નજીક આવતો ને બધા એની વાતો પણ કરતા તેમ એ ચિંતા વધારે પ્રબળ બનતી જતી અને એ કયામતનો દિવસ કદી ન આવે એ વ્યર્થ ઇચ્છા પણ થતી.

પણ એ દિવસ આવ્યો. સ્કૂલમાં કે પ્રેસમાં તપાસ કરીએ તો વહેલી ખબર પડે એમ કોઈએ કહેલું, પણ એની ખાતરી નથી એમ કહીને રાહ જોવરાવી. યમદૂતનો ભેટો જેમ મોડો તેમ સારું. પણ ઘેર છાપું આવ્યું, બાપુજીએ ચશ્માં ચડાવીને હાથમાં લીધું, ખોલ્યું, નંબરનું રટણ કરી કરીને ને આંગળીથી આંકડાઓની કતારો તપાસી તપાસીને જોયું. ફરીથી જોયું, ખાતરી કરી, ને આસપાસ અધીરાં ઊભેલાં કુટુંબીજનોને જણાવ્યું કે, આમાં નંબર નથી... ત્યારે આભ તૂટી પડ્યું.

છાપામાં નંબર નથી.

નાપાસ થયા.

વર્ષ બગડ્યું.

કદાચ આખું ભણતર બગડ્યું. ફજેતી થઈ. માબાપને દુઃખ લગાડ્યું. નીચું જોવરાવ્યું.

છાપામાં બીજા કેટલા બધા નંબરો છે ! પહેલા આવનારના ફોટા પણ છે અને પોતાની સ્કૂલના એક-બે વિદ્યાર્થીઓનાં નામ પણ છે. એમને ઘેર આનંદઆનંદ હશે. જ્યારે અહીં તો નિરાશા ને નિરાશા. આટલું દુઃખ એકસામટું કેમ પડતું હશે ? યુવા હૃદય એનો આઘાત કેવી રીતે ઝીલશે ?

*

મને યાદ છે. એવા એક પ્રસંગે એક ઘેર બોલાવેલો ગયો હતો. છોકરો હજુ ભોંય પર

પડ્યો હતો. ન ખાધું હતું ન પીધું હતું. આખો દિવસ મૂઢની માફક પડ્યો રહ્યો હતો. વાત ન કરે કે ન સાંભળે. બધાંના જીવ ઊંચા. "એને જરા સમજાવો..."

પણ સમજાવવાની ક્યાં વાત હતી ! દિલ ઉપર સીધો ઘા પડ્યો છે એટલે દિલને લાગે જ ને ! જરા કળ વળવા દો, વહેતું લોહી બંધ પડવા દો, વેદનાનું પૂર ઓસરવા દો. એ દુઃખ આપણે માથે સહન કરીશું, એ લોહી બધાંનું છે, એ ઘા અમારા હૃદય પર પડ્યો છે. પછી વાતો કરીશું. ધીરેથી, પ્રેમથી, સમજાવવા માટે નહિ, વઢવા માટે નહિ, ખોટું આશ્વાસન આપવા માટે પણ નહિ. પણ વિચાર કરવા માટે, માણસને છાજે એવી રીતે પરિસ્થિતિનો સાચો ખ્યાલ મેળવવા અને રસ્તો કાઢવા માટે. એક પરીક્ષા તો ગઈ. હવે બીજી ને વધારે મહત્ત્વની પરીક્ષા (એટલે કે ભણવાની પરીક્ષામાં નાપાસ થયાનું દુઃખ પચાવવાની પરીક્ષા) નિષ્ફળ ન જાય એ ખાસ જોવાનું છે. એ ખરી જીવનપરીક્ષા છે.

કદાચ નાપાસ થવામાં તમારી ભૂલ હતી. પરીક્ષાની તૈયારી તમે બરાબર નહોતી કરી. બુદ્ધિ હતી, શક્તિ હતી, સગવડ હતી, પણ તમે વાંચ્યું નહિ, અભ્યાસ કર્યો નહિ, મહેનત કરી નહિ. આળસ કહો કે બેદરકારી કહો કે લહેર કહો, પણ તમે નિયમિત રીતે, વ્યવસ્થિત રીતે, કોર્સની શરૂઆતથી જ વાંચવા બેઠા નહોતા. એટલે બુદ્ધિ ને શક્તિ હોવા છતાં તમે ફાવ્યા નહિ. વાંચ્યું હોત તો આજે છાપામાં તમારો નંબર હોત, અરે કદાચ પેલા ગૌરવવંત વિદ્યાર્થીઓની યાદીમાં તમારું નામ પણ હોત. પણ વાંચ્યું નહિ એટલે દુઃખનો દહાડો તમારે ઘેર આવી ગયો છે. જો એમ હોય તો તમે નાપાસ થયા એ સારું થયું. માફ કરજો, આ વેણ આકરાં લાગે તોપણ તમે નાપાસ થયા એ સારું થયું. ઘણું સારું થયું, કારણ કે જો મહેનત કર્યા વગર તમે પાસ થયા હોત તો તમને ખોટો અનુભવ થાત, ખોટો વિશ્વાસ બેસત, ખોટી ટેવ પડત : જીવનમાં શ્રમ ન ઉઠાવીએ તોય સફળ થવાય; પરીક્ષામાં મહેનત ન કરીએ તોય પાસ થવાય ! એ ઘાતકી સિદ્ધાંત છે, જીવલેણ સૂત્ર છે અને તોપણ તમે તે અપનાવવા તૈયાર હતા – વગર મહેનતે પાસ થયા હોત તો. પણ નાપાસ થયા એટલે એ અનર્થ થતો અટક્યો. હવે ખબર પડી છે, કડવા અનુભવથી ખાતરી થઈ છે કે જીવનમાં જો કોઈ સારું પરિણામ જોઈતું હોય તો એની પાછળ સારી મહેનત કરવી જોઈએ, બુદ્ધિ હોય તો એ કેળવવી જોઈએ, સગવડ હોય તો એનો ઉપયોગ કરવો જોઈએ. મહેનત કર્યા વગર પાસ ન થવાય પરીક્ષામાં ને પાસ ન થવાય જીવનમાં. એ પાઠ તો શીખવા જેવો હતો અને તમે એ કંઈક અણધારી ને અપ્રિય રીતે આજે શીખ્યા છો પણ ખરા. માટે તમારું આ વર્ષ બગડ્યું એમ હવે ન માનો. એક વર્ષ બગડવાથી આખું જીવન સુધરે એમાં આખરે લાભ છે ને ?

*

કદાચ તમારી નિષ્ફળતાનું કારણ બીજું હોય. બુદ્ધિ હતી, મહેનત હતી, પણ કોણ જાણે કેમ તમારી એ બુદ્ધિ એ પરીક્ષાપદ્ધતિ સાથે મેળ ખાતી નથી. જ્ઞાન છે પણ ઝટપટ લખાતું નથી, આવડે છે પણ સરખા જવાબ અપાતા નથી. બનવા યોગ છે. આઇન્સ્ટાઈન તેજસ્વી વિદ્યાર્થી હતા, ઉધમી હતા, તોપણ એક જાહેર પરીક્ષામાં એક વાર નાપાસ થયેલા. એમની તીવ્ર બુદ્ધિ એ જડ પરીક્ષાના માળખામાં આવી ન શકી. પણ આગળ જતાં એનો પરચો દેખાયો. તમારી મશ્કરી હું આજે લેશમાત્ર કરવા માગતો નથી. સામાન્ય પરીક્ષામાં નાપાસ થયા ને એમાંય હું તમને કહું કે હજી આઇન્સ્ટાઈન જેવા બની શકો છો તો નિષ્ઠુર ઠેકડી લાગે. પણ પરીક્ષા એ બુદ્ધિનું સાચું માપ નથી, માટે અનુકૂળ સંજોગોમાં આવશે ત્યારે એ બુદ્ધિ હજી ઑર ખીલી શકશે એ જરૂર કહું છું. રસ્તો લાંબો છે, અને એ પર ચાલનારા હજી આગળપાછળ થઈ શકે છે.

*

ને કદાચ તમારી આ નિષ્ફળતામાં બીજી જાતની ભૂલ હતી – તમારી કે તમારાં માબાપની. કદાચ તમારે આ પરીક્ષામાં બેસવું જ જોઈતું ન હતું. કદાચ એ તમારે માટે ગજા ઉપરાંતનું કામ હતું, મરજી વિરુદ્ધનું કામ હતું, રુચિ ન હતી, વૃત્તિ ન હતી. પણ સમાજનું દબાણ હતું, પ્રતિષ્ઠાનો સવાલ હતો, ડિગ્રીનો વળગાડ હતો એટલે તમને દાખલ કર્યા, જેમ-તેમ ભણાવ્યા, પરીક્ષામાં બેસાડ્યા. ખોટો પ્રયત્ન હતો ને ખોટું પરિણામ આવ્યું. તમે રૂઢિના ભોગ બન્યા. ખોટા કોડના ભોગ બન્યા. આજનું દુઃખ તે એ ખોટી આકાંક્ષાનું ફળ છે.

જો તમારી સ્થિતિ આવી હોય તો ભણવાના વૈતરામાંથી જેમ વહેલા નીકળો તેમ સારું. પાઠ્યપુસ્તકોને તિલાંજલિ આપો, પરીક્ષાથી કાયમ વિદાય લો અને ડિગ્રી વગરની ને ભણ્યા સિવાયની, સમાજને ઉપયોગી અને સાચા અર્થમાં પ્રતિષ્ઠિત જીવન જીવવાની જે અનેક રીત હોય છે એમાંથી તમને અનુકૂળ આવે ને પસંદ પડે એવી એક લઈને તમારું નામ ઉજાળો.

જો ભણવાનો રસ્તો તમારો ન હોય તો આજની આ નિષ્ફળતા તમને ખોટો રસ્તો છોડવાની ફરજ પાડીને તમારો ઉપકાર કરી રહી છે. આ વિકલ્પમાં પણ આજનો પ્રસંગ દુઃખનો નહિ પણ ખુશાલીનો છે.

*

ને હવે ઊઠો.

સ્વસ્થ થાઓ.

મનનું તોફાન જરા શાંત પાડો.

દિલને કાબૂમાં લાવો, સમાજને કહી દો કે આજથી તમે મોટા થયા છો (ˆદુઃખથી જ મોટા થવાય છે ને ?ˆ), પેલા સફળ થયેલા દોસ્તોને ઘેર જઈને અભિનંદન આપો. બધાને ગમશે. પછી ઘેર આવી બધાંને ખાતરી કરાવો કે હવે સાચો રસ્તો જડ્યો છે. હવે ક્યાંય વાંધો ન આવે. દિલનું વચન છે અને નવો પાઠ શીખીને નવું જીવન શરૂ કરો.

સફળતાની ગુલામી

લોકો એને શાબાશી આપે છે.

મિત્રો ને ઓળખીતાઓ, સગાઓ ને શિક્ષકો. બધા એને શાબાશી આપે છે, અભિનંદન આપે છે. તે એકદમ બધાના ધ્યાનમાં આવી ગયો છે, બહુમાનનો અધિકારી બની ગયો છે અને કોઈ ઉમળકાથી ને કોઈ ઔપચારિકતાથી, કોઈ ઈર્ષ્યાથી તો કોઈ ઉદાસીનતાથી – બધા એને અભિનંદન આપવાની પોતાની ફરજ બજાવે છે, પીઠ થાબડે છે, આનંદ (સાચો કે કૃત્રિમ) વ્યક્ત કરે છે.

ને તે ખુશ થાય છે, થોડું ફુલાય છે, થોડું મૂંઝાય છે પણ ખરો.

એને પોતાને વિશ્વાસ નહોતો કે પોતે પહેલો આવશે. પરીક્ષામાં બેસનારા ઘણા હતા. હરીફાઈ ભારે હતી. મહેનત તો કરી હતી ને તૈયારી સારી હતી (ને બુદ્ધિ પણ સારી હતી - ભગવાનની કૃપા હતી) પણ પછી સંજોગો ને નસીબ ને હાથની ઝડપ ને પરીક્ષકની મરજી– એટલે કહેવાય નહિ. પણ છેલ્લે પૂરો યોગ બેઠો ને પહેલો નંબર આવ્યો ને એ બધાનાં અભિનંદનનું લક્ષ બન્યો.

સ્કૂલનું ગૌરવ, ગામનું નાક, ઘરનો કુલદીપ.

શાબાશ.

હવે નિરાંત થઈ. હવે ફક્ત સફળતાનો મીઠો સ્વાદ વાગોળવાનો છે.

*

પણ નિરાંત ન આવી.

ઘરનો કુલદીપ હવે પાછો મૂંઝાય છે.

કારણ કે એ પરીક્ષા માંડ પૂરી થઈ ને એનો યશ આવ્યો કે તરત બીજો કોર્સ શરૂ થયો ને બીજા વર્ગમાં બેસવાનું થયું ને બીજી પરીક્ષાની તૈયારી શરૂ થઈ અને એ તો એક વખત પહેલે નંબરે આવ્યો હતો એટલે એની જવાબદારી કેટલી બધી વધી હતી !

હવે એને જવાબ ન આવડે તો શિક્ષક મહેણું મારે, છોકરાઓ હાંસી ઉડાવે. હવે એ સૌથી પહેલો ન આવે તો ઘેર ખુલાસો માગે ને બધા નવાઈ બતાવે. એક વખત પહેલો આવ્યો હતો એટલે પહેલો આવવાની શક્તિ હતી, તો પછી હવે કેમ પાછળ પડ્યો ? આળસ હશે કે ઢીલાશ હશે. પૂરી સફળતા એક વાર લાવ્યા પછી અધૂરું કામ કેમ બતાવી શકાય ?

અને કોઈ ન બોલે તોપણ એના મનમાં એ પ્રશ્ન છે, એ ચિંતા છે. બધાની નજર એના ઉપર છે એટલે સારો દેખાવ કરવાની ફરજ પડે છે ને એ સતત લાદેલી ફરજ હવે તો અસહ્ય બની જાય છે.

સફળતાની ગુલામી.

ગૌરવની ભીંસ.

આબરૂનો ત્રાસ.

ને એ ત્રાસમાં એ કુલદીપક એટલે સુધી અકળાય છે કે કોઈ વાર વર્ગમાં પાછળ રહેલા વિદ્યાર્થીઓની જ ઈર્ષ્યા કરે છે : મને પણ એક વખત સુખેથી નાપાસ થવા દે તો વળગાડ છૂટી જાય ! ભાગ્યશાળી છે એ લોકો – એમને ખબર ન હોય તોપણ.

*

એવો એક 'ભાગ્યશાળી' વિદ્યાર્થી એ વર્ગમાં બેઠો છે. એને માટે પહેલા-બીજા આવવાનો નહિ પણ પાસ-નાપાસ થવાનો જ સવાલ છે. છોકરો સારો છે, પ્રામાણિક છે. મહેનતુ પણ છે. પણ કુદરતે એને ઘડતી વખતે જરા કરકસર કરી હતી. બુદ્ધિ ઓછી ને સમજશક્તિ નહિ જેવી.

ભણવાની હોંશ છે, પણ પૂરું ભણાશે કે કેમ એનો વિશ્વાસ નથી.

ઘેરથી એને ઠપકો આપે છે, ચડાવે છે અને પહેલે નંબરે આવનાર પેલા કુલદીપકનો દાખલો એની સામે મૂકે છે. "એ કરે છે તે તું કેમ ન કરી શકે ? એને જુઓ કેટલું માન મળ્યું છે ! એનાં માબાપ કેટલાં ખુશ હશે ? તું પણ શું એવું ન કરી શકે ?"

ને એ પેલા કુલદીપકની ઈર્ષ્યા કરે છે : "એને માટે અભ્યાસ તો રમતવાત ! એને બધું તરત આવડે, બધું એને યાદ રહી જાય. ઝટ દઈને જવાબ આપે. શિક્ષક પ્રશ્ન પૂરો પૂછે તે પહેલાં એનો હાથ ઊંચો થઈ જાય. એને કોઈ ચિંતા નથી, કોઈ દુઃખ નથી. એને માટે વર્ગમાં બેસવું ખાલી આનંદનો જ વિષય છે. પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરવાનું છે ને !"

નિષ્ફળતાનું દુઃખ ઓછું નથી.

બીજા આગળ જાય ત્યાં પાછળ રહેવું, બીજાઓને આવડે ત્યારે ચૂપ રહેવું, બીજાઓ તરત સમજે ત્યારે મૂઢની માફક જોયા કરવું – એ ભારે દુઃખ છે. દરેક પરીક્ષા એક અસહ્ય કસોટી બની જાય છે. પરીક્ષા પહેલાં શ્રમ ને પરીક્ષા પછી ચિંતા. ચોક્કસ પાસ થવાશે એની ખાતરી કદી નહિ. પાસ થવા કરતાં નાપાસ થવાના પ્રસંગો વધારે.

ને લોકો ગમે તે માને પણ નાપાસ થવું એને કોઠે પડી જાય એવી એ વાત નથી. દર વખતે સાલે છે, ખૂંચે છે. દર વખતે એ શરમ, નિરાશા ને ગ્લાનિ અનુભવે છે.

નિષ્ફળતાની કસોટી ઓછી નથી.

વર્ગમાં છેલ્લા હોવાનું દુઃખ ઓછું નથી.

*

પણ વર્ગમાં પહેલા હોવાનું દુઃખ પણ ઓછું નથી.

અને એ કોઈને કહેવાય નહિ, કોઈની સહાનુભૂતિ મેળવાય નહિ, એટલે વધારે લાગે.

સફળતાની કસોટી પણ છે; તે પહેલાં તૈયારી ને તે પછી બંધન. ખ્યાતિ પામવા માટે મહેનત અને ખ્યાતિ પામ્યા પછી સતત જાગૃતિ.

સફળતાની સિદ્ધિ આકર્ષક છે, પણ અકળાવનાર છે. રાજાનો મુગટ સોનાનો છે, પણ ભારે છે. મુગટ આવ્યો ત્યારે ખુશ થવાયું : પણ હવે માથા ઉપર મુગટ બેસાડીને રોજનું જીવન જિવાશે, ગામના રસ્તાઓ પર ચલાશે ? એક વખત લોકોની નજરે ચડ્યા પછી એ નજર ચૂકવી શકાશે ?

જીવનમાં જેમ ઊંચે ચડાય તેમ એકલતા વધારે લાગે.

ઊંચે એટલે અલગ, પહેલો એટલે એકલો.

એ ખ્યાલ પહેલે નંબરે આવનાર પેલા વિદ્યાર્થીને આવવા માંડ્યો છે :

ઘણા એને ઓળખે, પણ ઓછા એને ચાહે.

ઘણા શાબાશી આપે, પણ ઓછા પ્રેમ આપે.

વર્ગમાં પણ બીજા છોકરાઓની મદદ લે, પણ ઓછા એને મિત્ર બનાવે.

બુદ્ધિશાળી પાસેથી કામ લેવાય, પણ એનો વિશ્વાસ ન કરાય – એ વણલખાયેલો સિદ્ધાંત છે. શિક્ષકો પણ એને માન આપે, પણ એના કરતાં એની પાસેથી પોતે માન લે : પોતાના વર્ગમાં એક આગળ પડતો વિદ્યાર્થી બેસે એમાં એમનું ગૌરવ છે ને ! એટલે એ એમને માટે બડાઈ મારવાનું સાધન છે, મમતા બતાવવાનું નહિ; ગર્વનો વિષય છે, પ્રેમનું લક્ષ્ય નહિ. એને કોઈને સાચો પ્રેમ હોય તોપણ એની પાછળ પેલો બડાઈ મારવાનો ને ગર્વ લેવાનો સ્વાર્થ હોવાનો વહેમ રહેશે એટલે એ સાચો પ્રેમ પણ પરખાશે નહિ, દિલથી સ્વીકારાશે નહિ.

ખરેખર સફળતાની કિંમત ભારે છે.

પહેલા આવવા માટે આપવો પડેલો ભોગ મોટો છે.

*

એ રીતે આગળ ચાલશે.

અભ્યાસ ચાલશે. વર્ગો ચાલશે.

વર્ગમાં શિક્ષક પ્રશ્ન પૂછશે ત્યારે પાછળ બેઠેલો એ મંદ વિદ્યાર્થી હાથ ઊંચો કરશે નહિ, કારણ કે એને એ પ્રશ્નનો જવાબ આવડતો નથી – એનું દુઃખ એને થશે.

અને આગળ બેસનાર પેલો તેજ વિદ્યાર્થી તરત હાથ ઊંચો કરશે, કદાચ એને પણ એ પ્રશ્નનો જવાબ ન આવડે તોપણ હાથ ઊંચો કરવો પડશે, કારણ એ પહેલે નંબરે આવેલો વિદ્યાર્થી છે અને એને માટે એ આબરૂનો સવાલ છે; માટે દિલના ફફડાટ સાથે, જૂઠું કરી રહ્યાના ભાન સાથે ને શિક્ષક મને પૂછે તો મારી ફજેતી થશે એ ગભરામણ સાથે એ હાથ ઊંચો કરશે – અને એનું દુઃખ એને થશે.

બંને પક્ષે કસોટી છે.

બંને પક્ષે સુખ છે ને દુઃખ છે. પણ એકનું દુઃખ બીજો સમજતો નથી એટલી કરુણતા છે.

સફળતામાં સિદ્ધિ છે – ને પરીક્ષણ છે.

શ્રેષ્ઠતામાં પુરુષાર્થ છે – ને પડકાર છે.

પહેલા આવવામાં આનંદ છે – ને જોખમ છે.

*

એ બેધારો અનુભવ હવે પેલા કુલદીપકને થઈ રહ્યો છે. એની કસોટીમાંથી એ હાલ પસાર થઈ રહ્યો છે.

એ પરિસ્થિતિ જો એ પચાવી શકશે, બે સામસામી લાગણીઓનું સંકલન કરી શકશે અને વિશ્વાસથી ને નમ્રતાથી પોતાની શક્તિનો ને પોતાની મર્યાદાનો – બંનેનો દિલથી સ્વીકાર કરશે, તો એ ખરેખર આખા જીવનમાં કુલનો દીપક બનશે.

લોકપ્રિય વિદ્યાર્થી

બધા એને ચાહે છે અને એની એને ખબર છે. એનો સ્વભાવ મળતાવડો છે. એનો દેખાવ જ આકર્ષક છે. કોઈની સાથે પણ વાત જામે. કોઈના માટે પણ દિલ લાગે. એટલે ઘણા એની સાથે જાય છે, ફરે છે, મળે છે. આખી કૉલેજમાં એ જાણીતો છે. શેરીમાં એ પ્રખ્યાત છે. મિલનસાર યુવાન છે. લોકપ્રિય વિદ્યાર્થી છે.

લોકપ્રિય થવા માટે બધા પ્રયત્ન કરે છે – કેટલાક ખર્ચ પણ કરે છે. બધા લોકો એનું નામ જાણે, બધા એને દૂરથી ઓળખે એ કેવું ગૌરવ ! એ કોઈ કાર્યક્રમમાં આવે તો બધા તાળીઓ પાડે, કોઈ ચૂંટણીમાં ઊભો રહે તો બિનહરીફ ચૂંટાઈ જાય. એની આસપાસ હંમેશાં ટોળું હોય, એ હોય ત્યાં જોરથી વાતો થાય અને હાસ્ય સંભળાય. તે પરીક્ષામાં પહેલે નંબરે તો આવતો નથી. પણ પહેલે નંબરે આવનાર એની ઈર્ષ્યા કરે છે. ખાલી બુદ્ધિ હોવાથી શું થાય, એની પાસે લોકપ્રિયતા છે એ બુદ્ધિ કરતાં અનેકગણી કીમતી છે ને ! એ કોઈ વાત મૂકે તે બધા ઉપાડે, જે કોઈને બોલાવે તેનું માન વધે ને આજે એવું કરે તો કાલે શું ન કરી શકશે ? જ્યાં જશે ત્યાં એ કેંદ્રમાં રહેશે. જીવનમાં એની સફળતા તો નક્કી જ છે. ખરેખર લોકપ્રિયતા જેવો આશીર્વાદ બીજો નથી.

અને એ વિદ્યાર્થીની લોકપ્રિયતા તો સહજ છે, કુદરતી છે. એને માટે એણે કોઈ પ્રયત્ન કર્યો નથી, કોઈ ખર્ચ કર્યો નથી. બીજા લોકો એવા હોય છે કે એમની લોકપ્રિયતા હોતી નથી : એમના પૈસાની હોય છે. હંમેશાં ખર્ચ કરવા તૈયાર હોય છે અને એના પ્રશંસકો એ ખર્ચનો લાભ લેવા હંમેશાં તૈયાર હોય છે, એટલે ત્યાં પણ ટોળું જામે અને જોરથી વાતો થાય અને હાસ્ય સંભળાય. પણ એ તો ખિસ્સાની લોકપ્રિયતા છે, સ્વભાવની નહિ; પૈસાનું આકર્ષણ છે. વ્યક્તિનું નહિ અને તે બધા લોકો જાણે છે અને એ વ્યક્તિ પોતે પણ જાણે છે – જ્યારે આ બીજા વિદ્યાર્થીની લોકપ્રિયતા તો સાચી છે. એ કુદરતનું દાન છે, સ્વભાવનો ગુણ છે.

અને તોય એ લોકપ્રિય વિદ્યાર્થીનો એક પ્રશ્ન છે, એની લોકપ્રિયતાનો જ પ્રશ્ન છે. એની સફળતાનો પ્રશ્ન છે. એણે એ પ્રશ્ન કોઈની આગળ મૂક્યો નથી, મૂકી શકે એમ પણ નથી. પોતાની આગળ પણ તે એ પ્રશ્ન મૂકવા માગતો નથી. પણ હવે એ પ્રશ્ન સ્પષ્ટ બની ગયો છે, ઉગ્ર બની ગયો છે. એટલે એ ખુલ્લો મૂક્યા વગર છૂટકો નથી.

*

વાત એટલી જ છે કે લોકપ્રિય હોવું એને ગમતું નથી. શરૂઆતમાં ગમતું હતું ને અત્યારે પણ અમુક અંશે, અમુક રીતે ગમે છે. લોકો સાથે આવે, બોલાવે, માન આપે, ખુશામત કરે એ કોને નથી ગમતું ! પણ એ બહારની ધાંધલ વચ્ચે એને ખબર પડવા માંડી છે કે લોકપ્રિયતામાં સુખ નથી. ખરું જોતાં તે એકલો છે – પ્રશંસકોના ટોળાની વચ્ચે પણ એકલું-એકલું લાગે છે. ઘણા છે એટલે કોઈ નથી ને ! ટોળું છે એટલે મિત્ર નથી ને ! વિરોધાભાસ લાગે છે, પણ સાચી હકીકત છે અને એ સાચી હકીકતમાં લોકપ્રિય વ્યક્તિની કસોટી છે. ઘણા એની સાથે છે એટલે એની પાસે વિશેષ કોઈ નથી. મોટું મિત્રમંડળ છે – પણ કોઈ મિત્ર નથી. ઘણા પ્રશંસકો છે – પણ કોઈ આત્મીયજન નથી. તે લોકપ્રિય છે – પણ પ્રિય નથી, કોઈનો પ્રિય તો નથી. બધા એને ઓળખે છે, અમુક રીતે ચાહે પણ છે – પણ દૂરથી, સાથે, સમૂહમાં. એકદમ પાસે કોઈ નથી. હૃદયમાં કોઈ નથી અને તોય હસવું પડે છે, રમવું પડે છે. બધાને હસાવવા પડે છે. લોકપ્રિયતામાં એકલતા છે અને કોઈને ખબર ન પડે એ રીતે તે સહન કરવાની હોય છે.

તે એ વિદ્યાર્થીનો પ્રશ્ન છે. લોકપ્રિય થતાંથતાં એ કંટાળી ગયો છે. સો ધાંધલિયા મિત્રો જાય અને એક સાચો મિત્ર રહે એમ એ ઇચ્છે છે. લોકો એનું નામ ભૂલી જાય, એનો ચહેરો

ભૂલી જાય, એને ન ઓળખે ને ન બોલાવે એમ તે ઇચ્છે છે. પણ એ હવે થતું હશે ? લોકપ્રિયતામાંથી રાજીનામું આપી શકાય ? નિવૃત્તિ લઈ શકાય ? એ તો ટોળાની ગુલામી છે, સમાજનું બંધન છે. લોકપ્રિયતા એના સ્વભાવમાં હતી એટલે કાયમ રહેશે અને એનો દેખાવ આકર્ષક રહેશે અને એનો સ્વભાવ મળતાવડો રહેશે. એના પ્રશંસકો રહેશે અને એનું ટોળું રહેશે. રાજાનો દરબાર છે. જ્યાં જાય ત્યાં હાજર, જ્યાં બેસે ત્યાં ભરાય. રાજાને ગમે કે ના ગમે. ફાવે કે ન ફાવે. પણ રાજા છે એટલે દરબાર મળે. રાજા રહેશે ત્યાં સુધી દરબાર મળશે.

તે લોકપ્રિય છે એટલે બધા એમ માને છે કે તે ફાવે તેમ કરી શકે છે. પણ હકીકત એ છે કે તે લોકપ્રિય છે એટલે જ ફાવે તેમ કરી શકતો નથી. બધાની આંખો એની ઉપર છે, પછી સ્વતંત્રતા ક્યાં રહી ? એ જે કંઈ કરે તે બધા જુએ, એટલે બધા જોવાના છે એ ખ્યાલમાં રાખીને એને કરવું પડે છે. એને તો બીજાં કપડાં પહેરવાં છે, પણ સૌની નજર એનાં કપડાં ઉપર છે, પછી એ સાદાં કપડાં કેમ પહેરી શકે ? એને ચૂપચાપ ક્લાસમાં બેસવું છે, પણ હંમેશનું ટોળું બહાર એની રાહ જુએ છે એમને નિરાશ કેમ કરે ? એનું જીવન સ્વતંત્ર નથી, કારણ કે જાહેર છે. એ ફાવે તેમ કરી શકતો નથી કારણ કે એ લોકપ્રિય છે.

*

માણસ એકલો હોય તો એકલતા સાલે, પણ ટોળાની વચ્ચે એકલતા હોય તો કેટલી વધારે સાલે ! એક તો સુખ નથી અને નફામાં સુખ હોવાનો ઢોંગ કરવો પડે છે. હૃદય શૂન્ય છે, પણ જાણે ભરેલું હોય એ રીતે હસવું પડે છે. એકાંતની એકલતા ખૂંચે છે, પણ ધમાલની એકલતા હજી વધારે ખૂંચે છે. એ બે મિત્રોને સાથે ફરતા જુએ છે ત્યારે એમને સદ્ભાગી માને અને એમની અદેખાઈ કરે. હા, લોકો એની અદેખાઈ કરે છે, પણ પોતાની અદેખાઈ કરનારાઓની એ મનમાં ને મનમાં પાછી અદેખાઇ કરે છે. એને બીજે ગામ જવાનો વિચાર થાય છે. અભ્યાસ છોડવાનું મન થાય છે. એના કેવા વિચારો છે એ જો એના પ્રશંસકોને ખબર પડત તો કેવી ફજેતી થાત !

એટલે કોઈને ખબર ન પડે એ હવે એની વિશેષ ચિંતા છે. એણે આ વાત કોઇને કરી નથી. પોતાની કસોટીની વાત કોઈને જણાવા દીધી નથી. પોતાની ગુપ્ત વાત છે. પોતાનો અંગત પ્રશ્ન છે. પણ જોકે એણે વાત જણાવી નથી તોય એને જોઇને સહજ અનુમાન થાય છે કે એનો હાલ એ જ પ્રશ્ન છે. એની અસ્થિરતા, એનો અસંતોષ, સફળતામાં એની ઉદાસીનતા અને ટોળામાં એની અધીરાઈ તો એની ચાડી ખાય છે. એને હજી પૂછીએ તો જાણે કંઈ થતું ન હોય એવો હિંમતવાળો જવાબ આપે; આપણે સહેજ ઇશારો કરીએ તો એ તરત ચેતી જાય અને જાણે દુનિયાનો રાજા હોય એવો હજી જવાબ આપે. એ ઇશારા એ સમજવા માગતો નથી, એ સૂચનાઓ સ્વીકારવા માગતો નથી. એને લોકપ્રિયતાથી કંટાળો છે. પણ બીક પણ છે કે એ જશે તો એનું શું થશે ? તોય એના જવાથી એ ડરે છે. ટોળાથી એ હવે ચિડાય છે, પણ ટોળા વિના એને ચાલતું નથી – ચાલશે કે કેમ એ દહેશત છે. માટે વાત કહેવાય એમ નથી – પણ કહ્યા વગર પણ હવે લાંબું ચાલે એમ નથી.

*

વહેલી લોકપ્રિયતા વ્યક્તિત્વને રૂંધાવી શકે છે, એના સાચા વિકાસને અટકાવી શકે છે. લોકપ્રિયતા સહજ સફળતા અપાવે છે, પણ સાચી ને લાંબા ગાળાની સફળતા અપાવતી નથી. ભપકો આપે છે, સંતોષ આપતી નથી. માણસને ખુશ બનાવે છે, સુખી બનાવતી નથી. ઘણા યુવાનોને લોકપ્રિયતાનાં સ્વપ્નો હોય છે. તેઓ એ સિનેમામાં જુએ છે, રાજકારણમાં જુએ છે, એટલે આકર્ષાય છે. પણ વહેલી લોકપ્રિયતા ઘાતક હોઈ શકે છે. ઇતિહાસકારો જરા કટાક્ષથી કહે છે કે સાચી લોકપ્રિયતા ફક્ત મરણ પછી મળતી હોય છે. માણસ જાય, જનતામાં એનું

સ્મરણ રહે, એના જીવનનો સરવાળો કઢાય – ત્યારે લોકપ્રિયતાનું પ્રમાણપત્ર મળે અને ત્યારે એ સાચું છે અને સલામત છે. આટલી લાંબી રાહ તો નહિ જોઈએ, પણ ખોટી ઉતાવળ પણ નહિ કરીએ. વહેલી લોકપ્રિયતામાં જોખમ છે, સસ્તી લોકપ્રિયતામાં દુઃખ છે. સ્વભાવ મળતાવડો હોય અને પ્રેમ સહજ હોય ત્યારે પણ – અને ત્યારે વિશેષ – અંકુશ જોઈએ, ધીરજ જોઈએ, મર્યાદા જોઈએ. પોતાનામાં એ ગુણ છે એ વહેલું જાણવાથી એનું રક્ષણ કરી શકાશે અને એનો વિકાસ યોગ્ય સમયે કરી શકાશે. એ લોકપ્રિયતા જીવનમાં આગળ ઉપર ઘણું કામ કરી આપશે. આજે એ કાબૂમાં રખાય તો કાલે એ પ્રગતિની તક આપશે, સેવાની તક આપશે, સમાજનાં દ્વાર ખોલશે, લોકોનાં હૃદયનાં દ્વાર ખોલશે.

*

પણ આજે તો લોકપ્રિય વિદ્યાર્થીને જોઈને હજી ચિંતા છે. એના અસંતોષથી અસંતોષ છે. એના ગુપ્ત દુઃખથી ગુપ્ત દુઃખ છે. કોઈ વાત થઈ નથી. એણે વાત કરી નથી. મેં પણ કરી નથી. પરંતુ જેમ એની વાતનું મને અનુમાન છે, તેમ મારી વાતનું એને હશે ને !

વ્યર્થ બહાનું

"મારી પાસે સાધનો નથી, સગવડ નથી એટલે હું આગળ આવી શકતો નથી. બીજા છોકરાઓની પાસે છે એ બધી સગવડ મારી પાસે હોત તો હું પણ એમના જેટલો સારો દેખાવ કરી શકત."

એની પાસે ઓછી સગવડ હતી એ સાચી વાત હતી. એ ટ્યૂશન રાખી શકે, ઘણાં પુસ્તકો ખરીદી શકે, કે મોટરમાં આવીને સમય બચાવી શકે એવા પૈસા એની પાસે નહોતા અને બીજા છોકરાઓની પાસે એવા પૈસા હતા અને તેઓ ટ્યૂશન રાખતા ને પુસ્તકો ખરીદતા ને મોટરમાં કૉલેજ આવતા એ વાત પણ સાચી હતી. પણ બીજાઓની પાસે સગવડ હતી અને પોતાની પાસે નહોતી એટલા માટે જ તો એની પ્રગતિ ઓછી હતી એ વાત સાવ ખોટી હતી. એને એક સારું બહાનું મળ્યું હતું, એટલે તે ફરી ફરીને એમ કહેતો અને એમ કહ્યા કરવાથી પોતે હવે એમ માનતો થયો હતો. પણ બચાવ ખોટો હતો. સારા વિદ્યાર્થીને સગવડ ન મળે તોય તે વાંચશે ને મહેનત કરશે ને સારું પરિણામ લાવશે અને મંદ વિદ્યાર્થીને પૂરી સગવડ મળશે તોય તે બરાબર વાંચશે ને સમજશે ને લખશે નહિ. પુસ્તકોનો ને ટ્યૂશનોનો સવાલ નથી – બુદ્ધિનો ને મહેનતનો છે. સાધનોનો સવાલ નથી – માણસનો જ સવાલ છે.

છોકરાના બાપ અંદાજ કરવા બેસે છે કે દીકરાને ભણાવવા કેટલા પૈસા જોઈશે. આટલી ફી ને આટલાં વર્ષ ને આટલાં બિલ ને આટલું ખર્ચ. પ્રથમ એ તપાસ કરે છે ને પોતાની સ્થિતિને લઈને એ ખર્ચને પહોંચી શકશે કે કેમ અને એ તપાસ યોગ્ય છે ને જરૂરી છે. પણ એ મુખ્ય તપાસ નથી. મુખ્ય તપાસ છોકરાની શક્તિ ને તૈયારી ને ઉધમની છે. પૈસા પહોંચશે કે કેમ એ એક વાત છે, પણ બુદ્ધિ પહોંચશે કે કેમ એ વધારે મહત્ત્વની વાત છે. માણસની સાથે કામ છે. સ્થૂળ સાધનોની સાથે નહિ.

વર્ષો પહેલાં એક શિક્ષણસંસ્થા તરફથી એક નવી કૉલેજની સ્થાપના થવાની હતી. કૉલેજ ક્યાં થવાની હતી એ પણ હજી નક્કી નહોતું એ ગૌણ પ્રશ્ન હતો. હજી જગ્યા નહોતી, જમીન નહોતી, મકાન નહોતું. પણ પહેલી મંત્રણા થઈ સ્ટાફ માટે. દેશના સારા સારા અધ્યાપકોને આમંત્રણ આપવામાં આવ્યું, નિમણૂકો થઈ, આશાસ્પદ તેજસ્વી શિક્ષકો અભ્યાસ-સંશોધનોનાં જુદાંજુદાં ક્ષેત્રોમાં મોકલાયા, કુશળ વ્યવસ્થાપકોની પસંદગી થઈ. એટલે કે પ્રથમ તો માણસોનો વિચાર થયો અને યોગ્ય માણસો ભેગા થયા ત્યારે જ બાહ્ય ઉપકરણોની જોગવાઈ થઈ. પૈસા, જગ્યા, જમીન, મકાન. પહેલો વિચાર સ્ટાફનો અને છેલ્લો મકાનનો. યોગ્ય માણસો આવશે તો એ મકાન ઊભું કરશે, પણ ખાલી મકાન બાંધવાથી યોગ્ય માણસો આવવાના નથી. યુનિવર્સિટી એ કંઈ મકાનોનો સમૂહ નથી – માણસોનો જ સમૂહ છે. ટાવર બાંધ્યું એટલે યુનિવર્સિટી થઈ એમ નહિ. પ્રભાવશાળી વિદ્યાગુરુઓ શિક્ષણને અર્થે ભેગા થયા એ જ યુનિવર્સિટી કહેવાય. ટાવર નહિ પણ ટાવરની નીચે બેઠેલા માણસોનું મહત્ત્વ છે. શિક્ષક યોગ્ય હશે તો વર્ગો તો ઝાડની નીચે પણ ચલાવી શકે અને વિદ્યાર્થીઓ આવશે અને વિદ્યાદાન થશે અને સંસ્કારશસચન થશે અને શિક્ષક યોગ્ય ન હોય તો આધુનિક આલીશાન સગવડભર્યા મકાનમાં પણ શિક્ષણનું કાર્ય થશે નહિ અને યુનિવર્સિટી ખીલશે નહિ.

ઇસ્પિતાલ કઈ સારી કહેવાય ? જેનાં મકાનો સારાં હોય તે, કે જેના ડૉક્ટરો સારા હોય તે ? દર્દીને ડૉક્ટરોની સાથે કામ છે, મકાનની સાથે નહિ. રોગની તપાસ સારી થવી જોઈએ ને દવા સાચી જોઈએ. એટલે કે ડૉક્ટર સારા જોઈએ. સારા ડૉક્ટરનું સાદું દવાખાનું દર્દીઓથી ભરેલું રહેશે, જ્યારે કાચા ડૉક્ટરોનું ભપકાદાર ક્લિનિક ખાલી રહેશે. ડૉક્ટરની જ કિંમત છે.

માણસનું મહત્ત્વ છે.

યુદ્ધમાં કયું સૈન્ય જીતે છે ? શસ્ત્રો સારાં હોય તે કે જેના જવાનો સારા હોય તે ? શસ્ત્રોની અસર ખરી પણ એ શસ્ત્રો કોણ ચલાવે છે એનું મહત્ત્વ વધારે. વિમાનનું મહત્ત્વ ખરું, પણ વિમાનમાં બેસનાર પાઇલટનું મહત્ત્વ વધારે. શૌર્યનો સવાલ છે, તાલીમનો સવાલ છે. કુશળતાનો સવાલ છે – એટલે કે માણસનો જ સવાલ છે.

અને જીવન પણ એક સંગ્રામ છે એટલે એમાં પણ જવાનનું મહત્ત્વ છે, માણસનું મહત્ત્વ છે. શસ્ત્રો તો જાતજાતનાં મળે છે, એટલે કે સંજોગો, સગવડો, પૈસો, વાતાવરણ જુદાંજુદાં મળે છે અને તેની અસર તો છે જ. પણ ખાલી અસર જ છે. એટલે કે બહારથી કરેલો સ્પર્શ છે, ફૂંક છે, દબાણ છે. પણ ખરી વાત અંદરની છે, શૌર્યની ને ચારિયની ને વ્યક્તિત્વની છે. એટલે કે માણસની વાત છે અને તેથી એની સફળતા કે નિષ્ફળતા માટે આખરે બહારના સંજોગો નહિ પણ અંતરના ગુણ એક અવગુણ જવાબદાર હોય છે.

આપણે સંસ્થા-નિષ્ઠ હોઈએ છીએ. સંસ્થા હોય તો વિશ્વાસ લાગે. સંસ્થાનું નામ જોઈએ, મકાન જોઈએ, પાટિયું જોઈએ. એનું અંદાજપત્ર જોઈએ ને એનો હિસાબ જોઈએ. સંસ્થા તો જોઈએ છે એની ના નથી. વ્યવસ્થા માટે, પરંપરા માટે, સંચાલન માટે સંસ્થા જોઈએ. પણ એ ગૌણ વસ્તુ છે. એ ખોખું છે, પાલખ છે, અવલંબન છે, ખરું મૂલ્ય સંસ્થાનું નહિ પણ સંસ્થાના માણસોનું છે; બંધારણનું નહિ, નેતાનું જ છે.

ઇતિહાસ લખાય છે તે માણસોને લઈને લખાય છે. જેવો નેતા તેવો કાળ, જેવી પ્રજા તેવો યુગ. નેતાઓનાં નામોથી ઇતિહાસનાં પ્રકરણો ઓળખાય છે. એમની છાપ પડે. એમનું સ્મરણ રહે. શોધો થાય ને યંત્રો બને ને ઇમારતો બંધાય, પણ આખરે એ શોધો કરનાર ને એ યંત્રો બનાવનાર ને એ ઇમારતો બાંધનાર માણસોનો મહિમા રહે. મહાન નેતાઓ હતા (ફક્ત રાજકારણમાં નહિ પણ વિજ્ઞાનમાં ને કલામાં ને ધર્મમાં પણ) ત્યારે પ્રજા પણ મહાન બની અને સુવર્ણ યુગ ઊગ્યો. પણ મામૂલી આદમીઓ હતા ત્યારે જમાનો પણ મામૂલી જ રહ્યો.

અમુક પ્રદેશ સમૃદ્ધ અને અમુક નિર્ધન એવું વિભાજન આપણે કરીએ છીએ. એકમાં હવામાન અનુકૂળ હોય છે ને બીજામાં નથી, એકમાં પાણી છે ને બીજો નિર્જળ છે, એકમાં કુદરતનું ધન છે ને બીજામાં પથ્થરો જ છે. એટલે કે વિકાસ અથવા મંદીને માટે કુદરતને જવાબદાર માનીએ છીએ. ભૂમિ સારી એટલે માણસો સારા એવો સિદ્ધાંત બાંધીએ છીએ અને વધારે પ્રગતિ ન થઈ એનું કારણ ભૂમિ વધારે સારી નહોતી એવું આપીએ છીએ. પણ એમાં આપણે ભૂલીએ છીએ કે એની એ જ ભૂમિ ઉપર ઇતિહાસના જુદા કાળમાં લોકોની જુદી પરિસ્થિતિ હતી. એનો એ જ દેશ અમુક યુગમાં દુનિયાના બધા દેશમાં પ્રગતિને મોખરે હતો અને બીજા યુગમાં અણવિકસિત ગણાય. દેશ એનો એ જ, ભૂમિ એની એ જ, ને હવામાન એનું એ જ – તોય અમુક કાળમાં આગળ ને અમુક કાળમાં પાછળ, અમુક કાળમાં વિકાસને શિખરે ને અમુક કાળમાં માંડમાંડ રસ્તો કાઢતો. એટલે કે હવામાનનો દોષ નહિ, ભૂમિનો દોષ નહિ, પ્રદેશનો દોષ નહિ. કુદરત સાક્ષી જ છે. પુરુષાર્થ માનવીનો છે અને એ પુરુષાર્થ કરીને પ્રતિકૂળ હવામાનમાં પણ પ્રગતિ કરી શકે અને આળસ કરીને ઉત્તમ સંજોગોમાં પણ જીવનનું દાન વેડફી શકે. પર્વતના જંગલમાં તપસ્વીની ગુફા પણ છે અને લૂંટનારાઓનો અડ્ડો પણ છે. નદીને કિનારે આધુનિક શહેર પણ આવે અને પુરાણું ઝૂંપડું પણ આવે. સ્થળ સરખું પણ વૃત્તિ જુદી. પ્રકૃતિ સરખી પણ પુરુષ જુદા અને પુરુષ અને પ્રકૃતિના ખેલથી સર્જન થાય છે.

દેશની પ્રગતિ દેશની ભૂગોળ ઉપર નહિ પણ દેશની પ્રજા ઉપર આધાર રાખે છે. એક જ ભૂગોળ લઈને જુદો ઇતિહાસ લખાય; એક જ નકશો લઈને જુદી સંસ્કૃતિ સર્જાય. હા અને એક જ વર્ગમાં બેસીને જુદો અભ્યાસ કરાય અને એક જ પાઠ્યપુસ્તક લઈને જુદી પરીક્ષા અપાય

અથવા તો હાથમાં પાઠ્યપુસ્તક ન હોય તોય પાઠ્યપુસ્તકવાળા અને ટ્યૂશનવાળા વિદ્યાર્થી કરતાં વધારે સારી પરીક્ષા અપાય.

પેલા વિદ્યાર્થીને માટે આખરે એ જવાબ છે અને એ સલાહ છે. સાધનો મળે તેટલાં લેવાનાં, મદદ મળે તેટલી સ્વીકારવાની; પરંતુ સાધનો ન મળે અથવા પૂરતાં ન મળે અથવા વળી બીજાને મળે છે એટલાં પોતાને ન મળે તો રડારોળ કરવી નહિ અને એનું બહાનું પણ કાઢવું નહિ. પુસ્તક હોય કે ન હોય, નવું હોય કે જૂનું હોય, પોતાનું હોય કે ઉછીનું હોય, પણ બુદ્ધિ છે, શક્તિ છે. ઉત્સાહ છે, નિર્ણય છે – એટલે જરૂર તૈયારી થશે ને કામ થશે ને સફળતા મળશે. જે હાથમાં નથી એની ફરિયાદ કરવા બેસીએ તો જે હાથમાં છે એ પણ જતું રહેશે અને થઈ શક્યું હોત એ કામ પણ થશે નહિ.

અને મુખ્ય પાઠ તો માનવીના મહત્ત્વનો છે. એ જ ઇતિહાસનું કેંદ્ર છે ને પ્રગતિનો વેગ છે ને સંસ્કૃતિનો સર્જક છે. જ્યાં યોગ્ય માણસ હશે ત્યાં યોગ્ય વિકાસ થશે. માટે પહેલું એ જોવાનું ને એનો આગ્રહ રાખવાનો. સાધનો ને સગવડો ને અવલંબનો પછી આવશે. યોગ્ય માણસ મળશે તો એની પાછળ બીજું બધું આવશે. માટે યોગ્ય માણસ આવે એ પ્રથમ જોવાનું અને કંઈ નહિ તો માનવીનું ઘડતર તો પોતાના હાથમાં છે – માટે એ યોગ્ય માનવી બને એ પહેલું વ્રત લેવાનું અને પાળવાનું.

બે વિદ્યાર્થીઓ

વર્ગમાં બે વિદ્યાર્થીઓ બેઠા છે. સરખા લાગે છે. સાથે બેઠા છે અને સાથે શિક્ષકની વાતો સાંભળે છે, સાથે એની નોંધ ઉતારે છે. એમના દેખાવ પણ સરખા અને કપડાં પણ સરખાં – કદાચ એમની બુદ્ધિ પણ સરખી હશે અને કુટુંબની સ્થિતિ પણ સરખી હશે. પણ એમના મનમાં જુદા સંકલ્પો છે, જુદાં અરમાનો છે અને તેથી સરખા લાગતા એ બે વિદ્યાર્થીઓ આગળ જતાં જુદાં કામ કરશે અને જુદાં જીવન જીવશે.

બંદરે બે વહાણ ઊભાં છે. સરખાં લાગે છે. પણ એક અણુશક્તિથી ચાલે છે. એનો વેગ વધારે, એનું સંચાલન સરળ અને તે દિવસો ને મહિનાઓ સુધી નવું બળતણ લીધા વગર ભરદરિયે રહી શકે, બંદરે આવ્યા વગર રહી શકે. બીજું વહાણ ચાલુ બળતણથી ચાલે છે. એનો વેગ ઓછો, એનું સંચાલન કષ્ટમય અને થોડાથોડા દિવસે નવું બળતણ લેવા બંદરે આવવું પડે. વહાણો સરખાં લાગે છે. પણ બળતણ જુદું છે. માટે કામ પણ જુદું અને સફર પણ જુદી.

યુવાન માણસના દિલમાં કયું બળતણ છે ? અણુશક્તિ છે કે ચાલુ બળતણ છે – કે ખાલી છે ? બહારથી તો બધા યુવાનો સારા ને બધા ઉત્સાહી ને બધા યુવાન જ દેખાય છે. પણ અંદર શું છે ? કેવું બળતણ છે ? કેવાં ધ્યેય છે અને કેવા સંકલ્પો છે ? એ ઉપરથી જ ભવસાગરમાં જીવનનૌકાની સફર નક્કી થવાની છે.

*

ઊઘડતી કૉલેજે નવાનવા વિદ્યાર્થીઓ આવે છે ત્યારે પહેલો પરિચય કરવા અને સંપર્કમાં સેતુ બાંધવા નામ-ગામ પૂછ્યા પછી હું અનેક વાર પ્રશ્ન પૂછું છું, “તમે કૉલેજમાં શા માટે આવ્યા ?” સહજ ભાવે પૂછું છું, ખાસ સારા જવાબની આશા વિના પૂછું છું, પ્રશ્નમાં મર્મ હોઈ શકે એના નિર્દેશ વગર પૂછું છું અને જવાબો પણ ખાસ સારા મળતા નથી. કૉલેજમાં શા માટે આવીએ છીએ ? ભણવા. સ્કૂલમાં પાસ થયા એટલે કૉલેજમાં આવ્યા. મોકલે છે એટલે આવીએ છીએ. દુનિયામાં કંઈ પણ કરવા માટે ડિગ્રી તો જોઈશે, અને ડિગ્રી માટે કૉલેજમાં આવવું પડે ને ! એવા જવાબો મળે છે અને એ રીતે કંઈક પરિચય થાય છે અને નવા વિદ્યાર્થીઓની સાથે સંબંધો શરૂ થાય છે.

પણ એક વાર એક વિદ્યાર્થીએ મને ઘણો સારો જવાબ આપ્યો હતો. નવો કોર્સ હમણાં શરૂ થયો હતો, નવા વિદ્યાર્થીઓ આવતા હતા અને સાંજે છૂટીને બધા ઘેર જતા હતા એમાં એકને રોકીને નામ પૂછ્યું, સાધારણ વાતો કરી અને પછી અમસ્તો પેલો પ્રશ્ન પૂછ્યો, “તમે હવે કૉલેજમાં આવ્યા છો તે શા માટે આવ્યા છો ?” એણે તરત જવાબ ન આપ્યો. થોડી વાર એમ ને એમ ઊભો રહ્યો. જરા અંતર્મુખ થતો હોય એવું લાગ્યું. પછી એણે સામું પૂછ્યું, “હું સાચી વાત કહું ?” “હા, કહોને !” અને કૉલેજને આંગણે ઊભોઊભો એ યુવાન વિદ્યાર્થી પોતાના દિલની વાત કહેવા લાગ્યો.

“હું નાનો હતો, સાવ નાનો હતો ત્યારે મારાં બા ગુજરી ગયાં. મને યાદ નથી એટલો નાનો હું હતો, પણ પાછળથી ખબર પડી અને બધી વિગતો જાણી. તે ગયાં એ કોઈ ભારે રોગને લીધે નહોતાં ગયાં, એમને ક્ષયરોગ જેવો સામાન્ય રોગ થયો હતો. ડૉક્ટર મળે તો એ જરૂર મટી જાય પણ અમે ગામડામાં હતાં ને ત્યાં કોઈ સારો ડૉક્ટર ન મળ્યો અને ખબર પડી ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. એટલે એ ગયાં અને એમના જવાથી મારું જીવન તો હવે શૂન્ય જેવું થઈ ગયું છે. મારા જીવનમાં એ મોટું દુઃખ છે અને એને લીધે હું પણ મારી ઉંમર કરતાં કંઈક ગંભીર છું અને એકલો રહું છું. વાંચવામાં હું પૂરું ધ્યાન આપું છું. સ્કૂલમાં બહુ મહેનત કરી અને

સારું પરિણામ આવ્યું છે. હવે કૉલેજમાં આવ્યો છું. અને આ વર્ષે પણ મારે બરાબર મહેનત કરવી છે અને સારું પરિણામ લાવવું છે. પછી હું પ્રિ. મેડિકલમાં જઈશ અને સારો ડૉક્ટર થઈશ અને પછી... સારા ડૉક્ટરના અભાવે મારાં બા ગયાં, તો સારા ડૉક્ટરના અભાવે બીજા છોકરાઓનાં બા ન જાય એ જોવાનું મારું કામ.''

એ શાંત રહ્યો અને હું પણ શાંત રહ્યો. એક યુવાન વિદ્યાર્થીના હૃદયમાં કેવા પવિત્ર ભાવ હોઈ શકે એનો સાક્ષી બનીને હું ધન્યતા અનુભવી રહ્યો હતો. કંઈ કહેવાની જરૂર નહોતી. બોલવા જાઉં તો ગળે ડૂમો ભરાશે એની ખાતરી પણ હતી. મૌનથી જ એની કદર થઈ શકે એમ હતું. એટલે અમે બે થોડી વાર સાથે મૌન રહ્યા. મેં મારો હાથ એને માથે મૂક્યો. સ્પર્શથી મૂક વહાલ કર્યું. પછી એને જવા દીધો. બીજા છોકરાઓના ટોળામાં એ ભળી ગયો.

પણ હવે એ વિદ્યાર્થી મારા વર્ગમાં બેઠો છે અને હું ભણાવતાં-ભણાવતાં એની તરફ જોઉં છું. એના મનની વાત હું જાણું છું. એના જીવનનું રહસ્ય સમજું છે. એની પ્રેરણાથી મને જ પ્રેરણા મળે છે. એનો ઉત્સાહ મને પોતાને ઉત્સાહ ચઢાવે છે. મને એને માટે આદર થયો છે અને પ્રેમ થયો છે. એની સાથે બીજું પરિણામ પણ આવ્યું કે એ છોકરાને માટે મારા મનમાં હવે કોઈ ચિંતા નથી. હવે ખબર છે કે એના દિલમાં કેવું ધ્યેય છે, કેવું બળ છે અને ખાતરી છે કે તે એને આગળ લઈ જશે, સફળ બનાવી દેશે. એના મનમાં દિશા છે, વેગ છે, નિર્ણય છે. જીવન લઈને શું કરવાનું છે એ તે જાણે છે – એટલે કરશે જ.

*

સ્કૂલ પછી કૉલેજમાં અવાય, મોકલે છે એટલે આવીએ છીએ, ડિગ્રી જોઈએ એટલે ભણીએ છીએ – એવો એનો જવાબ નથી. બધા જાય ત્યાં જવાનું, બધા કરે એવું કરવાનું – એ એનું વલણ નથી. પણ મારે ક્યાં જવાનું છે અને જઈને શું કરવાનું છે એનો સ્પષ્ટ ખ્યાલ અને મનસૂબો અને નિર્ણય. લક્ષ છે એટલે બળ છે. દિશા છે એટલે વેગ છે. ઘણાખરાને ક્યાં જવાનું છે એની ખબર નથી એટલે ક્યાંય જતા પણ નથી. બુદ્ધિ મળી છે. શક્તિ મળી છે. હાથપગ મળ્યા છે. કલ્પના મળી છે. પણ એ લઈને શું કરવું એની ગમ નથી એટલે કશું કરતા પણ નથી.

એવા છોકરાઓને માટે મનમાં ચિંતા રહે છે. તેઓ આજે સારું ભણે છે. સારી રીતે વર્તે અને જીવે છે. કૉલેજમાં બધાં કામ કરે છે એટલે તેઓ પણ કરે છે. વર્ગનું કામ ચાલે છે. એની સાથે એમનું કામ પણ ચાલે છે. પણ આગર ઉપર મુશ્કેલીઓ આવશે, વિઘ્નો આવશે, નિષ્ફળતાઓ આવશે ત્યારે તેઓ શું કરી શકશે એનો વિશ્વાસ નથી અને તેથી આજે એમને માટે ચિંતા છે.

પણ પેલા છોકરાને માટે ચિંતા નથી. એને માટે પણ જીવનની એ મુશ્કેલીઓ આવશે અને વિરોધ આવશે અને નિરાશા આવશે; પણ તે એનો સામનો કરી શકશે, કારણ કે એનામાં એ શક્તિ છે. એને ક્યાંક જવું છે એટલે વચ્ચે પડી જશે તોય ઊભો થઈને પાછો ચાલતો થશે. એને કંઈક કરવું છે, એટલે વચ્ચેથી કામ બગડે તોય ફરીથી શરૂ કરીને તે પૂરું કરશે. રસ્તો છે એટલે જશે. ધ્યેય છે એટલે કરશે.

*

ધ્યેયની શક્તિ તે અણુશક્તિ છે. તે કાયમ ચાલે. પૂરો વેગ આપે. દૂર સુધી લઈ જાય. એ તેજ બળતણ છે. અખૂટ શક્તિભંડાર છે. એ હૃદયમાં આવે એટલે જીવન સલામત અને પ્રગતિ નક્કી. યુવાન માણસના અંતરમાં જીવનધ્યેયની જ્યોતિ પ્રગટી એટલે એને માટે ચિંતા નથી, શંકા નથી. એ જશે અને કરશે અને વિજય પામશે. એના દિલમાં શક્તિ છે. આખી જીવનયાત્રામાં ચાલે એવી પ્રબળ ને અખંડ શક્તિ છે. એની નૌકા દૂર જશે. મહાસાગરને પેલે

કાંઠે એ પહોંચી જશે.

એટલા માટે યુવાન માણસની પાસેથી એ તલસ્પર્શી જવાબ સાંભળીને દિલ હરખાઈ જાય અને એટલા માટે જ બીજા અનેક યુવાનોની પાસેથી છીછરા જવાબો સાંભળીને દિલને ચિંતા થાય. એવો એક જવાબ પણ યાદ છે. બીજી જાતનો જવાબ. એક વાર કૉલેજમાં એક વિદ્યાર્થીને પૂછેલું, ''આગળ ઉપર તમારે શું કરવું છે ?'' અને જવાબ મળ્યો, ''મારે બાપુજીની ઑફિસમાં બેસવું છે.'' એ કરોડપતિનો દીકરો હતો. એના બાપુજીની સુંદર ઑફિસ હતી. એ એણે જોઈ હતી. એમાં એને માટે પણ જગ્યા તૈયાર હતી એ તે જાણતો હતો અને ત્યાં બેસવાની રાહ જોતો હતો. એ એનું ધ્યેય અને એ એનું લક્ષ્ય.

હા, જરૂર બેસશો. બાપુજીની ઑફિસમાં જરૂર બેસશો. ત્યાં તમારે માટે જગ્યા તૈયાર છે. સલામત છે. પણ ખાલી બાપુજીની ઑફિસમાં બેસવાથી તમારું જીવન કંઈ ઉન્નત થવાનું છે એવો ભ્રમ ન સેવો. તમારે માટે બધું તૈયાર છે એટલે કે તમારે કશું કરવાનું નથી એ એનો અર્થ થયો અને કશું કરવાનું નથી એટલે કશું કરવાનું મન પણ થતું નથી એ પરિણામ આવ્યું. તમે પાસ થાઓ તોય શું અને નાપાસ થાઓ તોય શું – જગ્યા તૈયાર છે. તમે પહેલા આવો તોય શું અને છેલ્લા આવો તોય શું – ખુરશી સલામત છે. પછી ઉત્સાહ અને ધ્યેય અને શ્રમ અને મહેનત શેનાં ? બાપુજીની ઑફિસમાં બેસવું છે. બેસજો. પણ એથી કદાચ આખા જીવનમાં તમારે બેસી રહેવાનું હશે. ચાલવાનું ને દોડવાનું ને ચડવાનું ને ઊડવાનું નહિ. બળતણ ઓછું છે. જીવનધ્યેય મોળું છે. દૂર નહિ જવાય. ઊંચે નહિ ચડાય.

એ ચિંતા છે. એ ભય છે. બળતણ ઓછું છે. યાત્રા લાંબી છે. ક્યાં સુધી એ પહોંચી શકશે ?

વર્ગમાં બે વિદ્યાર્થીઓ બેઠા છે. સરખા લાગે છે. કપડાં સરખાં અને બુદ્ધિ સરખી અને પરીક્ષામાં માર્ક્સ પણ સરખા. પણ અંતરમાં ફેર છે. વિચારોમાં અને સંકલ્પોમાં અને આદર્શોમાં ફેર છે. એકના દિલમાં એક પુણ્ય જીવનધ્યેય પાક્યું છે. બીજાના મનમાં ખાલી તરંગો છે.

આજે સરખા લાગે છે. પણ કાલે ફેર દેખાશે. દિશાઓ જુદી છે એટલે જીવન જુદાં હશે. બીજ જુદાં છે એટલે ફળ જુદાં હશે.

વર્ગ ચાલે છે. બંને વિદ્યાર્થીઓ ઉપર નજર છે. એ નજરમાં વહાલ છે અને પ્રાર્થના છે. એકના હૃદયમાં આકાર પામતું જતું પવિત્ર સ્વપ્ન સિદ્ધ થાય એ પ્રાર્થના અને બીજાના હૃદયમાં એવો કોઈ આદર્શ સંકલ્પ જાગી જાય એ પ્રાર્થના.

અઘરું કામ સોંપો

'યુવાનની પાસેથી ઘણું માગશો તો ઘણું મળશે; ઓછું માગશો તો કશું મળશે નહિ.'

એ સિદ્ધાંતમાં યુવાન માનસનું પારખું છે તેમ જ નેતાગીરીની કલાનું એક રહસ્ય છે.

ઓછું માગો તો ઓછું મળે, નહિ જેવું મળે, કશું નહિ મળે. પણ ઘણું માગો એટલે ઘણું મળશે, બધું મળશે.

ઓછું માગ્યું એટલે ઓછો વિશ્વાસ કર્યો, ઓછી કદર કરી; અને ઓછા વિશ્વાસથી ઓછું કામ થાય – ખરું કહીએ તો કશું જ કામ ન થાય, કારણ કે ઓછો વિશ્વાસ એટલે પૂરો અવિશ્વાસ અને અવિશ્વાસથી હૃદયનાં દ્વાર બંધ થઈ જાય.

પણ ઘણું માગ્યું એટલે પૂરો વિશ્વાસ કર્યો, પૂરી કદર કરી, પૂરી જવાબદારી સોંપી અને વિશ્વાસથી યુવાન માણસનું હૃદય ખીલી ઊઠે.

યુવાનીનું ગણિત છે.

જીવનનું વ્યાકરણ છે.

ઓછું તો શૂન્ય અને ઘણું તો પૂર્ણ.

વિશ્વાસથી કામ ને અવિશ્વાસથી બહિષ્કાર.

સહેલું કામ હોય તો આંગળીય ન હલાવે, અઘરું હોય તો ઝંપલાવે.

યુવાનમાં ખુમારી છે. તે પરાક્રમ માગે ને વૈતરું તુચ્છકારે. માટે એની પાસેથી પરાક્રમ જ માગવું જોઈએ.

*

ગણિતના વર્ગમાં અનેક વાર દાખલો આપતી વખતે મેં એ યુક્તિ કરી હશે. વિદ્યાર્થીઓને પૂછું : 'હવે દાખલો આપવાનો છે. તો સહેલો દાખલો આપું કે અઘરો આપું ?' અને એ ઉત્સાહી ને તેજ વિદ્યાર્થીઓ એક અવાજે બોલી ઊઠે : 'અઘરો આપો !'

શાબાશ.

સારા વિદ્યાર્થીને અઘરો દાખલો જોઈએ. ખરા યુવાનને અઘરું કામ ખપે. એમાં એની કદર છે, એની શક્તિ છે, એનું ગૌરવ છે.

*

એક વાર ગાંધીજી અને એમના કેટલાક અનુયાયીઓ અમુક અગત્યનાં કામોની વહેંચણી કરવા બેઠા હતા. એમાં પૂ. કાકાસાહેબ પણ હતા. કોને કયું કામ સોંપવું એ ચર્ચા ચાલતી હતી. દરેકની અનુકૂળતા ને શક્તિ પ્રમાણે જુદાંજુદાં કામો સોંપાતાં જતાં અને એમાં ગાંધીજી પોતાની સૂચનાઓ પણ કરતા. તો કાકાસાહેબનો વારો આવ્યો અને 'કાકાને શું સોંપીએ' એ ચર્ચા થવા માંડી ત્યારે ગાંધીજીએ એટલું જ કહ્યું : 'કાકાને સહેલું કામ ન સોંપો.' અને કાકાસાહેબ એ સાંભળી ધન્યધન્ય થઈ ગયા.

'સહેલું કામ ન સોંપો.'

પ્રમાણપત્ર આપ્યું.

વિશ્વાસ બતાવ્યો.

ને હૃદયમાં સાચો પડઘો પાડ્યો.

કામ ગમે તે સોંપો પણ સહેલું ન સોંપો. એમનામાં શક્તિ છે, ધગશ છે, વફાદારી છે એટલે એ બધું કરશે. સહેલું કામ સોંપવાથી એનું અપમાન જ થાય.

અને એ સાંભળતાં કેવી ધન્યતા લાગે ! આપણે વિશ્વાસપાત્ર નીવડ્યા એનો કેટલો સંતોષ રહે ! પછી એ સોંપેલું કામ કેટલા ઉત્સાહથી થશે ! વિશ્વાસ મૂકનારને ખોટું કેમ

લગાડાય ? આપણા ઉપર મૂકેલી આશા ખોટી કેમ પડવા દેવાય ? અને સોંપેલું કામ અઘરું હોય તો વધારે સારું, કારણ કે એ અઘરું કામ સફળતાપૂર્વક પાર પાડીને આપણે આપણી લાયકાત ને વફાદારી સિદ્ધ કરી શકીશું. એવો વિશ્વાસ મળ્યા પછી સાચા દિલનો માણસ એ સોંપેલું કામ કરવાની ના પાડી શકશે ખરો ? કદી નહિ. કામ ગમે તેટલું અઘરું હોય. જવાબદારી ગમે તેટલી ભારે હોય, પણ એ વિશ્વાસનો દ્રોહ ન કરાય. જો કામ પૈસા આપીને કરાવે તો ના પાડી શકાય, જો યુક્તિથી કરાવે તો છટકી શકાય, જો દબાણથી કરાવે તો સામે થઈ શકાય – પણ જો કામ વિશ્વાસથી કરાવે, પ્રેમથી કરાવે, શ્રદ્ધા બતાવીને કરાવે તો એ કરવા દિલ આતુર બને એ પૂરી ઉદારતા ને કુશળતાથી કરીને જ જંપે.

*

શિક્ષક અઘરો દાખલો પૂછે.

નેતા અઘરું કામ સોંપે.

ને ત્યારે જ એ ઉત્સાહી વિદ્યાર્થી, એ વફાદાર અનુયાયી આગળ આવે, બીડું ઝડપે, મેદાને પડે. એની સુષુપ્ત શક્તિ જાગે ને ઑર વધી જાય. પોતાને લાયક કામ મળ્યું છે એટલે એ કરવા એ ઉત્સાહથી ઊભરાય.

સિંહ આગળ ઉંદર આવે તો એ પલકારોય ન મારે. ઉંદરનો શિકાર શું સિંહ કરતો હશે ? પણ સામે હરણ કૂધું કે સિંહ પણ કૂદી પડે, એની સાથે દોડવાની હરીફાઈમાં ઊતરે અને કાં તો એ પકડીને પાડે કે કાં તો પોતાની આબરૂ – ને પોતાનું ભોજન – ખોઈ બેસે.

સિંહ ઉંદરનો શિકાર ન કરે.

યુવાન માણસ સહેલું કામ ન કરે.

તે એવરેસ્ટ ઉપર ચડે. પાદરના ટેકરા ઉપર નજરે ન નાખે. મહાસાગર ખેડે : ગામના તળાવમાં પગ જ ન મૂકે.

માટે એ યુવાન માણસની આગળ જ્યારે આપણે ફક્ત ગામના તળાવ અને પાદરના ટેકરા મૂકીએ, જ્યારે ભણવાનાં ધોરણ નીચાં લાવીએ, અભ્યાસક્રમો સહેલા બનાવીએ, જ્યારે એની આગળ નીતિને મોળી બનાવીએ, શિસ્ત ઢીલી મૂકીએ, જ્યારે બધું ચલાવી લઈએ, પૂરી સગવડો આપીએ, સહેજ પણ કષ્ટ પડવા ન દઈએ – ત્યારે એ યુવાન માણસ પોતાના હૃદયના ઊંડાણમાં નિરાશ થાય છે કે આ તે કાંઈ કામ કહેવાય ? આ શું મારા લાયક કામ છે ? આ મારી શક્તિનું માપ છે ?

સિંહની આગળ ઉંદર આવ્યો.

ને સિંહ ઉદાસ થઈને બેસી રહ્યો.

રહે જ ને !

આપણે આજે યુવાનોની પાસેથી ઓછું મેળવીએ છીએ. શું એનું કારણ એ ન હોય કે આપણે એમની પાસેથી ઓછું જ માગીએ છીએ ?

*

તો હવે તમારી જવાબદારી. તમને અઘરું કામ સોંપે તો ઝડપી લેશો. ન સોંપે તો સામેથી માગશો અને માગ્યા છતાં ન આપે તો તમે પોતે તમારી મેળે વધુ કામ લો, અઘરું કામ લો, તમારા લાયક કામ લો.

કામની વહેંચણી થાય ત્યારે પહેલેથી જ અઘરું કામ માગો. બીજા લોકો – હૃદયથી ઘરડા થયેલા યુવાન લોકો પણ – કામ માટે બહાનાં કાઢે, આળસ બતાવે, છટકી જાય ત્યારે તમે એમના હાથમાંથી કામ લો, માથે લો ને દિલના ઉત્સાહથી ને સતત પ્રવૃત્તિથી એ કરતા રહો.

કામ ઘણું પડ્યું છે.

લોકોને એમની ખરી શક્તિ પ્રમાણે કામ વહેંચવાની હિંમત કરનારા ઓછા છે.

તમને કામ કરવાનો, ભારે કામ કરવાનો, સતત કામ કરવાનો જન્મસિદ્ધ અધિકાર છે. એ અધિકાર કદી જતો કરશો નહિ.

ખોટો જવાબ

છોકરો પરીક્ષાનો ઉત્તરપત્ર લખતો હતો. ગણિતનો દાખલો હતો. એણે બરાબર ગણી લીધો. જવાબ 20 આવતો હતો. લખ્યો. ફરીથી ગણી જોયો. એ જ જવાબ હતો. તોય ખાતરી કરવા બાજુમાં બેઠો હતો એ છોકરાને ધીરેથી પૂછ્યું, "શો જવાબ આવે છે ?" એણે કહ્યું "પચીસ." જરા વિસ્મય થયું. એક મિનિટ આનાકાની કરી. પછી પોતે લખ્યું હતું એ 20 ચેકીને 25 લખ્યું.

પરીક્ષા પૂરી થઈ અને બધા બહાર આવ્યા ત્યારે એણે વર્ગના હોશિયાર વિદ્યાર્થીને પૂછ્યું, "પેલા દાખલાનો શો જવાબ હતો ?" એણે કહ્યું, "વીસ." અને ખરેખર એ જ સાચો જવાબ હતો. એ છોકરાએ પોતે ગણીને પ્રથમ જે જવાબ લખ્યો હતો એ સાચો હતો, જ્યારે ભાઈબંધના કહેવાથી ચેકીને પાછળથી લખ્યો હતો અને રહેવા દીધો હતો એ જવાબ ખોટો હતો. એટલે એ દાખલો ગયો. એના ગુણ ગયા ને ગુણ કરતાં અને પરીક્ષા કરતાં બીજો એક વધારે અગત્યનો ગુણ એ છોકરાના દિલમાંથી જતો રહેતો હતો એની ચેતવણી મળી.

એ ગુણ આત્મવિશ્વાસનો ગુણ.

*

છોકરો દાખલો ગણે, ફરી વાર ગણે, ખાતરી કરી લે, સાચો જવાબ લખે, પણ બાજુમાં બેઠેલો છોકરો અમસ્તું બીજું કહે એટલે તરત પોતાનું ચેકી નાખે અને બીજું લખે. પોતાનો વિશ્વાસ નથી, પોતાનું માન જ નથી. પોતાની ગણતરી કરતાં બીજાની વાત સાચી, પોતાની ખાતરી કરતાં બીજાની ભૂલ સારી. એમાં પોતાની બુદ્ધિનું અપમાન છે, પોતાના વ્યક્તિત્વનો દ્રોહ છે. બીજા છોકરાને કેમ પૂછવું પડ્યું ? એમ તો એ બીજો છોકરો વધારે હોશિયાર નહોતો. એને પૂછવાથી કોઈ ખાતરી ન થાય. તો કેમ પૂછવું પડ્યું ? ટેકો જોઈતો હતો એટલા માટે. પોતાનો વિશ્વાસ ન હતો એટલા માટે. પોતાની વાત કરતાં બીજા કોઈની વાત એ માનવા તૈયાર હતો એટલા માટે. બીજા કહે એ સાચું, ને હું કહું એ ખોટું. બીજાની સૂચના સાચી અને મારી ગણતરી ખોટી. મહેનત કર્યા પછી મારો જે જવાબ આવે એ ભૂંસી નાખું ને કોકના સહજ નિર્દેશથી મળેલો જવાબ મૂકી દઉં. એટલે કે મારે હાથે થયેલું મારું અવમૂલ્યન છે, મારું અપમાન છે, મારું રાજીનામું છે.

ખરી વાત તો સાવ ઊલટી છે. બીજાના જવાબ કરતાં મારો જવાબ સાચો. મારું કામ છે, મારી ગણતરી છે, મારો વિશ્વાસ છે અને જવાબ ખોટો હશે તોય મારો જ હશે અને હું એ મારા જવાબ તરીકે રજૂ કરીશ ને ભૂલ હશે તો સુધારી લઈશ અને શીખી જઈશ, પણ મારો જવાબ તે મારો અને મારી ગણતરી તે મારી. કોઈને પૂછવાની જરૂર નથી ને પૂછ્યા વગર પણ જો બાજુમાં બેઠેલો છોકરો બીજો જવાબ કહીને જણાવે તોય હું મારો જ લખીશ. સાચો તો સાચો અને ખોટો તો ખોટો, પણ મારો ખરો. મારા ગણેલા દાખલાને અંતે હું બીજાનો જવાબ ચડાવું એ કેમ શોભે ? વિચાર મારો અને પરિણામ બીજાનું. ગણતરી મારી અને રકમ બીજાની. લખાણ મારું અને સહી બીજાની. એ રીતે જીવન ચાલે ? મારા દાખલાને માટે ઉછીનો જવાબ ન જોઈએ. અને મારા જીવન માટે ઉછીની જવાબદારી ન જોઈએ. મારો દાખલો હું શરૂ કરીશ અને હું પૂરો કરીશ અને મારું જીવન પણ હું પોતે હાથમાં લઈને પૂરું અને આખું જીવીશ.

*

આ ખાલી પરીક્ષામાં ચોરીનો સવાલ નથી. એ તો ગૌણ વસ્તુ છે. ચોરી કરનારા તો આખા દાખલાની ચોરી પણ ઠંડે કલેજે કરી બેસે. એ જુદો ગુનો છે. પણ આ ચોરીનો સવાલ

નથી. દાખલો આવડતો ન હતો એટલે ચોરી કરી એમ નહિ. દાખલો બરાબર આવડતો હતો, પણ વિશ્વાસ નહોતો એટલે પૂછી લીધું. માટે ચોરીનો પ્રશ્ન ન હતો, અવિશ્વાસનો હતો. ગણિતનો પ્રશ્ન ન હતો, વ્યક્તિત્વનો જ હતો. ગણિત પાકું હતું, પણ વ્યક્તિત્વ કાચું હતું. એનો દોષ હતો અને તેથી એ સામાન્ય ચોરી કરતાં વધારે ગંભીર હતો.

આત્મવિશ્વાસનો અભાવ હતો. પોતાને વિશ્વાસ નહોતો એટલે વિચાર કરવાનો શો અર્થ ? પસંદગી કરવાનો શો અર્થ ? દાખલો ગણવાનો શો અર્થ ? છેવટે બીજાનો જવાબ લખવાનો છે તો પહેલેથી લખવા દો; છેવટે બીજા કહે તે પ્રમાણે કરવાનો છે તો પહેલેથી કહેવા દો. પોતાનો દાખલો લખીને છેલ્લે પારકો જવાબ કેમ લખાય ? પોતાની બુદ્ધિ ચલાવીને છેલ્લે બીજાનો નિર્ણય કેમ સ્વીકારાય ?

*

એ છોકરાને આજે પસ્તાવો છે. ખોટો જવાબ લખ્યો એનો પસ્તાવો છે, પણ વિશેષ તો પોતે સાચો જવાબ મેળવ્યો હોવા છતાં મનની નબળાઈથી અને ભાઈબંધના કહેવાથી ખોટો લખી નાખ્યો એનો પસ્તાવો છે. ઘેરથી એને કહેશે કે, ગણિતમાં ઓછા માર્ક આવ્યા છે એટલે ગણિત પાકું કરવું જોઈએ. પણ પોતાનું દિલ એને કહેશે કે, એનામાં સ્વતંત્રતા, મૌલિકતા, મક્કમતા નથી અને વિશેષ તો આત્મવિશ્વાસ નથી. એ પણ પાકાં કરવાં પડશે. કરશે ?

જીવનને અર્ધું બનાવવાનું કાવતરું

કૉલેજનું દરેક વર્ષ પોતાનું વિશિષ્ટ સ્મરણ મૂકતું જાય છે. દરેકનું મોં જુદું છે, વ્યક્તિત્વ જુદું છે. એક વર્ષમાં નવો અભ્યાસક્રમ આવે, એક વર્ષમાં જૂનો ભણાવવાનો હોય; એક વર્ષમાં નિરાંતે આખો કોર્સ પૂરો કરી શકાય, જ્યારે બીજા વર્ષમાં હડતાળ ઉપર હડતાળ આવે અને માંડમાંડ અર્ધા ભાગનો પૂરો થાય; એક વર્ષમાં પરીક્ષા વહેલી લેવાય અને બીજામાં સાવ મોડી. કહેવાય નહિ, પણ હવે કૉલેજનાં બે વર્ષો સરખાં નથી હોતાં; કંઈક થાય છે. જેને લીધે દર વર્ષ વિશિષ્ટ બને અને યાદ રહી જાય. 'નવનિર્માણવર્ષ' કહેવાય, 'અનામતનું વર્ષ' કહેવાય અથવા 'દુષ્કાળનું વર્ષ' કહેવાય. વર્ષનો આંકડો નહિ, એનું નામ હવે ટાંકવાનું. અને ગયા વર્ષનું નામ તો મારા સ્મરણમાં સ્પષ્ટ અંકાઈ ગયું છે. એમાં દેશમાં અને દુનિયામાં ગમે તેટલા મહત્ત્વના બનાવો બન્યા હોય, પણ મારે મન આપણે ત્યાં વિદ્યાર્થીઓના હાથે થયેલ એક કમનસીબ અને દૂરપરિણામી બનાવ છે એના નામથી આ વર્ષ ઓળખાશે અને એ સ્મરણ સાથે ઇતિહાસમાં ઊતરશે. આ વર્ષ તે 'સો ટકા ઑપ્શનનું વર્ષ' એવી ખ્યાતિ પામીને યાદગાર બની જશે.

સો ટકા ઑપ્શન. ઇતિહાસનાં પાનાં ઉપર એ શબ્દો લખાશે અને યુનિવર્સિટીનાં મકાનોની ભીંતો ઉપર તો અત્યારથી મોટા અક્ષરે ચીતરેલા છે. રોજ વહેલી સવારે યુનિવર્સિટીના વિસ્તારમાં ફરવા જાઉં છું ત્યારે એ અમંગળ સૂત્રોના લાલ અક્ષરો નજરે પડે છે અને પરોઢિયાની શાંતિમાં અશાંતિની વિવશતા ફેલાવે છે. તે હજી બોલે છે. શિક્ષણજગતનું એક આખું પ્રકરણ એ ભીંતો ઉપર આલેખાયું છે. સમાજને માટે જેમને પરવા હોય અને યુવાનપેઢીને માટે જેમને પ્રેમ હોય એ સૌને આ પ્રકરણનો અર્થ અને મહત્ત્વ સમજવાં ઘટે.

સો ટકા ઑપ્શનનો અર્થ તો ઉઘાડો જ છે. પરીક્ષામાં પાંચ પ્રશ્નોનો જવાબ આપવાનો હોય તો દસ પૂછવાના, જેથી પાંચ અણમાનીતાનો ત્યાગ કરીને પાંચ માનીતા જ લઈ શકાય, અને અર્ધો જ પ્રશ્નપત્ર લઈને પૂરા માર્ક મેળવી શકાય. એનું નામ સો ટકા ઑપ્શન. સો ટકા ઑપ્શન એટલે પૂરું કામ અર્ધું બનાવવાની કલા. અભ્યાસક્રમ ગમે તેટલો લાંબો હોય, વાંધો નહિ; લાંબો રહેવા દો; પૂરો છાપો અને પૂરો બતાવો જેથી બહારના લોકો પણ એ વાંચીને અંજાઈ જાય અને આપણી યુનિવર્સિટીમાં કેવા સારાસારા અભ્યાસક્રમો છે એની યોગ્ય કદર કરે. અભ્યાસક્રમ ઊંચી કક્ષાનો ને લાંબો ને અઘરો. આપણને એવો જ શોભે. પણ પરીક્ષાની વાત આવે ત્યારે અભ્યાસક્રમની ચિંતા ન કરો. લાંબો છે પણ ટૂંકો બનાવીશું એટલે કે જેવો છે તેવો રહેવા દઈશું, પણ વચ્ચે સો ટકા ઑપ્શન લાવીશું એટલે અભ્યાસક્રમ આપોઆપ અર્ધો થઈ જશે. કેટલી સારી યુક્તિ છે ! અભ્યાસક્રમનું માન સચવાય અને વિદ્યાર્થીઓનું હિત સચવાય. યુનિવર્સિટીની આબરૂ રહે અને વિદ્યાર્થીઓની સગવડ રહે. ઉત્તમ વ્યવસ્થા છે.

અભ્યાસક્રમમાં અઘરાં પ્રકરણો છે અને સહેલાં પણ છે. દરેક વિષયમાં એવું હોય. સહેલાં ગમે અને અઘરાં કઠે. તોય વાંચવા જઈએ તો બધાં વાંચવાનાં હોય છે. પણ હવે એમાં પણ સરળતા આવી ગઈ છે. પ્રકરણો ભલે બધાં રહ્યાં, પણ અર્ધાં છોડી દેવાનું વરદાન મળ્યું છે એટલે એ અર્ધામાં અઘરાં પ્રકરણો ગોઠવી દઈએ એટલી જ વાર. ઑપ્શન એટલે વિકલ્પ અને વિકલ્પમાં આપણે ક્યાં અઘરો ભાગ લેવાના હતા ! એ રીતે કામ ઓછું થયું અને સહેલું થયું.

અર્ધું કામ. અર્ધા પ્રશ્નો. અર્ધો અભ્યાસક્રમ. ભલે. પણ એ જ ન્યાયે કામ લઈએ તો છેવટે અર્ધી ડિગ્રી પણ આપવી જોઈએ ને ! જે ડિગ્રી અર્ધો અભ્યાસક્રમ છોડીને લેવાય એ અર્ધી ડિગ્રી કહેવાય. સો ટકા ઑપ્શનવાળા સ્નાતકે અર્ધા બી.એ. અને અર્ધા એમ.એ. કહેવાય.

એ હસવાની વાત નહિ, રડવાની જ છે. સો ટકા ઑપ્શન એટલે કોર્સ અર્ધો બનાવવાનું કાવતરું, મહેનત અર્ધી બનાવવાનું કાવતરું, જીવનને જ અર્ધું બનાવવાનું કાવતરું. જે યુવાનો

સરઘસ કાઢીને સો ટકા ઑપ્શનની બૂમો પાડે છે, અને લાલ રંગ ને પીંછીઓ લઈને ભીંતો ઉપર સો ટકા ઑપ્શનવાળાં સૂત્રો લખે છે એ હાથે કરીને જ પોતાનું જીવન સસ્તું બનાવી રહ્યા છે. અમને વાંચવાની શક્તિ નથી, વાંચવાની ઇચ્છા નથી એમ તેઓ કહી રહ્યા છે. ધારે તો જરૂર કરી શકે, પણ મહિનાઓ સુધી કશું કર્યું નથી, પરીક્ષા હવે નજીક આવે છે અને કોઈક રીતે તો આપવી જ પડશે, કારણ કે પરીક્ષા વિનાની ડિગ્રી (માસ પ્રમોશન)નો પ્રયોગ તો વર્ષો પહેલાં કર્યો હતો અને માથે પડ્યો; માટે ચાલો, પરીક્ષા તો આપીએ પણ મોળી મોળી બનાવીએ જેથી નિર્ભયપણે એમાં બેસી શકીએ અને પાસ થઈ શકીએ. સો ટકા ઑપ્શન. અર્ધો કોર્સ. અર્ધા વર્ષ સુધી તો કોઈ કામ નથી કર્યું, માટે યોગ્ય જ છે કે કોર્સનો અર્ધો ભાગ છોડાય. વિદ્યાર્થીઓનાં મોંમાં શબ્દપ્રયોગ ઘડાયો : ઑપ્શનમાં નાખો. એ પ્રમાણે બોલે છે અને એ પ્રમાણે કરે છે. અગત્યના પ્રશ્નો ઑપ્શનમાં નાખે. મોંઘું જ્ઞાન ઑપ્શનમાં નાખે. પોતાની યુવાની જ ઑપ્શનમાં નાખે.

સો ટકા ઑપ્શન જીવનને સસ્તું બનાવવાનો પ્રપંચ છે. ભીંતો ઉપરનાં (અને મન ઉપરનાં જ) એ કુત્સિત સૂત્રો જલદી ભૂંસી નાખીએ.

હજાર ટકા ઑપ્શન

વિદ્યાર્થીઓ પરીક્ષામાં સો ટકા ઑપ્શન માગે છે. હું જરા ટકોર કરું છું : સોમાં કેમ અટકી ગયા ? આગળ જવું જોઈતું'તું ને ? સારા કામમાં કચાશ ન જોઈએ. સોનો આંકડો સારો છે એ વાત સાચી, પણ બસોનો ક્યાં ખોટો છે ? અરે, પાંચ સો લો, આઠ સો લો, ને નહિ તો યાહોમ કરીને ઝુકાવો અને સીધો એક હજાર માગી લો. હજાર ટકા ઑપ્શન માગો. એ મળશે ત્યારે જ ખરી સિદ્ધિ કહેવાશે.

સો ટકા ઑપ્શન મેળવવા તમે સારો પુરુષાર્થ કર્યો છે, અને એની કદર છે; પરંતુ તટસ્થ ભાવે જોવા જઈએ તો એ કોઈ મોટી વાત નથી. સો ટકા ઑપ્શન એટલે દસમાંથી પાંચ, એટલે બેમાંથી એક. પણ બેમાંથી એકે નહિ આવડે તો ? બનવા યોગ છે. કળિયુગનો જમાનો છે અને અભ્યાસના વિષયો અઘરા છે અને પરીક્ષાનાં પેપર ગમે તેવાં આવે છે એટલે એમાં સો ટકા ઑપ્શન હોવા છતાં સંતોષકારક જવાબ લખી ન શકાય એવી પરિસ્થિતિ ઊભી થઈ શકે. અને એવી પરિસ્થિતિ આપણને તો નહિ શોભે. ફી ભરેલ વિદ્યાર્થી, રોલ નંબર પામેલ વિદ્યાર્થી પરીક્ષામાં બેસે અને પૂરા વિકલ્પોના અભાવે પૂરા જવાબો લખી ન શકે એ પરિસ્થિતિ આપણને તો માન્ય નથી.

હવે જો સો ટકાને બદલે હજાર ટકા ઑપ્શન આપવામાં આવે તો દસમાંથી એક પ્રશ્નનો જવાબ આપવાનો રહેશે, અને આપણા મહેનતુ, તેજસ્વી, કર્તવ્યનિષ્ઠ વિદ્યાર્થીઓ એ પડકાર સફળતાપૂર્વક ઝીલી શકશે એનો પૂરો વિશ્વાસ છે. એટલે હજાર ટકા ઑપ્શન મેળવવા હવે કમર કસવાની છે.

એ લક્ષ્ય તો ઊંચું છે માટે ધીરે ધીરે એ તરફ જવાનું રહેશે. એકી સાથે એ હાથમાં નહિ આવે. પણ શુભ શરૂઆત તો થઈ છે. સો ટકા ઑપ્શન આવ્યું એ પહેલું પગથિયું છે. હવે બીજી પરીક્ષા આવશે તો એ માટે બસો ટકાની હિલચાલ ચલાવવાની. સો ટકા માટે જે કારણો હતાં તેવાં જ હવે બસો માટે વાપરવાનાં. દર વર્ષે જેમ મોંઘવારીનો સત્તાવાર આંકડો વધે તેમ ઑપ્શનનો આંકડો પણ ક્રમે ક્રમે વધવો ઘટે. આ વર્ષે સો તો આવતે વર્ષે બસો. એ રીતે આપણા ઉત્સાહી યુવાનો ખંતપૂર્વક અને નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરતા રહેશે તો દસ વર્ષમાં હજારના આંકડા ઉપર પહોંચી શકશે અને શિક્ષણના ઇતિહાસમાં એક નવો વિક્રમ સ્થાપી શકશે.

એનો બીજો લાભ એ થશે કે હજાર ટકા ઑપ્શનવાળો પ્રશ્નપત્ર ખૂબ લાંબો હોવો જોઈએ, એટલે આખો અભ્યાસક્રમ એમાં આવી જશે; માટે વર્ષે વર્ષે નવું પેપર કાઢવાની જરૂર નહિ રહે. પરીક્ષા માટે એ જ પેપર દર વર્ષે છપાય, એમાં ફક્ત વર્ષનો આંકડો બદલાય, એમાં ક્રમસર આખો કોર્સ આવી જાય, અને એનો ગમે તે દસમો ભાગ લઈને વિદ્યાર્થી જવાબ લખીને પાસ થઈ જાય. એ રીતે પેપર કાઢનારાઓની કેટલી મહેનત બચી જાય !

અને પેપર તપાસનારાઓની પણ એટલી જ મહેનત બચે. તે એ રીતે કે આખો અભ્યાસક્રમ પ્રશ્નપત્રમાં છપાય અને એમાંથી દસમો ભાગ લેવાનો હોય ને એ અગાઉથી નક્કી કરેલા અને દર વર્ષે છપાતા આવેલા પ્રશ્નોમાં તો વિદ્યાર્થી એ થોડાક પ્રશ્નો બરાબર તૈયાર કરીને આવે, ઝડપથી લખે અને કોઈ ભૂલ વગર લખે; માટે કંઈ તપાસવાનું રહ્યું નહિ, ફક્ત પ્રમાણિક મહેનતના સાક્ષી બનીને પરીક્ષકે ઉત્તરપત્રને અંતે આદરપૂર્વક પૂરા ગુણ લખવાના અને અભિનંદન આપવાનાં. એ દિવસ આવશે ત્યારે શિક્ષણજગતમાં એક નવા યુગનું પ્રભાત ઊગશે.

આ નવી હિલચાલો ચલાવવા ભીંતો ઉપર નવાં સૂત્ર લખવાની જરૂર પણ નહિ રહે એ બીજો એક મોટો લાભ છે. જ્યાં 100% ઑપ્શન લખ્યું હોય ત્યાં ફક્ત એકડાને બદલે બગડો

લખીને 200% થઈ જાય અને એ વર્ષનું કામ ચાલે. દર વર્ષે એક જ આંકડો બદલવાનો રહેશે, એટલે સસ્તી કિંમતે મૂલ્યવાન કાર્ય કરી શકાશે. યુનિવર્સિટીના અધિકારીઓને આટલી વિનંતી કરવાની રહેશે કે આ શુભ હેતુથી ભીંતો ઉપરનાં સૂત્ર રહેવા દે એટલે એનું હિત સચવાય. રંગની કરકસર થાય અને ઉધમી વિધાર્થીઓને પ્રેરણા મળતી રહે.

સો ટકા ઑપ્શન લાવવામાં કદાચ આપણે ઇતિહાસમાં પ્રથમ ન હતા, તો હજાર ટકા ઑપ્શન લાવવામાં પ્રથમ હોવાનું હવે માન મેળવીએ.

અર્ધી ખેતી

એક ગામમાં એક ખેડૂત હતો. એની પાસે એક ખેતર હતું, સો આંબા હતા, બે બળદ હતા અને પોતાના બે મજબૂત હાથ હતા એટલે એની ખેતી સારી થતી હતી. ખેતરમાં સારો પાક ઊતરતો અને આંબાઓ ઉપરથી સારી કેરીઓ મળતી. એનું ઘર સારું ચાલતું હતું અને ગામમાં એનું માન પણ હતું.

એક વર્ષ એણે નક્કી કર્યું કે ખેતરના બે સરખા ભાગ પાડીને ફક્ત એકમાં ખેતી કરવી, અને બીજો ભાગ ફાલતુ રહેવા દેવો. એક મોસમમાં જમીન આરામ કરે તો એનો કસ બંધાય અને બીજે વર્ષ બમણો પાક આપે એ દૃષ્ટિએ નહિ પણ બસ, હવેથી ફક્ત ખેતરના અર્ધા ભાગમાં ખેતી કરવી અને બીજો ભાગ કાયમ માટે છોડવો એ નિર્ણયથી એવું કરેલું. હા, બે બળદ હતા તો એકને ચરવા છોડી દઈને ફક્ત બીજાની પાસેથી આખા વર્ષ દરમિયાન કામ લેવાનું પણ નક્કી કર્યું. અને સો આંબા હતા તો ફક્ત પચાસમાંથી કેરીઓ ઉતારવાનું પણ નક્કી કર્યું, એટલું જ નહિ પણ હવે પછી પોતાના બંને હાથ મજબૂત ને સ્વસ્થ હતા તોય ફક્ત એકનો ઉપયોગ કરીને ખેતી કરવાનું પણ પસંદ કર્યું.

એમાં અગવડ હતી, નુકસાન હતું, આળસ હતી ને મૂર્ખાઈ હતી, અને ગામના લોકોએ એને એ જ કહ્યું અને એકબીજાને એ જ કહ્યું, અને બધા સહમત હતા પણ ખેડૂત એકનો બે ન થયો (ખરું જોતાં તો બેનો એક થયો હતો !) એટલે છેવટે ગામના લોકોએ એને સમજાવવાનો પ્રયત્ન છોડી દીધો અને જાહેર કર્યું : એ તો ગાંડો થઈ ગયો છે. આખું ખેતર છે તોય અર્ધું જ ખેડે, બે બળદ છે તોય એકથી ચલાવે, બે હાથ છે તોય એકથી કામ કરે, સો આંબા છે તોય પચાસનાં ફળ લે – એટલે ગાંડો કહેવાય. સાચો ખેડૂત એવું નહિ કરે.

અને સાચો વિદ્યાર્થી પણ એવું નહિ કરે. એવું એટલે સો ટકા ઑપ્શન. સો ટકા ઑપ્શન એટલે અર્ધાથી ચલાવી લેવાની તરકીબ. દસમાંથી પાંચ અને આઠમાંથી ચાર. એટલે કે બે બળદમાંથી એક અને સો આંબામાંથી પચાસ. એક જ હાથે કામ કરવાનું અને અર્ધું જ ખેતર ખેડી લેવાનું એટલે કે અર્ધી બુદ્ધિ, અર્ધી શક્તિ, અર્ધી મહેનત. શક્તિ તો છે, પણ પૂરી વાપરવાની નહિ. આખો અભ્યાસક્રમ છે પણ પૂરો વાંચવાનો નહિ. આખું ખેતર છે પણ પૂરું ખેડવાનું નહિ. અર્ધું તો ફાલતુ રહે. યુવાનનું મગજ ફાલતુ રહે, યુવાનની શક્તિ ફાલતુ રહે, યુવાનનું જીવન ફાલતુ રહે. પછી ગામના લોકો એ ખેડૂતને ગાંડો ન કહે તો શું કહે ? સો ટકા ઑપ્શનવાળો ખેડૂત હતો.

વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષા સહેલી બનાવવાની એવી હિલચાલો ચલાવે ત્યારે પોતાની જાતને જ નુકસાન પહોંચાડે, અને એ તો બે રીતે. એક, કે વિષય પૂરો શીખવાને બદલે અર્ધો શીખવાથી સંતોષ માને. વિષય ગમે તેવો હોય પણ એનું જ્ઞાન કામ લાગે — એ પૂરું અને પાકું હોય તો. અર્ધા જ્ઞાનથી સમય બગડે અને કોઈ લાભ ન થાય. એનો આનંદ નથી અને એની ઉપયોગિતા નથી. કાચો પંડિત કોઈના કામનો નથી. અને બીજું નુકસાન એ કે પરીક્ષાનું ધોરણ નીચું લાવવાથી સસ્તામાં કામ પતાવવાની ટેવ પડી જાય, અને એ ખતરનાક ટેવ છે.

જીવન સસ્તું નથી. શિખર નીચું નથી. સ્વર્ગ પાસે નથી. સિદ્ધિ ઊંચી છે અને દૂર છે અને મોંઘી છે. બૂમો પાડવાથી અને કાચ તોડવાથી યુનિવર્સિટીની પરીક્ષા સહેલી બનાવી શકાય. પણ જીવનની સાધના, પુરુષાર્થની પરીક્ષા, માનવતાનો અભ્યાસક્રમ તો બૂમો પાડવાથી નીચાં નહિ આવે. પૂરો શ્રમ જોઈએ અને પૂરી મહેનત જોઈએ. એમાં બાંધછોડ નહિ ચાલે અને આંદોલન નહિ ચાલે. કુદરતનાં ધોરણો કુદરતનાં ધોરણો જ છે, એ ઊંચાંનીચાં નહિ થાય. હિંમત હોય તો આવો અને દોડો અને ચડો ને નહિ તો તળેટીએ રહી જાઓ. આ કામ તમારે

માટે નહિ.

શિક્ષણ તો જીવનની તૈયારી કરવા માટે જ હોય છે. પણ એ તૈયારી જો ઠગારી નીવડે તો શિક્ષણનું કાર્ય અવળું બની જાય. શિક્ષણના અનુભવો લેતાં લેતાં જો યુવાન માણસને એમ લાગે કે અહીંયાં તો બધું ચાલે અને છેવટે ઓછી મહેનતે પૂરું પરિણામ આવી શકે તો ભારે મોટો અનર્થ થઈ ગયો હશે. કારણ કે જીવનમાં ઓછી મહેનતે પૂરું પરિણામ આવતું નથી. જે જે શક્તિ છે એનો ઉપયોગ પહેલેથી જ કરવાનો હોય છે જેથી એવી ટેવ પડે અને એવી નિષ્ઠા બંધાય અને જીવનનો આખો પાક ઉતારી શકાય.

બે હાથ લઈને અને બંને બળદને જોતરીને જીવનનું આખું ખેતર ખેડવાનું છે.

ઑપ્શનમાં નાખો !

એક શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને સીધી અને ખુલ્લી વાત કરતા. વર્ગમાં વિષય તો સારી રીતે સમજાવતા અને જરૂર પડે તો આખી વાત ફરી એક વાર કહી દેતા; પરંતુ જો એમ કર્યા પછી પણ કોઈ અઘરો મુદ્દો વિદ્યાર્થીઓના મનમાં બરાબર આવ્યા વગર રહેતો તો એ શરમાયા વગર વર્ગની વચ્ચે જાહેરાત કરી દેતા : "સમજ પડી નથી ને ? કંઈ નહિ, ઑપ્શનમાં નાખો !" અને આગળ ચલાવતા.

ગુરુની આજ્ઞા માથે ચડાવવા શિષ્યો ઉત્સુક હોય, અને એ વિદ્યાર્થીઓ ઉમંગ સાથે શિક્ષકની સલાહ વધાવી લેતા. એક વાર તો પ્રયત્ન કરી જુઓ, પણ જો પ્રયત્ન કર્યા પછી એ પાઠ મનમાં ન બેસે તો — ઑપ્શનમાં નાખો ! સારો ઉપાય છે. એનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો પરીક્ષાની તૈયારી નિર્વિઘ્ને કરી શકાય. હા, એવાં ઘણાં અઘરાં પ્રકરણો આવશે તો ઑપ્શનનો ટોપલો ભરાશે પણ ખરો; પરંતુ યુનિવર્સિટીની ઉદારતાથી ટોપલો મોટો છે, ઑપ્શન વિસ્તૃત છે એટલે જ્ઞાનતત્ત્વોનો ગમે તેટલો ત્યાગ કરીએ તોય ઑપ્શનમાં સમાઈ જશે અને કસોટીમાં આરામથી પાર ઊતરાશે. ઑપ્શનની પ્રથા ખરેખર કલ્યાણકારી છે.

શું, કલ્યાણકારી ?

આ એક તબીબી વિદ્યાર્થી છે. જુદીજુદી પરીક્ષાઓમાં જુદાજુદા અભ્યાસક્રમોના સારા એવા ભાગ ઑપ્શનમાં નાખીને પાસ થયો છે. એટલે કે ડૉક્ટર થયો છે. હવે એની પાસે એક દરદી આવે. ડૉક્ટર એનું શરીર તપાસે. વિચારમાં પડી જાય. પછી માથું હલાવીને દરદીને કહે : "તમને જે રોગ થયો છે એ રોગનો અભ્યાસ મેં ઑપ્શનમાં નાખ્યો હતો એટલે હું તમને દવા ન આપી શકું. જેણે અભ્યાસક્રમનો એ ભાગ ઑપ્શનમાં નાખ્યો ન હોય એવા ડૉક્ટરની પાસે જજો." એવો ડૉક્ટર થયો. એને જો સો ટકા ઑપ્શનનો લાભ મળ્યો હોય તો અર્ધા ભાગના રોગ એને નહિ આવડે. એટલે કે અર્ધો ડૉક્ટર કહેવાય.

જોકે એનો ઉપાય પણ છે. એ કોર્સનો અર્ધો ભાગ ઑપ્શનમાં નાખે તો જેણે કોર્સનો બીજો અર્ધો ભાગ છોડ્યો હોય એવા ડૉક્ટરની સાથે ભાગીદારી કરીને દવાખાનું ખોલે તો જે રોગ એકને ન આવડે તે બીજાને આવડે, અને એ રીતે બંને સાથે મળીને બધા દરદીઓને ન્યાય આપી શકે. કોણ જાણે, કદાચ એવાં દવાખાનાં અત્યારેય ચાલતાં હશે !

ગણિતના શિક્ષક થવું હોય તો ગણિતના પેપરમાં ત્રિકોણમિતિ ઑપ્શનમાં ન નાખો, અને અંગ્રેજીના શિક્ષક થવું હોય તો શેક્સપિયરનાં નાટકો ઑપ્શનમાં ન નાખો. પાછળથી વંચાશે એમ કહેશો તો હું કહીશ કે પાછળથી વંચાશે ખરાં, પરંતુ એનાં બીજ વહેલાં નાખવાં જોઈતાં હતાં, એનો પાયો વહેલો નાખવો જોઈતો હતો, એનો પરિચય પહેલેથી જ મેળવવો જોઈતો હતો. આગળ ઉપર જરૂર વધારે વંચાશે અને જ્ઞાન વધશે અને અનુભવ થશે, પણ પહેલું જ્ઞાન સ્કૂલ-કૉલેજમાં મળવું જોઈએ એ જો અધૂરું રહેશે તો એના ઉપર જે કંઈ બંધાશે તે કાચું રહેશે.

પરીક્ષામાં ઑપ્શન માગવાનું કારણ સલામતી હોય છે. એક પ્રશ્ન ન આવડે તો બીજો વિકલ્પમાં આવે એટલે વિશ્વાસ આવે અને નિષ્ફળતાનો ભય ઓછો થાય. સલામતી સૌને ગમે, પણ સલામતી સૌને આળસુ બનાવે ને એટલા માટે જ સલામતી આપનાર ઑપ્શન પતન કરાવે.

હું વિદ્યાર્થીઓને મજાકમાં કહું છું કે તમે પરીક્ષામાં ઑપ્શન માગો છો; કારણ કે પરીક્ષામાં જોખમ છે, તો લગ્નમાં પણ નિષ્ફળ જવાનું જોખમ છે માટે એમાં ઑપ્શન કેમ નથી માગતા ? સો ટકા ઑપ્શન. બે છોકરીઓની જોડે એકીસાથે લગ્ન કરવાનાં જેથી એકની સાથે

ન ફાવે તો બીજીનો વિકલ્પ રહે. એ જ સિદ્ધાંત છે ને ? અને છોકરી પણ બે છોકરાઓને પરણે અને બે સાસરાં રાખે જેથી એકમાં ન ગમે તો બીજામાં જઈ શકે. સો ટકા ઑપ્શન. એક વખત ઑપ્શનની કલા હાથમાં આવી, પછી એનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં થાય ને ! બે નોકરી માગો અને બે ટિકિટ માગો અને બે મોટર માગો અને બે ભોજન મગાવો. એક ન ભાવે તો બીજું તૈયાર ! સો ટકા ઑપ્શનથી જીવનમાં પૂરી સલામતી આવે. હા, અને પૂરી જડતા આવે.

જીવનમાં સો ટકા ઑપ્શન નહિ પણ સો ટકા કુરબાની જોઈએ. નિર્ણય, ચોકસાઈ, સમર્પણ. આખું જીવન હોડમાં મૂકીને ઝંપલાવવાનું. આખો અભ્યાસક્રમ તૈયાર કરીને પરીક્ષામાં બેસવાનું. વિશ્વાસ છે એટલે હિંમત છે. જે માણસ વિકલ્પો માગ્યા જ કરે એ નિષ્ફળ જવાની તૈયારી કરી રહ્યો છે. એકમાં વિશ્વાસ નથી એટલે બીજો માગે. પણ પહેલાનો વિશ્વાસ નહોતો, પછી બીજાનો કેમ હોય ? એક વિકલ્પ ખોટો ગયો એમાં બીજો વિકલ્પ ખોટો જવાની ભૂમિકા બંધાઈ. એક નિષ્ફળતા પછી બીજી નિષ્ફળતા. મન દૃઢ નહોતું એટલે કામનું પરિણામ શૂન્યમાં આવ્યું. વિકલ્પોનો વિચાર જ કાઢીને જો તનમનધનથી કામે લાગીશું તો પૂરી શક્તિ બહાર આવશે અને પૂરી સફળતા મળશે.

સફળતા માટે એકનિષ્ઠા જોઈએ. અને એકનિષ્ઠા એક જ હોય. એમાં વિકલ્પો નથી.

ગમે તે પાંચના જવાબ લખો

હું મદ્રાસ યુનિવર્સિટીમાં ગણિતની ડિગ્રી માટે ભણતો હતો ત્યારે અમારા એક કડક અધ્યાપક હતા. એ અમને પરીક્ષામાં કદી ઑપ્શન આપતા નહોતા. જેટલા પ્રશ્નો પેપરમાં આવે તેટલા લખવાના, ને એમાં જો કોઈ ઓછો કર્યો તો એટલા ગુણ ઓછા થયા સમજો. એનો એક ફાયદો હતો કે પરીક્ષાની શરૂઆતમાં પેપર જોઈને એમાં કયા પ્રશ્નો છોડવા અને કયા લેવા એનો નિર્ણય કરવાની જરૂર નહોતી એટલે એટલો સમય અને એટલી ચિંતા તો બચતાં. તોય વિદ્યાર્થીઓને એ ફાયદો જોઈતો નહોતો અને એક દિવસ એમને વિનંતી કરી કે પરીક્ષામાં કંઈક ઑપ્શન તો આપે અને થોડી વિનવણી પછી એમણે વિદ્યાર્થીઓની માગણી સ્વીકારી પણ ખરી. બધા ખુશ થયા પછી પરીક્ષાની તૈયારી કરવા બેઠા.

પરીક્ષા આવી. એ વિષયનું પેપર પણ આવ્યું. ઉત્કંઠાથી અમે બધાએ મથાળું વાંચ્યું. એમાં સ્પષ્ટ લખેલું હતું : નીચેનામાંથી ગમે તે પાંચના જવાબ લખો. હાશ ! માણસ તો સાચા નીવડ્યા. વચન એટલે વચન. ગમે તેટલા કડક હશે પણ ઑપ્શન આપવાનું સ્વીકાર્યું એટલે આપ્યું. ગમે તે પાંચ. ચાલો, જોઈએ પાંચ સારામાં સારા પ્રશ્નો કયા છે.

પણ અમે જોવા લાગ્યા ત્યારે.... પેપર ગમે તેટલું જુઓ, આગળ-પાછળ કરીને જુઓ તોય એમાંથી પાંચ જ પ્રશ્નો નીકળે. હા, ગમે તે પાંચ લખવાના. પણ પાંચ જ છે ને ! એટલે પાંચમાંથી પાંચ. ઑપ્શન ગયું. અમે ઠીક છેતરાયા. આવડ્યું તેવું લખ્યું. પછી બધા એ અધ્યાપકની સામે ફરિયાદ કરવા ગયા.

તેઓ ઊંચા હતા, પ્રભાવશાળી હતા, મશ્કરા સ્વભાવના પણ હતા એટલે અમને પ્રેમથી આવકાર્યા અને અમારી ફરિયાદનો જવાબ બનાવટી ગંભીરતાથી આપ્યો : ''મેં મારું વચન બરાબર પાળ્યું છે. તમને ઑપ્શન આપવાનું કહ્યું હતું અને બરાબર આપ્યું છે. એ પણ જેવું-તેવું ઑપ્શન નહિ પણ સો ટકાનું ઑપ્શન. શું, તમે જોયું નથી ? સ્પષ્ટ જ હતું. પેપરમાં પાંચ પ્રશ્નો હતા, અને દરેક પ્રશ્ન માટે તમારી પાસે બે વિકલ્પો હતા : કાં તો લખવો કે કાં તો ન લખવો. એટલે સો ટકા ઑપ્શન કહેવાય ને ! પાસ થવું કે નાપાસ થવું એ સો ટકાનું ઑપ્શન છે, અને એ તમારી પાસે છે જ. બસ ? હવે તમારા પાંચ પ્રશ્નો મને નિરાંતે તપાસવા દો.''

ડાહ્યા શિક્ષક હતા એ. મારી બીજી પરીક્ષાઓના પ્રસંગો હું તો ભૂલી ગયો છું. અરે, એ પરીક્ષામાં શું પુછાયું એ પણ ભૂલી ગયો છું; પણ એના સો ટકાનું વિલક્ષણ ઑપ્શન અને એની પાછળનો જીવનપાઠ હું આજ સુધી ભૂલ્યો નથી. પાંચમાંથી પાંચ. લખો અથવા છોડો. મારો અથવા મરો. બીજો વિકલ્પ નથી. સો ટકા ઑપ્શન નહિ, સો ટકા જીવન જીવવાની વાત છે.

અને મદ્રાસ યુનિવર્સિટીની બીજી વાત. એ જ ગણિતના વર્ગમાં મારી સાથે એક તેજસ્વી વિદ્યાર્થી હતો. એ પરીક્ષાઓ પોતાની આગવી રીતે લખતો. સામાન્ય રીતે પરીક્ષામાં સો ટકા નહિ તો થોડું ઑપ્શન તો હોય જ અને પ્રશ્નો ને પેટાપ્રશ્નો પણ ગમે તે ક્રમમાં લેવાની છૂટ હોય છે. વિદ્યાર્થીઓ એ છૂટનો પૂરો લાભ લેતા હોય છે અને પ્રથમ તો બીજા વિભાગના ત્રીજા પ્રશ્નનો બીજો પેટાપ્રશ્ન લે, પછી પહેલા વિભાગના છેલ્લા પ્રશ્નનો વચલો મુદ્દો..., અને એ રીતે આગળ-પાછળ કૂદકા મારી મારીને (અને પછી પરીક્ષકને હેરાન કરી કરીને) જેમ તેમ લખતા જાય છે.

પણ આ વિદ્યાર્થીની રીત જુદી. એ પ્રશ્નપત્ર લે. બીજા ત્રીજા પાના ઉપર શું લખેલું છે એ જોવા રોકાય પણ નહિ, પણ પહેલા વિભાગના પહેલા પ્રશ્નનો પહેલો મુદ્દો લઈને લખવા માંડે અને ઑપ્શન આવે તો ઑપ્શનના બધા વિકલ્પો લઈને એક પછી એક ક્રમમાં લખતો જાય

અને મુકરર સમયમાં આખું પેપર પૂરું કરીને નીકળી જાય. મેં આ બધું લખ્યું. પછી પરીક્ષકે તપાસવું હોય તે તપાસે. મારું કામ પૂરું. એ સાચો વિદ્યાર્થી હતો.

આ પ્રાધ્યાપક અને આ વિદ્યાર્થીનાં સ્મરણો મારી પાસે છે. હા, વર્ષો તો થયાં અને હવા બદલાઈ અને સંયોગો બદલાયા; પણ એ નિષ્ઠા, એ આદર્શ, એ ખુમારીનો રણકો હજી દિલમાં છે; અને તેથી આપણી યુનિવર્સિટીની ભીંતો ઉપર સો ટકા ઑપ્શનનાં સૂત્રો વાંચું છું ત્યારે ખેદ થાય છે.

ખરું ઑપ્શન એક જ છે.

પાંચમાંથી પાંચ !

રામબાણ બને રામનું બાણ

રામાયણનાં દૃશ્યો હું ટી.વી. ઉપર જોતો હતો. શ્રીરામ ધનુષ્ય લઈને, પણછ ઉપર બાણ ચડાવીને ઘા કરવા તૈયાર થયા હતા. ભવ્ય અપેક્ષાની ક્ષણ હતી. પૃથ્વી અને આકાશ શ્રીરામના બાણનો પરચો જોવા અધ્ધર થઈ ગયાં હતાં. હવામાં અહોભાવની સ્તબ્ધતા હતી. દૃશ્યનો મર્મ માણતાં-માણતાં મને એક વિચાર આવ્યો.

શું, હવે શ્રીરામ એમ કરશે કે કદાચ મારું બાણ નિષ્ફળ જાય તો સલામતીને ખાતર બાજુમાં બીજું બાણ તૈયાર કરી રાખું જેથી એક ન વાગે તો બીજું તરત ચડાવી શકું ?

ના. એવો વિચાર સાવ અસ્થાને હતો. શ્રીરામ એવું નહિ કરે. બીજું બાણ વિકલ્પમાં ન રાખે. વિદ્યાર્થીઓની જેમ સો ટકા ઑપ્શન ન માગે. રામનું બાણ એટલે રામબાણ. છૂટે તે છૂટે અને વાગે તે વાગે. નિશાને બરાબર પહોંચીને જ જંપે. કોઈ શંકા નહિ, આનાકાની નહિ. એક જ જોઈએ છે, અને એકથી પૂરું કામ થઈ જશે. વિશ્વાસ છે અને ખાતરી છે. આકાશ અને પૃથ્વી નિરાંતનો શ્વાસ લઈ શકે. એક જ બાણથી ઉદ્ધારનું કાર્ય થઈ જશે. ધર્મનું કામ એવું જ શોભે.

અને જીવનનું કામ એવું જ શોભે. અને પરીક્ષાનું કામ પણ એવું જ શોભે. જે કોઈ બાબતમાં ઑપ્શન માગે એને પોતાના ઉપર વિશ્વાસ નથી એટલું સિદ્ધ કરી આપે છે. અને પોતાને પોતાના ઉપર વિશ્વાસ ન હોય તો કોને હશે ? કોઈ એનો વિશ્વાસ નહિ કરે, અને તેથી ગમે તેટલા વિકલ્પો રાખે તોય નિષ્ફળ જવાનો. જેને પોતા ઉપર પૂરો વિશ્વાસ હોય તે એક બાણ લે, ચડાવે, છોડે...., અને આખી દુનિયા એની નિશાનબાજી જોઈને ચકિત થઈ જાય.

હું એટલે સુધી કહેવા તૈયાર છું કે ઑપ્શન રાખીને પાસ થવું એના કરતાં ઑપ્શન વગર નાપાસ થવું સારું છે. ઑપ્શન સાથે પાસ થવાથી ખોટો વિશ્વાસ આવે અને ખોટી ટેવ પડે કે જેવું અભ્યાસની આ પરીક્ષામાં થયું છે તેવું આગળ ઉપર જીવનના દરેક પ્રસંગમાં બનશે અને અધૂરી તૈયારીએ પણ પાસ થવાશે અને કાચા પ્રયત્ને પાકું પરિણામ આવશે. એ ખતરનાક ભ્રમ છે, અને એ વહેલો તોડવા માટે એકાદ વખત નાપાસ થવું પરીક્ષાર્થીને માટે સારું છે. એને જાણવા દો કે જીવન સહેલું નથી, કે અર્ધા કામથી પૂરું ફળ નહિ આવે, કે પ્રશ્નો છોડવાથી પ્રશ્નો નહિ આવડે. અને પ્રશ્નો ન આવડે તો નાપાસ જ થવાય. પરીક્ષાનો વિષય શીખે કે ન શીખે, પણ આ વાત વહેલી-વહેલી શીખી જાય એ અગત્યનું છે.

કૉલેજમાં ગણિત ભણાવતી વખતે હું દર વર્ષે એક યુક્તિ કરતો. કૉલેજને ઊઘડ્યે માંડ એક મહિનો થયો હોય ત્યારે હું પહેલી પરીક્ષા લેતો અને એનું પેપર એવું અઘરું કાઢતો કે ભલભલા વિદ્યાર્થીઓ એમાં નાપાસ થતા. રીતસર કતલેઆમ. એમાં કોઈ ઑપ્શન નહોતું એટલું જ નહિ પણ દરેક પ્રશ્ન વિદ્યાર્થીને મૂંઝવણમાં નાખે એવો હતો. જવાબ લખે તોયે દ્વિધામાં રહે કે જવાબ સાચો હતો કે કેમ, અને પાસ થાય તો પોતાને નવાઈ લાગે. આવી કડક પરીક્ષાનો હેતુ એવો હતો કે વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓ જાગે અને પહેલેથી જ મહેનત કરતા થાય. અમારી પાસે ત્યારે સારામાં સારા વિદ્યાર્થીઓ આવતા, જિંદગીમાં કદી નાપાસ ન થનારા વિદ્યાર્થીઓ આવતા, પોતાનાં ગામડાંઓની સ્કૂલોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓ આવતા, એટલે એમને સહજ વિશ્વાસ હતો કે સહેલાઈથી ફાવશે, કૉલેજનો અભ્યાસ સહેલો પડશે અને કંઈ નહિ તો આપણને વાંધો નહિ આવે.

જોવા દો, વાંધો આવે છે કે કેમ. પહેલી પરીક્ષામાં નાપાસ. ભારે આંચકો. આશ્ચર્ય. નિરાશા. જિંદગીમાં પહેલો અનુભવ. ઘરમાં ઠપકો અને ગામમાં ફજેતી. સ્કૂલમાં ચંદ્રક અને કૉલેજમાં પાણીચું. બધે હાહાકાર મચી જતો. પણ એનું શુભ પરિણામ તરત જોવા મળતું.

છોકરાઓ જાગી જતા, ખોટો વિશ્વાસ ખંખેરી દેતા, આળસ અને અભિમાન છોડી દેતા, બરાબર કામે લાગી જતા, અને બીજી પરીક્ષા આવતી ત્યારે ઘણી વધારે સારી તૈયારી કરી લેતા.

અલબત્ત, હું એ બીજી પરીક્ષા પહેલી કરતાં સહેલી પણ બનાવી દેતો, જેથી એમાં જરૂર પાસ થાય, વિશ્વાસ બેસે અને હિંમત આવે. પણ પ્રથમ એમના મનમાં એ ચોખ્ખો ખ્યાલ બેસાડવાનો હતો કે કામ સહેલું નથી, જીવન સહેલું નથી, પરીક્ષા સહેલી નથી જેથી પોતાની આખી શક્તિ બહાર કાઢે અને એનો પૂરો લાભ લેતા થાય. પરીક્ષા સહેલી બનાવવાથી વિદ્યાર્થીઓને અન્યાય થાય અને એમને નુકસાન પણ જાય, કારણ કે આળસ પોષાય અને ખોટો વિશ્વાસ કેળવાય. તેથી ઑપ્શનની પ્રથા ભારે નુકસાનકારક છે. એથી યુવાનોનું હીર હણાય અને એમનું ભવિષ્ય જોખમાય. પોતે જો આટલું સમજશે તો પરીક્ષામાં ઑપ્શન માગવાને બદલે ઑપ્શન કાઢી નાખવા માટે જ માગણી કરશે. એમાં એમને સાચો લાભ છે.

ખેલાડીની પરીક્ષા

હડતાળો પાડવામાં આજના વિદ્યાર્થીઓ કુશળ બની ગયા છે. નાનું કારણ પણ લઈને, એ સાચું છે કે કેમ એની પરવા કર્યા વગર, એના લાભ-ગેરલાભનો વિચાર કર્યા વગર અને અગાઉથી કોઈ તૈયારી કર્યા વગર તેઓ માનવજાતના લાભાર્થે ધર્મનું કાર્ય ઉપાડવા ખડે પગે તત્પર હોય જ છે. એક વિદ્યાર્થીને સો વિદ્યાર્થીઓ ટેકો આપે, એક કૉલેજની ફરિયાદ બીજી કૉલેજો ઉપાડી લે ને નહિ તો ઉમદા દેશદાઝથી અખિલ ભારતના વિદ્યાર્થીસંઘનું એલાન ઝીલીને સૌ મેદાને પડે. વર્ષમાં એકાદ સારી હડતાળ થઈ ન હોય તો વર્ષ કંઈક અધૂરું રહ્યું એવું કૉલેજમાં સૌને લાગે.

તો હું વિદ્યાર્થીઓને કહું છું કે હવે બધા સાથે મળીને એક હડતાળ પાડીએ. હા, હું એમાં પણ જોડાઈ જઈશ, બૂમો પાડીશ, સૂત્રો ઉપાડીશ, જરૂર પડશે તો પોલીસનો માર ખાઈશ અને જેલમાં જઈશ. ઘણી ખુશીથી. આ હડતાળ માટે જેટલું કરી શકીએ તેટલું કરી છૂટીશું. અને હડતાળ કેવી ? હવે પછી બધી પરીક્ષાઓમાંથી કાયમ માટે દરેક જાતનું ઑપ્શન કાઢી નાખવા માટે હડતાળ. ને એ પણ અચોક્કસ મુદત સુધી. જ્યાં સુધી આપણી માગણી પૂરી સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી આપણો સત્યાગ્રહ ચાલુ. કૉલેજ બંધ અને પરીક્ષા બંધ. પરીક્ષા આપીશું ત્યારે આવી જ આપીશું. કોઈ ઑપ્શન વગર અને કોઈ પણ જાતના વિકલ્પો વગર. સામાન્ય ઑપ્શન નહિ અને પ્રશ્ને-પ્રશ્ને ઑપ્શન પણ નહિ. આપણે આટલા પોચા નથી કે પગલે-પગલે ભીખ માગવા બેસીએ. આપણને કશું આવડતું નથી એમ માનીને આવાં નરમ, સહેલાં, સગવડભરેલાં પેપર કેમ કાઢે છે ? આપણા વિશે યુનિવર્સિટીવાળા શું માને છે ? શું આપણે મૂરખ છીએ કે આપણને પા-પા પગલી કરીને પ્રશ્નો પૂછવાના હોય ? વચ્ચે-વચ્ચે ઑપ્શન મૂકી મૂકીને પ્રશ્નો પૂછવાના હોય ? એમાં આપણી બુદ્ધિનું અપમાન છે, અપમાન. આ ન ફાવે તો બીજું લો, અને એ ન આવડે તો ત્રીજું, અને એ કદાચ ન રુચે તો ચોથું. આપણને મંદબુદ્ધિવાળા સમજે છે કે શું ? આપણને વાંચતાં આવડે અને વિચારતાં આવડે અને લખતાંય આવડે. પરીક્ષામાં ઑપ્શન રાખીને સર્વ વિદ્યાર્થીઓને ઘોર અન્યાય કરવામાં આવે છે. આપણને સૌને નીચા પાડી દે છે. આપણી કદર થાય અને આપણું ગૌરવ સચવાય એવી પરીક્ષા આપણે જોઈએ. એટલા માટે આ હડતાળ પાડીએ છીએ, અને જરૂર પડશે તો એ પુણ્યસંકલ્પ પાર પાડવા માટે મરણાંત ઉપવાસ ઉપર ઊતરવા તૈયાર છીએ. ઑપ્શન કાયમ માટે સમૂળગું કાઢી નાખો !

વિદ્યાર્થીઓ હડતાળો પાડે છે તે શિક્ષકનાં ધોરણ નીચાં લાવવા માટે, એટલે પોતાને હલકા પાડવા માટે, પોતાની શક્તિને ઓછી ખીલવા દેવા માટે, પોતાની બુદ્ધિને તક જ ન આપવા માટે. પગ ઉપર કુહાડાનો ઘા. વેપારી પોતાના માલનો ભાવ ઓછો કરવા માટે હડતાળ પાડે અથવા કારકુનો પોતાનો પગાર અર્ધો બનાવવા હડતાળ પાડે એના જેવું થાય. મોળી પરીક્ષા બનાવવાથી મળેલી ડિગ્રીની કિંમત ઓછી થાય, અને સતત હિલચાલોથી અનિયમિત બનેલી યુનિવર્સિટીનો ભાવ પણ ઓછો થાય એ વાત વિદ્યાર્થીઓ બરાબર જાણે છે તોય એવું કરે છે. પોતાનું અવમૂલ્યન. બૌદ્ધિક આપઘાત. સસ્તી પરીક્ષાથી મળેલી ડિગ્રી સસ્તી હોય છે એ સ્પષ્ટ સમીકરણ છે. એટલે જ કહું છું કે એ સસ્તી પરીક્ષાઓ કાઢીને એને મોંઘી બનાવવા હડતાળ પાડવી જોઈએ. તો જ મોંઘી ડિગ્રી મળશે.

એક કૉલેજ વિશે મેં સાંભળેલું કે એમાં એક વિદ્યાર્થીને ગમે તેમ કરી પરીક્ષામાં પાસ કરવાનો હતો. એ સારો ખેલાડી હતો, એટલે એ રમી શકે તો જ કૉલેજને જિતાડે, અને રમી શકવા માટે એ પરીક્ષા પાસ કરવાની આવશ્યકતા હતી. પણ જેટલો રમતમાં એ આગળ હતો

તેટલો પાછળ અભ્યાસમાં હતો; એટલે તે પરીક્ષા પાસ કરી શકે એવી શક્યતા જ નહોતી. ત્યારે નક્કી કર્યું કે એને માટે ખાસ પરીક્ષા રાખીશું, પરીક્ષા મૌખિક હશે, એમાં ત્રણ પરીક્ષકો એને ત્રણ પ્રશ્નો પૂછશે, અને ત્રણમાંથી જો એકનો પણ સાચો જવાબ આપશે તો પાસ થયેલો જાહેર થશે.

પરીક્ષા આવી. પહેલા બે પ્રશ્નો પુછાયા, અને સાવ સહેલા હોવા છતાં એને તો ન આવડ્યા. રહ્યો હતો ફક્ત ત્રીજો ને છેલ્લો પ્રશ્ન, અને એ તો ગણિતનો હતો એટલે વિશેષ જોખમ હતું. બરાબર વિચાર કરીને છેલ્લા પરીક્ષકે પ્રશ્ન પૂછ્યો : ‘‘પાઇથાગોરસનું પ્રમેય તમને આવડે છે કે કેમ ?’’ વિદ્યાર્થીએ કહ્યું : ‘‘ના, સાહેબ, નથી આવડતું.’’ એટલે પરીક્ષકે વિજયનાદ કર્યો : ‘‘જુઓ, સાચો જવાબ આપ્યો ! મેં પૂછ્યું કે આવડે છે કે કેમ, અને એને આવડતું જ નહોતું અને સાચું કહ્યું કે નથી આવડતું, એટલે આ પ્રશ્નના એને પૂરા માર્ક મળે, અને પરીક્ષામાં એ પાસ થાય છે !’’

ખેલાડીને માટે કદાચ એવી પરીક્ષા કામ લાગે. સાચા વિદ્યાર્થીને માટે નહિ.

અપેક્ષિત પ્રશ્નોની અપેક્ષિત પરીક્ષા

વિદ્યાર્થીઓનાં માસિકોમાં જોયેલાં કેટલાંક લાક્ષણિક શીર્ષકો : અપેક્ષિત પ્રશ્નો, આદર્શ પ્રશ્નપત્ર; સ્યોર સજેશનો. ચીતરી ચડે એવા પ્રયોગો. અને તોય એ વિદ્યાર્થીઓની બોલીમાં રૂઢ થઈ ગયા છે અને એની સાથે એમના મનમાં એ ખ્યાલ આવી ગયો છે અને સ્થિર થઈ ગયો છે કે પરીક્ષાના પ્રશ્નો અપેક્ષિત જ હોય, પ્રશ્નપત્ર ''આદર્શ'' હોય અને ગયા વર્ષનો હતો એવી જ રૂપરેખાઓવાળો હોય. ભૂલેચૂકે જો પ્રશ્નપત્રનો ઘાટ બદલાય તો આઘાત પામેલા વિદ્યાર્થીઓ ''સ્ટાઈલ બદલી !'' એમ પોકારી ઊઠે અને અઘટિત પરીક્ષા રદ કરવા ધર્મયુદ્ધે ચડે.

છેલ્લાં બે-ત્રણ વર્ષનાં એ વિષયને લગતાં યુનિવર્સિટીનાં પેપર ભેગાં કરો એટલે એમાંથી આ વર્ષનું પેપર નીકળવું જોઈએ એ અટળ નિયમ છે. અથવા તો ચાર-પાંચ પ્રતિષ્ઠિત કૉલેજોનાં પ્રિલિમ-પેપર લો તો એમાંથી પણ મળે. આટલાં પેપર ભેગાં કરવામાં વિદ્યાર્થીનો પુરુષાર્થ છે. બાકી તો એના જવાબો તૈયાર મળે અને છેલ્લી ઘડીએ ગોખીને પરીક્ષાને ન્યાય આપી શકાય. ચીલો પડ્યો છે, પરંપરા બની છે. હવે એનો દ્રોહ નહિ થાય. આ પ્રકરણમાં બે મુખ્ય પ્રશ્નો છે તો એક વર્ષે એક પુછાય અને બીજા વર્ષે બીજો. પેપર કાઢનારને માટે પણ સગવડ અને પરીક્ષા લખનારને માટે પણ સગવડ. યાદ રાખવા માટે પણ સહેલું. એકી નંબરવાળાં વર્ષોમાં પહેલો પ્રશ્ન, અને બેકી નંબરવાળામાં બીજો. એ રીતે એ પ્રકરણ આવે, અને વિદ્યાર્થીઓના જવાબો પણ આવે.

ને હવે ખબરદાર, એવો ક્રમ બરાબર સાચવ્યો ન હોય તો ! પરીક્ષક જો એકી નંબરવાળા વર્ષમાં બીજો પ્રશ્ન પૂછે, એટલે કે ગયા વર્ષે પુછાયો હતો એ જ પ્રશ્ન ફરીથી આ વર્ષે પૂછે, અથવા તો બેમાંથી એક પણ ન પૂછે... તો આવી બન્યું. આ પરીક્ષકને શું આવડે ? એને ખબર નથી કે આ બે પ્રશ્નો વારાફરતી પુછાય છે અને આ વખતે પહેલાનો વારો હતો ? તો બીજો શા માટે પૂછ્યો ? આ વર્ષ તો એકી નંબરવાળું છે એટલે એમાં પહેલો પ્રશ્ન આવવો જોઈતો હતો. પરીક્ષક જો પોતાનો ધર્મ નહિ સમજે તો આપણે શું કરીએ ? એ પોતાની ફરજ બરાબર નહિ બજાવે તો આપણી પાસેથી કેમ અપેક્ષા રખાય કે આપણે પૂરી કરીએ ? આ તો કળિયુગ છે કળિયુગ. સરખી પરીક્ષા પણ આપવા દેતા નથી, કારણ કે સરખું પેપર કાઢતાં આવડતું નથી. સરખું પેપર એટલે અપેક્ષિત પેપર. બધા વિદ્યાર્થીઓ એ જાણે, બધા શિક્ષકો જાણે, પછી એકલો એ મૂઢ પરીક્ષક કેમ જાણતો નથી ?

એક વાર ગણિતના એક આંતરરાષ્ટ્રીય સંમેલન દરમિયાન એક રશિયન ગણિતશાસ્ત્રીની સાથે હું વાત કરતો હતો એમાં એની સંસ્થામાં પરીક્ષા કેવી રીતે લેવાય એ વિશે મેં પૂછ્યું. એમ તો ગણિતમાં પ્રમેયો પણ હોય અને કૂટપ્રશ્નો પણ હોય, અને આપણે ત્યાં બંને પુછાય ને એની સગવડ એ છે કે પ્રમેયો તો વર્ગમાં જ શિખવાડેલાં હોય એટલે મનમાં તૈયાર થયેલો માલ હોય છે અને એક વાર આવડી જાય (અથવા ગોખાઈ જાય) કે પછી સુખેથી એ ગમે ત્યાં ખડકાવી શકાય. એટલે એના જવાબમાં મને રસ પડ્યો. એમણે કહ્યું : ''અમે પરીક્ષામાં પ્રમેયો પૂછતા નથી, ફક્ત કૂટપ્રશ્નો પૂછીએ છીએ.'' અને જ્યારે મેં આગળ પૂછ્યું કે, એ કૂટપ્રશ્નો ક્યાંથી લેવામાં આવે ? ત્યારે એમણે સ્મિત કરીને અને પોતાના માથા તરફ આંગળી કરીને જવાબ આપ્યો : ''એ કૂટપ્રશ્નો અમે કોઈ પણ પુસ્તકમાંથી નહિ પણ અમારા મગજમાંથી જ કાઢીએ છીએ.'' એટલે કે દરેક વખત નવા જ હોય, મૌલિક હોય, ક્યાંય ચાલેલા ન હોય એવા પ્રશ્નો આવે. ક્યાં અપેક્ષિતનો ચવાઈ ગયેલો ડૂચો અને ક્યાં મૌલિક રસોઈનો તાજો સ્વાદ ! ને એમાં એમણે એક વાત ઉમેરી કે પોતે પેપર કાઢતો ત્યારે એમાં કોઈ એટલો અઘરો કૂટપ્રશ્ન મૂકતો કે જે, કોઈ વિદ્યાર્થીને નહિ આવડે પણ એ લખતાં એની વિચારણા, અભિગમ, પ્રયત્નો ઉપરથી

વિદ્યાર્થીની બુદ્ધિ અને તૈયારીનો ખ્યાલ આવે અને એનું પૂરું માપ લઈ શકાય.

ખરી પરીક્ષા બુદ્ધિની હોય છે, ફક્ત યાદશક્તિની નહિ; જ્ઞાનની જોઈએ, ગોખણપટ્ટીની નહિ. માટે પરીક્ષા નવી હોય, મૌલિક હોય, અપેક્ષિત ન હોય. શું પૂછવાનું છે એ જો અગાઉથી ખબર હોય તો એ પરીક્ષા ન કહેવાય, અરે, પ્રશ્ન પણ પ્રશ્ન જ ન રહે, પછી જવાબ હોય ક્યાંથી ? એ પ્રશ્ન નથી, ખાલી પુનરાવર્તન હોય. લીલા ઘાસનો રંગ કેવો છે ? લીલો. વાહ, વાહ ! નવી માહિતી આપી. જ્ઞાનનો વધારો કર્યો. લીલો રંગ, અને એ પણ ઘાસનો નહિ પણ લીલા ઘાસનો. પ્રશ્નમાં જવાબ આવે. અપેક્ષિત છે. ડાહ્યો પરીક્ષક છે. આદર્શ પ્રશ્નપત્ર છે.

મારી અપેક્ષા છે કે અપેક્ષિતની પ્રથા સાવ નીકળી જાય.

અંગ્રેજીનો અભ્યાસ કેમ કાચો રહે ?

એક દિવસ મારા ગણિતના વર્ગમાં મેં એક પ્રયોગ કરેલો. પિસ્તાળીસ મિનિટમાં દસેક મિનિટ બાકી હશે, દિવસનો પાઠ પૂરો થયો હતો, વર્ગનો સમય પૂરો થાય તે પહેલાં વર્ગ છોડવાની સખત મનાઈ હતી, અને વિદ્યાર્થીઓ હોશિયાર ને ઉત્સાહી હતા એટલે મેં કહેવાની હિંમત કરી : ''હજી થોડો સમય બાકી છે એટલે એનો સદુપયોગ કરીએ. આજના પાઠના અનુસંધાનમાં બીજું એક પ્રમેય છે એનું ગણિતમાં આગળ જતાં વિશેષ મહત્ત્વ છે અને ઉપયોગિતા પણ છે, અને એ સહેલું પણ છે એટલે આ થોડી મિનિટમાં હું તમને એ ભણાવી શકું. હા, એક વાત છે : આ પ્રમેય અભ્યાસક્રમમાં નથી એટલે પરીક્ષામાં પુછાશે પણ નહિ, પરંતુ રસિક છે અને ઉપયોગી છે. તો બોલો, તમને એ ભણાવું ?'' સો મોંમાંથી એક જ જવાબ આવ્યો : ''ના !'' કોર્સમાં નથી એટલે આપણને નહિ જોઈએ. એ તરતનો અને સર્વાનુમતનો ફેંસલો હતો.

મને આઘાત લાગ્યો. આ વિદ્યાર્થીઓ સારા છે, આગળપડતા છે, મહેનતુ છે અને મહત્ત્વાકાંક્ષી છે અને હું એમને વધારાની કોઈ સરળ અને ઉપયોગી માહિતી આપવા માગું છું તોય તેઓ ના પાડે છે. કોઈ એમને વધારેના પૈસા આપે અથવા તો મફતમાં સિનેમાની ટિકિટ આપે તો એ ખુશીથી લઈ લેશે, પરંતુ વધારાનું જ્ઞાન આપવાની વાત ત્યારે સખત વિરોધ. જોકે મારે પહેલેથી જ એ સમજી લેવું જોઈતું હતું અને એવો પ્રસ્તાવ મૂકવો જોઈતો નહોતો. જે વિદ્યાર્થીઓ અર્ધો અભ્યાસક્રમ ઑપ્શનમાં નાખવાની વાત કરે છે એમને અભ્યાસક્રમ બહારનો પાઠ ભણાવવાની વાત જ ક્યાં કરી શકાય ! જો મારે ખરેખર એ પ્રમેય ભણાવવું હતું તો મારે એમ કહેવું જોઈતું હતું કે આ પ્રશ્ન કોર્સમાં છે, પરીક્ષામાં બહુ પુછાય છે અને આ વર્ષે માટે તો અપેક્ષિત પ્રશ્ન છે. બસ ! આટલું કહ્યું હોત તો બધા મંડી પડત. સીધું કહેવાથી કામ બગડ્યું. પ્રમેય નહિ ભણાવાયું.

અંગ્રેજીના અભ્યાસનો પ્રશ્ન આપણે ત્યાં ઠીક ચર્ચાય છે. ક્યારથી શરૂ થાય, ક્યાં સુધી ચાલે, કેટલે અંશે ફરજિયાત રહે, માધ્યમ તરીકે રખાય કે કેમ. એ આખો વિવાદ મારે મન તો વ્યર્થ જ છે. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા જોઈએ એ નિર્વિવાદ છે, અને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ અનિવાર્ય છે એ પણ નિર્વિવાદ છે. મારું કહેવું એટલું જ છે કે અંગ્રેજી ભાષાનું વ્યવહારુ જ્ઞાન વિદ્યાર્થીઓ સ્કૂલ-કૉલેજમાં એનો પ્રાથમિક પરિચય મેળવ્યા પછી પોતાની મેળે જ પ્રાપ્ત કરી શકે. એમની પાસે પૂરતો સમય છે, સાધનો છે અને બુદ્ધિ છે, માટે તેઓ ધારે તો શિક્ષકે ભણાવેલું થોડુંઘણું લઈને આગળ જઈ શકે અને જોઈએ તેટલું પોતાની મેળે શીખી શકે.

વિદ્યાર્થીની પાસે સમય છે. શનિ-રવિ છે, દિવાળીની રજાઓ છે, નાતલની રજાઓ છે, ઉનાળાની રજાઓ છે. સવારની કૉલેજ હોય તો અર્ધો દિવસ એની પાસે છે, નહિ તો સાંજનો સમય તો ખરો, અને વધારે જોઈતો હોય તો વરસમાં જે જુદીજુદી હડતાળો પડે છે (વિદ્યાર્થીઓની હડતાળો, સામાન્ય હડતાળો, ગુજરાત બંધ અને ભારત બંધનો સરવાળો કરીએ તો સારો આંકડો આવે) એનો લાભ લેવા ધારે તો એક નહિ પણ પોતાની ડિગ્રી સુધીનાં વર્ષોમાં ત્રણ-ચાર ભાષા સુખેથી શીખી શકે.

વિદ્યાર્થીની પાસે સાધનો છે. વાંચવા માટે પુસ્તકો છે, સાંભળવા માટે રેડિયો છે, બોલવા અને ઉચ્ચાર સુધારવા ટેપરેકૉર્ડર છે, લખવા માટે કાગળ-પેન છે. ખાસ સાહિત્યની જરૂર નથી. અને એક સામાન્ય શબ્દકોશ હોય તો પૂરતો જ છે.

વિદ્યાર્થીની પાસે બુદ્ધિ છે. થોડી મદદ જોઈએ છે એ લીધી છે, શરૂઆતનું માર્ગદર્શન

જોઈએ છે એ શિક્ષકે પૂરું પાડ્યું છે. હવે એ લઈને વિદ્યાર્થી પોતાની મેળે વાંચી શકે, શબ્દકોશમાં જોઈને નવા શબ્દો નોંધી શકે, રેડિયો સાંભળીને સાચા ઉચ્ચાર ધીરેધીરે પકડી શકે. આટલી બુદ્ધિ એનામાં છે અને કંઈ નહિ તો હિંદી-સંસ્કૃત શીખીને નવી ભાષાઓ શીખવાનો અનુભવ એણે લીધો પણ છે. ભાષા શીખવા માટે વિશેષ તો સારી યાદશક્તિની જરૂર છે, અને એ બાબતમાં આપણા વિદ્યાર્થીને તો કહેવું નહિ પડે. એની યાદશક્તિ સારી છે.

પછી એ અંગ્રેજી કેમ શીખતો નથી ? કારણ કે આપણા વિદ્યાર્થીઓને પોતાની મેળે શીખવાની આદત નથી. ભણાવે તે જ ભણે અને કરાવે તે જ કરે. જે પાઠ અભ્યાસક્રમમાં નથી એ પાઠ કરવો તે અધર્મ છે. સ્વમાની વિદ્યાર્થી એવું કદી નહિ કરે. એની પાસે સમય હશે તોય તે નકામો જવા દેશે અને શક્તિ હશે તોય વેડફી નાખશે, પણ અભ્યાસક્રમની બહારના પાઠને એ નહિ અડે. શું, જેની પરીક્ષા આપવાની ન હોય એવો કોર્સ કદીય ભણાતો હશે ? પરીક્ષા નથી, ડિગ્રી નથી, પ્રમાણપત્ર નથી, પછી વાંચે કોણ અને શીખે કોણ ? પરીક્ષા વગર વાંચીએ તો આપણું વિદ્યાર્થીપણું લાજે. પાઠ્યપુસ્તક નથી, વાંચીએ શું ? અગત્યના ફકરાઓની નીચે લીટી દોરાવી નથી, પછી એ ગોખીએ શી રીતે ? નહિ જ થાય. એટલે ખાનગી અભ્યાસ ન થાય. અંગ્રેજી કાચું રહે તો અંગ્રેજી આપણને સારું ભણાવે એ માટે ચાલો, હવે હડતાળ પાડીએ. એ એક જ રસ્તો છે.

હું અંગ્રેજીનો હિમાયતી નથી, તોય એ શીખવાના લાભ સમજું છું અને સ્વીકારું છું. માટે જો કોઈ મારી આગળ ફરિયાદ કરે કે, “મને અંગ્રેજી બરાબર આવડતું નથી, કારણ કે સ્કૂલ-કૉલેજમાં મને એ બરાબર ભણાવ્યું નથી,” તો હું એ બચાવ ને એ બહાનું સ્વીકારતો નથી અને કહું : “અંગ્રેજી ન આવડે તો દોષ તમારો જ છે. ખરેખર શીખવું હોય તો તમારી મેળે જ શીખી શકો. પણ શીખવાનો શ્રમ લેવો નથી એટલે સ્કૂલ-કૉલેજનો દોષ કાઢો છો.” ભણાવે તે સિવાય ભણવાની ટેવ નથી, અને અભ્યાસક્રમ બહારનો પાઠ નહિ કરવાની પ્રતિજ્ઞા છે એનું આ પરિણામ છે. અને એટલા માટે આપણે ત્યાં અંગ્રેજીનું જ્ઞાન કાચું છે.

હું અંગ્રેજી ભારત આવીને જ મારી મેળે શીખ્યો એટલે મને એમ બોલવાનો અધિકાર છે.

ગાડાનાં કેટલાં પૈડાં ?

મુલ્લાં નસરુદ્દીનનો એક ટુચકો છે. એક વાર એ ગાડું લઈને બીજે ગામ જતો હતો ત્યારે ગાડાનું એક પૈડું ઉતારીને ગાડા ઉપર મૂક્યું અને ધરીનો એ છૂટો છેડો પોતાને ખભે ચડાવીને શ્રમપૂર્વક ગાડું જેમ તેમ કરીને ચલાવતો હતો. લોકો એને જોઈને એની દયા ખાતા અને આવું કેમ કરે છે એ પૂછતા ત્યારે એ છાતી ફુલાવીને જવાબ આપતો : "તમને લોકોને ખબર નથી પણ હું જાણું છું ને ! હું તો ચેતી જનાર માણસ છું એટલે બીજું પૈડું તૂટી જાય અને ગાડું સાવ ન ચાલે એની સાવચેતીમાં એક પૈડું સાચવું છું જેથી બીજું બગડે તો એ ચડાવીને ગાડું ચલાવી શકું. ખરી હોશિયારી કે નહિ ?"

હોશિયારી કે મૂર્ખાઈ એ હજી જોવાનું છે. ગાડાને બે પૈડાં હોય છે, અને બે હોય તો જ સરખું ચાલે અને કામ લાગે. એક બગડે ત્યારે બગડે, અને ત્યારે કદાચ થોડે અંતરે એકથી ચલાવવું પડે તો પડે; પરંતુ એ આપત્તિની તૈયારીમાં પહેલેથી જ એક પૈડાથી ચલાવવાની આપત્તિ હાથે કરીને ઊભી કરવામાં તો કોઈ વ્યવહારુ બુદ્ધિ નથી. મુલ્લાંજીનો એ સ્વભાવ તો ખરો.

બે પૈડાંમાંથી એક કાઢવું એટલે સો ટકા ઑપ્શન. ગાડું નહિ ચાલે. બે પૈડાં જોઈએ. આખો અભ્યાસક્રમ જોઈએ. અર્ધાથી નહિ ચાલે. ગાડું ન ચાલે. બુદ્ધિ ન ચાલે. મગજ ન કેળવાય. શક્તિ ન ખીલે. જીવનનું ગાડું આગળ ચલાવવા માટે પૂરું જ્ઞાન જોઈએ, પૂરો અભ્યાસ જોઈએ, પૂરી શક્તિ જોઈએ. નહિ તો ખાડામાં અટવાઈ જશે. બેમાંથી એક પૈડું કઢાવવું તો આપઘાતની જ પ્રવૃત્તિ છે.

સાચો ડ્રાઇવર ઊલટું કરે. એક પૈડું ઓછું કરવાને બદલે એક વધારાનું પૈડું રાખે. મોટરકારનાં ચાર પૈડાં હોય છે, તો ચાર ઉપરાંત પાંચમું અંદર રાખે જેથી ચારમાંથી જો કોઈ બગડે તો તરત અવેજીમાં કાઢીને બેસાડે અને સમય બગાડ્યા વગર મોટર તરત ચાલતી થાય. વિકલ્પનો ખરો અર્થ એ જ થાય. ઓછું નહિ પણ વધારાનું. બે પૈડાનું એક નહિ પણ ચારનાં પાંચ. એટલે કે ચાર જોઈએ તો એ ચાર ખરાં, અને ઉપર પાંચમું આવે. જેથી સલામતી રહે અને શાંતિ મળે. પરીક્ષામાં આટલો અભ્યાસક્રમ છે તો એ આખો તો બરાબર પચાવીએ, અને તે ઉપરાંત જ ખાતરી કરવા અને શાંતિ મેળવવા વધારાનો ને બહારનો અભ્યાસ આપણી મેળે કરીશું જેથી ભૂલેચૂકે એક પૈડું બગડે અને કોર્સ બહારનું પુછાય તો એ માટે પણ આપણે તૈયાર હોઈશું. એનું નામ ઑપ્શન. આપેલા કામનો ભાગ પાડીને ઓછો કરવાનો નહિ, પણ આપેલા કામ ઉપરાંત એમાં જાતે નવો ભાગ ઉમેરવાનો. એ સાચી વૃત્તિ છે.

હું શિક્ષકોને કહું છું. તમને જો કોઈ અમદાવાદથી મુંબઈ મોકલે અને મુસાફરીના બરાબર જ ગણીને પૈસા આપે, એટલે કે આટલા રિક્ષાના અને આટલા રેલવે ટિકિટના અને આટલા બસના, તો તમને જરા ફફડાટ રહે કે આ તો બરાબર છે પણ જો રિક્ષાવાળો વધારે પૈસા માગે અથવા રેલવેનું ભાડું વધી ગયું હોય અથવા તો બસ ચૂકી જાઉં તો શું કરું ? પૈસા ગણીને આપ્યા તે એમની ચોકસાઈ, પણ મારી સગવડ તો નથી. કોઈ અણધારી જરૂરિયાત ઊભી થાય તો એ માટે થોડા વધારાના પૈસા આપવા જોઈએ. ખિસ્સામાં વીસ-પચીસ રૂપિયા વધારાના હોય તો કંઈક સારું લાગે અને રાહત રહે.

તો એ જ રીતે – આગળ શિક્ષકોને કહું છું – તમે વર્ગમાં વિદ્યાર્થીઓને ભણાવવા જાઓ ત્યારે જો વર્ગ પૂરતું જ જ્ઞાન લઈને જશો, એટલે કે ભણાવવાના છો એટલું જ ભણીને જશો તો ફફડાટ રહેશે અને વખતે ભીડ પણ આવશે. પણ જેટલું વધારે ભણીને જશો તેટલી સલામતી રહેશે, શાંતિ થશે અને આનંદ આવશે. દસ જેટલું ભણાવવાનું હોય તો પંદર જેટલું તો તૈયાર

કરો. ખિસ્સામાં વધારે રૂપિયા, એટલે કે મગજમાં વધારે જ્ઞાન લઈને મુસાફરીએ ઊપડો. ત્યારે જ ખરી મજા આવશે.

અને વિદ્યાર્થીઓને પણ એ જ કહું છું. જેટલું શીખવાનું છે તેટલું શીખો— અને થોડુંક વધારે. એથી મોકળાશ આવે, સંતોષ આવે, વિશ્વાસ આવે. આખો અભ્યાસક્રમ તો તૈયાર કર્યો, ને તે ઉપરાંત પણ સરહદના પ્રશ્નો પણ બરાબર તૈયાર કરી લીધા; હવે શાની ચિંતા અને શાની બીક ? વધારે પૈસા માગે તો આપણા ખિસ્સામાં પૂરતા છે. એટલા માટે જ ખિસ્સામાં થોડા વધારે પૈસા નાખીને ઘેરથી નીકળ્યા છીએ.

જે યુવાન માણસ સ્કૂલ-કૉલેજના દિવસોથી એવી કીમતી ટેવ પાડે એની જીવનની મુસાફરી ખરેખર આનંદમય રહેશે.

કયું નાટક વધારે ગમ્યું ?

હું પ્રશિષ્ટ સાહિત્યનો અભ્યાસ કરતો હતો ત્યારે ગ્રીક કવિ સોફોક્લીસનાં નાટકો અમારે ખાસ ભણવાનાં હતાં. એણે સાત નાટકો લખ્યાં અને સાતેસાત વિશ્વસાહિત્યનાં રત્નો ગણાય. હવે અભ્યાસક્રમમાં બીજા સાહિત્યકારોનો સમાવેશ પણ કરવાનો હતો એટલે સાત નાટકોમાંથી ફક્ત એક લેવાયું હતું. પછી વર્ગમાં એ જ ચાલતું અને પરીક્ષામાં એ જ પુછાતું, બીજાં છ નહિ. તોય વર્ગમાં એનું કામ શરૂ થયું ત્યારે શિક્ષકે અમને કહ્યું : ''કોર્સમાં સાતમાંથી તો આ એક જ નાટક છે, માટે અહીંયાં આપણે એ જ જોઈશું, અને એ ખરેખર સાતમાંથી ઉત્તમ કહેવાય. પરંતુ બીજાં છ કંઈ ઊતરતાં નથી અને એનો અભ્યાસ કરવા જેવો છે જ. તમારી પાસે સમય છે, અને તમારી મેળે એ નાટકો જોશો તો એનો લાભ તમને મળશે અને કાયમ માટે રહેશે.''

ભલામણ સાચી હતી. મને ઉત્સાહ હતો એટલે જ્યાં-ત્યાંથી સમય કાઢીને વર્ગમાં ચાલતા મુખ્ય નાટક સિવાય બીજાં છ નાટકો હું વાંચવા લાગ્યો અને એ વિશેનાં પુસ્તકો લઈને મને આવડ્યું એ રીતે એનો વિગતવાર અભ્યાસ પણ કરવા લાગ્યો. પરીક્ષામાં ન આવે તોય શું થઈ ગયું ! સુંદર છે, બોધક છે, મનને અને દિલને ઘડનાર છે, પછી બીજું શું જોઈએ ?

ત્યારે મને એક મજાનો અનુભવ થયો, તે એટલો સ્પષ્ટ ને તીવ્ર હતો કે આટલાં વર્ષો થયાં હોવા છતાં આજે પણ એનું સ્મરણ મારા મનમાં તાજું ને તાજું છે. વાત એમ હતી કે સોફોક્લીસનું ઉત્તમ નાટક વર્ગમાં ચાલતું એ જ ગણાતું હતું અને ખરેખર એમ જ હતું. તોય મને એના કરતાં એનાં બીજાં નાટકો વધારે ગમ્યાં. હું જાણતો હતો અને કબૂલ કરતો હતો કે પેલું નાટક ચડિયાતું હતું, પણ મને ગમતાં તે તો બીજાં. એમાં રસ પડતો અને એમાં આનંદ આવતો. એ ઉપરથી મારા સંસ્કારો ઘડાયા અને પ્રશિષ્ટ સાહિત્યની મારી રુચિ કેળવાઈ. હા, પરીક્ષાની તૈયારી પણ કરી અને એ માટે પેલા ચડિયાતા નાટકનો અભ્યાસ પણ રીતસર કર્યો. પરંતુ ખરી મજા આવી બીજાં નાટકોમાં. એમ કેમ થયું હશે ?

ખુલાસો સ્પષ્ટ છે. પહેલું નાટક તે પહેલું. પણ એ પરીક્ષાનો વિષય બની ગયું હતું. પછી એમાં મજા આવે શેની ? ગોખવાનું અને લીટી મારવાની અને શું પૂછશે અને કેવું પૂછશે. આખી મજા મરી જાય. અને બીજું કે એ નાટકની ખૂબીઓ મારે શોધવાની નહોતી; શિક્ષક મને એ વર્ગમાં સમજાવતો ને એમાં ઓછી મજા આવે. હું મારી મેળે શોધી કાઢું એ મારી શોધ ને એ મારું પરાક્રમ. એમાં મને આનંદ થાય અને ગૌરવ લાગે. અને પેલાં છ બાકીનાં નાટકોમાં એવું જ થતું હતું. હું જાતે સમય શોધીને અંગત રસથી અને મૌલિક પ્રયત્નથી એક-એક લીટીનો મર્મ બહાર લાવતો હતો, એકએક શબ્દનો આનંદ લૂંટતો હતો એટલે કેટલી ધન્યતા લાગે ! એ નાટકો મારાં બને, મને યાદ રહે, મને ફરી ફરી વાંચવાં ગમે, બીજાઓને એની વાત કરવાનું મન થાય.

પરીક્ષા માટે વાંચ્યું તે પરીક્ષા સુધી ટક્યું. એ કૃતિની ખૂબીઓ શોધવાની નહિ અને એનો આનંદ માણવાનો નહિ. ફક્ત એમાંથી કેટલા માર્ક મળવાના છે એ જોવાનું છે. ગણી લો. આ દૃશ્યના વિશ્લેષણના કેટલા, અને આ સંવાદના ભાષાંતરના કેટલા. સંવાદની યુક્તિ અને દૃશ્યનું સૌંદર્ય તો કોઈ વિસાતમાં નથી. શિક્ષકે ભણાવ્યું તે ભણાવ્યું. એણે સુંદર કહ્યું તેને સુંદર કહેવાનું; તે કંઈ આપણી અનુભૂતિથી નહિ પણ શિક્ષકના કહેવાથી. એ લખાવે તે લખવાનું, એ વખાણ કરે ત્યાં કરવાનાં, અને એ દોષ કાઢે ત્યાં કાઢવાનો. આપણું ક્યાં ચાલે છે કે આપણી મેળે ગુણદોષ જોવા જોઈએ ! જલદી વાંચો અને જલદી લખો. પરીક્ષાને હવે થોડા દિવસ બાકી છે !

પરીક્ષાનો વિષય થાય ત્યારે વિશ્વસાહિત્યની ઉત્કૃષ્ટ કૃતિ પણ હલકી બની જાય. એનો ખરો સ્વાદ કરાવવો હોય, એનું રહસ્ય પામવું હોય, એની શ્રેષ્ઠતા સિદ્ધ કરવી હોય તો એને અભ્યાસક્રમમાંથી કાઢો અને નિજાનંદ માટે ખાનગી સાહસથી એનું અધ્યયન કરો. ત્યારે સૌંદર્યનાં દર્શન થશે અને કલાનો રસ પીવા મળશે. પરીક્ષાનું કામ જરૂર કરો, પણ ખરું કામ પરીક્ષા બહારનું છે એ યાદ રાખજો.

એ અનુભવ ઉપરથી ઑપ્શનનો ખરો અર્થ મને સમજાય છે. ખરો વિકલ્પ તે અભ્યાસક્રમનો અર્ધો ભાગ કાપીને કાઢી નાખવા માટે નહિ પણ અભ્યાસક્રમ ઉપરાંત જ ઉમેરો કરીને પોતાની મેળે નવાં પ્રકરણો ને વિષયો જોવા માટે જ છે. પરીક્ષાની તૈયારી જરૂર કરીએ, પણ તે પહેલાં ને તે પછી ઘણો સમય ફાજલ રહે છે એમાં અંગત પસંદગીથી નવા વિષયો, વિભાગો, કૃતિઓ, કાવ્યો, નાટકો લઈને એનો અભ્યાસ કરીએ જેથી એના સંસ્કારો મળે, એના સંદેશ સમજાય, એની જીવનદૃષ્ટિ કેળવાય.

સો ટકા ઑપ્શન આને કહેવાય. વર્ગમાં એક નાટક ચાલે તો બીજું નાટક જાતે ભણવાનું, વર્ગમાં દસ પાઠ ચાલે તો વીસ કરવાના, અર્ધું ચાલે તો જાતે પૂરું કરવાનું. સો ટકા. બમણું. પોતાની મેળે, ઉત્સાહથી અને આનંદથી. શક્તિશાળી વિદ્યાર્થીઓ એવું જરૂર કરી શકે. જે એવું કરશે તેની કેળવણી સાર્થક થશે.

સોમવારે આવવાની જરૂર નથી

વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઑપ્શન જોઈએ, કારણ કે ઑપ્શનમાં સલામતી છે, અને સલામતી તો સૌને ગમે. એક પ્રશ્ન ન આવડે તો બીજો લો. એક પ્રકરણ ન ફાવે તો છોડી દો, અભ્યાસક્રમનો અર્ધો ભાગ નહિ ગમે તો બીજો ભાગ પસંદ કરો અને તૈયાર કરો. કોઈ જોખમ નહિ અને કોઈ ભય નહિ. સો ટકા ઑપ્શન એટલે સો ટકા સલામતી. અને સલામતી સૌને ગમે.

હા, સલામતી સૌને ગમે. અને સૌને હણે. સલામતીમાં સગવડ છે, પણ સલામતીમાં આળસ છે, નિષ્ક્રિયતા છે, મૃત્યુ છે. શેક્સપિયરની પંક્તિ છે : "સલામતી એ માનવજાતનો કટ્ટામાં કટ્ટો શત્રુ છે." માણસના જીવનમાં જેટલી સલામતી આવે તેટલી જડતા આવી જાય. સલામત છે એટલે કોઈ શ્રમ કરવાની જરૂર નથી, તસ્દી લેવાની જરૂર નથી, કશું જ કરવાની જરૂર નથી. પૂરી સલામતી છે, એટલે પૂરો આરામ છે. જાગવાની જરૂર નથી. પુરુષાર્થ કરવાની જરૂર નથી. જ્યાં સલામતી હોય ત્યાં સ્થગિતતા આવી જાય અને જ્યાં સ્થગિતતા હોય ત્યાં મૃત્યુ જ હોય. આપણા યુવાન વિદ્યાર્થીઓને એવી અવસ્થા ગમે.

આરામપ્રિય માનવીઓને જીવનમાં આગળ લાવવા માટે હરીફાઈનું થોડું તત્ત્વ જોઈએ. હદ વિનાની હરીફાઈ તો હાનિકારક છે, પરંતુ થોડો સંઘર્ષ અને થોડું જોખમ માનવીની આળસ ખંખેરવા તો આવશ્યક હોય છે. પરીક્ષા વગર વિદ્યાર્થી નહિ વાંચે, અને ઇનામ વગર ખેલાડી નહિ દોડે. અને ઇનામ એટલે ઇનામ. તે એકને મળે, સૌને નહિ. સૌને મળે તો ઇનામ નહિ, ભાડું બની જાય. પ્રથમ ઇનામ પ્રથમ આવનારને જ મળે, અને પ્રથમ તો પહેલો છે, ને પહેલો તો એ જ હોય છે. એટલા માટે પોતાની તમામ શક્તિનો બનતો ઉપયોગ કરીને ખેલાડીઓ પૂરા વેગ સાથે દોડે છે. બધાને સરખું પારિતોષિક મળતું હોય તો બધા બેસી જાય.

અમેરિકાનું અંધ અનુકરણ કરવાનું નહિ જ હોય, પરંતુ ત્યાંની જીવનપ્રથાનાં પાસાં વિવેકપૂર્વક વિચારવા જેવાં ખરાં. એ દેશમાં લોકો સખત કામ કરનારા હોય છે એનું એક સીધું ને પ્રબળ કારણ એ છે કે ત્યાં કોઈની નોકરી સલામત નથી. સહેજ ઢીલું મૂકે તો નોટિસ વગર કાઢી મૂકે. પછી ઢીલું મૂકે કોણ ? નોકરી વગર એ મોંઘવારીમાં તો નહિ ચાલે, અને સહેજ બેદરકાર બની જઈએ તો નોકરી જાય. પછી બેદરકાર બનવું પાલવે કોને ? બિનસલામતી છે એટલે જ ઉધમ છે. અકારી વાત છે પણ સાચી છે.

ત્યાંના લોકોને શુક્રવારનો ડર લાગે છે એમ પોતે કહે છે. શનિ–રવિ તો રજા હોય છે, માટે શુક્રવારે છૂટે ત્યારે પછી ફરીથી સોમવારે ઑફિસે આવવાનું થાય, એટલે એનો લાભ લઈને શુક્રવારે ઑફિસેથી જતી વખતે ઉપરી કોઈને બોલાવે અને કહે : "તમારે સોમવારે આવવાની જરૂર નથી." બસ રુખસત મળી. નોકરી છૂટી. અગાઉથી કોઈ ખબર નહિ ને કોઈ ચેતવણી નહિ. ચર્ચા પણ નહિ અને ફરિયાદ પણ નહિ. આટલી સરળ વાત ને આટલા સરળ શબ્દોમાં. સોમવારે આવવાની તસ્દી ન લો. મહેરબાની. આવવાનું નહિ એટલે ઘેર બેસી રહેવાનું. એટલે કે બીજી નોકરી શોધવાની. એ મળે તો છેવટે જોડાઈ જવાનું. અને ત્યાં કામ કરવાનું.... કોઈ શુક્રવાર સુધી ! ક્યારે છૂટો કરે, શા માટે છૂટો કરે એ પૂછવાનું નહિ. બસ, શુક્રવાર ગયો એટલે બીજા શુક્રવાર સુધી નોકરી છે આટલું જાણીએ. ને આટલું જાણીને કામમાં પૂરું ધ્યાન આપવાનું, કારણ કે વચ્ચે જો કોઈ ભૂલચૂક થાય તો શુક્રવારે ખબર પડશે.

એવી પરિસ્થિતિમાં મુકાવાની હું કોઈને ભલામણ કરતો નથી, પણ એ વાત નિર્વિવાદ છે કે જે એવા સંયોગોમાં કામ કરે તે પોતાનામાં છે એ પોતાની આખી શક્તિ વાપરે. કામની આટલી અનિશ્ચિતતા સારી નથી, પણ આપણે ત્યાં પૂરી સ્થિરતા છે એ પણ સારી નથી.

આપણે ત્યાં શુક્રવારે તો શું પણ સોમવારથી રવિવાર સુધી કોઈ પણ દિવસે કોઈ અધિકારીની મગદૂર નથી કે પોતાના હાથ નીચે કામ કરનારાઓમાંથી કોઈને છૂટો કરે. કરવા જાય તો ફરિયાદ અને હડતાળ અને ઘેરાવ અને કોર્ટમાં ધક્કા. શિક્ષક ગમે તેવું ભણાવે તોય આચાર્ય લાચાર. અને શિક્ષક એ જાણે છે, પછી એ આદર્શ કામ કરવા તકલીફ શું કામ લે ?

માણસ તો સ્વભાવે પ્રમાદી હોય છે, અને અર્ધાથી ચલાવી શકે તો પૂરું નહિ કરે. માટે જ વિદ્યાર્થીઓ સો ટકા ઑપ્શનની માગણી કરે છે, કારણ કે ત્યારે અર્ધા અભ્યાસક્રમથી ચલાવી શકે. પૂરો ન કરી શકે એમ નથી, કરી જ શકે છે. પણ અર્ધી કિંમતે માલ મળે તો પૂરી કોણ આપે ? દુઃખની વાત એટલી જ છે કે અહીંયાં પૈસા ખર્ચવાની વાત નથી પણ બુદ્ધિ કસવાની વાત છે ને એમાં બુદ્ધિ કસનારને ફાયદો છે. જેમ વધારે કસે તેમ વધારે મેળવે. એની મૂડી ઓછી થતી નથી, વધે જ છે. તોય એને બુદ્ધિ કસવાની જરૂર પડશે તો જ કસશે. અને તેથી એના ભલા માટે જ એને એવી ફરજ પાડવી જોઈએ. પરીક્ષામાંથી સો ટકા ઑપ્શન કાઢવું જોઈએ, ખરું જોતાં બધી જાતનું ઑપ્શન કાઢવું જોઈએ જેથી આખો અભ્યાસક્રમ તૈયાર કરવાની ફરજ પડે અને બુદ્ધિની પાસેથી બધા પૂરું કામ લેતા થાય.

જીવનમાં સલામતી નથી. માટે પરીક્ષામાં પણ પૂરી સલામતી હોવી ન જોઈએ. થોડી બિનસલામતી આવવા દઈએ જેથી આપણા ઉધમી અને તેજસ્વી વિદ્યાર્થીઓ જાગે અને પોતાની પૂરી શક્તિ બહાર લાવીને પોતાની જાતને જ પૂરો ન્યાય પણ આપે એમાં એમને લાભ છે.

કામચોરી અને સ્વમાનચોરી

કામચોર શબ્દ આપણી પાસે છે. હું એમાં સમયચોર, શક્તિચોર, બુદ્ધિચોર ઉમેરી દઉં છું. ને કદાચ સ્વમાનચોર અને આત્મચોર સુધી જવું પડે, કારણ કે જે સશક્ત યુવાન પોતાની શક્તિ પ્રમાણે કામ ન કરે તે પોતાની જાતનો દ્રોહ કરીને પોતાના આત્માની સમૃદ્ધિ લૂંટી રહ્યો છે. અને એ સૌથી હાનિકારક લૂંટ છે.

અર્ધું કામ કરનારને (અને એ હિસાબે પરીક્ષામાં સો ટકા ઑપ્શન માગનારને) બમણું નુકસાન થાય છે. એક, કે અર્ધા જ્ઞાનથી વંચિત રહે; અને બીજું, કે છેતરામણું કામ કરવા ટેવાઈ જાય. આ બીજું નુકસાન મોટું નુકસાન છે. જીવનની ટેવો યુવાનીમાં પડે, અને આ એક ખતરનાક ટેવ છે. અર્ધું કર્યું તોય ફાવી ગયો. અર્ધો અભ્યાસક્રમ છોડ્યો તોય પરીક્ષામાં પાસ થયો. એટલે ખોટો ખ્યાલ બંધાયો કે બસ, જીવનમાં અર્ધાથી ચાલે. પૂરું કરવાની જરૂર નથી. એટલે આરામ કરવા દો, બેસવા દો, ઊંઘવા દો. આરામની જ જિંદગી છે.

એમાં હવે જ્ઞાનની વાત જવા દો, પરીક્ષાની વાત જવા દો. ફક્ત સ્વમાનની વાત લો. મારી સામે એક કામ પડેલું છે. હું એ પૂરું કરી શકું એમ છું. મારામાં શક્તિ છે, આવડત છે, મારી પાસે પૂરતો સમય છે અને સાધનો છે. પણ ઇચ્છા નથી, મરજી નથી, મૂડ નથી. બસ. રહી જાય. એકદમ તો રહી ન જાય, કારણ કે કંઈક તો કરવું પડશે. પૈસા કમાવા કે નોકરી ચાલુ રાખવા અથવા પરીક્ષા પાસ કરવા (ને નહિ તો આપણે હજી જીવતા છીએ એ સિદ્ધ કરી આપવા) કશુંક કરવું પડશે. પણ કશુંક જ. થોડુંથોડું. ઓછામાં ઓછું. સસ્તામાં સસ્તું. અર્ધાથી ચાલે તો પૂરું કોણ કરવા જાય ? બે પાનાંથી ચાલે તો ચાર કોણ લખે ? એક કલાકથી ચાલે તો બે કલાક કોણ બેસે ? એ આળસનું ગણિત છે.

સ્વમાનનું ગણિત ઊલટું છે. હું બે કલાક કામ કરી શકું તો એકથી સંતોષ ન માનું, ચારગણું કામ કરી શકું તો બેગણાથી ન ચલાવું. મારું કામ છે એટલે મારી આબરૂ છે. મારો સમય છે એટલે મારું જીવન જ છે. એ સસ્તામાં ન આપું. કામ કરવું કે ન કરવું એ મારી પસંદગી છે. કદાચ ન પણ સ્વીકારું અને રહેવા દઉં. પણ જો લઉં તો પૂરું લઉં અને પૂરું કરીને જ જંપું, કામ કેવું થશે એ ખબર નથી, પણ મારાથી બન્યું એ સારામાં સારી રીતે મેં કર્યું એ સંતોષ મને રહેવો જોઈએ.

એક વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરે છે. પકડાતો નથી અને પાસ થાય છે. એને રાહત હશે કે છટકી ગયો, આનંદ હશે કે પાસ થયો, કદાચ દોસ્તોની આગળ બડાઈ પણ મારશે કે હું ચોરીથી પાસ થયો અને પકડાયો નહિ. પણ હું વિચાર કરું છું કે એના દિલમાં ઊંડેઊંડે કેવા ભાવ રહ્યા હશે. છેતરશપડી તો થઈ પણ કોના ભોગે ? ચોરી કરવામાં આવી, પણ કોની પાસેથી ? પોતાની જાતની પાસેથી. સ્વમાનની ચોરી છે, આત્માની ચોરી છે. ચોરી કરવાથી પોતાનું સ્વમાન ઓછું થઈ ગયું છે એટલે એની ચોરી થઈને ? બહારથી એને પરીક્ષામાં પાસ થયાનું પ્રમાણપત્ર મળ્યું. અંદરથી એને ચોર હોવાનું પ્રમાણપત્ર મળ્યું. એ અશુભ પ્રમાણપત્ર એના સ્મરણપટ ઉપરથી કદી ભૂંસાશે નહિ. પરીક્ષા જેમ તેમ પાસ કરવાથી ગમે કેટલા ફાયદા થયા હોય, પણ એની સાથે આ ભારે નુકસાન પણ થયું છે. માનહાનિ થઈ છે.

જે વિદ્યાર્થી અર્ધો કોર્સ તૈયાર કરી શકે તે આખો કોર્સ તૈયાર કરી શકે. બુદ્ધિ તોએ જ છે અને એક પાઠ કરતાં બીજો થોડો સહેલો–અઘરો હોય એ તો બને, પણ આટલો ફેર તો નહિ કે એક સમજાય અને બીજો બિલકુલ ન સમજાય. જે મગજમાં એક આવે તેમાં બીજો પણ આવે. બુદ્ધિ છે તે જેમ અર્ધું કામ કરી શકે તેમ પૂરું પણ કરી શકે. બુદ્ધિને પોતાનું કામ કરતાં થાક લાગતો નથી અને વાંધો આવતો નથી. ઊલટું, બુદ્ધિને બુદ્ધિનું કામ કરવું ગમે છે, ને એમાં એને

આનંદ આવે અને સ્ફૂર્તિ આવે. બુદ્ધિનો અવિશ્વાસ કરીને એને ફક્ત અર્ધું-અર્ધું કામ કરવા દે ત્યારે જ એને ખોટું લાગે.

અને જેમ બુદ્ધિ છે તેમ વિદ્યાર્થીથી પાસે સમય પણ છે. ફરિયાદ છે કે અભ્યાસક્રમ લાંબો છે અને પૂરો ન થાય. પણ વર્ષ પણ લાંબું છે અને પહેલેથી જ જો વાંચવાનો કાર્યક્રમ ચાલુ થાય તો આરામથી બધું વાંચી શકાય. કરુણ વાત એ છે કે અર્ધા વર્ષ દરમિયાન વિદ્યાર્થી કશું કરતો નથી અને કંટાળી જાય છે અને વર્ષનો બીજો ભાગ આવે ત્યારે ગભરાઈ જાય, કોર્સ હવે પૂરો નહિ થાય એનો ડર લાગે અને એ અર્ધો કરાવવા પરીક્ષામાં સો ટકા ઑપ્શનની માગણી લઈને એ હડતાળના મેદાને ચડી જાય.

તમારા ખિસ્સામાંથી કોઈ પૈસા ચોરી લે તો તમે ધૂંઆપૂંઆ થઈ જાઓ. પૈસા કરતાં સમય વધારે કીમતી મૂડી છે એ તમે પોતે ધૂળમાં નાખી દો છો ત્યારે શું અંતરમાં કશું થતું ન હોય ?

એક મિલના દરવાજે હું ઊભો હતો. કામદારો દિવસનું કામ પૂરું કરીને બહાર નીકળતા હતા. નીકળવાના રસ્તાની વચ્ચે પહેલવાન જેવો એક પ્રચંડ આદમી ઊભો હતો. એ કામદારો જેવા નીકળતા હતા તેવા એકએકને લઈને એનાં ખિસ્સાં તપાસતો અને એનાં કપડાં ફંફોસતો. રખે ને કોઈ માલ કે ઓજાર કોઈ મિલમાંથી ઉપાડતો ન જાય. મને વિચાર આવ્યો. કૉલેજ છૂટતી વખતે કૉલેજને આંગણે એવા પહેલવાનને ઊભો રાખીએ અને કોઈ વિદ્યાર્થી સમયની ચોરી કરીને ન જાય એની ખાતરી કરીએ તો ?

સમયચોરી, કામચોરી, આત્મચોરી. શું, આપણે ચોરોની પ્રજા બની ગયા ?

ટૅક્સીની મુસાફરી અને સમયની કિંમત

હું ટૅક્સીમાં બેઠો હતો. અંતર જરા લાંબું હતું અને ભાડાના દર હમણાં વધાર્યા હતા એટલે મનમાં ગણતરી કરી કરીને અને ચિંતા કરી કરીને હું મીટરની સામે જોતો હતો. એક આંકડા ઉપર બીજો જલદી ચડતો હતો, અને આપણે પહોંચીશું અને છેલ્લો આંકડો આવશે ત્યારે ટૅક્સીવાળો નવું છાપેલું કાર્ડ કાઢશે ને એમાં આ છેલ્લો આંકડો વધીને કેટલો થઈ ગયો છે એ અભિમાનપૂર્વક બતાવશે અને આપણે નમ્રતાપૂર્વક એની પૂરી રકમ આપવાની રહેશે — બક્ષિસના થોડા પૈસા ઉમેરીને.

એમાં રસ્તામાં ટ્રાફિક લાઇટ આવે છે તે લાલ થઈ જાય છે. આપણે ઊભા. એટલે કે ટૅક્સી ઊભી રહી, પણ મીટર ઊભું રહે શાનું ? એ તો આગળ ને આગળ. ટક, ટક, ટક. બીજો આંકડો ચડ્યો. અને બત્તી લાલ. મોટરોની લાઇન લાગી છે. પણ બત્તી એકની બે નહિ થાય. એટલે કે લાલની લીલી નહિ થાય. અને મીટર ચડે છે. ટક, ટક, ટક. બીજો આંકડો. શું પેલી બત્તી બંધ થઈ છે અને લાલ ઉપર જ અટવાઈ ગઈ કે શું ? કેટલી વાર લાગે છે ! જો, હવે લીલી થઈ ! જલદી કરો ! પણ જલદી કરે કોણ ? આટલી બધી મોટરો ભેગી થઈ છે એ જલદી એકીસાથે કેમ ચલાવાય ? ધીમેધીમે વણજાર ચાલે. બીક લાગે છે કે આપણો વારો આવે ત્યાં સુધી બત્તી ફરીથી લીલીની લાલ બની જશે. હાશ, છૂટ્યા ! જલદી ચલાવો. સામે બીજી ટ્રાફિક લાઇટ આવે છે. ચાલો, એ લાલ થાય તે પહેલાં પહોંચી જઈએ. એવી કેટલી લાલ બત્તીઓ હજી નડશે ? અને વચ્ચે કોઈ મોટરોની જમાત જામી જાય તો ? ને મીટર ચાલુ ને ચાલુ. ટૅક્સીની મુસાફરી ખરેખર ત્રાસ જ છે.

હું આટલો અધીરો કેમ બની જાઉં છું ? આખરે ખિસ્સામાં પૈસા તો છે જ, ને ટૅક્સીવાળો માગશે તેટલા આપી શકીશ અને હજીય વધશે. તો પછી જીવ કેમ ઊંચો રહે, શ્વાસ અધ્ધર કેમ રહે, મીટરનું અવિરત નિરીક્ષણ મને કેમ અસ્વસ્થ બનાવી દે છે ? કેમ કે સમયની કિંમત હું ક્ષણે-ક્ષણે પૈસામાં અંકાતી જોઉં છું. આટલી મિનિટના આટલા રૂપિયા. એટલે મન ત્રિરાશી માંડે છે. તો આટલી મિનિટ બાકી છે એના કેટલા ? એકએક ક્ષણની કિંમત છે, અને મીટર ટક ટક કરીને મને એની યાદ દેવરાવે છે.

સમયની કિંમત છે. શું હું એ જાણતો નહોતો ? શું એ માટે મારે ટૅક્સીમાં બેસવાની જરૂર હતી ? મીટર સામે જોવાની જરૂર હતી ? એનો ટક ટક અવાજ સાંભળવાની જરૂર હતી ? રૂપિયાનો આંકડો જોવાની જરૂર હતી ? સમયની કિંમત છે એ હું જાણું છું, સ્વીકારું છું, બીજાઓને કહું છું. પણ એ હકીકત મનમાં રહે છે, અધ્ધર રહે છે, હવામાં રહે છે. અને ખરેખર સાચી, વાસ્તવિક, અસરકારક બનતી નથી. સમયની કિંમત રૂપિયામાં જોવાય ત્યારે જ આંચકો લાગે અને જાગી જવાય, પછી ટૅક્સીમાંથી ઊતરીશ ત્યારે ભાડું ચૂકવીશ, ઘેર જઈશ, હાશ કરીને બેસી જઈશ અને કલાકો સુધી સમય નકામો જતો જોતો રહીશ. કોઈ એના રૂપિયા લેવાનું નથી ને !

ખરું જોતાં આ ઘરનો સમય વધારે કીમતી છે. ટૅક્સીનો સમય કામની દૃષ્ટિએ તો નકામો છે, એમાં કોઈ કામ ન થાય, જ્યારે ઘેર બેઠાબેઠા અનેક સારાં કામ થઈ શકે, એટલે એની કિંમત વધારે છે. પણ એમાં મીટરનો ટક ટક ટક અવાજ આવતો નથી એટલે સમય ખાલી ને ખાલી જાય છે. કલાકો જાય, દિવસો જાય, અરે આખી જિંદગી જાય, ને એમાં કોઈ સારું કામ, પુરુષાર્થ, સાધના તો થયાં નહિ. ભાન થતું નથી, યાદ રહેતું નથી, સમયની કિંમત છે એની યાદ દેવરાવવા માટે ઘરમાં કોઈ યંત્ર નથી, મીટર નથી, એટલે આળસ જામી જાય અને જન્મારો વ્યર્થ જ જાય.

તો આટલું કરીએ ? મગજમાં એવું યંત્ર બેસાડીએ કે જે સ્થૂળ અવાજથી નહિ, પણ સૂક્ષ્મ જાગૃતિથી આપણને ભાન કરાવતું જાય કે આ એક નવો દિવસ આવ્યો, બીજો કલાક વાગ્યો, બીજી ઘડી આવી, ને તમે જીવનની ટૅક્સીમાં બેઠા છો અને દરેક સેકન્ડનું મૂલ્ય છે, અને એનો ઉપયોગ કરશો તો જીવન સાર્થક થશે ને નહિ તો નકામું જશે અને કાયમ માટે એનો પસ્તાવો રહેશે.

ટક ટક ટક. જીવન ચાલે. સમયનાં વહેણ વહેતાં જાય છે. ટક ટક ટક. આ કલાક ગયો, આ દિવસ ગયો, આ વર્ષ ગયું. ટક ટક ટક. યુવાની ગઈ. ટક ટક ટક. અર્ધી જિંદગી ગઈ. સમય કીમતી છે. માનવદેહ મોંઘો છે. તક અનેરી છે. મીટર બંધ થતું નથી. તો મીટર ચાલે ત્યાં સુધી એમાં પડતા એકએક રૂપિયાનો સદુપયોગ કરતાં શીખીએ.

પરીક્ષકને પણ રાહત !

ઑપ્શનની પ્રથા સ્થાપવામાં શિક્ષકોનો ફાળો ઓછો નથી. પ્રથમ ઑપ્શનના અધિકારી પોતે બની જાય ને ! એટલે કે વર્ગમાં શું ભણાવવું અને શું નહિ ભણાવવું. ભણાવેલા ભાગમાંથી હજી પછી વિદ્યાર્થી નક્કી કરશે કે મારે શું ભણવું અને શું છોડવું, પણ ઑપ્શનનો પહેલો અમલ તો શિક્ષકે જ વર્ગમાં કર્યો છે. જુઓ, આ પાઠ અઘરો છે અને પરીક્ષામાં ઑપ્શન તો છે જ. હું તમને આ પાઠ ભણાવું તોય મને ખાતરી છે કે તમે એ ઑપ્શનમાં નાખવાના જ છો, એટલે એના કરતાં પહેલેથી જ છોડી દઈએ તો આપણો સમય બચે અને બીજી તૈયારી પાકી કરવામાં એનો ઉપયોગ કરી શકીએ. બરાબર ?

હા, હા, બરાબર છે. જ્ઞાની ગુરુની આજ્ઞા માથે ચડાવવા ડાહ્યા શિષ્યો ઉત્સુક હોય જ. ઑપ્શનમાં નાખો. અમે નાખવાના હતા તો તમે નાખો. કોઈ વાર અભ્યાસક્રમમાંથી શું લેવું અને શું છોડવું એ કહેવું મુશ્કેલ છે, તો એ આપણને કહી દે તો શું ખોટું ? હા, થોડુંક તો આપણા ઉપર છોડે, કારણ કે આપણે પણ આપણા એ મૂળભૂત અધિકારનો અમલ કરવો છે એટલે કહેવું છે કે આ લઉં ને આ છોડું. બાકી અમુક પાઠ માટે શિક્ષક પોતે કહે કે આ પહેલેથી જ છોડવાનું તો જરૂર છોડી દઈએ. સારા કામમાં આપણો સહકાર હોય જ.

આ પ્રકરણ અઘરું છે એટલે છોડી દઈએ એમ શિક્ષક કહે છે. અઘરું તે કોને માટે ? પોતાને માટે ને ! એટલે કે એ પ્રકરણ શિક્ષકને ગમતું નથી, કદાચ એને આવડતું પણ નથી, અને એટલા માટે જ પોતે એ ઑપ્શનમાં નાખવા માગે છે. શિક્ષકનું કામ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું હોય છે, અને આ તો ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન કહેવાય. આ રીતે વિદ્યાર્થીઓ ઉપરનો માનસિક બોજો ઓછો થાય અને સૌનું કલ્યાણ થાય. હા, વિશેષ શિક્ષકનું !

મેં ગણિતનાં કેટલાંક પાઠ્યપુસ્તકો લખ્યાં છે એટલે કોઈ વાર મારા ઉપર એવા પત્રો આવે છે કે, "તમારા પુસ્તકમાં ફલાણા પાના ઉપર આ દાખલો આવે છે એ મને બેસતો નથી એટલે એનો ઉકેલ લખી મોકલવાની મહેરબાની કરજો." કોઈ વાર એક નહિ પણ ત્રણ-ચાર અથવા તો એકીસાથે આખી લાંબી યાદી મોકલે છે. મને વિચાર આવે છે : આ વિદ્યાર્થી પત્ર લખીને મને આ પ્રશ્નો પૂછે છે એને બદલે એ પોતાના શિક્ષકને પૂછવા જોઈતા હતા તો એને પૂછ્યા કેમ નહિ ? મારા આ તર્કના મને આપોઆપ કેટલાક જવાબો સૂઝે છે. કદાચ પૂછ્યા હશે અને શિક્ષકને આવડ્યા ન હોય. કદાચ પૂછ્યા ન હોય, કારણ કે શિક્ષકે એ પૂછવાની તક જ આપી નહિ હોય. શિક્ષકને પોતાના જ્ઞાનનો વિશ્વાસ ન હોય ત્યારે આવડે તેટલું ભણાવે પણ વિદ્યાર્થીઓ આગળ પૂછી શકે એવી વ્યવસ્થા તો ન કરી આપે. વિદ્યાર્થીઓ એ જાણે છે અને પાઠ્યપુસ્તકના લેખકને પત્ર લખવાનું વિચારતા થાય છે. ને કદાચ એ પણ બને કે શિક્ષકને પ્રશ્ન ન આવડે, સીધું લખતાં એને શરમ લાગે અને વિદ્યાર્થીની પાસે પત્રો લખાવે અને પુછાવે. કોઈ વખત સંકોચ વગર શિક્ષક પોતે મારા ઉપર પત્ર લખે અને પોતાને પ્રશ્ન ન આવડે એ કહે ને એનો ઉકેલ મારી પાસેથી માગે.

એટલે અમુક પ્રશ્નો શિક્ષકને ન આવડે એ હકીકત છે. જેમતેમ કરીને જો એનો ઉકેલ લાવી શકે તો હજી ચલાવી શકે. પરંતુ જો એવા પ્રશ્નો આવડ્યા વગર રહે અને વર્ગમાં એ પ્રકરણ ચલાવે તો સંભવ છે કોઈ વિદ્યાર્થી એ કૂટપ્રશ્નો વિશે પૂછશે, અને એ જોખમ તો લેવાય નહિ માટે પ્રકરણ ન ચલાવવું સારું. એ અઘરું છે એમ કહીશું, પહેલેથી જ ઑપ્શનમાં નંખાવીશું અને બધા સહીસલામત રહીશું. એ રીતે ઑપ્શનની પ્રથા સૌનું હિત સાચવે છે.

એક જમાનો હતો જ્યારે આખા વર્ષમાં આખો અભ્યાસક્રમ વર્ગમાં આવરી લેવો એ

શિક્ષકને માટે આબરૂનો સવાલ હતો. હવે આબરૂ આખો કોર્સ કરવામાં ને કરાવવામાં નહિ પણ યોગ્ય ઑપ્શન બતાવવામાં હોય એવું લાગે છે. ઑપ્શનનો ચેપ સૌને લાગ્યો છે.

મને દયા ફક્ત પેપર કાઢનારાઓની આવે છે. વિદ્યાર્થી ગમે તેટલું છોડી શકે, ને શિક્ષક પણ ગમે તેટલું છોડી શકે, પરંતુ બિચારા પેપર કાઢનારાએ આખું પેપર કાઢવું પડે. શું એમને માટે હવે હિલચાલ ન ચલાવીએ કે એમને પણ સો ટકા ઑપ્શન જોઈએ અને ફક્ત અર્ધો અભ્યાસક્રમ લઈને પેપર કાઢવાનું રહે ? તો પૂરો ન્યાય થાય.

અને પરીક્ષકને રાહત રહે તો પાઠ્યપુસ્તક લખનારને કેમ નહિ ? હવે ખ્યાલ આવ્યો. મારા બીજા પુસ્તકમાં હવે મારે સો ટકા ઑપ્શન લેવાનું, અર્ધા ભાગનાં પ્રકરણો કાઢવાનાં અને તમામ અઘરા કૂટપ્રશ્નો જરૂર કાઢી નાખવાના. એનો એક ફાયદો તો થશે. વિદ્યાર્થીઓ હવે ગણિતના પ્રશ્નોના ઉકેલ માટે મારા ઉપર પત્રો નહિ લખે !

કોર્સની બહારનો પ્રશ્ન

એક યુનિવર્સિટીમાં ગણિતની એક ઉચ્ચ પરીક્ષામાં પેપર કાઢવાનું ને તપાસવાનું કામ હું બીજા પ્રાધ્યાપકોની સાથે કરતો હતો. મને સોંપ્યું હતું એ વિષયના પ્રશ્નો મેં બરાબર વિચારી લીધા, એમની ચકાસણી કરી અને વ્યવસ્થિત રીતે લખીને રજૂ કર્યા. એમાં એ જ યુનિવર્સિટીમાં કામ કરનાર એક પ્રાધ્યાપકે મેં કાઢેલા એક પ્રશ્નની સામે વાંધો લીધો અને કહ્યું : ''આ પ્રશ્ન કોર્સની બહાર છે.''

હું ચમક્યો. પ્રશ્નપત્રમાં આવેલ પ્રશ્ન ખરેખર કોર્સની બહારનો હોય એ એક ભારે આરોપ છે, કારણ કે એમ હોય તો વિદ્યાર્થીઓ તરફથી ફરિયાદ થવાની, ફરિયાદ થશે એટલે તપાસ થશે, ફરિયાદ સાચી નીવડશે, પરીક્ષાના માર્કમાં સુધારો કરવો પડશે.... અને પેપર કાઢનારને ભારે સજા કરવામાં આવશે. મોટી વાત હતી એટલે જવાબ આપતાં પહેલાં મેં ખાતરી કરી. અભ્યાસક્રમ જોયો, ધ્યાનથી વાંચ્યો, એમાં એ પ્રશ્ન સ્પષ્ટ અને સીધો હતો એ નજરે જોયું, અને શબ્દો નોંધીને જ મેં નમ્રતાથી એ પ્રાધ્યાપકને કહ્યું : ''માફ કરજો, પણ એ પ્રશ્ન તો કોઈ શંકા વગર અભ્યાસક્રમમાં છે જ. જુઓ, આ વાંચો. એ ફકરામાં મારો પ્રશ્ન સમાયેલો છે કે નહિ ?'' ત્યારે એણે પોતાનો મુદ્દો સ્પષ્ટ કર્યો : ''હા, અભ્યાસક્રમમાં છે એ હું કબૂલ કરું છું અને એ હું જાણતો પણ હતો; પણ મારું કહેવું એ છે કે અભ્યાસક્રમનો એ ભાગ અમે તો ભણાવ્યો નથી, એટલે કે ક્લાસમાં ચાલ્યો નથી, અને એમાંથી જો પૂછીશું તો વિદ્યાર્થીઓ નિરાશ થશે, અને આપણે વિદ્યાર્થીઓને નિરાશ તો નથી કરવા ને ? એટલે એ પ્રશ્ન કાઢી નાખીએ તો સારું એટલું જ હું કહેવા માગતો હતો.''

વિધાના ધામે અંધેર. એક તો કોર્સનો આટલો ભાગ નહિ ભણાવે. નહિ ભણાવે એટલે પરીક્ષામાં નહિ પૂછે અને નહિ પૂછવા દે. એ માટે પ્રશ્ન કોર્સની બહાર છે એ કહેવા પણ તૈયાર થાય અને જેમ તેમ કરીને એ કઢાવી નાખવા માગે. નહિ તો બિચારા નિર્દોષ વિદ્યાર્થીઓ નિરાશ થાય ને ?

વિદ્યાર્થીઓને કેમ નિરાશ થવા દેવાય ? આપો સગવડ, ઘટાડો અભ્યાસક્રમ, અઘરા ભાગો પુછાશે નહિ એની ખાતરી આપો જેથી એની ચિંતા કરવાની ન હોય, ચાલેલા કોર્સમાંથી જ પુછાશે ને એમાં હજીયે સો ટકા ઑપ્શન આવશે જેથી કોઈને વાંધો ન આવે. પ્રથમ તો વિદ્યાર્થીઓનું હિત જોવાનું છે ને ! એમના નાજુક મન ઉપર વધારે પડતો બોજો નખાય તો માઠી અસર પણ પડી શકે ને ! એટલે જરૂર ચેતી જઈએ અને અઘરો પ્રશ્ન કાઢી નાખીએ.

મેં કહ્યું : ''અનેક ભૂલો થઈ છે. અભ્યાસક્રમનો એક અગત્યનો ભાગ ન ભણાવ્યો. વિદ્યાર્થીઓને અભયદાન આપ્યું કે આમાંથી પુછાશે નહિ. બહારના પરીક્ષકે જ્યારે એમાંથી પ્રશ્ન પૂછ્યો ત્યારે એ કઢાવવાનો પ્રયત્ન કર્યો, અને એ પણ પ્રશ્ન કોર્સ બહારનો છે એ ખોટો આરોપ મૂકીને. પછી બહારના પરીક્ષકની નિમણૂકનો શો અર્થ ?'' છેવટે પ્રશ્ન પુછાયો.

એ પરીક્ષાનો બીજો એક દુઃખકારક પ્રસંગ. નિયમ એવો હતો કે દરેક ઉત્તરપત્ર બે પરીક્ષકો અલગ-અલગ સ્વતંત્ર રીતે તપાસે અને બેના આંકણની સરેરાશ કાઢીને ગુણ ગણાય. એમાં સખત શરત હતી કે એક પરીક્ષકે મૂકેલા માર્ક બીજો ન જુએ, નહિ તો આ બેવડા આંકણનો હેતુ સાવ નીકળી જાય. અલબત્ત, જો બેની વચ્ચે બહુ અંતર હોય તો (ગણિત જેવા ચોક્કસ વિષયની વાતમાં !) એનો અર્થ એ થાય કે એક પરીક્ષકને (ને કદાચ બંનેને !) વિષય બરાબર નહિ આવડે એટલે મૂલ્યાંકન કરતાં આટલો ફેર પડ્યો. એવું બને તો એ ઉત્તરપત્ર ત્રીજા પરીક્ષકની પાસે મોકલવો એવો નિયમ હતો.

એ સંદર્ભમાં અમે પરીક્ષકો પેપરો નક્કી કર્યા પછી છૂટા પડતા હતા ત્યારે એક પરીક્ષકે

બીજા પરીક્ષકને કહેલા અને મારા કાને પડેલા શબ્દોનો અર્થ સમજાશે : ''પેપરો તમે પહેલાં તપાસજો અને તમે જે માર્ક આપ્યા એનું લિસ્ટ મને ખાનગીમાં મોકલજો. એ રીતે આપણી કામગીરીમાં વાંધો નહિ આવે.''

એનો અર્થ આ હતો : ''મને એ વિષય આવડતો નથી, માટે સ્વતંત્ર રીતે પેપરો તપાસું તો ખૂબ ફેર પડવાનો સંભવ છે, અને એવું થશે તો ત્રીજા પરીક્ષકને નીમવો પડશે અને આપણી નામોશી થશે. માટે તમારા માર્ક મોકલો જેથી એ જોઈને હું મારા મૂકું અને સારો મેળ બેસે.''

એ પ્રસંગ યાદ કરતાં વિચાર આવે છે. એ પ્રાધ્યાપકે પણ એ આખો વિષય ઑપ્શનમાં નાખ્યો હશે !

રોજ કેટલા કલાક ?

ગણિતની એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં હું ભાગ લેતો હતો. આખી દુનિયાના સૌથી પ્રભાવશાળી ગણિતજ્ઞો ત્યાં ભેગા થયા હતા. બુદ્ધિનો ખરો મેળો હતો. વૃદ્ધ સંશોધકો અને યુવાન અભ્યાસીઓ, જેમનાં નામ બધા જાણતા એવા પ્રૌઢ વિચારકો, અને જેમનાં નામ હમણાં-હમણાં સંભળાવા લાગ્યાં હતાં એવા ભાવિના તારાઓ. પરિષદમાં પહેલું વ્યાખ્યાન આપવાનું માન ફ્રેંચ ગણિતશાસ્ત્રી આગ્તેનની પાસે ગયું. પૂરા એક કલાક સુધી સૌ સભ્યોની આગળ પ્રવચન કરવાનો એને ગૌરવપૂર્ણ અધિકાર મળ્યો, અને એણે એનો પૂરો લાભ પણ લીધો. ગણિતના ક્ષેત્રમાં નવીનવી શોધો, એમાં એનું પોતાનું યોગદાન, અને ભવિષ્ય માટે નવીન અભ્યાસદિશાઓની ઝાંખી એણે એક કલાકના સમયમાં કુશળતાથી અને વિદ્વત્તાથી સમજાવ્યાં. સાંભળીને ખુશ થવાય એવું એ જ્ઞાનનું અને બુદ્ધિનું આગવું પ્રદર્શન હતું, અને સાંભળનારાઓ એની પૂરી કદર કરી શકે એવા હતા. પ્રવચન પછી અનૌપચારિક રીતે એની સાથે થોડી વાતો કરવાની તક મળી એટલે મેં એને સહજ ભાવે એક પ્રશ્ન પૂછ્યો : “રોજ આપ કેટલા કલાક ગણિત વાંચો છો ?” એણે તરત જવાબ આપ્યો : “રોજ સોળ કલાક.” ને એનો જવાબ કાયમ માટે મારા મનમાં અંકાઈ ગયો.

સોળ કલાક. એટલે દિવસનો મોટો ભાગ ને એ પણ રોજ. કોઈ વિદ્યાર્થી પરીક્ષા માટે ન વાંચે એટલું એ સંશોધક જ્ઞાન માટે વાંચતો હતો. એણે કોઈ પરીક્ષા આપવાની નહોતી, આટલું બધું વાંચવાની કોઈ ફરજ નહોતી, પણ એ જાણતો હતો કે આજનું ગણિત ગહન અને વિશાળ છે અને દિવસે-દિવસે નવી શોધોની વૃદ્ધિ થતી રહે છે, એટલે આપણે ગણિતના ક્ષેત્રમાં આગળ રહેવું હોય તો રોજ-રોજ નવો અભ્યાસ કરતા રહેવું પડશે. આપણે ઊભા રહીશું તો જ્ઞાનનો પ્રવાહ આગળ વહેતો જશે અને ટૂંક સમયમાં લોકો આપણો ભાવ પૂછતા બંધ થઈ જશે. ફરીથી આંતરરાષ્ટ્રીય સંમેલનમાં બોલવાનું માન નહિ મળે.

કોઈ પણ સિદ્ધિની પાછળ મહેનત હોય છે, અને ભારે સિદ્ધિની પાછળ ભારે મહેનત હોય છે. એ જીવનનો નિયમ છે અને એ યુવાન માણસ જેમ વહેલો શીખે અને વહેલો અમલમાં મૂકતો થાય તેમ એને માટે સારું છે. જીવનમાં આગળ રહેવું હોય તો પૂરું કામ કરવું જોઈએ, અને ટેવ તો સહેલી નથી માટે જેમ વહેલી એ અપનાવવા પ્રયત્ન કરીએ તેમ સફળતા મળવાની વધારે સંભાવના રહે. બહુ કીમતી ટેવ છે અને આગળ ઉપર વિજય અપાવનાર છે. પૂરી નિષ્ઠાથી પૂરું કામ. મારાથી બને તેટલું. દસ કલાક તો દસ, અને સોળ તો સોળ. મારી મેળે અને અંતરના ઉમળકાથી. પરીક્ષા હોય કે ન હોય. ફરજ હોય કે ન હોય. મારી શક્તિ છે એટલે વાપરું છું. મારી બુદ્ધિ છે એટલે ખીલવું છું. એ રીતે મને આનંદ થાય, અને એ રીતે મારું જીવવું સાર્થક બની જાય. એ મને શોભે અને એ મને ખપે. એવો આગ્રહ હોય તો ખરેખર શક્તિ ખીલે અને જીવન પાંગરે.

પણ એમાં એ ઑપ્શન આડે આવી જાય. પૂરું કામ કરવાની પવિત્ર ટેવને યુવાન વયે તોડી નાખે. ઓછું કરો. અર્ધું કરો. પૂરું તો ધારો તો જરૂર કરી શકો. પણ કરવાનું નહિ. કોઈ નથી કરતું. જુઓ, બધા બૂમ પાડે છે સો ટકા ઑપ્શન માટે. તમે પણ પાડો. જરૂર મળશે. કોણ રોકનાર છે ? ખુદ સરકાર વિદ્યાર્થીઓથી ડરે છે. માગો એટલે મળશે. સરઘસ કાઢો એટલે બધું આપશે. પછી આરામ અને નિરાંત. કામ અર્ધું થયું એટલે સુખેથી કરી શકાશે. એટલે એમાં ડહાપણ છે. અર્ધા પૈસાથી માલ મળતો હોય તો પૂરા કોણ આપે ? અર્ધો કોર્સ કરવાથી ડિગ્રી મળે તો પૂરો કોણ કરે ? મૂરખાઈ છે ને ? ઓછી મહેનતે વધુ વળતર એ આપણો મુદ્રાલેખ. એ આધુનિક વિદ્યાર્થીનો ધર્મ છે.

અને એનો નાશ પણ છે. કારણ કે એક વાર ખોટી ટેવ પાડ્યા પછી એ હવે સહેલાઈથી નહિ છૂટે. આળસની કુટેવ વ્યસન જેવી છે. વળગે ત્યારે વળગે, પણ એક વાર બરાબર વળગી જાય પછી છોડાવવી મુશ્કેલ બનશે, અને જિંદગીમાં જુદીજુદી છટકબારીઓ શોધીને જીવશે. લાગવગ અને લાંચ અને અપ્રામાણિકતા અને ચોરી. સીધો રસ્તો લેવો નથી એટલે વાંકો લેવો પડશે. અને વાંકો લાંબી મુસાફરીમાં પગને વધારે થકાવે છે. વાંકી ગતિએ જીવનમાં આગળ ન જવાય.

જીવનનું એક લક્ષ્ય છે તે શ્રેષ્ઠતા. અને શ્રેષ્ઠતા સાધવાનો એક જ રસ્તો છે મહેનતનો. યુવાનીમાં મહેનતની ટેવ પડે, આગળ જતાં એ કામ લાગે અને જરૂર પડે તો હોંસે-હોંસે દિવસમાં સોળ કલાકનું કામ કરાવે.

જીવનમાં આગળ આવવું હોય તો પ્રામાણિકપણે પૂરું કામ કરવાની ટેવ વહેલી-વહેલી પાડવી જોઈએ. કોઈ પણ માનવીય પ્રવૃત્તિ માટે એ સાચું છે.

‘‘ચાલશે’’ હવે નહિ ચાલે !

એક વાર ‘‘ચાલશે’’ શબ્દ વિશે મેં એક લેખ લખ્યો હતો. હું ગુજરાતી શીખ્યો ત્યારથી એ શબ્દ સામે મારો રોષ હતો. વારેવારે હું એ સાંભળતો, અને સાંભળતો ત્યારે હંમેશાં દુઃખી થતો. એ શબ્દમાં બેદરકારી, આળસ અને અંધેર છે. એ શબ્દ ઉચ્ચારાય ત્યાંથી માણસનું સ્વમાન, કાર્યની ગુણવત્તા અને સમાજની સુવ્યવસ્થા તો ઊડી જ જાય છે. બધું ચાલે, બધું ચલાવી લેવાય. એટલે કે કશું ચાલતું નથી અને જીવનની ગતિ એ કુત્સિત શબ્દમાં રૂંધાઈ જાય છે.

એટલા માટે જ હું એ શબ્દને ધિક્કારતો હતો અને ગુસ્સાની સાથે જ એનો વિરોધ કરવા મેં એ લેખ લખ્યો હતો. પછી એ લેખ વિદ્યાર્થીઓના કોઈ પાઠ્યપુસ્તકમાં લેવાયો એટલે એમને વાંચવો પડતો. એ જ વિદ્યાર્થીઓ જ્યારે કૉલેજમાં મારા ગણિતના વર્ગમાં આવતા ત્યારે હું હંમેશાં એક પ્રયોગ કરી લેતો. ગણિતનો દાખલો ચલાવતાં-ચલાવતાં હું વચ્ચેથી અર્ધો મૂકીને અને પાટિયું ભૂંસીને જાણે થાકી ગયો હોઉં એમ કામ છોડી દેતો અને સ્પષ્ટ ઉચ્ચારથી ‘‘ચાલશે’’ શબ્દ બોલી જતો. બસ, સામેથી આખો વર્ગ બોલી ઊઠતો : નહિ ચાલે ! અને એ ઘોષણા સાંભળીને હું મનમાં હરખાઈ જતો.

મારી પાસેથી મારા વિદ્યાર્થીઓ આટલું શીખે તો મારું કામ સાર્થક ને મારી મહેનત વસૂલ. નહિ ચાલે ! ગણિતમાં નહિ ચાલે અને જીવનમાંય નહિ ચાલે. ગણિતનો દાખલો અધૂરો ન મુકાય, અને જીવનની સાધના પણ અધૂરી ન મુકાય. ગણિતમાં ચોકસાઈ જોઈએ, બારીકાઈ જોઈએ, અખિલાઈ જોઈએ. છેલ્લે સાચો ને ચોક્કસ ને એકનો એક જવાબ આવે તો દાખલો સાચો, ને નહિ તો ખોટો ને નકામો. અર્ધા દાખલાથી કશું નહિ થાય. અર્ધા દાખલાથી અર્ધા માર્ક પણ નહિ મળે. જવાબ ન આવે ત્યાં સુધી દાખલો અધ્ધર, અને અધ્ધર દાખલો કોઈ કામનો નથી.

નહિ ચાલે ! મારા વિદ્યાર્થીઓની પાસેથી મારા સાંભળેલા આ સૌથી મીઠા શબ્દો છે. મારી પાસેથી એ ગણિત લઈ જાય કે ન લઈ જાય એ નાની વાત છે, પણ આ બે શબ્દો સાથે લેતા જાય, યાદ રાખે, બોલતા રહે અને અમલમાં મૂકતા રહે એ મોટી વાત છે અને એ મને સાચો સંતોષ આપે છે. કોઈ ઉપયોગી જીવનમંત્ર હોય તો એ જ છે. નહિ ચાલે ! અર્ધો દાખલો નહિ ચાલે, અર્ધું કામ નહિ ચાલે, અર્ધો અભ્યાસક્રમ નહિ ચાલે. જીવનમાં કોઈ પણ પ્રસંગે ઢીલું મૂકવાનું મન થાય, ઓછું માપવાનું મન થાય, કાચું કરવાનું મન થાય, ત્યારે જોરથી એ મંત્ર બોલવાનો અને એ પ્રમાણે કરવાનું : નહિ ચાલે ! કામ હાથમાં લીધું તે પૂરું કરવાનું અને આવડે તેવી સારામાં સારી રીતે કરવાનું. હા, આપણી મર્યાદાઓ તો છે, અને સંયોગો જોવાના છે અને શક્યતાઓ તપાસવાની છે અને બધાની વચ્ચે શું થઈ શકે એ દર વખતે વિચારવાનું છે; પરંતુ એ માળખામાં રહીને આપણું કામ કેમ સારામાં સારું થાય એ જોવાનો આગ્રહ અને જવાબદારી રહેશે. કામ મોટું તો મોટું અને નાનું તો નાનું, પણ મારું છે એટલે મારાથી બને એવી સારામાં સારી રીતે એ થવું જોઈએ. સારું ચાલે એ મારે જોવું છે, ને નહિ તો... નહિ ચાલે !

મારા વર્ગમાં હવે ‘‘ચાલશે’’ શબ્દ સંભળાતો નથી. પણ વર્ગની બહાર તો રોજ સાંભળું છું. કાચી રસોઈ થઈ તોય ચાલશે, અધૂરી તૈયારી થઈ તોય ચાલશે, પુસ્તક ભૂલી ગયો તોય ચાલશે, હિસાબ બેઠો નહિ તોય ચાલશે. હા, અગવડ પડે અને હું એ ચલાવી લઉં એમાં ‘‘ચાલશે’’નો ઉપયોગ જરૂર કરી શકાય. રસોઇયાની બેદરકારીથી મને કાચું ભોજન મળે અથવા તો ભોજનમાં વધારે પડતું મીઠું નાખેલું મળે અને ફરિયાદ કરવાને બદલે હું સહન કરું અને બધાને ખબર પડી છે તોય ‘‘ચાલશે’’ કહીને હસતે મોંએ જમી લઉં તો એમાં સાચી

ઉદારતા છે. પરંતુ જે રસોઇયો બેદરકારીથી ભોજનમાં વધારે પડતું મીઠું નાંખે, અને ખબર પડે તોય "ચાલશે" કહીને અમને ખારું ભોજન ખવડાવે એને "ચાલશે" કહેવાનો કોઈ અધિકાર જ નહોતો. ચલાવી લેવામાં પુણ્ય છે, પણ લોકોને ચલાવી લેવું પડે એવી સ્થિતિમાં મૂકવા તે તો અધર્મ છે. એ માટેનો "ચાલશે"નો પ્રયોગ વર્જિત છે.

"ચાલશે" વિરુદ્ધનો શબ્દ છે "આગ્રહ." શાંતિથી, વિવેકથી, મક્કમતાથી પૂરા કામ, પૂરી મહેનત, પૂરા ફળનો નિષ્ઠાપૂર્વક રખાતો આગ્રહ. કામ સારું તો થયું છે, પણ હજી વધારે સારું થઈ શકે અને એ માટે સમય છે અને શક્તિ છે, તો એ કરી પણ લઈએ એવો આગ્રહ છે. બહારના દબાણથી નહિ ને પરીક્ષાની બીકે નહિ પણ હૃદયની પ્રતીતિએ અને અંતરના વ્રતથી. એ સાચો આગ્રહ. પકડી રાખીએ. ટકી રહીએ. પૂરું થાય ત્યાં સુધી. સંતોષ થાય ત્યાં સુધી. આપણે સહેલાઈથી છોડવાના નથી અને જલદી થાકી જવાના નથી. આગ્રહ રાખતાં આવડે. ખંત સેવતાં આવડે. શ્રેષ્ઠતાને પૂજતાં આવડે. શ્રેષ્ઠતાની પૂજામાં જીવનની સફળતા છે.

કારખાનાનું સંચાલન અને સંગીતનો કાર્યક્રમ

એક મોટા કારખાનાના સંચાલકની સાથે હું વાત કરતો હતો એમાં એણે પોતાની સફળતાનું એક કારણ મને સમજાવતાં કહ્યું : "મારા આ કારખાનામાં ગણવા જઈએ તો વીસ જેટલાં જુદાંજુદાં કામ છે, અને દરેક કામ જુદી તાલીમ અને આવડત માગી લે છે. એવું એક-એક કામ લઈને, શીખીને, અનુભવ લઈને અને પ્રવીણતા મેળવીને હું પોતે તૈયાર થઈ ગયો. એટલે કે આજે તો મૅનેજર છું, પણ તે પહેલાં કારખાનાના એક-એક ખૂણામાં બેસીને મેં પૂરી વ્યવહારુ તાલીમ લીધી છે. માટે હવે કોઈ પણ વિભાગમાં કોઈ પ્રશ્ન ઊઠે તો હું એ સમજી શકું અને અધિકારપૂર્વક એનો યોગ્ય નિકાલ કરી શકું, કારણ કે એ વિભાગમાં હું પોતે બેઠેલો અને એના પ્રશ્નનો બરાબર અનુભવ લીધેલો. કારીગરોને પણ મારા ઉપર વિશ્વાસ છે, કારણ કે દરેકનું કામ હું પૂરું જાણું છું એ તેઓ જાણે છે. હું ખાલી ઉપરથી આવીને આ ઑફિસમાં બેઠો હોત તો મારું નહિ ચાલત. પણ નીચેથી ચડીને અને દરેકનું કામ જાતે શીખીને અહીંયાં આવ્યો એટલે ફાવી ગયો. આખું ઉત્પાદન ચલાવી શકું, કારણ કે ઉત્પાદનનું એકએક કામ હું જાણું છું."

પૂરું શીખીને નીચેથી ઉપર ગયો, એટલે પૂરું સમજી શક્યો અને પૂરું ચલાવી શક્યો. એ સીધું અને સરળ રહસ્ય છે. બધું શીખો એટલે બધું આવડે, અને બધું આવડે એટલે બધું ચલાવી શકો. એમાંથી જેટલું કાપશો તેટલું તમારા કાબૂમાંથી નીકળી જશે; કારખાનાના જેટલા ખૂણાઓમાં તમે બેઠા નહિ હો તેટલાં કામ તમારા અંકુશની બહાર રહેશે. એની ચર્ચા નીકળશે ત્યારે તમે એમાં અધિકારપૂર્વક ભાગ લઈ શકશો નહિ, તમારું માન ઓછું થશે અને તમારી કાર્યદક્ષતા પણ એટલે અંશે ખંડિત થઈ જશે. પૂરી સફળતા માટે પૂરી તૈયારી જોઈએ.

પશ્ચિમી ઢબના વાદ્યમંડળમાં વીસેક જાતનાં વાદ્યજંત્રો આવે : વાયોલિન, વાયોલા, ચેલ્લો, ડબલબેઇઝ, મુરલી, ક્લૅરિનેટ, હાર્પ વગેરે; અને દરેકનાં ચાર- ચાર કે પાંચ-પાંચ એકીસાથે વાગે એટલે ખરી મહેફિલ જામે. વગાડનારાઓ તો સો-દોઢસો હોય, અને એમની સામે ઊભા રહીને સૌના સૂરની વચ્ચે મેળ પાડનાર એક દિગ્દર્શક હોય છે. સારા દિગ્દર્શકો બનવા વિરલ ગુણો જોઈએ, અને તેથી એવા ઓછા દિગ્દર્શકો હોય છે. સંગીતનું જ્ઞાન જોઈએ, દરેક કૃતિનો ઊંડો અભ્યાસ જોઈએ, કલાની સૂઝ જોઈએ અને અધિકારનો પ્રભાવ જોઈએ. એ બધા ગુણ ભેગા થાય તો જ આખું વૃંદ એક થઈ જાય અને સંગીતનો ઉત્સવ જામે. ને હજી એક વિશેષ તાલીમ અને તૈયારી જોઈએ, અને એ કે દિગ્દર્શકને પોતાને દરેક વાદ્ય વગાડતાં આવડવું જોઈએ. એ પોતે પિયાનો અને વાયોલિન અને મુરલી અને હાર્પ અલગ-અલગ વગાડી શકે, દરેકની કલા જાણે, દરેકમાં પ્રવીણતા મેળવે તો જ એ સૌની આગળ રહીને દરેકને સૂચના કરી શકે, ગુણદોષ જોઈ શકે, બતાવી શકે, સમજાવી શકે અને દરેક વાદ્યની વિશેષ શક્તિ બહાર લાવીને સૌનો મેળ બેસાડી શકે. જો એને વાયોલિન નહિ આવડે તો વાયોલિનવાળો એનું માનશે નહિ અને કહેશે કે તમને આ આવડતું નથી, જ્યારે મને સારું આવડે છે, પછી તમે મને કહેનાર કોણ ?

સૌનાં કામ જાણે એ સૌની આગળ જાય. એ જ રહસ્ય છે. જ્ઞાન ન હોય તોય કદાચ સિફારસથી અથવા લાંચથી કોઈ સંચાલક કે દિગ્દર્શક બની શકે. પણ એ લાંબું નહિ ચાલે. અને એ લાંબું ચાલે તો એ ધંધો લાંબો નહિ ચાલે. બધાનું જાણ્યા વગર બધાનું સંચાલન ન થાય. અમુક સમય સુધી ઢોંગ ચાલે, પણ જલદી પકડાય અને ખુલ્લો થઈ જાય. પરીક્ષામાં કોર્સ અર્ધો કરવાથી કદાચ ચાલે; નોકરીમાં નહિ ચાલે, અને સારી નોકરીમાં તો નહિ જ. આખું જાણે તે આખું સંભાળી શકે, ચલાવી શકે, એનું માન વધે. એનો અધિકાર વધે, બધા એની

વાત માને અને તેથી એની આજ્ઞા પાળે.

મોટો અધિકાર તે જ્ઞાનનો અધિકાર. ખાલી નિમણૂક મેળવવાથી અધિકારી ન થવાય. ખરી લાયકાત પછી પરખાય, ખરી પરીક્ષા પછી લેવાય. ને એમાં ઑપ્શન નહિ ચાલે. પરીક્ષા લેનારાઓ હવે એના હાથ નીચે કામ કરનારાઓ જ છે. એ ઘણા છે અને કડક છે. એ બધા દયા નહિ ખાય અને ઢીલું નહિ મૂકે. ન આવડે તો નાપાસ જ કરે. અને નોકરીમાં નાપાસ થવું એ ભારે દુ:ખની વાત છે. નોકરીમાં ભૂલો પકડાય ત્યારે અધિકાર જાય, અને અધિકાર વગર અધિકારની જગ્યાએ બેસવું એ સળગતા સિંહાસન ઉપર બેસવા જેવું થાય. નહિ કામ સારું થાય અને નહિ કામનો સંતોષ રહે.

સંતોષ પૂર્ણતામાં છે, યોગ્યતામાં છે, જ્ઞાનમાં છે. સંગીતનો કાર્યક્રમ હોય કે કારખાનાનું સંચાલન હોય — પૂરું કામ કરવા માટે પૂરી તૈયારી હોવી જોઈએ. કાચી તૈયારીથી પાકું ફળ નહિ મળે.

કમ્પ્યુટરનો ઉપકાર

હું હાલ કમ્પ્યુટરનું શાસ્ત્ર શીખી રહ્યો છું. એક તો જમાનાની સાથે ચાલવું છે અને જે-જે કંઈ નવાં સાધનો મળે એ સૌનો ઉપયોગ કરતાં શીખવું છે. અને બીજું કે કમ્પ્યુટરની સૃષ્ટિ હવે છેક નવી ભાષા લેતી આવે છે, ને એ ભાવિ સમાજની કાર્યભાષા બનશે, માટે એ ભાષાનું વ્યાકરણ વહેલું શીખવું છે જેથી એમાં વાતો કરવાની શક્તિ આવે. આ તો યંત્રોની નવી સંસ્કૃતિ છે, ને એ વિશ્વસંસ્કૃતિ જ થવાની છે, એટલે એનો પરિચય વહેલો મેળવવો છે.

એ યંત્રસંસ્કૃતિની અનેક મર્યાદાઓ છે એ તરત દેખાય, પરંતુ એનું એક શુભ લક્ષણ છે એ જોઈને મારું દિલ હરખાયું. એ લક્ષણ છે ચોકસાઈ. યંત્ર તો જડ હશે, જિદ્દી હશે, મૂઢ હશે એ કબૂલ. પણ ચોક્કસ છે. એના નિયમો સાચવો તો એ તમારું કામ સાચવે. આ દબાવો. આ ચલાવો. આવા અક્ષરો પહેલા. આ સંજ્ઞાઓ પછી. બરાબર આ જ ક્રમમાં અને આ જ રૂપમાં. સહેલું છે પણ જરા ધ્યાન માગે એવું છે. સહેજ નાની જેવી ભૂલ કરી એટલે યંત્ર અસહકારનું વ્રત લઈને બેસે. લાખ ઉપાયો કરો તોય એ એકનું બે નહિ થાય. પેલી ચાવી દબાવવાની હતી એ સમયસર ન દબાવી એટલે ગાડું અટકે. તમે બોલો, સમજાવો, લાત મારો તોયે તે એમ ને એમ. વીનવો તોય અડગ, લાંચ આપો તોય ન લે, ધમકી આપો તોય ગણકારે નહિ. આડીઅવળી રીત નહિ ચાલે. ભૂલ હોય તો ચલાવનારની હોય, યંત્રની નહિ. પણ ચલાવનારની નાની સરખી ભૂલ હોય તોય આખું યંત્ર બંધ. દયા નહિ રાખે. સહાનુભૂતિ નહિ બતાવે. ભૂલ એટલે ભૂલ. સુધારો તો જ આગળ ચાલીએ. પ્રાયશ્ચિત્ત કરો. પાછા જાઓ. આત્મનિરીક્ષણ કરો. ક્યાં શું ખોટું કર્યું હતું એ શોધી કાઢો. કબૂલાત કરો. કાનની બૂટ પકડો. ઊઠબેસ કરો. પછી સાચું કરવું હતું એ કરી લો. બસ. દેવ રિઝાયો. અનુગ્રહ થયો. યંત્ર ચાલુ. ફરી બીજી ભૂલ થાય ત્યાં સુધી.

કમ્પ્યુટર આપણને ચોક્સાઈ શીખવે છે. નાની બાબતમાં પણ ચલાવી ન લે. નિયમ એટલે નિયમ અને રીત એટલે રીત. યંત્ર તો ગમે તેટલું કામ કરી આપે, પણ આપણે એની પદ્ધતિ બરાબર અનુસરીએ એ શરતે. એટલે આપણા ઉપર બમણો ઉપકાર કરે. એક તો એ કે આપણું કામ જલદી અને ચીવટપૂર્વક કરી આપે, અને બીજો એ કે આપણને જાગ્રત અને ચોક્કસ બનવાની ફરજ પાડે. સહેજ પણ ઢીલું નહિ મૂકે અને કાચું નહિ ચલાવે. પૂરી સાવધાની જોઈએ અને પૂરી કાબેલિયત જોઈએ. એ કમ્પ્યુટરનો ધર્મ છે.

કમ્પ્યુટર શીખતી વખતે એક પણ વાત ઑપ્શનમાં ન નખાય. ખબર નથી ક્યારે એની જરૂર પડશે અને જરૂર પડશે ત્યારે જો એ આવડતી ન હોય તો બાકીનું આખું જ્ઞાન તો નકામું જ જશે. બધું શીખવાનું. એક પણ કડી રહી જાય તો આખી પરંપરા તૂટે. કમ્પ્યુટરને સમજાવી ન શકાય કે આટલી વાર તો દરગુજર કરો અને આવતી વખતે જરૂર પૂરું શીખીને આવીશ અને તને પસંદ પડે એ રીતે ચલાવીશ. ભવિષ્યનું વચન ન ચાલે. યંત્રનું તો રુદ્ર સ્વરૂપ છે. રૂઠે ત્યારે રૂઠે. અખંડ બલિ જોઈએ, અને એ ન મળે તો આશીર્વાદ ન મળે. દેવતાની પાસે આવનારને દેવતાનું કર્મકાંડ બરાબર શીખીને આવવું ઘટે.

કલાકો સુધી કમ્પ્યુટરની આગળ બેસીને એક અગત્યનું લખાણ મેં તૈયાર કર્યું, મઠાર્યું, પડદા ઉપર એક-એક પાનું લાવીને બરાબર તપાસ્યું, સુધાર્યું, ખાતરી કરી કે બરાબર જોઈએ એવું થઈ ગયું છે, ને હવે ચાંપ દબાવીને એ આખું લખાણ કમ્પ્યુટરના પેટમાં જાય એટલે કે એના યંત્રસ્મરણમાં મુદ્રિત થઈ જાય અને સલામતીપૂર્વક એમાં કાયમ માટે સચવાય એટલી જ વિધિ બાકી હતી. એમાં કોઈએ મને બહારથી બોલાવ્યો, હું ઊઠ્યો અને કોણ બોલાવે છે એ જોવા ગયો. અલબત્ત, બહાર જતાં પહેલાં રૂમની બત્તી બંધ કરી અને એની સાથે કમ્પ્યુટરની

સ્વિચ પણ બંધ કરી. વીજળીની કરકસર કરવી ઘટે ને ! હા, કરી લીધી. પરંતુ હું પાછો આવ્યો અને કમ્પ્યુટર ચાલુ કરીને મારું કીમતી લખાણ પડદા ઉપર લાવવા પ્રયત્ન કરવા લાગ્યો ત્યારે કોરો જ પડદો મળ્યો. છેલ્લી વિધિ કર્યા વગર યંત્ર બંધ કર્યું હતું એટલે આખું લખાણ ભૂંસાઈ ગયું હતું. એ ગયું તે ગયું. યમલોકમાંથી પાછા ન અવાય તેમ ભૂંસાયેલું લખાણ પાછું નહિ આવે. હું કમ્પ્યુટરની પૂજા કરું, આરતી ઉતારું, એની બાધા રાખું તોય વ્યર્થ. કોઈનું નહિ માને. હું એક નિયમ ચૂક્યો એટલે મને સજા થઈ. કહો કે કમ્પ્યુટરે જ મારું આખું લખાણ ઑપ્શનમાં નાખી દીધું !

મારું લખાણ તો ગયું. પણ એક વધારે કીમતી પાઠ હું શીખી ગયો. સાચું કામ કરવા માટે પૂરી ચોકસાઈ જોઈએ. કમ્પ્યુટર દેવતાનો ઉપકાર.

ચોરી કરવાની એક મૌલિક રીત

એક વિદ્યાર્થીની વાત છે. ભણવામાં એ ઠોઠ હતો એટલું જ નહિ પણ ચોરી કરવામાં પણ એ ઠોઠ હતો. ચોરી કરવા માટે પણ વિષયનો થોડો ખ્યાલ તો હોવો જોઈએ, એટલે કે જવાબ ભલે ન આવડે પણ પ્રશ્ન કેવો છે ને એમાં શું પુછાયું ને કયા વિભાગનો છે ને એનો જવાબ ક્યાં શોધવાનો છે એવો સાધારણ ખ્યાલ હોવો જોઈએ. પાસે ગમે તેટલી સમૃદ્ધ કાપલી હોય, પણ કયા પ્રશ્નો જવાબ ક્યાં આવે એ કહેવાની પણ બુદ્ધિ ન હોય તો કાપલી નકામી જ જાય. અને આ વિદ્યાર્થીનું એવું જ હતું. હાથમાં ખુલ્લું પાઠ્યપુસ્તક પરીક્ષા વખતે હોય તો પ્રશ્નપત્ર વાંચીને એ કહી ન શકે કે ક્યાંથી શું લેવું એટલે ચોરીનું કામ જરા અઘરું બની જાય. એને માટે બીજો ઉપાય શોધવો પડ્યો. પરીક્ષામાં એની બાજુમાં જે વિદ્યાર્થી બેસવાનો હતો એની સાથે અગાઉથી વ્યવસ્થા કરી લીધી કે એ જેવા જવાબો લખતો જાય તેવા આપણા અબુધ ઉમેદવારને ઉત્તરપત્રનાં પાનાં આપતો જાય, અને નિરીક્ષકના નઃસ્વાર્થ સહકારથી તે એ સુખેથી ઉતારતો જાય. એમાં એટલી સાવચેતી રાખી હતી કે પહેલો વિદ્યાર્થી જેવા જવાબો લખે તેવા બીજો નહિ ઉતારે, નહિ તો વહેમ જાય કે બે જવાબ આટલા સરખા કેમ, અને એ આપત્તિ ટાળવા વળી બીજી જોગવાઈ કરવી પડે. માટે એને કહેવામાં આવ્યું, અને એ આટલી વાત સમજી શક્યો પણ ખરો કે અક્ષરે-અક્ષર જવાબો નહિ ઉતારે પણ અહીંથી ત્યાંથી થોડું છોડીને લખે જેથી જવાબ સાચો તો આવે પણ ઉતાર્યાનો વહેમ નહિ આવે.

આપેલી સૂચના ઠોઠ વિદ્યાર્થીએ બરાબર અમલમાં મૂકી. પરીક્ષામાં જ્યારે એને બીજા વિદ્યાર્થીએ લખેલા જવાબો મળવા લાગ્યા ત્યારે એણે સીધા તો લીધા નહિ પણ બુદ્ધિ વાપરીને વચ્ચે-વચ્ચે થોડું મૂકતો જાય અને થોડું લખતો જાય. એક લીટી લખે અને બીજી છોડે, એક લખે અને બીજી છોડે, એટલે કે એકાંતર લીટી લખે, દર ત્રીજી લીટી લખે અને વચ્ચેની તો છોડતો જાય. સારી યોજના હતી. એકાંતર લીટી લખાય એટલે પૂરતો અંશ તો આવે, અને વચલી તો નહીં આવે એટલે કોઈ કહી ન શકે કે બીજાના પેપરમાંથી ઉતારીને લખ્યું છે. પરીક્ષા તો લખાય અને કોઈને વહેમ ન જાય કે ચોરીની પરીક્ષા છે. ખરેખર ઉત્તમ વ્યવસ્થા હતી.

મુશ્કેલી એટલી જ આવી કે એનો ઉત્તરપત્ર જ્યારે પરીક્ષકના હાથમાં આવ્યો ત્યારે એ વિદ્યાર્થીના કમનસીબે એને એ વાંચવાની દુર્બુદ્ધિ સૂઝી, અને વાંચવા ગયો ત્યારે કેમે કરીને એનો અર્થ બેસાડી ન શક્યો. અર્થ વિનાનું ગદ્ય વાંચવા તો તે ટેવાયેલા હોય છે. (આધુનિક સાહિત્યના વિવેચકોની જેમ), પરંતુ આ એનો જરા વિલક્ષણ નમૂનો હતો. વાંચવા માંડે તો પહેલી લીટી બરાબર ચાલે, પણ લીટીને અંતે એનો વિચારપ્રવાહ એકદમ કપાઈ જાય અને બીજીની સાથે એનો મેળ ન બેસે. બીજી લીટીનો અર્થ પણ નીકળવા જાય ત્યાં એ પાછો અધ્ધર રહે અને હવામાં ઓગળી જાય. અને એ રીતે આગળ ને આગળ. એક પણ સંપૂર્ણ ફકરો ન મળે. અક્ષર સારા હતા, શબ્દો સારા હતા, પણ અર્થ તો ક્યાંય જ નહિ. એટલે ચોરી કરવાની બધી સગવડો નિષ્ફળ ગઈ. એ વિદ્યાર્થીએ અર્ધા ભાગની લીટીઓ તો ઑપ્શનમાં નાખી હતી. અને એ અર્ધા ભાગ વગર બીજો અર્ધો ભાગ નકામો હતો. વાંચતાંય નહિ આવડ્યું અને ચોરી કરતાંય નહિ આવડ્યું. અને પરિણામ આવવાનું હતું તે જ આવ્યું. ફરીથી પરીક્ષામાં બેસવાનો અનુરોધ.

પરીક્ષાઓમાં ચોરીની પ્રથા એવી તો વ્યાપક બની ગઈ છે કે એમાં જે સમય, શક્તિ, બુદ્ધિ, તૈયારી, પૈસા ખર્ચાય એ જો સારો અભ્યાસ કરવામાં ખર્ચાય તો આપોઆપ ફર્સ્ટ ક્લાસ આવે ! પણ પાસ થવું છે તો બીજી રીતે. વાંચે એ બીજા. વાંચીને પાસ થવું છે એ કોઈ બહાદુરીનું કામ નથી. વાંચ્યા વગર જ પાસ થવામાં ખરો પુરુષાર્થ છે. માટે પ્રથમ તો ન

વાંચવાનું વ્રત મક્કમતાથી લેવાનું, અને પછી વાંચ્યું તો નથી એટલે મરણિયા થઈને બીજી કોઈ પણ રીતે પાસ થવા ફાંફાં મારવાં. એમાં સો ટકા ઑપ્શનની વાત આવી જાય.

કોર્સને અંતે વિદ્યાર્થીઓ પેપરો ફોડવા, અગાઉથી પ્રશ્નો મેળવવા, ચોરી કરવા, પરિણામ સુધરાવવા જે શ્રમ ઉઠાવે છે એટલો જ શ્રમ જો કોર્સની શરૂઆતમાં વિષયો વાંચવા, સમજવા, યાદ કરવા કરતા થાય તો આ બધી હડતાળો, હિલચાલો, તોફાનો અને બંધો બંધ જ થઈ જાય. પણ વહેલા જાગવું નથી. મહેનત કરવી નથી. ઘણો સમય છે. અર્ધા વર્ષને વીતવા દો. અને હા, હવે અર્ધું વર્ષ બાકી છે. એટલે એમાં અર્ધો જ અભ્યાસક્રમ તૈયાર થઈ શકે, માટે સો ટક ઑપ્શન માગો અને અર્ધા સમયમાં અર્ધો કોર્સ તૈયાર કરો. સાચો ન્યાય છે.

સાચી આળસ છે.

ઑપ્શનની તરફેણમાં વાલીઓ

"વિદ્યાર્થીઓ ઉપર અસહ્ય બોજો નાખવામાં આવે છે, માટે એ ઓછો કરવા તેઓ આંદોલન કરે એ વાજબી છે. એમને મારો ટેકો છે."

એમ બોલનાર સૌ વિદ્યાર્થીઓ ઉપર નહિ પણ એક વિદ્યાર્થી ઉપર અસહ્ય બોજો નાખનાર એક વ્યક્તિ હતી. પોતે બોજો નાખ્યો હતો, અને પોતે હવે સો ટકા ઑપ્શનના આંદોલનને ટેકો આપીને એ બોજો ઓછો કરવાની વાત કરતી હતી. એ વ્યક્તિ કોણ હશે ?

ખુલાસો સામે જ છે. એ વ્યક્તિ હતી એક ઓછી અક્કલવાળા વિદ્યાર્થીનો પિતા. એનો દીકરો સારો છોકરો હતો પણ કૉલેજમાં ભણી શકે એવી એની બુદ્ધિ નહોતી. તોય કુટુંબ પ્રતિષ્ઠિત એટલે દીકરો ડિગ્રીવાળો બનવો જ જોઈએ એ અનિવાર્ય આગ્રહ હતો. ભણી ન શકે તોય. જેમ તેમ કરીને એને ભણાવવો જોઈએ. કૉલેજમાં તો મોકલ્યો. પણ ફક્ત કૉલેજમાં આવવાથી સ્નાતક ન થવાય. હજી પરીક્ષા પાસ કરવાની હોય છે. અને પરીક્ષામાં કોર્સ છે. અને કોર્સ લાંબો છે. તો ચાલો, અર્ધો કરી નાખીએ. બધાના લાભમાં છે. છોકરાઓ ઓછા તંગ બને. માનસિક શાંતિ જાળવે અને સ્વસ્થ રહે. પરીક્ષાથી કેટલા માનસિક રોગો, ગ્રંથિઓ, અનિષ્ટો આવી જાય ! માટે પરીક્ષાને અર્ધી કરીએ તો એવાં અનિષ્ટો પણ અર્ધાં થઈ જાય. લોકશાહીમાં બધાને માટે સમાન તકો હોવી ઘટે, માટે મારા દીકરાને પણ ડિગ્રી મળવી જોઈએ, અને એ માટે સો ટકા ઑપ્શનની પદ્ધતિ તો મદદરૂપ થાય તો એ જરૂર અપનાવીએ.

યુનિવર્સિટીનાં ધોરણો નીચાં લાવવાનું એક મોટું કારણ એ છે કે જેમણે મુદ્દલ કૉલેજ–યુનિવર્સિટીમાં આવવું જોઈતું નહોતું એવા ઘણા વિદ્યાર્થીઓ એમાં આવી ગયા છે. ભણવાની શક્તિ નથી પણ ભણવાનું ફળ તો મેળવવું છે, માટે હાથ પહોંચે ત્યાં સુધી એ નીચું ને નીચું લાવવા પ્રયત્ન ચાલુ રહેશે. અને સો ટકા ઑપ્શનની માગણી થશે.

કોઈ વાર ખુદ વિદ્યાર્થીને ભણવું નથી અથવા તો આટલો અઘરો કોર્સ લેવો નથી, પણ ઘેરથી એ લેવરાવે છે. પ્રતિષ્ઠાનો સવાલ છે, આબરૂનો સવાલ છે. મોટા કુટુંબનો દીકરો છે, પછી એ ભણ્યા વગર રહે એ કેમ બને ? હા, મોટા કુટુંબનો હશે પણ મોટી બુદ્ધિ નથી, પછી જ્યાં બુદ્ધિ જોઈએ ત્યાં એને મોકલે તો તકલીફ પડે તો શી નવાઈ ! પણ એને તકલીફ પડે એટલે એ દૂર કરવા આખી વ્યવસ્થા ખોરવી નાખવી અને પરીક્ષાનું મૂલ્ય શૂન્ય બનાવવું એ યોગ્ય નથી.

શિક્ષણનાં ધોરણો નીચાં લાવવાની મોટી જવાબદારી વાલીઓની જ છે. લાયકાત હોય કે ન હોય પણ દીકરો ડિગ્રી વગર કેમ રહે ? દીકરી આટલાં વર્ષો ઘેર બેસીને શું કરે ? મોકલો કૉલેજમાં અને લેવરાવો ડિગ્રી. શું ભણે અને કેટલું ભણે એની સાથે આપણને કામ નથી. પણ આટલાં વર્ષ કૉલેજમાં રહે અને છેલ્લે ગ્રેજ્યુએટ બને એટલું જ જોઈએ. એ માટે જે કંઈ જોઈતું હોય એમાં અમારો ટેકો છે. પરીક્ષામાં ઓછું-વધારે પુછાય એની કોઈને પણ શી પરવા હોય ? જલદી થવા દો અને ભૂલી જવા દો. ભણેલું તો બધું સાવ નકામું છે, પછી આખો કોર્સ કરે તોય શું અને અર્ધો કરે તોય શું ? ડિગ્રી આવવા દે એટલે બેડો પાર. છોકરી પરણી જશે, અને છોકરો તો જેમાં લીધેલી ડિગ્રી બિલકુલ કામની ન હોય એવી નોકરીમાં જોડાઈ જશે. પણ ગ્રેજ્યુએટ તો ખરો.

સમાજનો દોષ છે. સમાજ તો ડિગ્રીને પૂજતો થયો છે. અને એ અવળી ભક્તિની કિંમત તે હવે ચૂકવી રહ્યો છે. ડિગ્રી જોઈએ જ જોઈએ. ડિગ્રી માટે કળિયુગમાં પરીક્ષા અનિવાર્ય છે. રાખવી પડશે તો રાખીશું. પણ અર્ધી બનાવીશું. એ રીતે ડિગ્રી તો મળશે અને ઓછી અક્કલવાળા વિદ્યાર્થીઓનું મન સચવાશે.

દુઃખની વાત તો એ છે કે એ યુવાનોને ભલે ભણવાની બુદ્ધિ ન હોય પણ બીજી બુદ્ધિ અને બીજી આવડત તો છે, અને એ લઈને તે જરૂર જીવનમાં આવી શકે અને સમાજમાં માનપૂર્વકનું સ્થાન મેળવી શકે. ધંધો કરી શકે, સંચાલન કરી શકે, સાહસ કરી શકે, યંત્રો ચલાવી શકે, હિસાબ રાખી શકે, યોજનાઓ કરી શકે, નેતૃત્વ પૂરું પાડી શકે. ઘણું કરી શકે કારણ કે ઘણી શક્તિ છે અને કુદરતી સૂઝ છે. પણ ભણવાની બુદ્ધિ તો નથી તોય ભણાવે છે. એટલે કોઈ રસ્તો એણે કાઢવો જોઈએ. અને સો ટકા ઑપ્શનનો રસ્તો કાઢે છે. અર્ધી બુદ્ધિથી પાસ થવાશે. પછી જિંદગીમાં ગમે તે કરીશું. પણ એટલામાં કેળવણીનું કાઠું તો તોડી પાડ્યું છે.

હાલ કૉલેજમાં છે એવા અનેક વિદ્યાર્થીઓ ખાલી રોલ નંબરથી કૉલેજમાં છે, લાયકાતથી નહિ. ફી ભરી છે એટલે આવ્યા છે, પણ ભણવાનો ઉમંગ નથી, વિદ્યાની કદર નથી, જ્ઞાનની પિપાસા નથી. એમના હાથે શિક્ષણનું આખું માળખું ભાંગી રહ્યું છે. ભારે દુઃખની વાત છે.

ઑપ્શનનું રાજકારણ

લોકશાહીના અનેક ગુણ છે. એની થોડી નબળાઈએ પણ છે. એમાંની એક કે વિરોધપક્ષ તો વિરોધ કરનારો જ છે માટે શાસક પક્ષને જે કંઈ મૂંઝવણમાં નાખી શકે એવું કરવા એ સહજ રીતે પ્રેરાઈ જાય છે. અહીંયાં કોઈ એક વિરોધપક્ષની વાત નથી કરતો, પણ જે કોઈ પક્ષ જ્યારે વિરોધપક્ષને સ્થાને હોય તેની વાત છે. એમ તો પક્ષો જલદી બદલાય અને આજે સત્તા ઉપર છે તે કાલે વિરોધમાં હશે અને એવું જ કરશે એટલે સૌની વાત છે.

સામાજિક જીવનમાં જે કોઈ તત્ત્વ અજંપો પેદા કરે એ વિરોધપક્ષને ગમે. અસ્થિરતા લાવો, ઇમારતને હલાવો, અસંતોષ ફેલાવો. અસંતોષનું નિશાન આખરે સરકાર જ બનશે, અને અસંતોષ વધશે તો સરકારને ઊથલાવી પણ પડાશે. એટલે વિરોધપક્ષને અજંપો ગમે. અને જેમની પાસે અજંપો છે અને અજંપાની બૂમો પાડવા બળવાન કંઠ છે એ આખો વર્ગ ઘરને આંગણે જ તો પડ્યો છે. એ છે યુવાન વર્ગ, વિદ્યાર્થી વર્ગ. યુવાનોમાં અસંતોષ છે જ, અને એની જાહેરાત કરવાની પણ પૂરી વૃત્તિ છે અને શક્તિ છે. રાજકારણીઓના હાથમાં જાણે તૈયાર યંત્ર આવી જાય. વિદ્યાર્થીઓને ઉશ્કેરો, ટેકો આપો, સંગઠન કરો, નેતૃત્વ પૂરું પાડો, મેદાને આવવા દો એટલે આખું જાહેર જીવન ખોરવાઈ જશે અને વખતે ઈશ્વરની કૃપા ઊતરશે તો ખુદ સરકાર પણ પડી જશે અને દેશ ઉપર નવો યુગ પ્રગટશે – બીજો વિરોધપક્ષ આવે અને ફરીથી વિદ્યાર્થીઓને પકડે ત્યાં સુધી.

સો ટકા ઑપ્શનની સાથે રાજકારણીઓને કામ નથી. પરીક્ષામાં શું આવે ને શું નહિ ને કેટલું આવવું જોઈએ ને કેવું આવવું જોઈએ એની એમને પરવા હોતી નથી. પરંતુ સો ટકા ઑપ્શનમાં તેઓ એક અસંતોષનું બીજ જુએ છે, એક સૂત્ર, એક ઘોષણા, એક જેહાદનો પોકાર જુએ છે, અને એનો લાભ જરૂર લઈ શકે છે અને લેવા તૈયાર થઈ જાય છે. હિલચાલ, અસ્થિરતા, ફરિયાદ. એ વિરોધનાં મૂળ તત્ત્વો છે. એ હાથમાં આવ્યાં એટલે એનો ઉપયોગ થાય. હિલચાલને વેગ મળે, વાત મોટું સ્વરૂપ લે, આખા સમાજ ઉપર અસર પડે. છેલ્લે તો કંઈક કરવું પડે — સૌને નુકસાન જ કરીને.

વિદ્યાર્થીઓને એમ લાગે કે આ વડીલો અમારા હિત માટે અમારે પડખે લડી રહ્યા છે. હકીકતમાં વાત જુદી છે. નિર્દોષ યુવાનો મુત્સદ્દીઓના હાથમાં રમકડું બની જાય છે અને એમનાં સ્થાપિત હિતોનાં પ્યાદાં બને છે. એમાં રાજકારણનું હિત થાય કે નહિ એ વાત તો બાજુ પર રહી, પણ વિદ્યાર્થીઓનું અહિત જ થાય એ નિર્વિવાદ છે. પોતાના સ્વાર્થ માટે એમનો લાભ લેવા રાજકારણીઓ તત્પર છે એનો ખ્યાલ વિદ્યાર્થીઓને આવશે તો જરૂર ચેતી જશે અને પોતાની લડાઈઓ પોતે લડશે, ને બીજાઓને એમાં દખલ કરવા નહિ દે.

લોકશાહીની બીજી નબળાઈ છે કે સરકારને મતદારોને નારાજ કરવા નહિ પાલવે, માટે સખત પગલાં એ સહેલાઈથી લઈ શકતી નથી. વિદ્યાર્થીઓ સો ટકા ઑપ્શન માગે ત્યારે તરત સીધું કહેવું જોઈતું હતું કે એવું ઑપ્શન નહિ મળે, અને જેને પરીક્ષા આપવી હોય તે આપે અને જેને પરીક્ષા આપવી ન હોય તે ન આપે પણ પરીક્ષા તો એવી જ હશે એની એવી જ રહેશે. એવું કહેવું જોઈતું હતું, પણ કહી શકે કોણ ? કહે તો તરત બારીઓના કાચ ફૂટે, રાચરચીલું સળગાવાય, પોલીસ આવે તો એની કહેવાતી ક્રૂરતા વિશે તરત તપાસ ફરમાવાય, કૉલેજો બંધ રહે, વાહનવ્યવહાર બંધ રહે, સરકાર જોખમમાં આવે અને છેલ્લે જાન બચાવવા નમતું મૂકે. સો ટકા ઑપ્શન. જરૂર. પહેલેથી અમે કહેતા હતા કે એ યોગ્ય જ છે. વિદ્યાર્થીઓના હિતમાં છે. જરૂર કરી આપીએ. હા, આબરૂ સાચવવા સાવ એમ તો ન કરી આપીએ કે વીસ પ્રશ્નોમાંથી દસ લખવાના હોય, પણ બે વિભાગો પાડીશું, અને પહેલા વિભાગમાં દસમાંથી પાંચ, ને બીજા

વિભાગમાં દસમાંથી પાંચ એમ કરીશું જેથી પરીક્ષાની પવિત્રતા સચવાય. વાહ, વાહ. દસમાંથી પાંચ અને દસમાંથી પાંચ એટલે સરવાળે વીસમાંથી દસ એટલે સો ટકા ઑપ્શન કે નહિ ? અથવા કહો કે બે જુદાંજુદાં સો ટકા ઑપ્શન. બધા ખુશ. આખરે તોડ કાઢવો એ રાજકારણની રમત હોય છે.

આખું તંત્ર ઢીલું થઈ ગયું છે. કોઈની હિંમત નથી કે જોર કરે. ગુજરાતમાં એક સરકાર વિદ્યાર્થીઓની હિલચાલથી પડી હતી એ બનાવ હજી ગુજરાતના રાજકીય ઇતિહાસમાં તાજો છે અને એના સ્મરણની છાયા આપણા રાજ્ય ઉપર છે. માટે વિદ્યાર્થીઓ વીફરે કે તરત કોઈ પણ હિસાબે એમને શાંત પાડવા હુકમ છૂટે. અને વિદ્યાર્થીઓને શાંત કરાય — સો ટકા ઑપ્શન પણ આપીને. એવી પરિસ્થિતિ છે. અને તે દુઃખની છે.

લોકશાહી સારી છે. એનો દુરુપયોગ ખરાબ છે. આપણે ત્યાં શિક્ષણક્ષેત્રે એનો ઠીકઠીક દુરુપયોગ કરવામાં આવ્યો છે, પરિણામે શિક્ષણતંત્ર ઠીકઠીક કથળ્યું છે. સ્થિર અણનમ શાસનની હવે જરૂર છે.

દેશધનનો દુર્વ્યય

સો ટકા ઑપ્શનથી થતાં નુકસાનોની યાદી બનાવીએ તો ખરી ચિંતા કરવાનો વારો આવી જાય. સો ટકા ઑપ્શનથી શિક્ષણનું ધોરણ નીચું આવે, જ્ઞાન અર્ધું બને, તંત્ર ઢીલું થાય, મનની શિસ્ત તૂટી જાય, પુરુષાર્થનો આગ્રહ છૂટી જાય અને આળસની ટેવ બંધાય. ઠીક નુકસાન થયું કહેવાય. પણ હજી સૌથી મોટું નુકસાન ગણવાનું છે. એ છે સારા વિદ્યાર્થીઓને થતો અન્યાય.

સારા વિદ્યાર્થીઓ એટલે આખો અભ્યાસક્રમ તૈયાર કરી શકે એવા, પૂરું જ્ઞાન મેળવવાનો ઉમંગ ધરાવે તેવા, શ્રેષ્ઠતાનાં ધોરણોનો આગ્રહ રાખે એવા. સાચી પરીક્ષા લેવાય તો તેઓ આપોઆપ આગળ આવી જાય, દીપી ઊઠે, મોખરે રહે. સાચી પરીક્ષામાં પહેલા–છેલ્લાના ભેદ અંકાય, કોણ ઉપર અને કોણ નીચે અને કોણ વચ્ચે એના ચોક્કસ આંકડા મળે. સાચી પરીક્ષામાં સારા વિદ્યાર્થીઓની કદર થાય, બુદ્ધિને પ્રોત્સાહન મળે અને મહેનતને પુરસ્કાર અપાય. તેજસ્વી વિદ્યાર્થીઓ તેજસ્વી તરીકે જ ઓળખાય, છૂટા પડે, ઉપર આવી જાય.

પરંતુ પરીક્ષા જો મોળી કરવામાં આવે તો કોણ સાચું અને કોણ કાચું એ સ્પષ્ટ નહિ થાય અને સાચી પ્રતિભા તરી નહિ આવે. મોટાં છિદ્રોવાળી ગળણીમાંથી સ્થૂળ અને સૂક્ષ્મ બધું એકીસાથે ગળાઈ જાય અને ગુણવત્તાના ભેદ ન પરખાય. અર્ધા અભ્યાસક્રમવાળી પરીક્ષામાં, સરળ પ્રશ્નોની અને ઉદાર મૂલ્યાંકનની પરીક્ષામાં તેજસ્વી વિદ્યાર્થી સારું પેપર લખે, પણ મધ્યમ વિદ્યાર્થી પણ સારું પેપર લખી શકે એટલે મધ્યમ અને ઉત્તમનો વિવેક ન થાય. એમાં સારા વિદ્યાર્થીને અન્યાય થાય.

જો ફક્ત અન્યાયની વાત હોય તો દુઃખની વાત તો થાત પણ ભારે આફત તો ન આવી જાત. પરંતુ હકીકતમાં અન્યાય સિવાય આમાં બીજી એક બાબત છે જેને લીધે ફક્ત એ તેજસ્વી વિદ્યાર્થીઓને નહિ પણ આખા દેશને ભારે નુકસાન જાય. દેશની આબાદી દેશના નાગરિકોની શક્તિ ઉપર અવલંબિત છે. શક્તિઓમાં બુદ્ધિ પહેલી આવે, માટે દેશના જેવા વિચારકો, ચિંતકો, સંશોધકો, વૈજ્ઞાનિકો હશે તેવો દેશ બનશે. દેશનું ભાવિ આજના તેજસ્વી વિદ્યાર્થીઓ ઉપર આધાર રાખે છે. એ દેશનું ધન છે, ભવિષ્યની આશા છે. એ ધન જો આજે વેડફાઈ જશે તો કાલે દેશની પ્રગતિ રૂંધાઈ જશે.

અને એ ધન આજે વેડફાઈ જવાનું હવે પૂરું જોખમ છે. સારા વિદ્યાર્થીની કદર થતી નથી. બધાની સાથે ને બધાની જેમ એક મોળી, સસ્તી, હલકી, ઊતરતી પરીક્ષા એ પાસ કરે છે. ટોળામાંનો એક. પોતાની શક્તિની કસોટી થઈ નહિ, પોતાના સ્વમાનને પડકાર મળ્યો નહિ. એટલે એ નિરાશ થાય. એ નિરાશામાં કદાચ એ કાયમ માટે ટોળામાંનો એક બની જાય. એક તેજસ્વી વિદ્યાર્થીનું ખૂન થયું. કદાચ એ જોર કરે અને પરદેશમાં જતો રહે. મારી પ્રતિભાની કદર મારા દેશમાં નહિ થાય તો બીજા દેશમાં થશે. અને દેશની બુદ્ધિ દેશમાંથી લોપ થઈ જાય. બંને રીતે દેશને અપાર નુકસાન થાય.

બુદ્ધિને વિકસાવવા માટે પડકાર જોઈએ. સો ટકા ઑપ્શનવાળી પરીક્ષા શક્તિશાળી વિદ્યાર્થીને માટે પડકારરૂપ નથી. રમતવાત છે. અને રમત તો રમવા માટે છે, પુરુષાર્થ કરવા માટે નહિ. સારા વિદ્યાર્થીને એથી સંતોષ નહિ થાય. અને સંતોષ નહિ થાય એટલે વહેલો-મોડો એ બીજો રસ્તો લેશે. જેનામાં હિમાલય ઉપર ચડવાની શક્તિ હોય એ ગામની ટેકરીઓ ઉપર ચડવા નહિ રોકાય. સો ટકા ઑપ્શનવાળી પરીક્ષા ગામની ટેકરી જ છે.

સ્વમાની યુવાનને માટે સો ટકા ઑપ્શનવાળી પરીક્ષા અપમાનરૂપ જ છે. શું મારામાં બુદ્ધિ નથી કે આખો અભ્યાસક્રમ તૈયાર કરી ન શકું ? સમય નથી કે બધું ન વાંચી શકું ? વૃત્તિ નથી કે વાંચવા નહિ બેસું ? મને કેવો સમજ્યો ? ભિખારી સમજ્યો કે દયાની ભીખ માગું ?

આળસુ સમજ્યો કે હરામના માર્ક ખાઉં ? મૂરખ સમજ્યો કે જવાબો લખી ન શકું ? કોણે કોના નામે આ કમનસીબ ઑપ્શન માગ્યું ? અને કોણે કોના પાપે એ સ્વીકાર્યું ? એમાં મારી બુદ્ધિ, મારું માન, મારું ભવિષ્ય, મારાં સ્વપ્નો કચડાઈ ગયાં એ કેમ કોઈ જોતું નથી ? અમારું હીરહણાઈ ગયું, અને બધા એનો ઉત્સવ માને છે ! આપણે જીત્યા ! કોણ જીત્યું ? અમે તો નહિ ! કામ કરવાવાળા તો નહિ ! પ્રમાણિકપણે વાંચનારા તો નહિ ! મહેનતથી આગળ આવવા માગનારા તો નહિ ! અમે તો હારી ગયા. અમારી તક ગઈ. અમારી આબરૂ ગઈ. એક વખતે ''માસ પ્રમોશન''ની પેઢી આવી (વગર પરીક્ષાએ આગળ ચડાવેલાઓનું વર્ષ) અને ભારતભરમાં ગુજરાતની નામોશી થઈ. હવે આ વર્ષે ''સો ટકા ઑપ્શનવાળી પેઢી'' આવી ગઈ અને એમાં અમને સૌને ધકેલી દીધા. કોની આગળ ધા નાખીએ ? કોની પાસેથી ન્યાય માગીએ ? કેવી રીતે થયેલી નુકસાનીનું વળતર મેળવી શકીએ ?

આપણા ઉત્તમ વિદ્યાર્થીઓનો, સાચા યુવાનોનો, ઊગતા નાગરિકોનો આર્ત પોકાર છે.

કોઈ એ સાંભળશે ?

* * *